નવરાત્રીની પાવન શુભકામના....
સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...
# સાંજ સમાચાર
અષાઢ સુદ-૧ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦  સ્થાપકઃ- બાબુભાઈ શાહ  તા. ૩-૧૦-૨૦૨૪ – ગુરૂવાર | રાજકોટ (સીટી)
વર્ષ : ૩૯ અંક : ૪૧  RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT  તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ  sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT







### મધ્ય પૂર્વમાં ભડકો, ચીનમાં પેકેજ તથા સેબીના આકરા નિયમોની ત્રિવિધ અસર

# યુધ્ધ ઈફેકટઃ શેરબજારમાં ૧૮૦૦ પોઈન્ટના કડાકાથી ૧૦ લાખ કરોડ ડુબ્યા

## હેવીવેઈટ–રોકડા સહિત તમામ ક્ષેત્રોના શેરોમાં આક્રમક વેચવાલીઃ બેંક–ઓઈલગેસ–ઓટો શેરોનો ભુક્કોઃ માત્ર સ્ટીલ શેરો ઉંચકાયા



## બીએસઈનું માર્કેટ કેપ ૪૬૪ લાખ કરોડઃ VIX ઈન્ડેક્સ ૮.૯ ટકા ઉછળીને ૧૩.૦૬ના સ્તરે પહોંચી ગયો

રાજકોટ તા.૩

મધ્યપૂર્વમાં ઈઝરાયેલ-લેબનોન ઈશાન જેવા દેશો જંગે ચડયા છે. ત્યારે તેની અસર શેરબજાર સહિતના નાણા માર્કેટમાં વર્તાઈ હોય તેમ આજે સેન્સેક્સ-નિફ્ટી ગબડી પડયા હતા અને ઈન્વેસ્ટરોની સંપતીમાં ૧૦ લાખ કરોડથી વધુનુ ધોવાણ થયુ હતું. કરન્સી માર્કેટમાં પણ ડોલર સામે રૂપિયો દબાણમાં આવીને ૮૪ ના સ્તર તરફ આગળ ધપ્યો હતો.

મધ્યપૂર્વમાં યુદ્ધની હાલત વધુ વકરતી હોવાના તથા અમેરીકા-રશીયા જેવી મહાસતાઓએ પણ એકબીજાની તરફેણ શરૂ કરતાં મહાયુધ્ધ થવાની ભીતી વ્યકત થવા લાગી હતી. રોજેરોજ આક્રમણ-લડાઈ વકરતી હોવાના ચિત્રથી ગભરાટ હતો વિશ્વભરનાં શેરબજારો પટકાયા હતા અને તેના પ્રત્યાઘાત હેઠળ ભારતીય શેરબજારમાં શરૂઆત જ ગેપડાઉન હતી.

વેચવાલીનો મારો વધતો રહેતા માર્કેટ વધુ તૂટવા લાગ્યુ હતું. વિદેશી નાણાસંસ્થાઓ ફરી ભારે વેચવાલી કરવા લાગ્યા હોવાનો આંકડાકીય રીપોર્ટનો પ્રત્યાઘાત હતો. જાણીતા શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે યુદ્ધ ઉપરાંત સેબીએ ફયુચર એન્ડ ઓપ્શનના નિયમો કડક બનાવવાનું જાહેર કર્યાનો પણ પ્રત્યાઘાત હતો.ચીન દ્વારા અર્થતંત્રને ધબકતું રાખવા માટે રાહત પેકેજ આપતા તેનો પણ પ્રત્યાઘાત હતો.વિદેશી રોકાણ તે દિશામાં ખેચાવા લાગ્યાની આશંકા વ્યકત થતી હતી. યુદ્ધને કારણે ક્રુડતેલનાં ભાવ ભડકવા લાગ્યા છે.વધુ

(અનુસંધાન ૧૨ મા પાને)

# ઈઝરાયેલએ દગાથી હિઝબુલ્લાહ વડાને ખત્મ કર્યો!



## લેબનાનના મંત્રીનો ધડાકોઃ નેતાનયાહૂ સાથે યુદ્ધ વિરામની વાતચીત ચાલુ હતી અને ૨૧ દિવસનો સમય નક્કી થયો હતો ત્યાં જ ઈઝરાયેલએ બોમ્બવર્ષા કરી

તેલઅવીવ, તા.૩

ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચેના યુદ્ધમાં એક નવો જ ઘટસ્ફોટ થયો છે. લેબનોના એક સીનીયર મંત્રીએ ધડાકો કર્યો હતો કે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્ઝામીન નેતાનયાહૂ અને હિઝબુલ્લાહ વડા હસન નસરલ્લાહ વચ્ચે યુદ્ધ વિરામની વાતચીત ચાલુ જ હતી ત્યાં

(અનુસંધાન ૧૨ મા પાને)

દિપકભાઈ-૯૮૨૫૩ ૫૭૧૨૪ • મહેશભાઈ-૯૭૨૫૭ ૪૫૭૪૩
રવા નાનખટાઈ
કેસર રોલ
ચોકોજામ નાનખટાઈ
ચોકો વેનીલા નાનખટાઈ
હોલસેલ અને કોર્પોરેટ ગીફ્ટ માટે પણ ઉપલબ્ધ
250 g - 500 g 1 kg પેક
ધી બોમ્બે બેકરી
સદર બજાર મેઈન રોડ, રાજકોટ

કોમર્શિયલ તથા હોટલ માટે જગ્યા વેચવાની છે
S.T. બસ સ્ટેન્ડ પાસે ૪૦ના રોડનું ખુબ જ મોકાનું ૬૦૦ વાર જગ્યા બેસ્ટ લોકેશન ટાઈટલ કલીયર
બ્રો. બીપીન પરમાર
મો.98242 11729

શોરૂમ વેચવાનો છે
લાખાજીરાજ રોડ મેઈન રોડનો 800 ફુટ
બ્રો. બીપીન પરમાર
મો.98242 11729

Auto E-INVOICE / E-WAY BILL
શ્રી C-POINT ૧૧
એકાઉન્ટ, બીલીંગ તથા સ્ટોક માટેનો શ્રેષ્ઠ સૌથી સરળ કોમ્પ્યુટર પ્રોગ્રામ
FOR DEMO : C-POINT
9773428998, 0281-2464241

ધાધર!!! થી પરેશાન છો ?
તો માત્ર ૭ દિવસમાં રાહત મેળવો
બાલાજી ફાર્મસી 2 to 5 pm બંધ
રાજશ્રી ટોકીઝ સામે, ભુપેન્દ્ર રોડ, રાજકોટ.
70401 99999
દવા રૂા. ૪૯૦/- થી શરૂ.

મુંબઈ મશહુર
ગોલ્ડન હલવો | આઈસ હલવો
MGC™
મધુભાઈ ગોરધનભાઈ ચેવડાવાળા
લીમડા ચોક • રૈયા રોડ • કોઠારીયા રોડ • અમીન માર્ગ
નાના મૌવા રોડ • જામનગર રોડ • આનંદ બંગલા ચોક
કુવાડવા રોડ • બાપા સીતારામ ચોક • યુનીવર્સીટી રોડ






સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા આયોજિત

**વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ 2024માં આપ સૌનું હાર્દિક સ્વાગત છે**



# ચાલો ઉજવીએ, વિશ્વનો સૌથી લાંબો અને ગુજરાતનો સૌથી ભવ્ય ગરબા મહોત્સવ

-: ઉદ્ઘાટન :-

**શ્રી અમિતભાઈ શાહ**

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીના વરદ્હસ્તે

-: વિશેષ ઉપસ્થિતિ :-

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

3 ઑક્ટોબર, 2024 | સાંજે 8:00 વાગ્યાથી

ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ, હેલ્મેટ ચાર રસ્તા પાસે, અમદાવાદ




## કાર્યક્રમ

**ઉદ્ઘાટન સમારોહ**
3 ઑક્ટોબર, 2024, "જય મા આદ્યશક્તિ"ની થીમ પર
મલ્ટિમીડિયા સાંસ્કૃતિક કાર્યક્રમ અને મહાઆરતી

**શેરી ગરબા**
4 થી 11 ઑક્ટોબર, 2024, રાત્રે 09.00 થી 11:45 વાગ્યા સુધી (પરંપરાગત પહેરવેશ ફરજિયાત)
જાણીતા કલાકારો દ્વારા મુખ્ય મંચ પર પ્રસ્તુતિ

**મહાઆરતી**
4 થી 11 ઑક્ટોબર, 2024,
રાત્રે 11:45 વાગે

**અન્ય મુખ્ય આકર્ષણો**
3 થી 11 ઑક્ટોબર, 2024, સાંજે 05:00 થી રાત્રીના 12:00 વાગ્યા સુધી
થીમ પેવેલિયન | હસ્તકલા બજાર | ફૂડ સ્ટૉલ | બાલ નગરી | થીમેટિક ગેટ્સ | વિવિધ ઇન્સ્ટૉલેશન

Gujarat Tourism™

**ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ**
ઉદ્યોગ ભવન, બ્લોક નંબર 16, ચોથો માળ, સેક્ટર-11, ગાંધીનગર - 382 010
**ટોલ ફ્રી નંબર:** 1800 203 1111 | **વેબસાઇટ:** www.gujarattourism.com

વધુ વિગતો માટે QR સ્કેન કરો

(જાહેર જનતા માટે નિઃશુલ્ક પ્રવેશ)

# આડા સંબંધની શંકાએ મામાના હાથે ભાણેજની હત્યા : ૭ સામે નોંધાતો ગુનો

## વિંછીયા ખાતે ગત રાત્રે બનેલો બનાવ : ૨૨ વર્ષીય મૃતક મયુર ઉર્ફે મયલાને ધારીયા, કુહાડી, છરીના ઘા ઝીંકી ઢીમ ઢાળી દેવાયું

## આરોપીઓએ પહેલા સાંજે ફોન પર 'તને આજે પતાવી જ દેવો છે' તેવી ધમકીઓ આપી હતી : આરોપીઓને ઝડપી લેવા એલસીબી અને સ્થાનિક પોલીસની ટીમો દોડાવાઈ

## સાયલાના કસવાળી ગામે રહેતા મામા ચોથા મંદુરિયા, મામાના દીકરા રામકુ, વનરાજ, ઉમેશ, ચોટીલાના ધારેઈના રમેશ મેરા, તેના પુત્રો સતા અને ટોના સામે ગુનો દાખલ

રાજકોટ, તા.૩

વિંછીયા ખાતે ગત રાત્રે આડા સંબંધની શંકાએ મામાના હાથે ભાણેજની હત્યા થઈ હતી. ૭ આરોપીઓએ મળી ૨૨ વર્ષીય મૃતક મયુર ઉર્ફે મયલાને ધારીયા, કુહાડી, છરીના ઘા ઝીંકી ઢીમ ઢાળી દીધું હતું. આરોપીઓએ પહેલા સાંજે ફોન પર 'તને આજે પતાવી જ દેવો છે' તેવી ધમકીઓ આપી હતી. આરોપીઓને ઝડપી લેવા એલસીબી અને સ્થાનિક પોલીસની ટીમો દોડાવાઈ હતી. સાયલના કસવાળી ગામે રહેતા મામા ચોથા મંદુરિયા, મામાના દીકરા રામકુ, વનરાજ, ઉમેશ, ચોટીલાના ધારેઈના રમેશ મેરા, તેના પુત્રો સતા અને ટોના સામે ગુનો દાખલ થયો છે.

ફરિયાદમાં રાયધન વશરામભાઈ સાઢમીયા (ઉ.વ.૨૫, રહે. મૂળ-ખારચીયા ગામ, હાલ-મોટા માત્રા ચોકડી હાઇસ્કુલ સામે તા. વિંછીયા)એ કહ્યું કે, અમે નવ ભાઈઓ તથા ત્રણ બહેનો છીએ. હું મજુરી કરી મારા માતા-પિતા સાથે રહી મારા પરીવારનું ગુજરાન ચલાવું છું. ગઇકાલ તા.૨/૧૦/૨૦૨૪ ના આશરે સાંજના છ વાગ્યાની આસપાસ મોટા માત્રા ચોકડી પાસે બાપા સીતારામના ઓટાની પાછળ આવેલ ઝુંપડામાં હું તથા મારા પાંચ ભાઇ જેમાંપલુભાઈ, બાલીભાઈ, મયુર ઉર્ફે મયલો, અબ્દુલભાઈ, યુવરાજ, પશુભાઈના પત્ની વસંતબેન, મારી બહેન સુધાબહેન, મારો મિત્ર સંજયભાઈ ખેંગારભાઈ મંદુરીયા (રહે.કસવાળી તા.સાયલા જિ.સુરેન્દ્રનગર) એમ અમે બધા અમારા ઝુંપડે હોઈ ત્યારે આ મારો નાનો ભાઈ મયુરભાઇ ઉર્ફે મયલો ફોનમાં ગાળો બોલતો હતો. જેથી મેં કહેલ કે કોનો ફોન છે? જેથી મારા ભાઈએ જણાવેલ કે, ધારેઇ ગામના રમેશ મેરાભાઈનો ફોન હતો. જેની દીકરી અને મારા મામાના દીકરા વનરાજભાઈ ચોથાભાઈની પત્ની સાથે મારે આડા સંબંધ હોવાની શંકા રાખી મને જેમ ફાવે તેમ ગાળો આપે છે અને મને પતાવી દેવો છે તેવી ધમકી આપે છે. એમ મારા ભાઈએ મને વાત કરેલ. જેથી અમે બધા જ ડરી ગયેલ હતા. વધુમાં રાયધને કહ્યું કે, રાતે આશરે સાડા આઠેક વાગ્યે મોટા માત્રા હાઇસ્કુલ સામે આવેલ અમારા બીજા ઝુંપડે જવા ગાડા સાથે નીકળેલ અને ગાડુ મારો નાનો ભાઈ અબ્દુલભાઈ ચલાવતો હતો. મારો નાનો ભાઈ મયુર ગાડાની આગળ ચાલતો હતો. માત્રાની ચોકડીથી થોડા આગળ આશરે એકાદ કિલોમીટર મોટા માત્રા બાજુ જતા હતા ત્યારે મોટા માત્રા ગામ બાજુથી બે મોટર સાયકલ આવેલ જે પહેલા મોટર સાયકલમાંથી ધારેઈ ગામનો રમેશ મેરા, તેનો દિકરો સતા રમેશ, ટોના રમેશ એમ ત્રણેય ઉતરેલ અને આ રમેશના હાથમાં ધારીયુ હતું. તેના દીકરા સતાના હાથમાં કુહાડી હતી. બીજા મોટર સાયકલમાંથી કસવાળી ગામના મારા મામા ચોથાભાઈ સગરામભાઈ મંદુરીયા તથા તેનો દિકરો રામકુ ચોથા, વનરાજ ચોથા, ઉમેશ ચોથા એમ ચારેય ઉતરેલ અને ચોથાભાઈના હાથમાં લાકડી તથા રામકુના હાથમાં લોખંડનો પાઈપ તથા ઉમેશના હાથમાં છરી હતી. આ બધા એક સાથે આવી આ મારા ભાઈ મયુરભાઈને જેમ ફાવે તેમ અપશબ્દો કહેવા લાગ્યા. મેં અપશબ્દો દેવાની ના પાડતા રમેશે ઉશ્કેરાય ધારીયાનો એક ઘા મયુરના માથામાં ઝીંકી દીધો. મયુર નીચે પડી જતા ટોનાભાઈએ મયુરને પકડી રાખ્યો. મામા ચોથાભાઇએ લાકડીના ઘા મયુરના માથામાં મારેલ. રામકુએ લોખંડના પાઈપ વડે મારેલ, ઉમેશે છરીના ઘા મયુરના મોઢા પર માર્યા. સતાએ મયુરના પગે કુહાડીના ઘા મારેલ વનરાજ ઢીકા પાટુનો માર મારતો હતો. મારો ભાઈ મયુર લોહી લુહાણ થઈ જતા આ તમામ બાઈક પર નાસી છૂટ્યા હતા. મેં ૧૦૮માં કોલ કર્યો હતો. થોડી વારમાં એમ્બ્યુલન્સ આવી જતા મયુરને વિંછીયા સરકારી દવાખાને ખસેડાયો હતો. સાથે હું અને મોટાભાઇ બાલીભાઈ હતા. ત્યાં પહોંચતા ડોકટરે મારા ભાઈ મયુરને મૃત જાહેર કરેલ. પોલીસને જાણ કરાતા વિંછીયા પોલીસનો સ્ટાફ આવેલ અને મારા ભાઈના મૃતદેહને પીએમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

રાયધને કહ્યું કે, આ બનાવનું કારણ એવુ છે કે, મયુરને ધારેઇ ગામના રમેશની દીકરી અને મારા મામાના દીકરા વનરાજની પત્ની ગડુબેન સાથે આડા સબંધ હોવાની શંકા હોય જેથી રમેશભાઈએ મારા ભાઈને ફોન કરી જેમ ફાવે તેમ ગાળો આપી મારી નાખવાની ધમકી આપી હતી અને પછી આ રીતે હુમલો કર્યો હતો. પરિવારજનોએ જણાવ્યું કે, મૃતક મયુર ઉર્ફે મયલો (ઉ.વ.૨૨) નવ ભાઈ અને ત્રણ બહેનમાં ૧૦મા નંબરનો હતો. તેના ભાઈઓમાં મથુરભાઈ, પલુભાઈ, ગડાભાઈ(રાજકોટ), બાલીભાઇ, રાજુભાઇ, રાયધન, અબ્દુલ, યુવરાજ અને બહેનોમાં સૌથી મોટા બહેન શાંતુબહેન જે મોટા દડવા ગામેં સાસરે છે. તેનાથી નાના સમુબહેન છે જેનું અગાઉ અવસાન થયું છે. અને સૌથી નાના બહેન રાધાબહેન છે જે કસવાળી ગામે સાસરે છે. બનાવથી પરિવારમાં શોક છવાયો છે.



મૃતક મયુરનો ફાઈલ ફોટો, નિષ્પ્રાણદેહ, રાજકોટ સિવિલ હોસ્પિટલના પીએમ રૂમ બહાર બેઠેલા શોકગ્રસ્ત પરિવારજનો નજરે પડે છે. (તસવીર : પંકજ શીશાંગીયા)

### મામા ચોથાભાઈ અને તેના વેવાઈ રમેશભાઈ સકંજામાં

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, હત્યાનો બનાવ બનતા જ રાજકોટ જિલ્લા નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડની સૂચનાથી અને ડીવાયએસપી કે.જી. ઝાલાના માર્ગદર્શન હેઠળ વિંછીયા પીએસઆઇ આઈ. એમ. સરવૈયાની રાહબરીમાં તેમની ટીમ આરોપીઓને પકડવા કામે લાગી હતી. હાલ પોલીસે મૃતકના મામા ચોથાભાઈ અને ચોથાભાઈના વેવાઈ રમેશભાઈને સકંજામાં લીધા છે.

## પંજાબ કેસરી આ.વલ્લભસૂરિ સમુદાયના પાલીતાણામાં સાદવીજી ભગવંત શ્રી દર્શનાશ્રીજી મ.કાળધર્મ પામ્યા

રાજકોટ તા.૩



પાલીતાણામાં પંજાબકેસરી પૂ.આચાર્ય શ્રીમદ્ વિજય વલ્લભસૂરિજી મ. સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ આ.ભ. શ્રીમદ્ વિજય નિત્યાનંદસૂરિજી મ.ના આજ્ઞાનુવર્તી પૂ. સાધ્વી લક્ષ્મીશ્રીજી મ.ના સુશિષ્યા સંયમસ્થવિરા સાધ્વી દર્શનશ્રીજી મ. તા.૨ના સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. તેમનો સંયમ પર્યાય ૭૧ વર્ષનો તથા ઉમર ૯૩ વર્ષની હતી. આજે બપોરે કચ્છી ભવન સામેથી તેમની પાલખી યાત્રા નીકળી હતી અને મુકિતધામ સ્મશાન ગૃહમાં અંતિમ વિધિ કરાઈ હતી.

## અવસાન નોંધ

**રાજકોટ:** ડો.પંકજભાઈ મહિપતભાઈ અગ્રાવત (ઉ.૭૦) તે અમીતભાઈ તથા સ્વ. આશુતોષના પિતાનું તા.૩૦ના અવસાન થયેલ છે. બેસણું તા.૩ના સાંજે ૪થી ૬ આઈશ્રી કુવાવાળી ખોડીયાર મંદિર, લક્ષ્મીવાડી કવાર્ટર, રાજકોટ રાખેલ છે.

**જામખંભાળીયા:** ધીરૂભાઈ હરજીભાઈ મકવાણાના પુત્ર મનીષભાઈ (ઉ.૪૦) તે પિયુષભાઈના મોટાભાઈ તા.૨ના રોજ અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા તા.૩ના ચારથી સાડાચાર લુહાર શાળામાં આવેલ શ્રી શરણેશ્વર મહાદેવના મંદિર ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા:** સુભાષભાઈ ઠાકરશીભાઈ અમરેલીયા (ઉ.૪૯) તે શરદભાઈ ઠાકરશીભાઈ અમરેલીયાના ભાઈ, મીત તથા અંજલી, તુલસીના પિતાશ્રું તા.૧ને મંગળવારના રોજ અવસાન થયેલ છે.

**સાવરકુંડલા:** મંગળાબેન રાતીગીરી ગૌસ્વામી (ઉ.૯૫) તે પ્રફુલગીરી રાતીગીરી ગૌસ્વામી અને મુકેશગીરી રાતીગીરી ગૌસ્વામીના માતુશ્રીનું તા.૩૦ના અવસાન થયું છે. બેસણું તા.૩ના ૪થી ૬ અમારા નિવાસ મણીનગર મહુવા રોડ, મુકતેશ્વર મંદિર વાળા ખાચામાં સાવરકુંડલા રાખેલ છે.

**રાજકોટ:** ગૌ.વા. ચંપાબેન ફુલચંદભાઈ જોબનપુત્રા (વશીયાળી વાળા) હાલ સુરત તે મહેન્દ્રભાઈ ફુલચંદભાઈ જોબનપુત્રા અને નવલભાઈ ફુલચંદભાઈ જોબનપુત્રાના માતુશ્રીનું તા.૧ના અવસાન થયું છે. બેસણું તા.૪ના સાંજે ૪થી ૬ લોહાણા મહાજનવાડી વંડા મુકામે રાખેલ છે.

**સાવરકુંડલા:** ઔ.સ.ઝાલાવાડી સાડાચારસો બ્રાહ્મણ મરણ મંજુલાબેન કાંતિલાલ આચાર્ય (ઉ.૮૭) તે સ્વ. કાંતિલાલ શિવશંકર આચાર્ય (પાડરશીંગા વાળા)ની પુત્રી તથા સ્વ. ભાસ્કરભાઈના મોટા બેન, ચીરાગભાઈ, જાગીનભાઈના ફૈબાનું તા.૨ના અવસાન થયું છે. સાદડી તા.૪ના ૪થી ૬ શ્રી પરશુરામ ઉપવન વાડી ગર્લ્સ હાઈસ્કૂલ પાસે સાવરકુંડલા રાખેલ છે.

**સાવરકુંડલા:** જયાબેન ભગવાનભાઈ ધારૈયા (ઉ.૯૨) તે ચંદુભાઈ, સુરેશભાઈ, રસીકભાઈ, હસમુખભાઈના માતુશ્રીનું તા.૩૦ના અવસાન થયેલ છે. બેસણું તા.૩ના બપોરે ૪થી ૬ રામભગતની જગ્યા, આઝાદ ચોક, નંદન કુરીયરની સામે સાવરકુંડલા રાખેલ છે.

**રાજકોટ:** ભરતભાઈ માધવજીભાઈ ખુંટના ધર્મપત્ની તેમજ જયભાઈના માતુશ્રી હર્ષાબેન ભરતભાઈ ખુંટ (ઉ.૫૮)નું તા.૨ના અવસાન થયું છે. બેસણું તા.૪ના સવારે ૮-૩૦થી ૧૦-૩૦ પટેલવાડી યુનીટ-૧ જલારામ ચોક રાજકોટ રાખેલ છે. ૯૮૨૪૩ ૧૦૦૯૬, ૯૮૨૪૦ ૧૦૦૫૧.

**રાજકોટ:** પ્રફુલાબેન કિશોરસિંહ જનવાર (ઠાકોર) તે કિશોરસિંહના ધર્મપત્ની, વિરેન્દ્રસિંહ અને આરતીબેનનાં માતુશ્રીનું અવસાન તા.૨૭ શુક્રવારના રોજ થયેલ છે. બેસણું તા.૩ના ૫થી ૬ ફળેશ્વર મહાદેવ મંદિર, બજરંગવાડી શેરી નં.૨, જૂની સત્યપ્રકાશ સ્કૂલ પાસે, જામનગર રોડ, રાજકોટ રાખેલ છે.

**રાજકોટ:** દશા સોરઠીયા વણીક પોરબંદર નિવાસી રાજશ્રીબેન પરેશભાઈ માલવીયા તે સ્વ. કિરીટભાઈ દામોદરદાસ ગોરસીયા (રાજકોટ)ની પુત્રી, પારિતોષ, આશુતોષ, શીતલ પરેશ માધાણીના બહેનનું તા.૨૯ના અવસાન થયેલ છે. ટેલીફોનીક બેસણું તથા પીયર પક્ષની સાદડી તા.૩ના સાંજે ૫થી ૬ રાખેલ છે. પારીતોષ ૯૩૨૮૦ ૪૪૧૦૧.

**રાજકોટ:** રાજકોટ નિવાસી પ્રફુલાબા ચંપકસિંહ રાયજાદા (ઉ.૪૦) તે ચંપકસિંહ લાલુભા રાયજાદાના પત્ની, દિગ્વીજયસિંહના ભાભીશ્રી, રૂષીરાજસિંહના માતુશ્રીનું તા.૨ના અવસાન થયેલ છે. બેસણું તા.૪ના બપોરના ૪થી ૬ રાજરાજેશ્વર મહાદેવ મંદિરની સામે શીવસાગર પાર્ક, ગુજરાત સીએનજી ગેસ વાળી શેરી, કોઠારીયા-રાજકોટ રાખેલ છે.

**રાજકોટ:** ગૌ.વા. નરોતમદાસ ગોરધનદાસ રાયચુરાના પત્ની હીરાબેન નરોતમદાસ રાયચુરા, ગૌ.વા. પ્રદીપભાઈ, અશ્વીનભાઈ, ભાવેશભાઈ, અતુલભાઈ, ભાવનાબેન કિરીટકુમાર શીંગાળા, હીનાબેન મહેશકુમાર તન્નાના માતુશ્રી, આનંદીબેન સ્મિતકુમાર હિરાણી, હર્ષ, મિથિલેશ, જતન, પૂજા, રીયા, મીષ્ટીના દાદીમા, મિરાલી, રચનાના દાદીજી સાસુ, અવની શીંગાળા, રવી તન્નાના નાનીમા, દુર્લભજીભાઈ રામજીભાઈ સામાણીના મોટાબેન તા.૩૦ના શ્રીજીચરણ પામેલ છે. ઉઠમણું તથા પીયર પક્ષની સાદડી તા.૩ના સાંજે ૪-૩૦થી ૫-૩૦ કેસરીયા વાડી, કરણપરા ચોક, રાજકોટ રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી સ.ક.સ.સુ.દરજી જ્ઞાતિના કૌશિકભાઈ અમૃતલાલ ખેરડીયા (ઉ.૬૫) તે અનંદરાય લક્ષ્મણભાઈ ખેરડીયાના ભત્રીજા, ભાસ્કરભાઈ, સુધીરભાઈ, રમેશભાઈ, સ્વ. અશ્વીનભાઈ, રેખાબેન ભરતકુમાર રાઠોડ, અમીતાબેન શશીકાંત પીઠડીયા, પ્રવિણાબેન વિજયકુમાર શેદલીયા, વર્ષાબેન મહેશકુમાર રાઠોડના ભાઈ, યશ, કુનાલ, ભાવીન, કરિશ્મા, અંકિતા, નેહાના કાકા તા.૧ના શ્રીજીચરણ પામેલ છે. બેસણું તા.૩ના ૪-૩૦થી ૫-૩૦, ૨૪-વિજય પ્લોટ કમળગંગા વાળી ખાતે રાખેલ છે. યશભાઈ ૯૧૦૬૫ ૫૮૦૨૩, ભાવેશભાઈ ૯૮૯૮૪ ૪૨૬૪૬.

**રાજકોટ:** માનકુંવરબા અગરસિંહ જાડેજા (ઉ.૮૯) તે સ્વ. અગરસિંહ ગગુભા જાડેજાના પત્ની, સ્વ. રોહિતસિંહ અગરસિંહ, રાજેન્દ્રસિંહ અગરસિંહ, તખતસિંહ અગરસિંહ જાડેજાના માતુશ્રી, જટુભા, સ્વ. લઘુભા, સ્વ.ભરતસિંહના કાકીશ્રી, રણદીપસિંહ, કુલદીપસિંહ, પ્રધુમનસિંહ, ધર્મવીરસિંહ, રઘુવીરસિંહ, વિજયસિંહ, રવિરાજસિંહના દાદીમા, વિક્રમસિંહ રૂદ્રરાજસિંહના મોટા દાદીમાં, બાઘુભા ઉદેસિંહ ગોહિલ, સ્વ. સંજયસિંહ દોલતસિંહ ગોહિલના સાસુમાં, મયુરસિંહના નાનીમાનું તા.૧ના અવસાન થયુ છે. બેસણું તા.૩ના સાંજે ૪થી ૬ નંદનવન હોલ, નંદનવન સોસાયટી, આત્મીય કોલેજ સામે, કાલાવડ રોડ, રાજકોટ રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. ઠાકરશીભાઈ વાલજીભાઈ પાનસુરીયા (ઉ.૮૨)નું તા.૨ના અવસાન થયેલ છે. બેસણું તા.૪ના બપોરે ૪થી ૬ એ-૪૦૧, અમૃતધારા સરદાર પટેલ સ્વીમીંગ પુલની પાછળ કોઠારીયા રોડ ખાતે રાખેલ છે. નંદલાલ ઠાકરશીભાઈ પાનસુરીયા ૭૦૧૬૩ ૬૫૬૬૪.

## સુરેન્દ્રનગરઃ સરદાર સ્થા. જૈન સંઘમાં અનશન આરાધક પૂ.શોભનાજી મહાસતીજીનો સંથારો સીઝી ગયો

રાજકોટ તા.૩



સુરેન્દ્રનગરમાં સરદાર સ્થાનકવાસી જૈન સંઘના આંગણે લીંબડી અજરામર સ્થા.જૈન સંઘના પૂ.ગચ્છાધિપતિ આ.શ્રી ભાવચંદ્રજી સ્વામીના આજ્ઞાનુવર્તી આજીવન અનશન આરાધિકા પૂ.શોભનાજી મહાસતીજીનો તા.૨ના બુધવારે સાંજે ૬-૪૩ કલાકે સમાધિપૂર્વક સીઝી ગયો.

આજે તા.૩જીના સવારે સરદાર ઉપાશ્રયથી 'જય જય નંદા જય જય ભદ્રા'ના સૂરો સાથે પાલખી યાત્રા નીકળી હતી. જે વિશ્રામગૃહ, જેલ ચોક, કેરી બજાર ઉપાશ્રય થઈ, દેરાસર ચોક, વિઠલ પ્રેસ રોડથી સુભાષ ઉપાશ્રય, પાણીની ટાંકી વાળો રોડ થઈ જૂના જંકશનથી મુકિતધામ સ્મશાન ગૃહે પહોંચી હતી. ત્યારબાદ અંતિમવિધિ કરવામાં આવી હતી.

## પાંચ લાખના ચેક રીટર્નના કેસમાં જીજ્ઞેશ ગેરીયાને નિર્દોષ ઠરાવી છોડી મુકતી કોર્ટ

### આરોપીએ વચગાળાના ભરેલ રૂ.૫૦,૦૦૦ ફરીયાદીએ વાર્ષીક ૬.૫ ટકાના વ્યાજ સહીત પરત ચૂકવવા પડશે


રાજકોટ, તા.૩

શહેરના રહેતા ફરીયાદી મનોજભાઈ રામભાઈ ગઢવીએ તેના મિત્ર જીજ્ઞેશભાઈ દિનકરરાય ગેરીયાને મીત્રતાના સબંધના દાવે ધંધાના વિકાસ માટે રૂ.૫ લાખ આપેલા, જે રકમ પરત ચુકવવા આરોપીએ તેના ખાતાવાળી બેંક રાજકોટ નાગરીક સહકારી બેંકનો ચેક ફરીયાદીને આપેલો. જે ચેક બેંકમાંથી અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ. ચેક બેંકમાંથી પરત ફરતા ફરીયાદીએ નોટિસ આપેલ. છતાં લેણી રકમ ચુકવેલ ન હોવાથી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ રાજકોટની કોર્ટમાં ફોજદારી ફરીયાદ થઈ હતી.કેસ ચાલતા આરોપીના વકીલ પિયુષ જે. કારીયા, પ્રધુમનસિંહ એમ. જાડેજાએ દલીલો કરી અને બેંકના અધિકારીને તપાસવામાં આવતા સત્ય હકિકત કોર્ટ સમક્ષ લાવવામાં આરોપી પક્ષ સફળ નીવડેલ જેની અદાલતે ગંભીર નોંધ લીધેલ. પુરાવાઓને ધ્યાને લઈ રાજકોટના અધિક ચીફ જયુડી. મેજી. એમ.જી.શાહએ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકતો હુકમ ફરમાવેલ છે. આ ઉપરાંત આરોપી દ્વારા વચગાળાના ૧૦ ટકા રકમ રૂ.૫૦,૦૦૦ કોર્ટમાં જમા કરાવેલ, જે રકમ ફરીયાદીએ ઉપાડી લીધેલ હતી. આ ફરીયાદીએ ઉપાડેલ રકમ આરોપીને ૬.૫ ટકાના વ્યાજ સહીત પરત ચુકવવા કોર્ટ દ્વારા હુકમ કરવામાં આવેલ છે. આ કેસમાં આરોપી તરફે વકીલ પિયુષ જે. કારીયા, પ્રધુમનસિંહ એમ. જાડેજા, સચીન તેરૈયા, મોહિત લિંબાસીયા, અનિલ રાદડીયા, નિપુલભાઈ કારીયા રોકાયેલ હતા.



એડવોકેટ કારીયા, જાડેજા


### છઠ્ઠી પૂણ્યતિથિએ સ્મરણાંજલી




સ્વ. કાંતીલાલ ગીરધરલાલ ચોલેરા
તા.૨૮/૧/૧૯૪૮ મંગળવાર
તા.૩/૧૦/૨૦૧૮ બુધવાર ભાદરવા વદ-૯

સમયની રફતાર તો પાંખો સાથે ઉડી જાય છે
રફતારની સાથે પાંચમી પુણ્યસ્મૃતિ પણ આવી ગઈ
કદીક પિતા સ્વરૂપે તો, હંમેશા મિત્રના સ્વરૂપમાં
તમારા કમકમળ હંમેશા, અમારી ઉપર જ છે આશિર્વાદ સ્વરૂપે
નાના હતા અને ઓછી સમજ હતી, તો પણ અમારી ઉપર
પ્રેમાભિષેક કર્યો પ્રેમ અને સંસ્કારોનું સિંચન કર્યુ આપે, વિશાળ
હૃદયને અને પવિત્ર આત્માએ ભેટ સ્વરૂપે આપ્યો પ્રેમ અને
વિશ્વાસ, સદાય અમારા ઉપર છે સ્નેહભર્યા આશિર્વાદ
પ્રભુને પ્રાર્થના કરી હરજનમમાં, આજ પિતા અમને આપજે

આપના આશીર્વાદના અભિલાષી
જયશ્રીબેન કે. ચોલેરા
રાજેન કે. ચોલેરા, દીપાબેન રાજેન ચોલેરા
મિત રાજેનભાઈ ચોલેરા, આશા મિત ચોલેરા, પ્રિશા મિત ચોલેરા
પૂજા-વિજય-હર્ષ ગણાત્રા
ચોલેરા પરિવારના જય શ્રી કૃષ્ણ જય સીયારામ



### પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી



સ્વ. શ્રી કિમતભાઇ તોલારામ નેભાણી
સ્વ. તા.૩-૧૦-૨૦૨૩ મંગળવાર

એક ચહેરો જે દ્રષ્ટીમાંથી ભૂલાય નહીં એક વ્યકિતત્વ જે ક્યારેય વિસરાય નહીં, એક હુંફ જે ક્યારેય હવે મળશે નહીં જેમનું નામ હૃદયમાં ગુંજ્યા જ કરે સતત ફૂલ બની આસપાસ મહેક્યા કરે પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે.

લી.
નેભાણી ન્યાલચંદ તોલારામ-ભાઇ
નેભાણી ચેલારામ તોલારામ-ભાઇ
નેભાણી ખુશાલદાસ તોલારામ-ભાઇ
નેભાણી સોનીભાઇ તોલારામ-ભાઇ
નેભાણી કલુભાઇ તોલારામ-ભાઇ
નેભાણી જીતેન્દ્ર કિમતભાઇ
નેભાણી પરિવાર ન્યુ રસ્તારોક પાન હાઉસ



### બેસણું



સ્વ.ઠાકરશીભાઈ વાલજીભાઈ પાનસુરીયા (ઉ.વ.૮૨)
સ્વ. તા.૨/૧૦/૨૪, બુધવાર, રાજકોટ

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી સ્વ. ઠાકરશીભાઈ વાલજીભાઈ પાનસુરીયા તા.૨/૧૦/૨૦૨૪ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રભુને અમારી પ્રાર્થના..

**બેસણું સ્થળ:** તા.૪/૧૦/૨૪, શુક્રવારે બપોરે ૪થી ૬, એ-૪૦૧, અમૃતધારા, સરદાર પટેલ સ્વિમિંગ પુલની પાછળ, કોઠારીયા રોડ ખાતે રાખેલ છે.

લી.
નંદલાલ ઠાકરશીભાઈ પાનસુરીયા
જીતેન્દ્રભાઈ ઠાકરશીભાઈ પાનસુરીયા
કરણ નંદલાલ પાનસુરીયા
સ્મિત જીતેન્દ્રભાઈ પાનસુરીયા તથા
પાનસુરીયા પરિવારના 'જય શ્રીકૃષ્ણ'



### દુઃખદ અવસાન-બેસણું



સ્વ. હર્ષાબેન ભરતભાઈ ખુંટ
સ્વ.તા. ૨-૧૦-૨૦૨૪
ભાદરવા વદ-અમાસ, બુધવાર

દીલગીરી સાથ જણાવવાનું કે ભરતભાઈ માધવજીભાઈ ખુંટના ધર્મપત્ની તેમજ જયભાઈના માતુશ્રી હર્ષાબેન ભરતભાઈ ખુંટ નું તા. ૨-૧૦-૨૦૨૪, બુધવાર ના રોજ અવસાન થયેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

॥ સદ્દગતનું બેસણું ॥
**તારીખ :** ૪-૧૦-૨૦૨૪ શુક્રવાર સમય : સવારે ૮-૩૦ થી ૧૦-૩૦
**સ્થળ :** પટેલવાડી યુનિટ-૧, જલારામ ચોક, રાજકોટ.

સ્વ. માધવજીભાઇ રામજીભાઇ ખુંટ
ભરતભાઇ માધવજીભાઇ ખુંટ
જયભાઇ ભરતભાઇ ખુંટ
ગૌતમભાઇ ઝીણાભાઇ હેસીયા
માન જયભાઇ ખુંટ

સ્વ. જડીબેન માધવજીભાઇ ખુંટ
પુજાબેન જયભાઇ ખુંટ
હિરલબેન ગૌતમભાઇ હેસીયા
નિસર્ગ ગૌતમભાઇ હેસીયા

ખુંટ પરિવારના જય શ્રી કૃષ્ણ

બહારગામના સ્નેહીજનો માટે ટેલિફોનિક સંપર્ક : ૯૮૨૪૩ ૧૦૦૯૬/૯૮૨૪૦ ૧૦૦૫૧

શ્રી આશાપુરા ફાઉન્ડ્રી

SHASHI-98255 55845



### શ્રદ્ધાંજલી



સ્વ. રવિન્દ્રભાઈ હરસુખલાલ મહેતા
સ્વ. તા. ૩૦-૦૯-૨૪

પળે પળે યાદ આવે છે તમારી, સદાય ખોટ રહેશે અમને તમારી,
દેહથી ભલે દુર થયા તમે, સદાય અમારા હૃદયમાં વસો છો તમેજ,
તમારી ખોટ કોઈ દિવસ ન પુરાશે,
તમારા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી. ભાવેશ કિશોરચંદ્ર મહેતા
મોનાર્ક એપ્લાયન્સીસ પ્રાઈવેટ લિમિટેડ
દેવાંગ વિનયકાંત મહેતા
ડિવાઇન માર્કેટિંગ
જસ્મીન કિશોરચંદ્ર મહેતા
વિઝન ઈન્સ્ટીટ્યુટ



### અશ્રુભીની હૃદયાંજલી



સ્વ. રવિન્દ્રભાઈ હરસુખલાલ મહેતા
સ્વ. તા. ૩૦-૦૯-૨૦૨૪

કર્મ સદાય એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે,
સદ્દભાવ, સ્નેહ, ઉદારતા, પરહિત
જેના સદ્દગુણો હતા...
જે આજે પણ અમારા સૌના દિલમાં વસ્યા કરે...
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લી.
શ્રેયાંશ મહેતા - શ્રીધર મહેતા
prompt ગ્રુપ
The pursuit of purity



### દુઃખદ અવસાન/બેસણું



સ્વ. ધ્રુમિત નિતીનભાઈ વેકરીયા
સ્વ.તા. ૩૦-૯-૨૦૨૪

ધ્રુમિત નિતીનભાઇ વેકરીયા (ઉ.વ.૨૪) તે
નિતીનભાઇ ભીખાભાઇ વેકરીયા ના પુત્ર નું
તા. ૩૦-૯-૨૦૨૪ સોમવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
પરમાત્મા સદ્દગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**બેસણું :** તા. ૪-૧૦-૨૦૨૪ શુક્રવાર સાંજે ૪ થી ૬ કલાકે
**સ્થળ :** દેવલોક રેસીડેન્સી, શેરી નં.૧, કુવાડવા રોડ, ૮૦ ફુટ રોડ, શિવશકિત પાર્કની પાછળ, રાજકોટ.

નિતીનભાઇ ભીખાભાઇ વેકરીયા
અશ્વિનભાઇ ભીખાભાઇ વેકરીયા
સુરજભાઇ દિનેશભાઇ વેકરીયા
રેનીશ નિતીનભાઇ વેકરીયા
તથા વેકરીયા પરિવારના જય શ્રીકૃષ્ણ

SAHSHI



### છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી - ધોરાજી



સ્વ. ઉષાબેન ભરતકુમાર શાહ
અ.તા. ૦૩/૧૦/૨૦૧૮
મુ. ધોરાજી, જી. રાજકોટ

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા કે સૌને હૃદયમાં ગુંજયા કરે, ધર્મ કદી ભુલ્યા નહીં, વ્યવહાર કદી ચુકયા નહીં, સુખ દુઃખમાં સદા હસતા રહ્યા, પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

લી.
શ્રી ભરતકુમાર ધીરજલાલ શાહ (પતિ) એડવોકેટ
શ્રી નિધી ભરતકુમાર શાહ (પુત્રી)
તથા શાહ પરિવારના જય જીનેન્દ્ર
મો. નં. ૯૭૨૪૧ ૧૮૫૨૮



### શ્રદ્ધાંજલી



સ્વ. રમાબેન રજનીકાંત માખેચા
સ્વ. તા.૩૦/૦૯/૨૦૨૪

પોરબંદર નિવાસી હાલ રાજકોટ સ્વ. શ્રી રજનીકાંત જમનાદાસ માખેચાના ધર્મપત્ની ગં.સ્વ. રમાબેન રજનીકાંત માખેચાનું દુઃખદ અવસાન (૮૪) વર્ષે થયેલ છે. તેઓ શ્રી હરીશભાઇ રજનીકાંત માખેચા તથા શોભનાબેન જયેશભાઇ બુધ્ધદેવના માતુશ્રી તેમજ મણીલાલ વિઠ્ઠલજી કકકડના દિકરી થાય છે.
આ સાથે પિયર પક્ષની સાદડી સાથે રાખવામાં આવેલ છે.

સાદડી સ્થળ
'ઉમા રેસીડેન્સી' પાર્કિંગમાં રવિ રત્ન પાર્ક-૫, ઝુલેલાલ સોડા શોપવાળી શેરી, યુનિવર્સિટી રોડ, રાજકોટ
તારીખ : ૩-૧૦-૨૦૨૪, ગુરૂવાર સમય : બપોરે ૪.૩૦ થી ૫.૩૦ સુધી
(Mo. 81286 75851)


સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# રાજકોટના સિનિયર તબીબ ડો. જયેશભાઈ ભૂત સેલ્ફી લેતી વેળાએ ડેમમાં પટકાતા કમકમાટીભર્યું મોત

## ઢેબર રોડ પર આવેલ ઓર્કીડ હોસ્પિટલમાં બાળકોના વિભાગના સિનિયર તબીબ મેટોડા નજીક આવેલ પોતાની વાડીએ ગયાં બાદ પરીવાર સાથે સંપર્ક તૂટતાં દોડી ગયેલ પરિવારજનોએ તપાસ કરતાં નજીકના ડેમમાંથી મૃતદેહ મળતા અરેરાટી





રાજકોટ. તા.૦૩

રાજકોટના સિનિયર તબીબ ડો.જયેશભાઇ ભૂત મેટોડા નજીક આવેલ તેની વાડી પાસે આવેલ ડેમ પર સેલ્ફી લેતી વેળાએ પગ લપસ્યા બાદ ડેમમાં પટકાતા તેમનું કમકમાટીભર્યું મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવ અંગે મેટોડા પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો અને તપાસનો ધમધમાટ આદર્યો હતો. બનાવથી પરીવાર સાથે શહેરના તબીબોમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

### મેટોડા પોલીસ સાથે તબીબો પણ દોડી ગયાં: તબીબના બે પુત્રોએ પિતાની છત્રછાયા ગુમાવતાં પરીવારમાં શોક છવાયો

પ્રાપ્ત વિગત મુજબ, ઢેબર રોડ પર શ્રમજીવી સોસાયટીમાં બેહરા મૂંગા સ્કૂલની સામે રહેતાં ડો. જયેશભાઇ હંસરાજભાઈ ભૂત (ઉ.વ.૭૧) ગઈકાલે બપોરે ચાર વાગ્યાની આસપાસ પોતાની મેટોડા આવેલ વાડીએ ચક્કર લગાવવા ગયાં હતાં. જે બાદ તેઓ સાંજના સાત વાગ્યા સુધી ઘરે પરત ન ફરતાં પરિવારજનોએ તેમનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરતાં તેમનો સંપર્ક થઈ શક્યો ન હતો. જેથી ચિંતિત થયેલ પરિવારજનો મેટોડામાં આવેલ વાડીએ દોડી ગયાં હતા તપાસ હાથ ધરી હતી.

દરમિયાન વાડી નજીક આવેલ ડેમમાં તપાસ કરતા તેમાંથી તબીબની લાશ મળી આવતાં પરીવારજનો સ્તબ્ધ થઈ ગયાં હતાં. બનાવ અંગે પોલીસને જાણ કરતાં દોડી આવેલ પોલીસની ટીમે જરૂરી કાગળો કરી મૃતદેહને પીએમ અર્થે સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, તબીબ ડેમ નજીક ચક્કર લગાવતી વેળાએ સેલ્ફી લેવાં જતાં તેમનો પગ લપસ્યો હતો અને તેઓ ડેમમાં પટકાયા હતાં. તેઓ ઊંડા પાણીમાં ગરક થતાં તેમનું મોત નિપજયાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે.

### તબીબ યુ ટ્યુબરની સાથે રિલ્સ બનાવવાનો શોખ ધરાવતાં હતાં

રાજકોટના સિનિયર તબીબ ડો. જયેશભાઇ ભૂત મેટોડામાં આવેલ તેમની વાડી પાસે આવેલ ડેમ પર સેલ્ફી લેતી વેળાએ ડેમની અંદર ખાબકતા તેમનું કરૂણ મોત નિપજ્યું હતું. વધુમાં મળેલ વિગત મુજબ, તેઓ યુટ્યુબર હતાં અને પોતે રિલ્સ તેમજ વિડીયો બનાવી સોશિયલ મીડિયામાં એક્ટિવ પણ રહેતાં હતાં. નિયમિત તેઓ મેટોડા નજીક વાડીએ જતાં અને ડેમ પાસે ચક્કર લગાવતાં હોવાનું પણ સામે આવ્યું છે.

વધુમાં મળેલ વિગત મુજબ, મૃતક તબીબ એમબીબીએસ ડીસીએચની ડીગ્રી ધરાવતાં અને વર્ષ ૧૯૭૮ થી સિનિયર પીડિયાટ્રિક તરીકે કામ કરતાં હતાં. શહેરમાં નામાંકિત તબીબ તરીકે તેમની ઓળખાણ છે. તેઓને સંતાનમાં બે પુત્ર છે, જેઓ પણ તબીબ તરીકે પ્રેક્ટિસ કરે છે. બનાવથી પરીવારમાં ઘેરો શોક છવાયો હતો.

---

## શૈતાન ફિલ્મને ટક્કર મારે તેવુ ક્રાઈમ: પોલીસે ભેદ ઉકેલ્યો

# ગોવા ટ્રેકીંગમાં ગયેલ યુવતીને ફસાવી ન્યુડ વીડિયોની ડીમાન્ડ કરી સીગારેટના ડામ, બ્લેડ મરાવી બ્લેક મેઈલ કરી

### યુવતીનો પરિવાર માનસિક ટોર્ચરીંગનો ભોગ બનતા પોલીસનો સંપર્ક કર્યો: બોપલ પોલીસે આરોપીના સોશિયલ મીડિયાના એકાઉન્ટ પર વોચ રાખી પુનાથી વિકૃત માનસિકતા ધરાવતા સાહિલને દબોચી લીધો

### બોપલ પોલીસ મથકના પીઆઇ બી.ટી. ગોહિલ અને ટીમને મળી મોટી સફળતા: યુવતી અને તેના પરિવારને આઘાતમાંથી બહાર કાઢ્યો

રાજકોટ, તા.૩


તાજેતરમાં જ રિલીઝ થયેલી હિન્દી ફિલ્મ શેતાન જેવી ઘટના અમદાવાદ ગ્રામ્યના બોપલ પોલીસનાચોપડે નોંધાઈ હતી. રીલ(પિક્ચર)માં દર્શાવેલી ઘટના જેવો જ બનાવ સામે આવતા બોપલ પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં બોપલમાં રહેતા એક પરિવારની દીકરી પુનાના શેતાનના સંપર્કમાં આવી હતી. બાદમાં બંને વચ્ચે સંબંધ વધ્યા હતા. પુનામાં બેઠેલો આરોપી સાહિલ અહેમદ યુવતી અને તેના પરિવારના સભ્યોની જીંદગી દોઝખ બનાવી બેઠો હતો. આરોપી અવાર નવાર ન્યૂડ વીડિયોની માગણી કરી બાદમાં બ્લેકમેઈલ કરતો હતો અને યુવતીને સીગારેટ પીવાનું, જાતે જ ડામ દેવાનું કહેતો હતો. યુવતી આરોપીના તાબે થઈ જતા આરોપીએ બ્લેકમેઈલ કરીને નાણાં પડાવ્યા હતા. કંટાળેલી યુવતીએ જાતે જ બ્લેડના ઘા પણ માર્યા હતા. બોપલ પોલીસે આ સંવેદનશીલ કિસ્સામાં તપાસ કરીને ગણતરીના દિવસોમાં આરોપી સાહિલ અહેમદની પુનાથી ધરપકડ કરીને એક પરિવારના માનસિક આઘાતનો અંત લાવી દીધો છે.

પોશ વિસ્તારમાં રહેતા વેપારીની દીકરી વંદના (નામ બદલ્યું છે.) પુનામાં અભ્યાસ કરતી હતી. થોડા સમય પહેલા તે ગોવા ટ્રેકિંગ કેમ્પમાં ગઈ ત્યારે એક દિવસ યુવતીનો સંપર્ક ન થતા પરિવારજનો ચિંતામાં મૂકાયા હતા. જોકે, સાંજ પડે પુત્રીનો સંપર્ક થતા પરિવારે હાશકારો અનુભવ્યો હતો, પરંતુ માતા-પિતા ચિંતામાં હોવાથી તેઓ બીજા દિવસે ગોવા પહોંચ્યા ત્યારે દીકરી સલામત હતી, પરંતુ તેના હાથ પર ડામના નિશાન હતા. જે અંગે માતાએ પૂછતા વંદનાએ જણાવ્યું કે, તે ઈન્સ્ટાગ્રામથી પુનાના સાહિલ અહેમદ સાતારકર (ઉ.૨૧, રહે. પુના) સાથે સંપર્કમાં હતી. યુવતી ગોવા હોવાની જાણ થતાં આરોપી તેને મળવા ગોવા પણ પહોંચ્યો હતો.

જ્યાં કોઈ બાબતે સાહિલ અહેમદ સાથે બાલાચાલી થતાં હાથ પર સિગારેટનો ડામ દીધો હતો. આ વાત સાંભળીને વંદનાની માતાના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. કેમ્પ અધુરો છોડાવી માતા-પિતા વંદનાને પરત અમદાવાદ લઈ આવ્યા હતા. ત્યારબાદ પણ સાહિલ અહેમદ વંદનાને કોલ કરીને પરેશાન કરતો હતો. તેણે વીડિયો કોલ કરી વંદનાને કપડાં ઉતરાવી તેનો વીડિયો ઉતારી વીડિયો વાયરલ કરવાનો ડર બતાવીને બ્લેકમેઈલ કરવા લાગ્યો હતો. વંદના તેને તાબે થતાં આરોપી સાહિલ અહેમદે ચછકોડ મોકલીને વારંવાર નાણાં પડાવ્યા હતા. વંદનાને વીડિયો કોલ કરીને હાથ પર બ્લેડ મારવાનું, સિગારેટ પીવાનું અને મિત્રો સાથે વાત કરવા મજબૂર કરતો હતો. આરોપીના આ કારસ્તાનથી વંદનાનો પરિવાર ગભરાયો હતો અને બોપલ પોલીસનો સંપર્ક કર્યો હતો. બોપલ પોલીસે આ મામલે ગુનો નોંધી ગણતરીના દિવસોમાં જ આરોપી સાહિલ અહેમદ સાતારકરની ધરપકડ કરી છે. તપાસમાં સામે આવ્યું છે કે, વંદના કોની સાથે સંપર્કમાં છે, કોની સાથે વાતો કરે છે જેવી બાબતો પર વોચ રાખતો હતો. તેના માટે આરોપીએ વંદનાના સોશિયલ મીડિયા એકાઉન્ટના યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી લીધા હતા.



### ઈન્સ્ટાગ્રામથી સાતીર સાહીલે યુવતીને ફસાવી'તી: સોશિયલ મીડીયાના એકસેસ કોઈને ન આપવા પોલીસની અપીલ



યુવતી જયારે ગોવા ટ્રેકીંગમાં ગઈ હતી ત્યારે પુનામાં ફ્રુટનો વેપાર કરતો સાહીલ અહેમદે તેને ઈન્સ્ટાગ્રામ મારફતે ફસાવી હતી અને બાદમાં ન્યુડ વિડીયોની ડિમાન્ડ કરી સીગારેટના ડામ આપી બ્લેડ મારી નાણા પડાવવા બ્લેકમેઈલ કરી હતી. જે મામલે પોલીસે જણાવ્યુ હતુ કે કોઈપણ વ્યકિતએ પોતાના સોશીયલ મીડીયા એકાઉન્ટનુ એકસેસ બીજા કોઈને આપવુ નહી તેમજ યુઝર આઈડી અથવા એકાઉન્ટ કોઈ ઉપયોગ કરે તો પોલીસને જાણ કરવી જોઈએ.

---

# રૈયાધારમાં નવરાત્રીની તૈયારી બાદ ઘૂઘરા ખાવા જવા બાબતે કાર્યકર પર હુમલો

### પ્રદીપભાઈ જેઠવા પાસે ઘૂઘરાના પૈસા માંગી નટુ પરમારે પથ્થરના છુટા ઘા કર્યા: ઈજાગ્રસ્તને સારવારમાં ખસેડાયા: ગુનો નોંધાયો

રાજકોટ. તા.૦૩

રૈયાધારમાં નવરાત્રીની તૈયારી બાદ ઘૂઘરા ખાવા જવા બાબતે કાર્યકર પર અન્ય કાર્યકરે પથ્થરના છુટા ઘા કરી હુમલો કરતાં તેમને ઈજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે યુનિવર્સિટી પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે રૈયાધારમાં આવેલ દશામાનાં મંદિર પાસે રહેતાં પ્રદીપભાઈ લાલજીભાઈ જેઠવા (ઉ.વ.૪૪) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે નટુ વિરજી પરમાર (રહે. રૈયાધાર, રાણીમાં રૂડીમાં ચોક) નું નામ આપી જણાવ્યું હતું કે, ગઈકાલે બપોરના અગિયારેક વાગ્યે તેઓ તેમજ તેમના સમાજના અન્ય જ્ઞાતિજનો તેમના વિસ્તારમાં દશામાના મંદિર પાસે નવરાત્રી કરવાની હોય જેથી ભરતી ભરતા હતા અને ભરતી ભરાઈ જતા તેઓએ ઘુઘરા ખાવાનું નક્કિ કરેલ અને તમામ લોકોએ ઘુઘરાના પૈસા કાઢેલ હતાં. ત્યારે તેઓની સાથેના નટુ પરમારએ કહેલ કે, મારી પાસે પૈસા નથી, તું મને ઘુઘરાના પૈસા દે જેથી તેઓએ ના પાડતાં નટુએ તેમની સાથે માથાકુટ કરી ગાળો દેવા લાગેલ અને છુટો પથ્થરનો ઘા મારી દિધેલ હતો.

દરમિયાન ફરિયાદીને લોહી નિકળવા લાગેલ અને આ આરોપીએ કહેલ કે, હવે મારા સાથે માથાકુટ કરી તો હું તને ગમે ત્યા પતાવી દઈશ કહીં જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યો હતો. બાદમાં તેઓને ઈજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

---

# ખોડીયારનગરમાંથી ગુમ થયેલ પાંચ વર્ષીય બાળકીને ગણતરીની કલાકોમાં પોલીસે શોધી કાઢી

### મૂળ મધ્યપ્રદેશના વતની શ્રમિક પરીવારની દિકરી ઘર પાસે રમતાં રમતાં અચાનક ગુમ થઈ ગઈ: માલવીયાનગર પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી બાળકીને શોધી પરીવાર સાથે સુખદ મિલન કરાવ્યું

રાજકોટ. તા.૦૩

મૂળ એમપીના વતની અને હાલ ખોડીયારનગર વિસ્તારમાં રહેતા શ્રમિક પરિવારની પાંચ વર્ષની બાળકી રમતા રમતા ગુમ થઇ ગઇ હતી.જે અંગે પરિવારે પોલીસને જાણ કરતા પોલીસે તાકીદે તપાસ હાથ ધરી બાળકીને ગણતરીની કલાકોમાં શોધી કાઢી પરિવાર સુખદ સાથે મીલન કરાવ્યું હતું.

૧૫૦ ફૂટ રિંગરોડ પર આવેલા ખોડીયારનગર શેરી નં.૧૭ માં રહેતા મૂળ એમ.પી.ના મુમદાવાદ જિલ્લાના મનસારા ગામના વતની શ્રમિક પરિવારની પાંચ વર્ષની દીકરી નિત્યા અહીં ઘર પાસે રમતા રમતા ગુમ થઇ ગઇ હતી.જેની જાણ થતા પરિવારે પ્રથમ આસપાસ શોધખોળ કરી હતી.પરંતુ બાળકીનો કોઇ પતો ન લાગતા માલવીયાનગર પોલીસને જાણ કરી હતી. બનાવની ગંભીરતાને ધ્યાને લઇ પીઆઇ જે.આર.દેસાઇની રાહબરી હેઠળ પીએસઆઇ એસ.એ.સિન્ધી તથા ટીમ તથા શી ટીમે તપાસ હાથ ધરી હતી.અલગ અલગ ટીમો બનાવી સીસીટીવી ફૂટેજ ચકાસી ગુમ થયેલી બાળકીને ગણતરીની કલાકોમાં શોધી કાઢી તેના પરિવાર સાથે મીલન કરવતા પરિવારે પોલીસ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી.



---

## રાજકોટમાં ડ્રગ્સ માફિયા વધવા લાગ્યાં: અવિરત દરોડા

# નવી કોર્ટ પાસેથી ૧૯ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે બજરંગવાડીનો જલાલમિયાં ઝડપાયો

### એસઓજીની ટીમ પણ રાજકોટને ઉડતા પંજાબ બનતાં અટકાવવા મેદાને, અવિરત ડ્રગ્સ માફિયા પર ઘોંસ: પેડલર પાસેથી રૂ.૨.૫૦ લાખનો મુદામાલ કબ્જે કરી સઘન પૂછતાછ હાથ ધરી: પીઆઈ એસ.એમ.જાડેજા અને ટીમની મોટી કાર્યવાહી

રાજકોટ. તા.૦૩

રાજકોટ શહેરમાં ડ્રગ્સ માફિયાનો એકદમ વધારો થયો છે અને રાજકોટને ઉડતા પંજાબ બનાવી ખાસ યુવાનોને ડ્રગ્સની લત લગાડી દેવાના ઈરાદાથી મેદાને ઉતર્યા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે શહેર એસઓજીની ટીમ પણ કોઈપણ ભોગે નો ડ્રગડ ઇન રાજકોટના સૂત્ર સાથે આગળ વધી પેડલર પર ઘોંસ બોલાવી રહી છે અને ગઈ મોડી રાતે નવી કોર્ટ પાસેથી ૧૯ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે બજરંગવાડીનો જલાલમિયાંને ઝડપી કુલ રૂ.૨.૫૦ લાખનો મુદામાલ કબ્જે કરી મોટી કાર્યવાહી કરી હતી.

દરોડાની વિગત મુજબ, શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ અને એસીપી ક્રાઇમ ભરત બસિયાએ શહેરમાંથી ડ્રગ્સની બદી દૂર કરવાની આપેલ સૂચનાથી એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરીમાં પીએસઆઇ એમ.બી.માજીરાણા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ ફીરોજ રાઠોડ અને ઇન્દ્રસિંહ જાડેજાને અગાઉ એનડીપીએસના કેસમાં પકડાયેલ જલાલ કાદરી નામનો શખ્સ એકટીવા નં જીજે.૦૩.એનસી.૯૬૪૮ લઇ જામનગર રોડ ઉપર નવી કોર્ટ બિલ્ડીંગ પાસેથી નિકળવાનો છે અને તેના કબ્જામાં માદક પદાર્થનો જથ્થો છે તેવી ચોકકસ બાતમી મળતાં સ્ટાફ નવી કોર્ટ તરફ વણાંક લઇ નવી કોર્ટ બિલ્ડીંગની સામેના ભાગે કાચા રસ્તા ઉપર ઉગતા પોરના મેલડીમાં ના મંદીરની સામે દોડી જઇ પીઆઈ એસ.એમ.જાડેજા સહિતનો સ્ટાફ વોચમાં હતો ત્યારે ત્યાંથી પસાર થતી એક એક્ટિવાને અટકાવી ચાલકને તેનું નામ પૂછતાં જલાલમિયાં તાલપમિયા કાદરી (ઉ.વ.૫૧) હોવાનું જણાવ્યું હતું.

બાદમાં એસઓજીના સ્ટાફે આરોપીની તપાસ કરતાં તેને પહેરેલ ટ્રેક પેન્ટના ખિસ્સામાંથી એક પ્લાસ્ટિકની કોથળીમાંથી મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું. જેનો વજન કરતાં ૧૯.૫૨ ગ્રામ રૂ.૧.૯૫ લાખનો મુદામાલ કબ્જે કરી આરોપીની ધરપકડ કરી એમડી ડ્રગ્સ બાઈક અને મોબાઈલ મળી કુલ રૂ.૨.૫૦ લાખનો મુદામાલ જપ્ત કરી આરોપી ડ્રગ્સનો જથ્થો ક્યાંથી લાવ્યો અને ક્યાં સપ્લાય કરવા જવાનો હતો તે અંગે વિશેષ પૂછતાછ એસઓજીની ટીમે હાથ ધરી હતી.



---

# ચાઈલ્ડ પોર્નોગ્રાફીના વિડીયો વાયરલ કરનાર ભગવતીપરાના શખ્સ સામે ગુનો નોંધાયો

રાજકોટ. તા.૦૩

ભવગતીપરા વિસ્તારમાં રહેતા શખ્સે ચાઇલ્ડ પોર્નોગ્રાફીના બે વીડિયો ડાઉનલોડ કરી તેને ફરતા કર્યા હતા. સાયબર ક્રાઈમની ટીમે મોબાઇલ કબજે કરી આરોપીની ધરપકડ કરી હતી. સાયબર ક્રાઈમ ગાંધીનગરે સાયબર ટીપ લાઈન રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસને મોકલી હતી અને તેમાં જાણ કરવામાં આવી હતી કે, ચોક્કસ મોબાઇલ નંબરવાળા મોબાઇલમાંથી પ્રતિબંધિત ચાઇલ્ડ પોર્નોગ્રાફીના બે વીડિયો ફરતા કરવામાં આવ્યા છે.રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.એ.ઝનકાંત સહિતની ટીમે તે મોબાઇલ નંબરનો ઉપયોગ કરનાર શખ્સની શોધખોળ કરતા તે શખ્સ ભગવતીપરાના સુખસાગરનગરમાં રહેતો સોહિલ ફતાય શેખ (ઉ.વ.૨૦) હોવાનું સ્પષ્ટ થતાં પોલીસે સોહિલને પોલીસ મથકે બોલાવ્યો હતો. પોલીસની પૂછપરછમાં શરૂઆતમાં તો સોહિલે પોતાના મોબાઇલમાં ચાઇલ્ડ પોર્નોગ્રાફીના વીડિયોહોવા અંગે ઈનકાર કર્યો હતો, પરંતુ પોલીસે મોબાઇલમાં તપાસ કરતાં બે વીડિયો જોવા મળ્યા હતા. જેમાં એક વીડિયોમાં નાના બાળક સાથે મહિલા સાથે ચેનચાળા કરતી હોય તેવા દશ્યો હતા તેમજ બીજા વીડિયોમાં એક બાળકી સેક્સ ટોય સાથે અશ્લીલ હરકતો કરતા દશ્યો જોવા મળ્યા હતા. સોહિલ ફતાયના મોબાઇલમાંથી બે વીડિયો મળતાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ દીપક પંડિતે ગુનો નોંધ્યો હતો. પીઆઈ ઝનકાંતે સોહિલની ધરપકડ કરી હતી.

---

# મહિલાને માધ્યમ બનાવી ગોપાલ ઝાપડા પાસેથી રૂ.૮ લાખ પડાવી લીધા : ભાવિન રાણવા સામે ગુનો દાખલ

રાજકોટ, તા.૩

શાપરમાં રહેતી એક ૩૭ વર્ષીય મહિલાએ અરજી કરતા પોલીસે તપાસ હાથ ધરી હતી અને મહિલાને માધ્યમ બનાવી ગોપાલ ઝાપડા પાસેથી રૂ.૮ લાખ પડાવી લીધાના આક્ષેપ સાથે ભાવિન રાણવા સામે ગુનો દાખલ કર્યો હતો.

### શાપરમાં રહેતી મહિલાએ અરજી કરતા પોલીસે તપાસ હાથ ધરેલી અને ફરિયાદ નોંધી

આ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, મૂળ જામકંડોરણા પંથકની અને હાલ શાપરમાં એક કારખાનાની ઓરડીમાં રહેતી મહિલાએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, અગાઉ તેને શાપરમાં એક પ્લોટ બાબતે વિવાદ ચાલતો હતો. જેમાં વિવાદથી કંટાળી ત્રણેક માસ પહેલાં ફિનાઈલ પી લીધું હતું. જેથી તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. તે વખતે હાલનો આરોપી ભાવિન રાણવા ત્યાં આવ્યો હતો અને પોતાની ઓળખ સમાજના આગેવાન તરીકે આપી હતી અને તમારા પ્લોટના વિવાદનું સરખું કરી આપીશ તેવી વાત કરી હતી. આમ ઓળખ થયા પછી એક મહિના પહેલા મહિલાને આરોપીએ શાપરના પાટિયે બોલાવી હતી. આરોપીએ ત્યાં મહિલાને કહ્યું કે, સડક પીપળીયાના ગોપાલ ઝાપડા પાસે ઘણા રૂપિયા છે, તેને ફસાવીને રૂપિયા પડાવી લઈએ. મહિલાએ આવું ખોટું કામ કરવાની ના પાડી જેથી આરોપીએ પરંતુ મહિલાના સંતાનોને પતાવી દેવાની ધમકી આપી હતી. ડરી ગયેલી મહિલાએ આરોપીના કહેવા મુજબ કર્યું હતું. ત્યારે આરોપીએ જણાવેલ કે, ગોપાલ પાસે ઘણી ઓરડીઓ છે. જેથી ઓરડી તારે ભાડે રાખવા જવાની છે. ત્યારબાદ હું બધું સંભાળી લઈશ.

ડરેલી મહિલાએ આરોપીના કહેવા મુજબ ગોપાલ પાસે જઈ ઓરડી ભાડે રાખવાની વાત કરી હતી. તે પછી પરત શાપર આવતા આરોપીએ તેને ગોપાલએ છેડતી કરી છે તેવી અરજી લખાવી હતી. આ અરજી લઈ મહિલાને પોલીસ મથકમાં મોકલી હતી. અરજી થયા પછી આરોપીએ ગોપાલને સમાધાન કરાવી દેશે તેમ કહીં રૂ.૮ લાખ પડાવી સમાધાન કરી લીધું હતું. મહિલાએ પોલીસમાં સમાધાન અંગે નિવેદનનું કહેતા નિવેદન આપ્યુ હતું. આરોપીએ તેને આ વાત કોઈને કરી છે તો તને અને તારા છોકરાઓને પતાવી દઈશ તેવી ધમકી આપી હતી. જોકે મહિલાએ પોતાના પરિવારમાં આ વાત કરતા ફરિયાદ કરવાનું નક્કી કર્યું હતું. મહિલાની ફરિયાદ પરથી ગુનો નોંધી શાપર પોલીસે તપાસ હાથ ધરી છે.

---

# નવરાત્રી પર્વે રાજકોટ રેન્જના ૫ જિલ્લાઓમાં ૭૫૦૦થી વધુ પોલીસ જવાનો અને હોમગાર્ડનો ચુસ્ત બંદોબસ્ત

### રેન્જ આઈજી અશોકકુમાર યાદવે સુરેન્દ્રનગર, દ્વારકા, જામનગર, રાજકોટ ગ્રામ્ય અને મોરબીના એસપી સાથે બેઠક કરી પોલીસ બંદોબસ્તને આખરીઓપ આપ્યો



રાજકોટ, તા.૩

ગુજરાતમાં નવરાત્રીમાં ગરબા રમવાનો અનેરું મહત્વ છે. લોકો આખું વર્ષ નવરાત્રી રાહ જોતા હોય છે. નવરાત્રીમાં પોલીસ તંત્રએ સુરક્ષાને આપ્યો આખરી ઓપ આપ્યો છે. રાજકોટ રેન્જ આઈ.જી. અશોકકુમાર રેન્જમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત હોવાનું જણાવ્યું છે. રેન્જમાં આવતા સુરેન્દ્રનગર, દ્વારાકા, જામનગર, રાજકોટ ગ્રામ્ય અને મોરબી સહિતના જિલ્લાના પોલીસ વડાઓ સાથે પોલીસ બંદોબસ્ત આખરી ઓપ આપ્યો છે. નવરાત્રી આયોજકો અને સ્વયસંવકો સાથે બેઠકો કરી લેવામાં આવી છે. ૫ જિલ્લાઓમાં ૭૫૦૦થી વધુ પોલીસ જવાનો અને હોમગાર્ડનું બંદોબસ્ત મુકવામાં આવ્યો છે.

### ફૂટ પેટ્રોલિંગ, કોમ્બિંગ નાઈટો અને મોન્ટેડ યુનિટ સ્ટેન્ડ બાય : કન્ટ્રોલ રૂમમાં પણ ૩ શિફ્ટમાં પીએસઆઇ લેવલના અધિકારીઓ કામગીરી કરશે

મહિલાઓની સુરક્ષા માટે સિવિલ ડ્રેસમાં પોલીસ તૈનાત કરવામાં આવી છે. ૫૦ શી ટીમો પણ ગરબામાં સુરક્ષા કરશે. ગરબાના અયોજકને પણ સૂચના છે. નિયમોનું પાલન કરવું જરૂરી છે. પોલીસ ફૂટ પેટ્રોલિંગ, કોમ્બિંગ નાઈટો અને મોન્ટેડ યુનિટ છે તે પણ કાર્યરત રહશે. લોકોને ટ્રાફિકમાં મુશ્કેલીઓના પડે તેના માટે અલયાદી વ્યવસ્થા કરવામાં આવી છે. રેન્જ આઈજીએ જણાવ્યું કે, કોઈપણ વ્યક્તિને મુશ્કેલીઓ પડે તો તરત ૧૦૦ નંબર પણ કોલ કરે. કન્ટ્રોલ રૂમમાં પણ ૩ શિફ્ટમાં પીએસઆઇ લેવલના અધિકારીઓ કામગીરી કરશે. લોકો પણ નિયમોનું પાલન કરે શાંતિપૂર્ણ તહેવારોની મજા માણે તે પણ જરૂરી છે તેમ રેન્જ આઈજી અશોકકુમાર યાદવે જણાવ્યું હતું.

# ૯૦૦૦૦થી વધુ કરદાતાઓને આંચકોઃ ૧૧ વર્ષ જુના રિટર્ન રિ-ઓપન કરવાની આઇટીને સત્તાઃ સુપ્રિમ

## આવક વિભાગે અગાઉ ૬ વર્ષ જુના આવકવેરા કેસ રિ-ઓપન કરવા અંગેની જોગવાઈમાં કરેલા સુધારાને માન્ય રાખવામાં આવ્યા

નવી દિલ્હી, તા.૩

દેશના ૯૦ હજારથી વધુ કરદાતાઓ માટે આંચકાજનક એક ચુકાદામાં સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે ૧ એપ્રિલ ૨૦૨૧થી આવકવેરા કાનુનમાં જે નવી જોગવાઇઓ કરવામાં આવી છે તે જે તે તારીખથી લાગુ થઇ ગઇ છે અને જુના અને નવા તમામ કેસમાં આ જોગવાઇ અમલમાં આવશે. ગુજરાત સહિતના રાજ્યમાંથી થયેલી ઇપીલમાં સુપ્રિમ કોર્ટે વિવિધ આવકવેરા ટ્રીબ્યુનલ અને હાઇકોર્ટ સહિતના આદેશ સામે થયેલી રીટ અરજીઓ નકારી હતી. દેશમાં કોરોના કાળ દરમિયાન સરકારે આવકવેરા કેસ પુનઃ ખોલવા અંગે કામચલાઉ રીતે કેટલીક જોગવાઇઓને આગળ વધારી હતી જેના કારણે નવા અને જુના આવકવેરા કાનુન એક બીજા વિરુધ્ધ જોગવાઇ ધરાવતા હોય તેવું બની ગયું હતું અને ૯૦ હજારથી વધુ કેસના રી-એસેસમેન્ટ આવતા ૧૦ હજારથી વધુ કરદાતાઓએ અલગ-અલગ ટેક્સ ઓથોરીટી અને હાઇકોર્ટમાં અપીલ કરી હતી. જે તમામ એક સાથે જોડીને સર્વોચ્ચ અદાલતે આ ચુકાદો આપ્યો હતો અને તેમાં જણાવ્યું હતું કે કોરોના કાળ સમયે જે જોગવાઇઓ કામ ચલાઉ કરવામાં આવી હતી તે પછી ૧ એપ્રિલ ૨૦૨૧થી જે આવકવેરા સુધારા થયા તે જુના અને નવા તમામ રીટર્નમાં લાગુ પડે છે. નવા રીએસેસમેન્ટ ફ્રેમવર્ક મુજબ આવકવેરા વિભાગ રૂા.૫૦ લાખ કે તેથી વધુના આવકવેરા ચોરીના કેસમાં ૧૧ વર્ષ સુધીના રીટર્ન રી-એસેસમેન્ટ કરી શકાય છે. જ્યારે ૫૦ લાખથી ઓછી રકમમાં આવકવેરા જુદા-જુદા કેસમાં ચાર વર્ષ સુધીના રીટર્નને રી-એસેસમેન્ટ કરી શકે છે. અગાઉ રૂા.૧ લાખ કે તેથી વધુની કરચોરીના કેસમાં ૬ વર્ષ સુધીના પાછલા વર્ષના આવકવેરા રિટર્ન રી-એસેસમેન્ટ કરાવી હતી. જુના અને નવા પ્રોવીઝનમાં આ રીતે એક બીજાથી વિપરીત જોગવાઇ હતી પરંતુ તે ફક્ત કોવીડકાળને ધ્યાનમાં રાખી કરવામાં આવી હતી અને નવા સુધારા મુજબ ૯૦ હજારથી વધુ કરદાતાઓને નોટીસ ફટકારવામાં આવી હતી પરંતુ તેમાં કાનૂની જોગવાઇમાં સુધારા ૧ એપ્રિલ-૨૦૨૧ બાદના આવકવેરા રીટર્નમાં લાગુ થઇ શકે તેવી રજૂઆત કરી હતી અને અગાઉના વર્ષના રીટર્ન રી-એસેસમેન્ટ કરવા અંગે કોઇ કાનૂની સુધારાના બદલે આવકવેરા વિભાગે એક રીક્વીટીવ પોતાના આદેશથી જે અમલ કર્યો છે તેને પડકાર્યો હતો. પરંતુ સુપ્રિમ કોર્ટે ૩૧ માર્ચ-૨૦૨૧ બાદ ઇસ્યુ થયેલી તમામ નોટીસો માન્ય રાખી હતી અને જણાવ્યું હતું કે આવકવેરા વિભાગને આ પ્રકારની સત્તા છે.

# દિલ્હીના નર્સિંગ હોમમાં મધરાતે ગોળી મારી તબીબની હત્યા

### સનસનીખેજ વારદાતઃ ફિલ્મી દ્રશ્યોઃ ડ્રેસીંગના બહાને ઘુસેલા બે વ્યકિતએ પોઈન્ટ બ્લેન્ક રેન્જથી તબીબનાં માથામાં ગોળી ધરબી

નવી દિલ્હી તા.૩

દિલ્હીમાં તબીબ પર જીવલેણ હુમલાની એક ઘટનામાં મધરાતે ઈમરજન્સી ડયુટી પર રહેલા એક ખાનગી નર્સીંગ હોમના તબીબની બે હુમલાખોરોએ પોઈન્ટ બ્લેક રેંજથી માથામાં ગોળી મારીને હત્યા કરી નાસી છુટયા હતા,પોલીસ માને છે કે કોઈ અંગત દુશ્મનાવટમાં આ હત્યા થઈ છે.



પાટનગરનાં કાલીની કુંજ ક્ષેત્રમાં આવેલા નીમા નર્સીંગ હોમમાં રાત્રીના ૧ વાગ્યે પગમાં ઈજાની સારવારનાં બહાને ઘુસેલા બે વ્યકિતઓએ તબીબની કેબીનમાં પહોંચીને અહી જાવેદ અખ્તર નામનાં તબીબ હજુ કોઈ વાતચીત કરે તે પૂર્વે જ હુમલાખોરમાંથી એક એ તેના માથામા ગોળીઓ મારી હત્યા કરી હતી અને બન્ને નાસી છુટયા હતા.

ગોળીબારનો અવાજ સાંભળી હોસ્પીટલના બે નર્સ ત્યાં દોડી આવી હતી. તેઓએ તબીબને લોહીથી લથબથ જોતા તેઓએ પોલીસને જાણ કરીને તપાસમાં તબીબનું મોત થયુ હોવાનું જાહેર થયુ હતું. પોલીસે સીસીટીવી ફૂટેજ પરથી બન્ને હુમલાખોરોની તપાસ શરૂ કરી છે.હોસ્પીટલ સ્ટાફના જણાવ્યા મુજબ આ બન્ને અગાઉ ગઈરાત્રીનાં પણ પગની ઈજાના ડ્રેસીંગ માટે આવ્યા હતા અને સારવાર પછી ચાલ્યા ગયા હતા. ૧૬-૧૭ વર્ષનાં બન્ને હત્યારા સ્થાનિક જ હોવાનું માનવામાં આવે છે. ત્રણ બેડના આ નર્સીંગ હોમમાં હત્ય કરાયેલા તબીબ નાઈટ ડયુટી પર હતા.

# રેશનીંગ વેપારી સંગઠ્ઠનની સરકાર સાથેની બેઠક પડી ભાંગી

### રાજયનાં પુરવઠા વિભાગે વેપારીઓનાં મુખ્ય પ્રશ્નને જ અવગણ્યો! હડતાલ હવે યથાવત રાખવાનો નિર્ણયઃ તહેવારો ઉપર જ લાખો લાભાર્થીઓ હેરાન-પરેશાન

રાજકોટ તા.૩

મિનીમમ રૂા.૨૦ હજાર કમિશન માટે રાજયના પુરવઠા વિભાગે રાખેલી ૯૭ ટકા વિતરણની ફરજીયાત શરત સહિતના પ્રશ્નો છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલી રાજયભરનાં ૧૭ હજાર જેટલા રેશનીંગ વેપારીઓની હડતાલ આજે સતત ત્રીજા દિવસે પણ યથાવત રહી હતી.

આજરોજ વેપારી સંગઠન અને રાજયનાં પુરવઠા નિયામક વચ્ચે ગાંધીનગર ખાતે યોજાયેલા સમાધાન બેઠક પણ પડી ભાંગી હતી. વેપારી સંગઠનનાં હોદ્દેદારોનાં જણાવ્યા મુજબ પુરવઠા નિયામકે વેપારીઓનો મુખ્ય પ્રશ્ન જ સાંભળ્યો ન હતો. આથી, આ બેઠક કોઈ નિષ્કર્ષ વિના જ સમેટાઈ ગઈ હતી અને વેપારીઓએ ત્રણ દિવસથી ચાલતી હડતાલ પણ યથાવત રાખવાની જાહેરાત કરી હતી.

દરમ્યાન વેપારી સંગઠનનાં મહામંત્રી હિતુભા જાડેજાના જણાવ્યા મુજબ વેપારીઓનાં મુખ્ય પ્રશ્ન બાબતે જ સરકારી તંત્ર સાથે મડાગાંઠ સર્જાતા હાલ હડતાલ યથાવત રાખવાનો નિર્ણય લેવાયો છે.

આ તકે વેપારી સંગઠને મુખ્યમંત્રી અને પુરવઠા નિયામકને ખાસ આવેદન પાઠવી રજૂઆત કરતા જણાવેલ હતું કે હાલમાં ભારત સરકારની જાહેર વિતરણ વ્યવસ્થા તળે ગુજરાતમાં સાડા ત્રણ કરોડની જનતાને ઘઉં, ચોખા, બાજરી, ચણા, મીઠુ વિગેરે દર માસે સુદ્રઢ રીતે રેશન ડીલરોના દ્વારા વિતરણ કરાવવામાં આવે છે. આ કામગીરી કરતા રેશન ડીલરોને માસિક ધોરણે વિતરણ થયેલ અનાજ/કઠોળના કિવન્ટલ મુજબ સરકારે નકકી કરેલ દરે કમિશન આપવામાં આવે છે અને મિનિમમ કમિશન રૂા.૨૦ હજાર જે ડીલરોને માલ વિતરણ સામે ન મળતું હોય તેવા ડીલરોને રાજય સરકાર દ્વારા ખુટતી રકમ કમિશન રૂપે આપવા માટેનું નકકી થયેલ છે અને તે પ્રમાણે આપવામાં આવે છે. પરંતુ કેટલાક ડિલરોને ટેકનિકલ કારણોસર કમિશન ઓછું મળવાના પણ પ્રકારો બને છે.

રેશન ડીલરોના ગુજરાત રાજયના બંને એસોસીએશનના સામુહિક પ્રયત્નોથી મીનીમમ કમિશન રૂા.૨૦ હજાર નકકી કરાવવામાં આવેલ અને તેનો પરિપત્ર કરી અમલવારી કરવા માટેની માંગણી સાથે આંદોલન કરવામાં આવેલ અને તે બાબતે રાજય સરકાર સાથે બેઠક થયેલ અને તે બેઠકમાં જે રેશન ડીલરોને માસિક ધોરણે રૂા.૨૦ હજારથી ઓછુ કમીશન થશે તેવા ડીલરોને રાજય સરકાર ખૂટતી રકમ ઉમેરીને રૂા.૨૦ હજાર લેખે મિનિમમ કમિશન આપશે તેવું નકકી થતા રાજય સરકાર પર વિશ્વાસ રાખી આંદોલન સ્થગિત રાખવામાં આવેલું અને સરકારના પુરવઠા વિભાગ તરફથી તા.૨/૯/૨૦૨૩નો પરિપત્ર કરવામાં આવ્યો. ત્યારે તેમાં શરત નંબર ૨ મૂકવામાં આવી કે જે રેશન ડીલરોના ૩૦૦ રેશનકાર્ડથી ઓછા હશે તેવા ડીલરોને જ રૂપિયા ૨૦૦૦૦ કમિશન મળશે જેથી ૩૦૦થી વધુ કાર્ડ હોય પરંતુ તેમની કમિશનની આવક રૂા.૨૦ હજારથી ઓછી હોવાનું ડીલરોની રજૂઆતથી જણાઈ આવતા એસોસીએશન દ્વારા સરકારને આ બાબતે વાકેફ કરી સુધારો કરવા સતત રજૂઆત કરવામાં આવી પરંતુ સરકારે આ રજૂઆતને ગ્રાહ્ય ન રાખતા પુનઃ લડત/આંદોલન શરૂ કરવામાં આવ્યું અને સરકારે આ બાબતને સ્વીકારવી પડી અને તા.૯/૨/૨૦૨૪ના પરિપત્રથી સુધારો કરી ૩૦૦ કાર્ડની શરત નંબર ૨ દૂર કરવામાં આવવી અને વધુ નવી શરતો ઉમેરવામાં આવી તે પૈકી શરત નં.૭થી જે રેશન ડીલરોને ત્યાં બાયોમેટ્રિકથી વિતરણની ટકાવારી ૯૭ ટકા થાય તો જ રૂા.૨૦,૦૦૦ મિનિમમ દર માસે પ્રાપ્ત કરી શકતા નથી અને આર્થિક કુપોષિતતા દુર ન થઈ શકે

રાજય સરકારનો આમ કરવા પાછળનો મૂળભૂત હેતુ સમજાયો નથી. રેશન ડીલરોને આવી કારમી મોઘવારીમાં આર્થિક કુપોષિતતામાંથી ઉગારવા માટેનો મૂળભૂત હેતુ બર આવ્યો નહીં આ બાબતે રાજય સરકારને વારંવાર રજૂઆતો લેખીત અને મૌખિક કરાઈ છે અને તેને પણ એક વર્ષ જેટલો સમય વિતવા છતાં આ બાબતે યોગ્ય ઉકેલ આજ દિન સુધી આવી શકેલ નથી. આજની કારમી મોંઘવારીમાં રેશન ડીલરો આર્થીક કુપોષિતતાની કપરી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે અને વિતરણ સંબંધિત તમામ કામગીરીનું પોતાનું દાયિત્વ અદા કરી રહ્યા છે ત્યારે ૯/૨/૨૪ના પરિપત્રમાંથી શરત નંબર ૭ ડીલીટ કરી પરિપત્ર અપડેટ કરવામાં આવે.

# ગોવિંદાને ગોળી વાગવાની ઘટના રહસ્યમય : અન્ય એક શખ્સ પણ હાજર હતો

### પોલીસ વધુ ઉંડાણપૂર્વક તપાસ કરશે

મુંબઈ.તા.૩

બોલિવૂડ એક્ટર ગોવિંદા મંગળવારે સવારે આકસ્મિકરૂપે ગોળીથી ઘાયલ થયાં હતાં. ગોવિંદાએ એક નિવેદન જારી કરીને તેનાં ચાહકોને જણાવ્યું કે ડોક્ટરોએ ગોળી કાઢી નાખી છે અને તે તેનાં ચાહકોના પ્રેમ અને ભગવાનના આશીર્વાદથી ઠીક છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અભિનેતાને મળવા હોસ્પિટલ પહોંચી હતી. આ દરમિયાન ટીમે ગોવિંદા પાસેથી ઘટના અંગે માહિતી લીધી હતી. અહેવાલ છે કે પોલીસ ગોવિંદાના નિવેદનથી સંતુષ્ટ નથી અને પોલીસ ફરીથી ગોવિંદાનું નિવેદન લઈ શકે છે.



રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પોલીસને શરૂઆતમાં કોઈ ગડબડ હોવાના પુરાવા મળ્યાં નથી. તેઓ ગોવિંદાના નિવેદનથી અસંમત છે અને ટૂંક સમયમાં ફરીથી તેમનું નિવેદન નોંધી શકે છે. રિપોર્ટમાં એ પણ ખુલાસો થયો છે કે ગોવિંદાની દીકરી ટીના આહુજાની પણ પોલીસે પૂછપરછ કરી છે. તેમનું નિવેદન પણ નોંધવામાં આવ્યું છે. વધુ તપાસ હજુ ચાલુ છે.

ગોવિંદા વિરૂદ્ધ એવાં કોઈ પુરાવા મળ્યાં નથી જેનાં પછી તેને ખોટો કે જૂઠો જાહેર કરી શકાય. પોલીસ અધિકારીનું કહેવું છે કે જ્યારે રિવોલ્વર ૦.૩૨ બોરની હતી તો તેમાંથી નીકળેલી ગોળી ૯ એમએમની કેવી રીતે હોઈ શકે. કારણ કે આ રિવોલ્વરમાં ૯ એમએમની ગોળીઓ ફિટ જ થઈ શકતી નથી. હવે પોલીસ અકસ્માત કે ઘટનાના એંગલથી તપાસ કરીને કેસની તપાસ કરશે. આટલું જ નહીં, પોલીસને એવી પણ શંકા છે કે જ્યારે ગોવિંદાને ગોળી મારવામાં આવી ત્યારે અભિનેતા સાથે અન્ય કોઈ વ્યક્તિ પણ હાજર હતી. ક્રાઈમ બ્રાન્ચનાં એક અધિકારીએ જણાવ્યું કે હવે તેઓ આ બીજા વ્યક્તિને શોધી રહ્યાં છે અને કારણ કે ગોવિંદા પોતે શિંદે સરકારનો નેતા છે. એટલાં માટે તે ઘણાં પ્રશ્નોના જવાબ આપવામાં અચકાતા હતાં.

# જાપાનનાં એરપોર્ટ પર ૧૯૪૩માં અમેરિકાએ ફેંકેલો બોમ્બ હવે બ્લાસ્ટ થતાં ૮૭ ફલાઈટ્સ રદ

### મિયાઝાકી એરપોર્ટના રનવે પર અમેરિકાનો જુનો બોમ્બ બ્લાસ્ટ થતાં ૭ મીટર પહોળો અને એક મીટર ઊંડો ખાડો થયો : કોઈ જાનહાનિ નહિ

મીયાકાઝી.તા.૩




દક્ષિણ-પશ્ચિમ જાપાનનાં એક સ્થાનિક એરપોર્ટને બુધવારે અચાનક બંધ કરવું પડ્યું હતું અને બંધ થવાનું કારણ પણ અલગ હતું. વાસ્તવમાં, રનવેની નજીક એક વિસ્ફોટ થયો હતો જેનાં કારણે ત્યાં અરાજકતા સર્જાઈ હતી. બાદમાં જાણવા મળ્યું કે તે એક ૫૦૦ પાઉન્ડનો બોમ્બ હતો જેનો ઉપયોગ અમેરિકાએ બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન કર્યો હતો.

આ બ્લાસ્ટ બાદ એરપોર્ટ બંધ કરવું પડ્યું હતું અને ૮૦ થી વધુ ફ્લાઈટ્સ કેન્સલ કરવી પડી હતી. જાપાનનાં પરિવહન મંત્રાલયનાં અધિકારીનાં જણાવ્યાં અનુસાર, વિસ્ફોટના કારણે રનવેની બાજુમાં ટેક્સીવેની મધ્યમાં સાત મીટર પહોળો અને એક મીટર ઊંડો ખાડો પડતાં મિયાઝાકી એરપોર્ટે બંધ કર્યુ હતું.

અધિકારીએ કહ્યું કે જાપાન ગ્રાઉન્ડ સેલ્ફ-ડિફેન્સ ફોર્સની બોમ્બ ડિસ્પોઝલ ટીમે પાછળથી શોધી કાઢ્યું કે વિસ્ફોટનું કારણ એક અમેરિકન બોમ્બ હતો, જે જમીનની સપાટી નીચે દટાયેલો હતો. વર્લ્ડ વોર ૨ માં જ્યારે અમેરિકાએ અહીં હવાઈ હુમલા કર્યા હતા તે બોમ્બ બ્લાસ્ટ થયાં વિના પડયો રહ્યો હતો જે હવે બ્લાસ્ટ થયો હતો. .

આ ઘટનામાં ઈજાના કોઈ અહેવાલો નથી, પરંતુ લાઈવ કેમેરા ફૂટેજમાં વિસ્ફોટની માત્ર બે મિનિટ પહેલાં નજીકમાં એક વિમાન ઉતરતું દર્શાવવામાં આવ્યું હતું. જાપાનનાં ટોચનાં સરકારના પ્રવક્તા યોશિમાસા હયાશીએ જણાવ્યું હતું કે રનવે બંધ થવાને કારણે ૮૭ ફ્લાઈટ્સને રદ કરવી પડી હતી, પરંતુ વધુ વિસ્ફોટનો કોઈ ભય નથી. ખાડો પુરવાની કામગીરી આજે સવાર સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.ક્યુશુ ટાપુના દક્ષિણ-પૂર્વીય છેડે આવેલું, મિયાઝાકી એરપોર્ટ અગાઉ બીજા વિશ્વ યુદ્ધનાં અંત સુધી જાપાની નૌકાદળનું મથક હતું. અહીંથી સેંકડો યુવાન ''કામિકાઝ'' પાઇલોટ્સ તેમનાં છેલ્લાં મિશન પર રવાનાં થયાં હતાં. પરિવહન મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું કે, મિયાઝાકી એરપોર્ટ પર પહેલાથી જ ઘણાં વિસ્ફોટ વગરનાં બોમ્બ મળી આવ્યાં હતાં .

અમેરિકા અને જાપાન વચ્ચેનાં યુદ્ધને ૭૯ વર્ષ થઈ ગયાં છે, પરંતુ આટલાં વર્ષો વીતી જવા છતાં પણ જાપાનમાં ઘણી જગ્યાએ બોમ્બ જોવા મળે છે. જાપાની સુરક્ષા દળોનાં જણાવ્યાં અનુસાર વર્ષ ૨૦૨૩ દરમિયાન વિશ્વ યુદ્ધ ૨ મા ફેંકેલા ૩૭.૫ ટન વજનનાં કુલ ૨૩૪૮ બોમ્બને નિષ્ક્રિય કરવામાં આવ્યાં હતાં.

# હિમાચલમાં પોતાની ઓળખ છુપાવીને ફાસ્ટ ફૂડ વેચતાં આલીમની દુકાન બંધ

### લોકોએ આરોપ લગાવ્યો હતો કે તે તપેલીમાં થૂંકીને ફાસ્ટ ફૂડ વેચતો હતો

હિમાચલ.તા.૩

મૈહતપુર નગરમાં વેપારી મંડળે પોતાની ઓળખ છુપાવીને ફાસ્ટ ફૂડનું વેચાણ કરતાં વ્યક્તિની દુકાન બંધ કરાવી છે. નગરજનોએ આરોપ લગાવ્યો હતો કે આરોપી ગ્રાહકોને ફાસ્ટ ફૂડ પીરસતાં પહેલા તપેલીમાં થૂંકતો હતો. ઘણાં નગરજનોએ આ અંગે વેપાર બોર્ડને ફરિયાદ કરી હતી. મૈહતપુર વેપારી મંડળે રવિવારે તાકીદની બેઠક બોલાવી અને આરોપી મોહમ્મદ અલીમને તેની દુકાન બંધ કરીને ચાલ્યાં જવા જણાવ્યું હતું. આ પછી આરોપી દુકાન બંધ કરી સામાન પેક કરીને ચાલ્યો ગયો હતો.




નગરવાસીઓ ચોંકી ઉઠ્યાં છે કે એક વ્યક્તિએ તેમની ઓળખ બદલી નાખી અને તેમને થૂંક ભેળવીને ખાવાની વસ્તુઓ ખવડાવી હતી. થોડાં દિવસો પહેલાં મૈહતપુર નગરનાં રેલ્વે માર્ગ પર એસકે ફાસ્ટ ફૂડના નામથી એક વ્યક્તિએ ફાસ્ટ ફૂડ કોર્નર ખોલ્યું હતું. ભાડે દુકાન લીધી હતી અને પોતાનું નામ અને ઓળખ છુપાવી હતી.

જ્યારે એક ગ્રાહકે તેને ઓનલાઈન સર્ચ કર્યુ ત્યારે તેનું નામ મોહમ્મદ આલીમ તરીકે આવ્યું હતું, જ્યારે દુકાન પર તેણે તેનું નામ એસ.કે. આ પછી ઘણાં લોકોએ તેના પર નજર રાખી અને તેને તપેલીમાં થૂંકતો જોયો હતો. વેપારી મંડળનાં પ્રમુખ સુભાષ એરી દુકાનદારો સાથે આરોપીની દુકાને આવ્યાં હતાં અને તેને પોતાનો ધંધો પતાવીને ચાલ્યાં જવાનું કહ્યું હતું.

ઉના જિલ્લાના થાનકલામાં પણ અશફાક મોહમ્મદ પોતાનું નામ બદલીને સાગર દરજીના નામે દુકાન ચલાવતો હતો. હિન્દુ સંગઠનો થનાકલાન પહોંચ્યાં અને સાગર ટેલરના નામનું બોર્ડ હટાવી દીધું હતું.

૭મૈહતપુર વેપારી મંડળના પ્રમુખ સુભાષ એરીએ શહેરનાં રહેવાસીઓને ભાડેથી મકાન કે દુકાન આપતાં પહેલાં ભાડુઆતની પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવા અપીલ કરી છે. જિલ્લા પોલીસ અધિક્ષકને આવાં લોકોની યાદી તૈયાર કરવા કહ્યું છે જે નામ બદલીને અને પોતાની ઓળખ છુપાવીને રહેતાં હોય જેથી આવાં લોકો પર યોગ્ય કાર્યવાહી કરી શકાય.

# જીલ્લા પંચાયતમાં મીટીંગોનો ઘાણવોઃ એક જ દિ'માં પાંચ સમિતિની મીટીંગ

### વિવિધ કામોને બહાલીઃ હવે ૭મીએ શિક્ષણ સમિતિ, ૧૦મીએ કારોબારી, ૧૫મીએ જનરલ બોર્ડ

રાજકોટ, તા.૩

નવરાત્રીના પ્રારંભ સાથે તહેવારોની સીઝન શરૂ થઇ ગઇ છે અને થોડા દિવસોમાં ફેસ્ટીવલ માહોલ શરૂ થઇ જાય તે પૂર્વે વિવિધ કામો મંજુર કરવા માટે મીટીંગોનો ઘાણવો નીકળ્યો હોય તેમ આજે જીલ્લા પંચાયતમાં એક જ દિવસમાં પાંચ સમિતિઓની બેઠક યોજાઇ હતી. હવે પછી ૭મીએ શિક્ષણ સમિતિ, ૧૦મીએ કારોબારી સમિતિ તથા ૧૫મીએ સામાન્ય સભા યોજાશે.

ગત સપ્તાહમાં જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ સંકલન બેઠક યોજી હતી તેમાં તહેવારો પૂર્વે વ્હેલીતકે વિવિધ સમિતિઓની બેઠક બોલાવીને જુદા-જુદા કામોને બહાલી આપવાનું કહેવામાં આવ્યું હતું તે પછી વિવિધ સમિતિના ચેરમેનોએ ધડાધડ એજન્ડા કાઢયા હતા. આજે પાંચ સમિતિની બેઠક થઇ હતી તેમાં આરોગ્ય, બાંધકામ, સિંચાઇ, આઇસીડીએસ તથા સામાજીક કલ્યાણનો સમાવેશ થતો હતો. પાંચેય બેઠકમાં પોતપોતાના વિભાગોના કામોને બહાલી આપવામાં આવી હતી.

શિક્ષણ સમિતિની બેઠક ૭મીએ બોલાવવામાં આવી છે. સમિતિઓની બેઠકો પૂર્ણ થયા બાદ ૧૦મીએ કારોબારી યોજાશે તેમાં આ તમામ મંજુર કામોની નોંધ લઇને મંજુરી આપી દેવામાં આવશે. સામાન્ય સભા ૧૫મીએ યોજાશે. જનરલ બોર્ડ માટે હજુ કોઇ સભ્યએ પ્રશ્ન મુકયા નથી.

જિલ્લા પંચાયતના તમામ વિભાગોનું જુની કોર્ટ બિલ્ડીંગમાં સ્થળાંતર થઇ જ ગયું છે. કારોબારી તથા સામાન્ય સભા આ સ્થળે જ યોજવાનું નક્કી કરાયું છે.

# ભારતીયોને ફટકોઃ ન્યુઝીલેન્ડે વિઝા ફીમાં મોટો વધારો કર્યો

વેલિંગ્ટન.તા.૩

ન્યુઝીલેન્ડ સરકારે તમામ કેટેગરીઓમાં વિઝા ફીમાં નોંધપાત્ર વધારો કરવાની જાહેરાત કરી છે. ૧ ઓક્ટોબરથી, ન્યુઝીલેન્ડમાં વર્ક વિઝા, વિઝિટર વિઝા અને સ્ટુડન્ટ વિઝા મેળવવા માંગતા અરજદારોએ નવાં વિઝા ફી માળખાને અનુસરવાનું રહેશે.




નવાં વિઝા ફી માળખા મુજબ, વિદ્યાર્થી વિઝા ફી હવે ૩૦૦ ન્યુઝીલેન્ડ ડોલર થી વધારીને ૪૮૫ ન્યુઝીલેન્ડ ડોલર કરવામાં આવી છે. આ નવાં પગલાની ભારતીય વિદ્યાર્થીઓ પર નોંધપાત્ર અસર થવા જઈ રહી છે કારણ કે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં ભારતીયોનો હિસ્સો ૧૭ ટકા છે.

અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે વધેલી ફીનો હેતુ વિઝા અરજીઓના પ્રોસેસિંગ ખર્ચને આવરી લેવા અને ઉચ્ચ જોખમવાળી અરજીઓનું સંચાલન કરવાનો છે. આનો અર્થ એ પણ છે કે હવેથી, ઇમિગ્રેશન સિસ્ટમ આત્મનિર્ભર હશે અને સ્થાનિક કરદાતાઓના યોગદાન પર ઓછી નિર્ભર રહેશે.

ભારતીય અરજદારો માટે આ ચિંતાનું કારણ છે કારણ કે વિઝા ફીમાં વધારાને કારણે હવે તેમને વધુ કઠિન નાણાકીય પરિસ્થિતિનો સામનો કરવો પડશે. ઉપરાંત સમગ્ર વિશ્વમાં જીવન ખર્ચ અને ટ્યુશન ફીમાં તીવ્ર વધારો પહેલાંથી જ છે. તેથી હવે વિધાર્થીઓને વધુ આર્થિક તંગીનો સામનો કરવો પડશે.

# નવરાત્રીની પૂર્વ સંધ્યાએ બજારોમાં ભારે ભીડઃ માતાજીના ગરબા, ચુંદડી, હાર, ચણીયાચોળી, જ્વેલરીની ધૂમ ખરીદી

આજથી નવલી નવરાત્રીનો શુભારંભ થઈ ગયો છે. આયોજકો અને ખેલૈયાઓ સજજ થઈ ગયા છે. યુવાધનમાં જોમ ચડાવવા સીંગરો પોતાનો મધુર સ્વર રેલાવવા આતુર છે. આજે સવારથી દરેક ઘરોમાં માતાજીની આરાધના કરવાનું શરૂ થઈ ગયું છે. માતાના ગર્ભ સ્વરૂપ ગરબાની મંદિરોમાં સ્થાપના કરવામાં આવી છે.

રાજકોટમાં અનેક સ્થળોએ પ્રાચીન અર્વાચીન ગરબાના આયોજનો થાય છે. નાની નાની બાળાઓ શેરી ગલીઓમાં યોજાતી ગરબીમાં માતાજી સ્વરૂપ બની ગરબા રમશે. તેમજ યુવા ધન અર્વાચીન નવરાત્રી ઉત્સવમાં ગરબે ઘુમશે. ત્યારે ગઈકાલે નવરાત્રીના પ્રારંભ પહેલા બજારોમાં ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો.



તસવીરઃ દેવેન અમરેલીયા

બજારોમાં સવારથી લોકોની ભારે ભીડ જોવા મળી હતી જે મોડી રાત સુધી યથાવત હતી. રાજકોટનું હાર્દ ગણાતી જુની બજારો સર લાખાજીરાજ રોડ, ગુંદાવાડી, ધર્મેન્દ્ર રોડ ખાતે ચણીયાચોરી, જવેલરી, ગરબા, માતાજીની ચૂંદડી, હાર, ફુલ, અગરબતી, ધુપ-સહિતની વસ્તુઓ ખરીદવા લોકો બજારોમાં ઉમટી પડયા હતા.

દર વર્ષે બજારમાં નવું આવતું હોય છે. નવી ફેશન સાથે બજારમાં અવનવી ડિઝાઈનની વસ્તુઓનું વેચાણ થાય છે. આજથી નવરાત્રીનો શુભારંભ થઈ ગયો છે. ત્યારે નવરાત્રીની તૈયારીઓ માટે બજારમાં પણ ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો. ગુંદાવાડી, સર લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ પર દિવાળી જેવો માહોલ જામ્યો હતો. તમામ દુકાનોમાં ગ્રાહકોની લાઈનો લાગી હતી.

મહિલાઓ માતાજી માટે માતાજીની ચૂંદડી, હાર, ધુમ, ગુગળ, તેમજ ગરબીની બાળાઓ ચણીયાચોલી, મેકઅપનો સામાન, જવેલરી, ડાંડીયા, ખંજરી સહિતની વસ્તુઓ ખરીદવા ઉમટયા હતા. આજથી દરેક ઘરોના મંદિરોમાં ગરબાની સ્થાપના કરવામાં આવે છે. આથી બજારોમાં નીતનવીન ગરબાની પણ ખરીદી થઈ હતી. ગઈકાલે અમાસ હોવાથી ગરબાની ખરીદી ઓછી થાય છે. આથી આજ સવારથી ગરબાની ખરીદી માટે પણ બજારમાં ભીડ જોવા મળી હતી. મહિલાઓએ અવનવા ગરબા ખરીદયા હતા.

# 'સદગુરુ' જગ્ગી વાસુદેવને મોટી રાહત મળી

### સુપ્રીમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટનાં નિર્ણય પર સ્ટે મૂક્યો

નવી દિલ્હી.તા.૩

આધ્યાત્મિક ગુરુ સદગુરુ જગ્ગી વાસુદેવને આજે સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી છે. કોર્ટે ઈશા ફાઉન્ડેશન સામે પોલીસ તપાસનાં આદેશ પર સ્ટે આપ્યો છે. આ કેસની સુનાવણી હવે ૧૮ ઓક્ટોબરે થશે. એક નિવૃત્ત પ્રોફેસર એસ કામરાજે ઈશા ફાઉન્ડેશન વિરુદ્ધ મદ્રાસ હાઈકોર્ટમાં અરજી કરી હતી.



અરજદારે ફરિયાદ કરી હતી કે તેની બે પુત્રીઓ ગીતા અને લતાનું આશ્રમ દ્વારા બ્રેઈનવોશ કરવામાં આવ્યું હતું. ઈશા ફાઉન્ડેશનનું કહેવું છે કે બંને બહેનો પોતાની મરજીથી આશ્રમમાં રહે છે. મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી બેન્ચે આજે આ મામલે સુનાવણી કરી હતી. આ પહેલાં ૩૦ સપ્ટેમ્બરે મદ્રાસ હાઈકોર્ટે કહ્યું હતું કે તમિલનાડુ પોલીસે ઈશા ફાઉન્ડેશન સાથે સંબંધિત તમામ અપરાધિક મામલાની તપાસ કરીને રિપોર્ટ સોંપવો જોઈએ. આ પછી, ૧ ઓક્ટોબરના રોજ લગભગ ૧૫૦ પોલીસકર્મીઓ મામલાની તપાસ કરવા આશ્રમ પહોંચ્યાં હતાં.સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન કોર્ટે આશ્રમમાં પોલીસની હાજરી પર સવાલ ઉઠાવ્યાં હતાં. કોર્ટે કહ્યું કે પહેલી વાત એ છે કે તમે પોલીસ ટુકડીને આ રીતે કેમ્પસમાં પ્રવેશવાની મંજૂરી આપી શકતાં નથી. ન્યાયિક અધિકારી જશે અને બંને યુવતીઓની પૂછપરછ કરશે.સુનાવણી દરમિયાન બે બહેનોમાંથી એક વર્ચ્યુઅલ રીતે કોર્ટમાં હાજર હતી. તેણીએ પુનરોચ્ચાર કર્યો કે તે પોતાની ઇચ્છાએ આશ્રમમાં રહે છે. તેણીનો આરોપ છે કે તેનાં પિતા છેલ્લાં આઠ વર્ષથી તેને હેરાન કરી રહ્યાં હતાં.

### ટીપી અને ફાયર શાખામાં ભયનો માહોલ યથાવત : બંને વિભાગમાં ઈન્ચાર્જના હવાલે ગાડાની જેમ ચાલતો વહીવટ..

# ઈન્ચાર્જ CFOનું પણ રાજીનામુ : અગ્નિકાંડ બાદ ૧૫માં અધિકારીએ નોકરી છોડી

### મુળ સ્ટેશન ઓફિસર એવા અમિત દવેએ કૌટુંબિક કારણોથી ફરજ મુકત થવા પત્ર લખી નાખ્યો : ફાયર બ્રિગેડમાં અંધાધુંધી વચ્ચે તહેવારો પર જ આગ લાગ્યા જેવું વાતાવરણ : ૨૫૩માંથી ૨૪૩ અરજી મંજૂર

રાજકોટ તા. ૩

રાજકોટ મહાપાલિકાની ફાયર બ્રિગેડ શાખા સાડા ચારેક મહિનાથી વડા વગર કામ કરી રહી છે અને રાજકોટ કોર્પો.ના ચીફ ફાયર ઓફિસર તરીકે કામ કરવા મનપાના કે બહારગામના પણ કોઇ અધિકારી તૈયારી નથી ત્યારે થોડા સમયથી આ ધગધગતી જવાબદારી સંભાળતા ઇન્ચાર્જ સીએફઓ અને મુળ સ્ટેશન ઓફિસર તરીકે ફરજ બજાવતા અમિત દવેએ મનપાની નોકરીમાંથી જ રાજીનામુ આપી દેતા આજે પૂરા કોર્પોરેશનમાં આ વધુ એક અધિકારીનો કિસ્સો ટોક ઓફ ઓફિસ બન્યો હતો.

તાજેતરમાં તેમણે સીએફઓના ચાર્જમાંથી મુકિત માંગી હતી. તે બાદ હવે ત્રણ માસના નોટીસ પીરીયડથી નોકરીમાંથી રાજીનામુ આપી દેતા રાજકોટ મનપાની હાલત અને પ્રતિષ્ઠાને ફટકા ઉપર ફટકા પડી રહ્યા છે. પૂર્વ ટીપીઓ અને પૂર્વ ચીફ ફાયર ઓફિસર બંને જેલમાં છે ત્યારે આ બંને શાખાની કામગીરી સુષુપ્ત બની છે. ટીપીમાંથી પણ અગાઉ રાજીનામા પડી ચૂકયા છે અને અધિકારીઓ આ શાખામાં હાલ જાણે 'વર્ક ટુ રૂલ' મુજબ કામ કરી રહ્યા છે ત્યારે આવશ્યક સેવા પણ વડા વગર ગબડી રહી છે.



પૂર્વ સીએફઓની ધરપકડ બાદ કચ્છથી મુકાયેલા અનિલ મારૂ લાંચ લેતા પકડાઇ ગયા હતા. અમદાવાદથી અન્ય એક અધિકારીએ ઓર્ડર બાદ પણ આવવાની ના પાડી દીધી હતી. તાજેતરમાં જામનગરના ઓફિસરે રાજકોટ આવવા ઇન્કાર કર્યો હતો. આ બાદ કમિશ્નરે વર્ગ-૩ના સ્ટેશન ઓફિસર અમિત દવેને સીએફઓ તરીકે ચાર્જ આપ્યો હતો. પરંતુ તેઓએ કૌટુંબીક કારણોસર ચાર્જ લેવાની ના પાડી એક સપ્તાહ પહેલા પત્ર પાઠવ્યો હતો અને આજે તમામ પદ ઉપરથી રાજીનામું આપી દીધુ છે. તેમણે કૌટુંબિક કારણો રજૂ કર્યા છે. પોતાની તબિયત કારણ પણ સામે મૂકયો છે. ૯૦ દિવસમાં તેમનું રાજીનામુ મંજૂર થઇ શકે છે.

રાજકોટ મહાનગરપાલિકાના એક બાદ એક અધિકારીઓ રાજીનામું આપી રહ્યા છે. અત્યાર સુધીમાં ૧૫ જેટલા અધિકારીઓ રાજીનામું આપી ચૂકયા છે. ટીઆરપી અગ્નિકાંડ બાદ કોઈપણ અધિકારી જવાબદારી લેવા માગતા નથી. તેમના પિતાનું ૧૫ દિવસ પહેલા અવસાન થયું છે. માતાની તબીયત સારી નથી. પારિવારિક કારણોસર રાજીનામું મૂક્યું છે. સ્ટેશન ઓફિસર તરીકે મારી જવાબદારીમાંથી રાજીનામું મૂકયું છે. તેમને સુગર અને બ્લડપ્રેશરની તકલીફ છે. ઓછા સેટઅપ વચ્ચે કામ કરતા અધિકારીએ તેમને કોઇ રાજકીય દબાણ હોવાનો ઇન્કાર કર્યો હતો. તેમણે તા.૮-૩-૯૬થી ફાયરમેન તરીકે કામ શરૂ કર્યુ હતું અને ૯-૯-૯૮ના રોજ કાયમી થયા હતા.

ચાલુ વર્ષમાં ૧ એપ્રીલથી ૩૦ સપ્ટેમ્બર સુધીમાં શાળા-કોલેજ, હોસ્પિટલો, કોમર્શીયલ બિલ્ડીંગો, હોટલ, રેસ્ટોરન્ટ, મોલ, સહિતના એકમો દ્વારા ૨૫૩ અરજી નવી ફાયર એનઓસી માટે અરજી કરવામાં આવી હતી. જેની સ્થળ તપાસ અને ચકાસણી કર્યા બાદ ૨૪૩ એકમોને ફાયર એનઓસી ફાળવી દેવામાં આવી છે. ત્યારે ૧૦ એકમોની સ્થળ તપાસ બાકી હોય પેન્ડીંગ રહેલ છે. દરમ્યાન આ અધિકારી ફરજ પર યથાવત રહે તે માટે આજે તેમની ઓફિસમાં પણ ફાયર સમિતિના ચેરમેન દિલીપ લુણાગરીયા દ્વારા સમજાવટના પ્રયાસો કરવામાં આવ્યા હતા.

## રજાના દિવસમાં NOC કાઢવી પડી

### રાસોત્સવની ૨૨ અરજી મંજૂર : પોર્ટલ પર કલાકોમાં સર્ટીફીકેટ ઈસ્યુ થવા લાગતા ફાયર બ્રિગેડ ધંધે લાગ્યું

મનપાની ફાયર શાખા નવરાત્રીના દિવસોમાં અને દિવાળી પૂર્વે વધુ કામ હોય, તે પહેલા જ નધણીયાતી હાલતમાં આવી ગઇ છે. એક તરફ હંગામી ફાયર એનઓસી સરકારના પોર્ટલ પર ઓનલાઇન ધડાધડ મળી જાય છે ત્યારે બીજી તરફ ખરાઇનો સમય પણ મળતો નથી. આ સંજોગોમાં ફરી તમામ અરજદારોને મેન્યુઅલ અરજી કરવા સૂચના અપાયા બાદ ગઇકાલે રજાના દિવસોમાં પણ અર્વાચીન રાસોત્સવની દોઢ ડઝનથી વધુ અરજીઓ ફાયર વિભાગે મંજૂર કરી હતી.

આજે સવાર સુધીમાં ૨૫ પૈકી ૨૨ આયોજનને એનઓસી અપાઇ હતી અને બાકીની અરજીને સાંજ સુધીમાં એનઓસી અપાઇ જશે તેમ જણાવાયું હતું.

રાજય સરકાર દ્વારા ફાયરને લગતી તમામ કામગીરી ઓનલાઈન શરૂ કરવા માટે થોડા સમય પહેલા પોર્ટલ ચાલુ કરવામાં આવ્યું હતું. ફાયર એનઓસી રિન્યુ કરવાની તમામ જવાબદારી એફએસઓ ઉપર હતી. પરંતુ ફાયર વિભાગ દ્વારા નિયમ મુજબ સ્થળ ચકાસણી રિપોર્ટ અપલોડ ન થયો હોય તો પણ ફાયર એનઓસી તુરંત મળવા લાગી હતી. પોર્ટલમાં આ પ્રકારનો ફોલ્ટ સર્જાતા અમુક લોકો અધુરા ડોક્યુમેન્ટથી પણ ફાયર એનઓસી મેળવવા લાગ્યા હોવાની ફરિયાદો ઉઠતા માલુમ પડેલ કે ટેમ્પરરી ફાયર એનઓસી અરજદારને કોઈ જાતની તકલીફ વગર તુરંત મળી જાય છે. ફટાકડાનો સ્ટોલ કે, અન્ય કાર્યક્રમોના આયોજન હંગામી ફાયર એનઓસી લેવાતી હોય છે. છતાં અરજદારોએ ફાયર સેફ્ટીના નિયમનું ચુસ્તપણે પાલન કરવું પડતું હોય છે. જેની સામે પોર્ટલ પરથી તુરંત ફાયર એનઓસી મળવા લાગતા ખુદ ફાયર વિભાગ ચિંતામાં આવ્યો હતો. હવે આ સમસ્યાનું સમાધાન થઇ રહ્યું છે.

### તમામ તાલુકામાં રમત-ગમતને પ્રોત્સાહન આપવા કલેકટરનો પ્રોજેકટ : ગ્રાઉન્ડની જાળવણી માટે સમિતિ રચાશે

# રાજકોટ જિલ્લાના પાંચ તાલુકામાં રૂા. ૨.૪૬ કરોડના ખર્ચે રમત-ગમતના ગ્રાઉન્ડનું નિર્માણ કાર્ય

### પડધરી, જામકંડોરણા, લોધીકા અને કોટડાસાંગાણીમાં ગ્રાઉન્ડ બનાવી વોલીબોલ, કબડ્ડી, બાસ્કેટબોલ, રનીંગ ટ્રેક અને ચેજીંગ રૂમ સહિતની સુવિધા વિકસાવાશે : પોલીસ ભરતી માટે ઉમેદવારોને ઉપયોગી બનશે-કલેકટર પ્રભવ જોશી





રાજકોટ, તા. ૩

દરેક તાલુકામાં રમત-ગમતને પ્રોત્સાહન આપવા માટે મેદાનો તૈયાર કરવા જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ ખાસ પ્રયાસો હાથ ધરી પ્રોજેકટ અમલમાં મુકાયો છે. જેમાં જિલ્લાના પાંચ તાલુકાઓમાં ૨.૪૬ કરોડના ખર્ચે રમત ગમતના મેદાનો બનાવવાના કામને મંજૂરી આપી દેવામાં આવી છે. આ પાંચ તાલુકામાં આગામી ત્રણેક મહિનામાં મેદાનો બનીને તૈયાર થઈ જશે.

જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યુ કે દરેક તાલુકા દીઠ એક રમત ગમતનું મેદાન બનાવવાની દિશામાં હાલ પ્રયત્નો ચાલુ છે. લોધિકામાં મંત્રી ભાનુબેનના અધ્યક્ષતામાં મેદાનના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. રૂ.૬૫ લાખના ખર્ચે ત્યાં વિવિધ સુવિધાઓ ઉભી કરવામાં આવશે. જે કામ મહિનામાં પૂર્ણ થશે. સરકારી ખરાબા વણવપરાયેલા પડ્યા હતા. જેને પણ લોકઉપયોગી બનાવવાનો પ્રયાસ હાથ ધર્યો છે.

આ ઉપરાંત પડધરીની કવિ શ્રી દાદ સરકારી કોલેજમાં પણ રૂ. ૪૬.૨૩ લાખના ખર્ચે મેદાન બનાવવામાં આવનાર છે. જેના ટેન્ડર પણ અપાઈ ગયા છે. ઉપલેટામાં પણ ૫૧.૮૬ લાખના ખર્ચે મેદાન તૈયાર કરવામાં આવનાર છે. જ્યારે જામકંડોરણાના જશાપરમાં રૂ. ૪૮.૧૬ લાખના ખર્ચે મેદાન તૈયાર કરવામાં આવનાર છે. કોટડા સાંગાણીની સરકારી કોલેજમાં રૂ. ૩૪.૬૪ લાખના ખર્ચે મેદાન તૈયાર કરવામાં આવનાર છે. આમ રૂ.૨.૪૬ કરોડના ખર્ચે આ કામો થનાર છે. તમામ કામ માટે ફંડ ડીએમએફમાંથી આપવામાં આવ્યું છે. જ્યારે પડધરીમાં ગ્રાઉન્ડના કામનું ફંડ લોકમેળા અમલીકરણ સમિતિમાંથી આપવામાં આવ્યું છે. ત્રણ મહિનામાં આ તાલુકા લેવલે રમત ગમતના મેદાનો ઉપલબ્ધ થશે.

હવે તમામ તાલુકા કક્ષાએ આ રમત ગમતના મેદાનો ઉપલબ્ધ બને તે દિશામાં પ્રયત્નો થઈ રહ્યા છે. વધુમાં જિલ્લા કલેકટરના જણાવ્યા અનુસાર આ તમામ રમતગમતના મેદાનોમાં વોલીબોલ, કબડ્ડી, બાસ્કેટ બોલ, રનિંગ ટ્રેક, ચેજીંગ રૂમ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ રમતગમતના મેદાનોનોની જાળવણી માટે તાલુકા કક્ષાએ સમિતિ બનાવવામાં આવશે. જેના અધ્યક્ષ મામલતદારને બનાવાશે.આ સાથે ગ્રામ પંચાયતના હોદ્દેદારોને પણ સમિતિમાં આવરી લેવામાં આવશે. ગ્રામ્ય કક્ષાએ યુવાન સ્પોર્ટ્સ ક્ષેત્રે આગળ આવે તે માટે આ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

### મતદાર યાદીમાં ૧૭૪૪૫ નવા મતદારોનો નામોનો ઉમેરો

# રાજકોટ જિલ્લામાં ૩૦ નવા મતદાન મથકો ઉમેરાશે

### ૭૪ બુથોના સ્થળમાં ફેરફાર : ૨૮ના નામમાં ફેરફાર : ચૂંટણી તંત્ર દ્વારા પંચમાં કરાયેલ દરખાસ્ત

રાજકોટ, તા. ૩

રાજકોટ જિલ્લામાં મતદાર યાદીના સંક્ષિપ્ત સુધારણાના કાર્યક્રમ દરમિયાન મતદાર યાદીમાં ૧૭૪૫૫ નવા મતદારોના નામનોનો ઉમેરો થવા પામેલ છે. તેની સાથોસાથ ૩૦ જેટલા નવા મતદાન મથકો પણ ઉમેરાશે. જયારે ૭૪ બુથના સ્થળમાં ફેરફાર કરવામાં આવશે. આ સાથે ૨૮ બુથના નામ ફેરવવામાં આવશે. આ માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા પંચમાં દરખાસ્ત કરવામાં આવી છે.

જિલ્લામાં તા.૨૦/૦૮/૨૦૨૪ ના રોજ મતદાન મથકોની પ્રાથમિક યાદી પ્રસિધ્ધ કરવામાં આવી હતી. ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૫ ના ભાગરૂપે સૂચિત મતદાન મથકો પર મતદારયાદી સંબંધિત અને મતદાન સંબંધિત તમામ કામગીરી કરવામાં આવી હતી. જિલ્લામાં મંજુર મતદાન મથકોમાં સુધારા-વધારા સૂચિત કરવામાં આવ્યા હોય, ભારતીય ચૂંટણીપંચની સુચનાઓને આધારે આ મામલે સૂચનો પણ મંગાવવામાં આવ્યા હતા.

જેના આધારે જિલ્લામાં નવા ૩૦ મતદાન મથકો ઉમેરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેમાં ૬૮ વિધાનસભા બેઠકમાં ૩ મતદાન મથક, ૬૯ વિધાનસભા બેઠકમાં ૪ મતદાન મથક, ૭૧ વિધાનસભા બેઠકમાં ૧૯ મતદાન મથક, ૭૨ વિધાનસભા બેઠકમાં ૨ મતદાન મથક, ૭૪ વિધાનસભા બેઠકમાં ૧ મતદાન મથક તેમજ ૭૫ વિધાનસભા બેઠકમાં ૧ મતદાન મથક ઉમેરવા માટે ચૂંટણી પંચને દરખાસ્ત કરવામાં આવી છે. જેથી હવે જિલ્લામાં મતદાન મથકો કુલ વધીને ૨૨૫૬ થઈ જશે. આ સાથે ૭૪ પોલિંગ સ્ટેશનના લોકેશન ચેન્જ કરવામાં આવશે. જ્યારે ૨૮ પોલિંગ સ્ટેશનના નામમાં ફેરફાર કરવામાં આવશે.

આ સાથે મતદારયાદી કાર્યક્રમમાં ૧૭,૪૫૫ નવા મતદારો ઉમેરાયા છે. જ્યારે ૧૩, ૧૮૮ મતદારોના નામ કમી કરવામાં આવ્યા છે.

# 'સાંજ સમાચાર' અને પાર્થરાજ કલબ બામ્બુ બિટ્સનું શાસ્ત્રી મેદાન ખેલૈયાઓ માટે સજ્જ

### સવારથી આયોજકોનું સ્થળ પર આખરી તૈયારીઓનું નિરીક્ષણઃ ગ્રાઉન્ડને આકર્ષક બનાવતો ભવ્ય સ્ટેજ તૈયાર





તસવીરઃ દેવેન અમરેલીયા





રાજકોટ, તા.૩

આસમાની રંગની ચૂંદડી રે માની ચુંદડી લહેરાણી... આજથી નવલી નવરાત્રિનો શુભારંભ થઈ ગયો છે. ઘરે ઘરે માતાજીના ગરબાની સ્થાપના કરી આરાધના કરવામાં આવી રહી છે. ત્યારે રાજકોટવાસીઓનું સૌથી લોકપ્રિય સ્થળ કે જ્યાં ખેલૈયાઓ મન ભરીને નિશ્ચિંત થઇ ગરબા રમી શકે તે પાર્થરાજ કલબ અને સાંજ સમાચાર બામ્બુ બીટ્સ નવરાત્રી મહોત્સવ-૨૦૨૪નું ભવ્ય આયોજન શાસ્ત્રી મેદાન માં કરવામાં આવ્યું છે. આજે આ ભવ્ય આયોજન ને આખરી ઓપ અપાઈ રહ્યો છે. સવાર થી આયોજકો સ્થળ પર આખરી તૈયારીઓ નું નિરીક્ષણ કરી રહ્યા છે. ખેલૈયાઓ માટે ગ્રાઉન્ડને કાર્પેટથી મઢવામાં આવ્યું છે.

ગ્રાઉન્ડને આકર્ષક બનાવતો ભવ્ય સ્ટેજ તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં સિંગર ગીતોની ધૂમ મચાવશે. તેમજ દર વર્ષની જેમ એન્ટ્રન્સ ખૂબ આકર્ષક રીતે તૈયાર કરવામાં આવ્યો છે. જ્યાં ખેલૈયાઓ ફોટા પડાવી યાદગાર પળોને ફોન કેદ કરી શકશે.બે લાખ વોલ્ટની ભવ્ય સાઉન્ડ સિસ્ટમના સથવારે ખેલૈયાઓ ગરબા રમશે.

એક સાથે હજારો ખેલૈયાઓ રમી શકે તેવા વિશાળ ગ્રાઉન્ડની કેપેસીટી છે. રોજ પ્રિન્સ અને પ્રિન્સેસની જાહેરાત સાથે લાખેણા ઇનામોની વણઝાર થશે. ખેલૈયાઓની સુરક્ષા માટે ૫૦ બાઉન્સરની સીક્યુરીટી વ્યવસ્થા અને સીસીટીવીથી સજ્જ છે. ડાંડીયા રાસ દરમ્યાન પડતા બ્રેકમાં ખેલૈયાઓ માટે ફૂડ સ્ટોલની વ્યવસ્થાઓ કરેલ છે.

# રેડી ખેલૈયાઓ...: 'સાંજ સમાચાર' લિયો લાયન્સ નવરાત્રી ઉત્સવની તૈયારીઓને આખરીઓપ











રાજકોટ, તા.૩

આજથી નવરાત્રિનો શુભારંભ થયો છે. ત્યારે રાજકોટ આયોજિત અર્વાચીન રાસોત્સવ સાંજ સમાચાર લિયો લાયન્સ નવરાત્રિ ઉત્સવની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. આયોજકોની ટીમ સતત ગ્રાઉન્ડ પર ખડેપગે રહી તૈયારીઓનું નિરીક્ષણ કરી રહ્યા છે. ખેલાડીઓ માટે આખું ગ્રાઉન્ડ કાર્પેટ થી સજ્જ કરવામાં આવ્યું છે.

ખેલૈયાઓ સરસ ફોટા લઈ શકે તે માટે એન્ટ્રન્સ આકર્ષક બનાવામાં આવ્યો છે. ખાસ વીઆઇપી લોકો માટે ગઝીબો વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ૮૦૦૦થી વધુ ખેલૈયાઓ મન મુકીને રમી શકશે. મહિલાઓ માટે સૌથી સુરક્ષીત અને પારિવારીક વાતાવરણ હોવાથી સૌનું લોકપ્રિય સ્થળ 'સાંજ સમાચાર લીયો લાયન્સ' બન્યું છે.

આજે રાતે સાંજ સમાચાર લીયો લાયન્સ'ના ગ્રાઉન્ડ સૂરજ ઉગશે.જાણીતા ગાયક કલાકારો શ્રુતિ પટેલ, શિવાની ગોહિલ, શ્રદ્ધા ખખ્ખર, પ્રાચીન અને અર્વાચીન ગીતો ની રમઝટ બોલાવશે. તેમજ ઓર્કેસ્ટ્રા રવિ સોનિયા સાંભળશે.અને કાર્યક્રમ નું સંચાલન મનોજ ઈલાણી કરશે. કેસરી ફાઉન્ડેશન ના જયેશ પટેલ અને જય સરદાર ગ્રુપ દ્વારા સાંજ સમાચાર લિયો લાયન્સ નવરાત્રિ મહોત્સવનું ધમાકેદાર આયોજન થઈ રહ્યું છે.

### સૌરાષ્ટ્રના ઈતિહાસમાં સૌથી મોટા ડીમોલીશનના અરજદારોને તાત્કાલીક કોઈ રાહત ન મળે

# સોમનાથ ખાતે ધાર્મિક સ્થાનો અને મિલકતોની ડિમોલીશન બાબતે યથાવત સ્થિતિ જાળવી રાખવાનો આદેશ કરવા હાઈકોર્ટનો સાફ ઈનકાર

### સરકારી જમીન પર થયેલ દબાણ હટાવવા મુદ્દે પુરતી કાનૂની પ્રક્રિયા અપનાવાઈ હતી સરકારની દલીલઃ મુદ્દત પૂર્વે તોડફોડ થઇ હોવાની અરજદારોની રજૂઆત

અમદાવાદ, તા.૩

રાજ્યના ગીર સોમનાથ જિલ્લામાં પ્રભાસ પાટણ ખાતે આવેલા સુપ્રસિધ્ધ યાત્રાધામ સોમનાથ મંદિર નજીકમાં આવેલા ધાર્મિક સ્થાનોની નજીકમાં આવેલા સો વર્ષ જૂના કથિત દબાણોના મામલે ગુજરાત હાઇકોર્ટે યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો ઇન્કાર કરી દીધો હતો. એટલું જ નહીં રાજ્ય સરકાર તેમજ અરજદારને આ બાબતે મિલકતોની તમામ વિગતો આગામી મુદતે રજુ કરવાનો આદેશ કર્યો હતો. બીજી બાજુ આ મિલકતો બાબતે પુનઃ સ્થાપન માટે વળતર કે વૈકલ્પિક જગ્યા ની વાત થાય તો તે માટે આ તમામ વિગતો રજૂ કરવા માટે હાઇકોર્ટે સરકારી તંત્રને આદેશ કર્યો છે.

આ કેસમાં રાજ્ય સરકારના મુખ્ય સરકારી વકીલ જી એચ વિર્ક દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે પ્રસ્તુત મિલકતો બાબતે અલગ અલગ પાંચ કાયદાકીય મંચમાં પીટીશનો કરવામાં આવી હતી પરંતુ એક પણ મંચમાં અરજદારોની તરફેણમાં કોઈ ચુકાદો આવ્યો નથી અને આથી જ વર્ષોથી આ એક સરકારી જમીન હોવાથી અને તેના ઉપર દબાણ હોવાથી નોટિસની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ દબાણ હટાવવાનું શરૂ કરવામાં આવેલું છે. હાઇકોર્ટ



સરકારી વકીલ જી.એસ. વીર્ક

આ બાબત ધ્યાનમાં લઈને અરજદાર પક્ષ દ્વારા માગવામાં આવેલો વચગાળાનો મનાઈ હુકમ અથવા તો યથાવત પરિસ્થિતિ જાળવવાનો હુકમ નકારી કાઢ્યો હતો. બીજી બાજુ આ કેસમાં પક્ષકારો દ્વારા સુપ્રીમ કોર્ટમાં આ બાબતને લાગતા એક કેસની મામલો પડતર છે અને તાજેતરમાં સુનાવણી કરવામાં આવી હોવાની રજૂઆત કરાઈ હતી. આથી હાઈકોર્ટે રાજ્ય સરકાર પાસેથી દબાણ થી દુર કરાયેલી મિલકતો ની યાદી અને કરવામાં આવેલા સરવે બાબતેની વિગતો રજૂ કરવા આદેશ કર્યો હતો. બીજી બાજુ અરજદાર દ્વારા આ ઐતિહાસિક સ્મારકો હોવાની રજૂઆત કરવામાં આવતા હાઈકોર્ટે તેઓને પણ મિલકતોની યાદી રજૂ કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો.

અરજદાર દ્વારા રજૂઆત કરાઈ હતી કે તેઓના કેસની સુનાવણી સ્થાનિક સત્તાધીશો સમક્ષ ચાલી રહી છે અને રજૂઆતની તક આપ્યા વગર સમગ્ર કાર્યવાહી તા.૨૮ સપ્ટેમ્બર નાં રોજ થી કરવામાં આવી હતી. અરજીમાં રજૂઆત કરાઈ હતી કે, આ જમીન પર કબ્રસ્તાન, દરગાહ , મસ્જિદ સહિતના ધાર્મિક સ્થાનો આવેલા છે. પ્રસ્તુત કિસ્સામાં નવ મિલકતોને સ્થાનિક અધિકારી દ્વારા નોટિસ ગત તા. ૧૨ સપ્ટેમ્બરના રોજ આપવામાં આવેલી હતી. તેમાં દાવો કરવામાં આવ્યો હતો કે કબ્રસ્તાન તરીકે ઉપયોગમાં લેવાતી આ જમીન માં વર્ષ ૧૯૪૭ થી સરકારી જમીન તરીકે નોંધ કરવામાં આવી છે અને કબજેદાર તરીકે હસનઅલી ઘાંચી નું નામ દૂર કરવામાં આવે તે માટે ખુલાસો કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. આ કેસની સુનાવણી તાં. ૧૯ નાં રોજ રાખવામાં આવી હતી અને ત્યારબાદ મુદત આપવામાં આવતા તા. ૨૭ નાં રોજ મુદત હતી. તે વખતે પક્ષકારો હાજર હતા પરંતુ આખો દિવસ કોઈ સુનાવણી થઈ નહોતી. ત્યારબાદ બીજા દિવસથી તોડફોડ ની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જે રજૂઆતની તક આપ્યા વગર કરાઈ હતી.

# સુરતમાં માસુમ પુત્રને ઝેરી દવા પીવડાવીને માતાનો આપઘાતઃ અરેરાટી

### આત્મહત્યા પૂર્વે મહિલાએ માતા-બહેનને વિડીયો કોલ કર્યો હતો

સુરત તા .૩

સુરતમાં આપઘાતના બનાવમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે મોટા વરાછાના ઉતરાણમાં રહેતી મહિલાએ પોતાના ૪ વર્ષા માસૂમ પુત્રને ઝેર પીવડાવી પોતે પણ ગટગટાવી લીધુ હતું. જેથી બન્નેના મોત નીપજ્યાં હતાં. બે મોતને પગલે હીરા દલાલના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

હીરાદલાલની ૨૬ વર્ષીય પત્નીએ પોતાના ૪ વર્ષના માસુમ પુત્રને ઝેર પીવડાવ્યા બાદ પોતાને ઉલટી થવા લાગી હતી. જેથી તેણીએ પોતાના પતિને ફોન કરી બોલાવ્યો હતો. બાદમાં બન્નેને ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતાં. જ્યાં




માતા અને પુત્રનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

ઉત્રાણના રોયલ બીલ્સ ગ્રીન પ્લાઝાની બાજુમાં રવિભાઈ ૨૬ વર્ષીય પત્ની પાયલ અને ૪ વર્ષીય પુત્ર માહિર સાથે રહેતા હતા. રવિભાઈ હીરાની દલાલી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. મંગળવારે બપોરે હીરાદલાલની પત્ની પાયલ તેની દેરાણીની તબિયત સારી ન હોવાથી સાસુમાને તેણીના ઘરે મૂકીને પરત આવી હતી. ત્યાર બાદ પાયલે અનાજમાં નાખવાના ઝેરી ટીકડીનો પાવડર બનાવી પોતાના ૪ વર્ષના પુત્ર માહિરને પીવડાવી દીધો હતો. ત્યારબાદ પોતે પણ ઝેર પી લીધું હતું.હીરા દલાલ રવિ અને પાયલના સાત વર્ષ પહેલા લગ્ન થયા હતા. અને દંપતીને મિહિર નામનો એક પુત્ર અવતર્યો હતો. માતા પુત્રના મોતના બનાવ પાછળનું સાચું કારણ જાણવા પોલીસે મોબાઈલ ફોન કબજે લઈ વધુ તપાસ શરૂ કરી છે.

# રાજકોટ જિલ્લામાં બે હજારથી વધુ ધાર્મિક દબાણો; નોટીસો ફટકારાશેઃ કલેકટર

## સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન મુજબ સાફસૂફી થશેઃ માર્ગો પરના નડતરરૂપ દબાણોને હટાવવા પ્રાંત અધિકારીઓને આદેશ

રાજકોટ તા.૩

રાજકોટ જિલ્લામાં છેલ્લા લાંબા સમયથી સરકારી જમીનો ઉપર અનઅધિકૃત રીતે દબાણો ખડકાવાનો સીલસીલો શરૂ રહેવા પામ્યો છે. જેમાં ૨૦૦૦થી વધુ ધાર્મિક દબાણો ખડકાયા છે. આવા દબાણો સામે વહીવટીતંત્રએ લાલ આંખ કરી છે અને તેની સાફસૂફી માટે તખ્તો તૈયાર કરી નાખવામા આવેલ છે. આ અંગે જિલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા પણ દબાણકારોને નોટીસો ફટકારવા માટે પ્રાંત અધિકારીઓને આદેશ કરી દેવામાં આવેલ છે.



આ મામલે જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ આજે જણાવ્યુ હતુ કે જિલ્લામાં સરકારી જમીનો ઉપર ખડકાયેલા દબાણો પૈકીના ૨૦૦૦થી વધુ ધાર્મિક દબાણો હોવાનુ ખુલ્યુ છે. સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન મુજબ આ દબાણોને હટાવવા માટેની કામગીરી હાથ ધરવામા આવશે. આવા દબાણો દૂર કરવા ત્રણ પ્રકારની ફોર્મ્યુલાથી કામગીરી કરવામાં આવશે. જેમાં માર્ગો ઉપરના દબાણો હટાવાશે. તેમજ જે દબાણો રેગ્યુલાઈઝ થતા હોય તો તેને રેગ્યુલાઈઝ કરવા માટે કાર્યવાહી કરાશે. આ ઉપરાંત દબાણકારોને સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન મુજબ સમજાવટથી પણ દબાણ દૂર કરવાની કાર્યવાહી થશે.

કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યુ હતુ કે જિલ્લામાં જ્યાં જ્યાં ધાર્મિક દબાણો ખડકાયા છે. આવા દબાણોને નોટીસો આપવા માટે તેઓએ નોટીસો ફટકારવાની સૂચના પ્રાંત અધિકારીઓને આપી દીધી છે. અહીં ઉલ્લેખનીય છે કે વહીવટીતંત્ર દ્વારા રાજકોટ જિલ્લામાં ખડકાયેલા દબાણોની સર્વે કામગીરી કરવામા આવી હતી. જે મુજબ રાજકોટ શહેર ઉપરાંત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં રેવન્યુ તંત્ર, ફોરેસ્ટ, જિલ્લા પંચાયત સહિતની સરકારી જમીનો ઉપર બે હજારથી વધુ ધાર્મિક દબાણો ખડકાયાનો રીપોર્ટ આવ્યો હતો.

તાજેતરમાં ગીર સોમનાથ તેમજ બેટ દ્વારકામાં પણ વહીવટીતંત્ર દ્વારા ધાર્મિક દબાણોની સાફસૂફી કરવામા આવી હતી જેમાં સોમનાથમાં સૌથી મોટુ ડીમોલીશન કરાતા આ મામલો હાલ હાઈકોર્ટમાં પહોંચેલ છે. દરમ્યાન હવે રાજકોટ જિલ્લામાં પણ માર્ગો ઉપર ખડકાયેલા ધાર્મિક દબાણોની સાફસૂફી કરવા માટે વહીવટીતંત્ર દ્વારા તખ્તો તૈયાર કરી દેવામા આવેલ છે અને દબાણકારોને નોટીસો ફટકારવા માટે આદેશ આપી દેવામા આવ્યો છે.

## નેશનલ હાઈવે ઉપરથી ૪ દબાણો દૂર કરાયા

રાજકોટ તા.૩

રાજકોટ-જેતપુર હાઈવે ઉપર સીકસ લેનની કામગીરી હાલ ચાલી રહી છે. આ હાઈવે ઉપરથી ૪ જેટલા દબાણો નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા દૂર કરવામા આવેલ છે. આ ચારેય ધાર્મિક દબાણો હોવાનુ ખુલ્યુ છે. દરમ્યાન આ અંગે કલેકટરે પુષ્ટિ કરી જણાવ્યુ હતુ કે હાઈવે ઓથોરીટી દ્વારા ૪ જેટલા દબાણોને હટાવવામા આવેલ છે.

સીકસ લેનની કામગીરીમાં અડચણરૂપ તેમજ હાઈવેની આસપાસના જયાં જયાં અનઅધિકૃત રીતે દબાણો ખડકાયા હશે તેની પણ હાઈવે ઓથોરીટી દ્વારા સાફસૂફી કરવામા આવનાર હોવાનુ જાણવા મળેલ છે.

### એક સમયે ભાજપ સાથે જોડાયેલા ક્રિકેટરે પીચ બદલીઃ નેટીઝને મજાક ઉડાવી

# વિરેન્દ્ર સેહવાગે હરિયાણામાં કોંગ્રેસનાં ઉમેદવાર અનિરૂદ્ધ ચૌધરીને સમર્થન આપ્યું

### ક્રિકેટ બોર્ડના પૂર્વ પ્રમુખ અને હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી બંસીલાલના પૌત્ર માટે પ્રચારમાં ઉતર્યા

હરિયાણા.તા.૩

હરિયાણામાં ૯૦ વિધાનસભા સીટો માટે ૫ ઓક્ટોબરે મતદાન થશે. આ માટે સમગ્ર રાજ્યમાં ચૂંટણી પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. હરિયાણાની ચૂંટણીનાં મેદાનમાં ભારતનાં વિસ્ફોટક ભૂતપૂર્વ ઓપનર વીરેન્દ્ર સેહવાગ પણ ઉતર્યા હોવાથી મામલો વધુ રસપ્રદ બન્યો છે.

વીરુ તોશામથી ચૂંટણી લડી રહેલાં કોંગ્રેસનાં ઉમેદવાર અનિરૂદ્ધ ચૌધરીના સમર્થનમાં દેખાયાં અને તેમનાં માટે વોટ માંગ્યાં હતાં. તેમણે તોશામના લોકોને કોંગ્રેસનાં બટન દબાવવા અને અનિરૂદ્ધ ચૌધરીને જીતાડવાની અપીલ કરી હતી. અનિરૂદ્ધ ચૌધરીના ચહેરા પર ખુશી સ્પષ્ટ દેખાતી હતી કે વીરેન્દ્ર સેહવાગે તેનાં માટે વોટ માંગ્યા હતાં. તે માટે તેને સેહવાગનો આભાર પણ માન્યો હતો. અનિરૂદ્ધ ચૌધરીના વિરેન્દ્ર સેહવાગ સાથે ઘણાં જૂના સંબંધો છે. ચૌધરી બીસીસીઆઈના ભૂતપૂર્વ પ્રમુખ રણબીર મહેન્દ્રના પુત્ર અને



હરિયાણાનાં પૂર્વ મુખ્યમંત્રી બંસી લાલના પૌત્ર છે. તેને તેનાં પિતરાઈ બહેન અને તોશામથી ભાજપનાં ઉમેદવાર શ્રુતિ ચૌધરી જે બંસી લાલના નાના પુત્ર સુરેન્દર સિંહની પુત્રીની સામે ચૂંટણી લડી રહ્યાં છે.

વીરેન્દ્ર સેહવાગે અનિરૂદ્ધ ચૌધરીને પોતાનો મોટો ભાઈ ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, મને પૂરી આશા છે કે અનિરૂદ્ધ ચૌધરી લોકોને આપેલાં વચનો પૂરાં કરશે. વીરેન્દ્ર સેહવાગે તોશામના લોકોને આશ્વાસન આપ્યું કે, ‘‘જો અનિરૂદ્ધ ચૌધરી ચૂંટણી જીતશે તો તેઓ તેમને નારાજ નહીં કરે.‘‘

એવું માનવામાં આવે છે કે તોશામના લોકો ઉમેદવાર તરીકે ચૂંટણી મેદાનમાં ઉતરેલા અનિરૂદ્ધ ચૌધરીને સ્વીકારશે. હવે ૫ ઓકટોબરે જ ખબર પડશે કે વીરેન્દ્રને મેદાનમાં ઉતારીને પ્રચારનો કેટલો ફાયદો થાય છે. , જો વીરેન્દ્ર સેહવાગના શબ્દો તોશામના લોકો પર એ જ ચમત્કાર કરે છે જે તેનું બેટ ક્રિકેટનાં મેદાનમાં કરે છે, તો અનિરૂદ્ધ ચૌધરીને ચોક્કસ ફાયદો થશે.

**સેહવાગના કોંગ્રેસ સમર્થન પર ઓનલાઇન પ્રતિક્રિયાઓ :**

:- સોશિયલ મીડિયા એક્સ પર એક યુઝર્સે એન્ડોર્સમેન્ટને આશ્ચર્યજનક સમર્થન ગણાવ્યું હતું. કોંગ્રેસ માટે વીરેન્દ્ર સેહવાગનું સમર્થન પાર્ટીમાં નવી લહેર લાવી શકે છે. રમતગમતની હસ્તીઓ રાજકારણમાં સામેલ થતી જોવાનું હંમેશા રસપ્રદ હોય છે.

:- એક યુઝરે સૂચવ્યું કે સેહવાગે કોંગ્રેસનાં ઉમેદવાર માટે વોટ માંગીને તેની ગુડ વીલ ગુમાવી દીધી છે, તેઓએ લખ્યું, ‘‘દેશ માટે રમનાર ક્રિકેટર તરીકે તેને ગમે તેટલું સન્માન મળ્યું હતું, તે એક દિવસમાં બધું ધોવાઈ ગયું.

:- સેહવાગની વૈચારિક પસંદગીઓ વિશે અન્ય યુઝરે શંકા વ્યક્ત કરી, ‘‘શું તેને પોતાની વિચારધારા બદલી કે માત્ર એક તક લીધી‘‘?

# એશિયાટીક લાયન સફારી પાર્ક માટે ૨૦.૧૮ કરોડના ખર્ચે કમ્પાઉન્ડ વોલના કામનો પ્રારંભ : ૨૯ હેકટરમાં પ્રાણીઓ સાથે પ્રવાસી વિહરશે

### પ્રદ્યુમન પાર્ક બાદ નવલા નઝરાણાની તૈયારીઓ પુરજોશમાં : નવા કામનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય ઉદય કાનગડ

રાજકોટ, તા. ૩

રાજકોટમાં લોકો માટે સૌથી પ્રિય પ્રદ્યુમન પાર્ક બાદ ઝુ પાછળના ભાગે જ નવા નજરાણા સ્વરૂપે લાયન સફારી પાર્ક જેવું ઉત્તમ ફરવાનું સ્થનળ મળી રહે અને સિંહ સંરક્ષણ-સંવર્ધનના પ્રયત્નોવમાં વધારો થાય તેમજ ઇકો ટુરીઝમ ક્ષેત્રે વધારો થાય તે માટે એશિયાટીક લાયન સફારી પાર્ક બનાવવામાં આવનાર છે. જે માટે ઝૂની પૂર્વ દિશાએ સર્વે નં.૧૪૪, ૧૪૫ તથા ૧૫૦ની કુલ અંદાજે ૨૯ હેકટર જમીનમાં ફરતે વોર્ડ નં.૫માં રૂ.૨૦.૧૮ કરોડના ખર્ચે કમ્પાઉન્ડ વોલ તથા ચેઈનલીંક ફેન્સીંગ દિવાલ બનાવવાના કામનું ખાતમુહૂર્ત વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના હસ્તે કરવામાં આવ્યું છે.

લાયન સફારી પાર્કમાં ૨૯ હેકટર જગ્યામાં ૨.૭૫ મીટર ઉંચી કમ્પાઉન્ડ વોલ, પાંચ મીટર ઉંચી ચેઇનલિંક ફેન્સ, પ્રાણીઓ માટે નાઇટ શેલ્ટર બનાવવાનું આયોજન છે. ઉપરાંત સફારી પાર્કમાં મુલાકાતી વાહન પ્રવેશ માટે ખાસ પ્રકારનો ટૂ વે ગેટ, પાંચ મીટર પહોળો ઇન્સ્પેકસન રોડ, ઇન્ટર કનેકટેડ રોડ, વોચ ટાવર, પાર્કમાં ખુલ્લામાં વિહરતા પ્રાણીઓ માટે જુદી જુદી જગ્યાએ પીવાના પાણીના પોન્ડ બનાવવામાં આવશે.



મુલાકાતીઓના વાહન માટે વિશાળ પાર્કિંગ, ટીકીટ વિન્ડો, રેસ્ટીંગ શેડ, ટોઈલેટ બ્લોક, લોન અને ગાર્ડન વિથ ચિલ્ડ્રન પ્લે એરીયા, ફીલ્ટર પાણી અને ફૂડ કોર્ટની વ્યવસ્થા થશે. આ પ્રસંગે મેયર નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા, ઝૂ સમિતિ ચેરમેન સોનલબેન સેલારા, શિશુ કલ્યાણ ખાસ ગ્રાંટ સંચાલિત અને અગ્નિ શામળ દળ સમિતિ દિલીપભાઈ લુણાગરીયા, બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશભાઈ દેથરિયા, કોર્પોરેટર પરેશભાઈ આર.પીપળીયા, દક્ષાબેન વાઘેલા, ઝૂ સુપ્રિ. આર.કે. હિરપરા, આસી.એન્જીનિયર રાકેશ વસોયા વગેરે હાજર રહેશે.

# કરોડોની બોગસ ઈનપુટ ટેકસ ક્રેડીટ અંગે ૩૦૦ કંપનીઓના સીનીયર મેનેજમેન્ટને નોટીસ વ્યકિતગત વસુલાત થશે

### જીએસટી દ્વારા પ્રથમ વખત મેનેજમેન્ટની જવાબદારી નક્કી કરાઇઃ કોર્પોરેટ જગતમાં જબરો ઉહાપોહ

નવી દિલ્હી, તા.૩

જીએસટીમાં ઇનપુટ ટેકસ ક્રેડીટએ કરચોરીનો સૌથી મોટો માધ્યમ બની ગયું છે. અને બોગસ બીલીંગ તેમજ બોગસ ઇનપુટ ટેકસ ક્રેડીટમાં કરોડોની કરચોરી થાય છે. તે સમયે ડીરેકટર જનરલ ઓફ ગુડઝ એન્ડ સર્વિસએ દેશની ટોચની ૩૦૦થી વધુ કંપનીઓને અને તેના પ્રમોટર અથવા એમડીને નોટીસ ફટકારીને બોગસ રીતે લેવાયેલી ઇનપુટ ટેકસ ક્રેડીટ અને તેના પર ૧૦૦ ટકા ક્રેડીટ શા માટે ન વસુલીએ તે અંગે નોટીસ ફટકારતા કોર્પોરેટ જગતમાં આંચકો લાગ્યો છે.

પ્રથમ વખત આ રીતે બોગસ ઇનપુટ ટેકસ ક્રેડીટ અંગે જે તે કંપની અથવા પેઢીની સાથે તેના સંચાલકો પ્રમોટર અને મેનેજીંગ ડીરેકટર સહિતનાને વ્યકિતગત વસુલાતની નોટીસ આપી છે. ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ના વર્ષના સમયગાળામાં કંપનીઓએ ઇનપુટ ટેકસ ક્રેડીટ સંદર્ભમાં આ નોટીસ ફટકારાય છે. જેમાં પ્રમોટર અને સીનીયર મેનેજરની ભૂમિકા પણ ખુલ્લી છે. જીએસટી એક્ટની કલમ ૧૨૨(૧એ) હેઠળ આ નોટીસ આપવામાં આવી છે. અનેક કેસોમાં માલની કોઇ હેરફેર વગર જ બોગસ બીલીંગ થયું હતું અને તેના આધારે ઇનપુટ ટેકસ ક્રેડીટ મેળવાઇ હતી. જો કે પ્રમોટર અને સીનીયર મેનેજમેન્ટને નોટીસ મુદ્દે ટેક્સ નિષ્ણાંતોએ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે એક કંપનીના એમડીને રૂા.૧૦૨ કરોડની પેનલ્ટીની નોટીસ ફટકારાઇ છે. ટેક્સ નિષ્ણાંતો કહે છે કે આ કાનુનના અર્થઘટનનો મુદ્દો છે પરંતુ પ્રથમ વખત સીનીયર મેનેજમેન્ટને નોટીસ અપાઇ છે.

# સામાકાંઠે પણ બોકસ ક્રિકેટના આયોજનને બ્રેક

### ખર્ચ મંજૂર કર્યા બાદ કામ શરૂ ન કરવા સૂચના : મનપા માટે સારૂ મુહૂર્ત આવતું નથી!

રાજકોટ, તા. ૩

શહેરના વેસ્ટ ઝોનમાં મનપાના બોકસ ક્રિકેટનું આયોજન રદ કરવામાં આવ્યા બાદ હવે સામાકાંઠે પણ બોકસ ક્રિકેટનો પ્લાન હાલ પુરતો પડતો મુકાયાનું જાણવા મળ્યું છે.

મહાપાલિકાના સુત્રોમાંથી જાણવા મળેલી વિગત મુજબ પૂર્વ ઝોનમાં અટલ બિહારી વાજપેયી ઓડીટોરીયમ પાછળ, વોર્ડ ઓફિસ સામે પ્લોટ નં.૧૯૧માં બોકસ ક્રિકેટ પીચ બનાવવા આયોજન કરાયું હતું. આ માટે રૂા. ૩૩.૯૦ લાખનો ખર્ચ પણ મંજૂર કરવામાં આવેલો છે. શહેરના ત્રણે ઝોનમાં એક-એક બોકસ ક્રિકેટ પીચ ઉભી કરવા અગાઉ આયોજન કરાયું હતું. તે પૈકી થોડા સમય પહેલા વેસ્ટ ઝોનમાં કાલાવડ રોડ પર સત્ય સાંઇ રોડ માર્ગ પર ક્રિકેટ બોકસનું ખાતમુહૂર્ત કરાયા બાદ વિસ્તારના લોકોના વિરોધના કારણે આયોજન પડતું મૂકાયુ હતું.

દરમ્યાન હવે પૂર્વ ઝોનમાં પણ આ બોકસ ક્રિકેટ પીચનું કામ શરૂ નહીં કરવા સૂચના અધિકારીઓને આપી દેવાઇ છે. વેસ્ટ ઝોનની જેમ આ વિસ્તારમાં પણ કોઇ વિરોધ હોવાનું માનવામાં આવે છે. ઉપરાંત આ વિશાળ પ્લોટમાં પ્લાન બેસાડવા અંગે પણ બે વિચાર ઉભા થયા છે. હાલ કોઇ સત્તાવાર કારણ આપવામાં આવ્યું નથી. પરંતુ ખુબ લોકપ્રિય એવા બોકસ ક્રિકેટ કોર્પો.ની જગ્યામાં બને અને રહેવાસીઓ માટે ત્રાસ થાય તેવું ન બને તે જોવા પણ અધિકારીઓને કહેવાઇ રહ્યું છે.

# માધવી પુરી બુચનું સેબીના વડા તરીકે રાજીનામું?

**સરકારે હાલ દિલીપ ખારાને સેબીની જવાબદાર સોંપી હોવાના અહેવાલઃ જો કે હજુ કોઇ સત્તાવાર જાહેરાત થઇ નથી**

વિવાદમાં ફસાયેલા સિક્યુરીટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિના વડા માધવી પુરી બુચને તેમના પદ પરથી દુર કરાયા હોવાના અહેવાલ છે અને તેના સ્થાને હાલમાં જ સેબીમાંથી નિવૃત્ત થયેલા દિલીપકુમાર ખારાને સેબીની જવાબદારી સોંપાય તેવા સંકેત છે. જો કે આ અંગે હજુ કોઇ જાહેરાત થઇ નથી. પરંતુ હાલમાં જ સેબીની બેઠક મળી હતી અને તેમાં આ અંગે ચર્ચા-વિચારણા થઇ હોવાનું માનવામાં આવે છે. જો કે માધવી પુરી બુચે પોતે જ રાજીનામુ ધરી દીધું હોય તે પણ ચર્ચા છે. હજુ સુધી કોઇપણ સત્તાવાર જાહેરાત થઇ નથી.



અમેરિકા શોર્ટ સેલીંગ ફંડ હિડનબર્ગ દ્વારા માધવી પુરી બુચ સામે અનેક આક્ષેપો કરાયા હતા અને અદાણી ગ્રુપ ઉપરાંત અન્ય કોર્પોરેટર સાથે તેમને સાઠગાંઠના આરોપ હતા અને સરકાર પણ આ બાબતે મૌન રહી હતી. હવે બિનસત્તાવાર રીતે આવેલા અહેવાલો તેઓએ પોતાનું પદ છોડ્યું હોય તેવું માનવામાં આવે છે.

# ગોંડલ નાગરિક બેંકના ચેરમેન પદે સતત ત્રીજી વખત અશોક પીપળીયા બિનહરીફ; વા.ચેરમેન પદે ગણેશ જાડેજા

### કોંગ્રેસ પ્રેરીત પેનલને ધોબી પછડાટ આપી ભાજપ પ્રેરીત પેનલનો વટભેર વિજયઃ ગણેશ જાડેજાએ જેલમાં રહી ચૂંટણી જીતી ગુજરાતનાં સહકારી ક્ષેત્રે નવો ઈતિહાસ સર્જી વાઈસ ચેરમેન પદ મેળવ્યું



(જીતેન્દ્ર આચાર્ય) ગોંડલ તા.૩

સમગ્ર ગુજરાત માં હાઇપ્રોફાઇલ બનેલી ગોંડલ નાગરિક બેંક ની ચુંટણીમાં કોંગ્રેસ પ્રેરીત પેનલ ને ધોબી પછડાટ આપી ભાજપ પ્રેરીત પેનલે વટભેર વિજય મેળવ્યા બાદ આજે નાગરિક બેંક ભવન માં યોજાયેલ નવા સુકાનીઓ ની ચુંટણી માં સતત ત્રીજી વખત અશોકભાઈ પીપળીયા ચેરમેન પદે બીનહરીફ જાહેર થયા હતા.જ્યારે વાઇસ ચેરમેન પદે જ્યોતિરાદિત્યસિંહ (ગણેશ) જાડેજા અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે પ્રફુલભાઈ ટોળીયા બીનહરીફ બન્યા હતા.



શરુઆત થીજ ઉત્તેજનાત્મ બની રહેલી નાગરિક બેંક ની ચુંટણી માં ભાજપે જયરાજસિહ જાડેજાનાં માર્ગદર્શન હેઠળ નાગરિક બેંક નાં છેલ્લાં પાંચ વર્ષ થી સફળ સુકાની સાબીત થયેલા અશોકભાઈ પીપળીયાને 'ચહેરો' બનાવી યોજાયેલી ચુંટણીમાં ધાર્યું પરિણામ પાર પાડ્યુ હતું.જ્યોતિરાદિત્યસિંહે જુનાગઢ જેલ માં રહી ચુંટણી જીતીને ગુજરાત નાં સહકારી ક્ષેત્ર માં નવો ઇતિહાસ સર્જ્યો હતો.હવે તેઓ વાઇસ ચેરમેન બન્યા છે. ઉલ્લેખનીય છેકે જ્યોતિરાદિત્યસિંહ નાં પિતા પુર્વ ધારાસભ્ય જયરાજસિહ જાડેજાએ ૩૦ વર્ષ પહેલા નાગરિક બેંક માં વાઇસ ચેરમેન બની રાજકીય કારકીર્દી ની શરુઆત કરી હતી.હવે જ્યોતિરાદિત્યસિંહનું પણ નાગરિક બેંક દ્વારા રાજકીય લોંચીંગ થયુ ગણાશે.પ્રફુલભાઈ ટોળીયા ગ્રામ્ય લેવલ નાં આગેવાન ગણાય છે.પણ નાગરિક બેંક માં એમ.ડી નું પદ મેળવી તેમણે શહેરી રાજનીતિ માં પ્રવેશ કર્યો છે.નાગરિક બેંક નાં સમર્પણ ભવન ખાતે યોજાયેલી નવા સુકાનીઓ ની ચુંટણી વેળા શહેર ભાજપ પ્રમુખ પિન્ટુભાઈ ચુડાસમા સહિત આગેવાનો,કાર્યકરો ઉપરાંત સમર્થકો બહોળી સંખ્યા માં ઉપસ્થિત રહી સુકાનીઓ ને શુભેચ્છાઓ પાઠવી હતી.

# શહેરમાં ૩૧ અર્વાચીન દાંડિયા મંજૂરીની રાહમાંઃ આયોજકોના શ્વાસ અધ્ધર

### આજે નવરાત્રીની શરૂઆત થયાં બાદ રાતે દિવસ ઉગશે તે પહેલાં ખેલૈયાઓ માટે પણ ચિંતાનો વિષય સામે આવ્યોઃ આ વખતે ફાયર, સ્ટ્રકચર સ્ટેબિલિટી સહિતના કડક નિયમો કડકાઇથી પાલન કરવાની સૂચનાથી આયોજકોમાં છેલ્લે સુધી દોડધામઃ જન્માષ્ટમીના મેળા વાળી થશે કે મંજૂરી મળી જશે ?

### એક એક નિયમોની બારીકાઈથી પોલીસ કમિશ્નર કચેરીમાં ચકાસણી કરાઈ રહી છેઃ જો, પોલીસે જાહેર કરેલ નિયમોમાં એકપણ વિભાગની મંજૂરી ઓછી હશે તો પણ મંજૂરી નહિ અપાઈઃ સાંજ સુધી અજંપાભરી સ્થિતિ

રાજકોટ. તા.૦૩

આજે માતાજીની આરાધનાનો પ્રથમ દિવસ એટલે કે, નવરાત્રીની શરૂઆત થઈ છે. સવારથી જ માંઈ ભક્તો ભક્તિમાં લિન થઈ ગયાં છે. ત્યારે આજે રાત પડશે ને શહેરમાં દિવસ ઉગશે તેમ ગરબા રમવા માટે લોકો થનગની રહ્યાં છે. ત્યાતે તેની વચ્ચે એક ચિંતા કરાવે તેવા સમાચાર સામે આવ્યાં છે. શહેરમાં ૩૧ અર્વાચીન ગરબાની અરજી આવી છે. જેમાંથી હજું એક પણ અરજી પોલીસે મંજુર નથી કરી તેવા સમાચાર સામે આવતાં અયોજકોની



સાથે ખેલૈયાઓના પણ શ્વાસ અધ્ધર થઈ ગયાં છે અને અયોજકોમાં છેલ્લે દોડધામ મચી ગઈ છે.નવરાત્રીની તૈયારીઓ અયોજકોથી લઈ ખેલૈયાઓ સુધી તમામે પૂર્ણ કરી દિધી છે. અયોજકે લાખો રૂપિયા પાથરી સ્ટેજ, સાઉન્ડ સિસ્ટમ સહિતની તમામ તૈયારીઓ પુરી કરી દિધી છે. જ્યારે ખેલૈયાઓ પણ આજે રાતે ગરબે રમવા થનગની રહ્યાં છે. ત્યારે પોલીસ કમિશ્નર કચેરીમાં બેસતી લાયસન્સ બ્રાન્ચમાં પાસ આપી ગરબે રમાડતી અર્વાચીન ગરબા માટે શહેરભરમાંથી કુલ ૩૧ અરજી મંજૂરી માટે આવી છે. ત્યારે આજ રાતથી ગરબાની શરૂઆત થઈ રહી છે ત્યારે પોલીસે એક પણ અરજીની મંજૂરી નથી આપી તેવું સામે આવતાં અયોજકોમાં સોંપો પડી ગયો હતો.લાયસન્સ બ્રાન્ચના પીઆઈ દહીયાએ જણાવ્યું હતું કે, આજ સુધીમાં કુલ ૩૧ અર્વાચીન દાંડિયાની અરજી મંજૂરી માટે આવી છે. જેમાંથી બપોર સુધી એક પણ દાંડિયાને મંજૂરી આપવામાં આવી નથી. તમામ અરજી માટે આવેલ ડોક્યુમેન્ટની બારીકાઈથી ચકાસણી કરવામાં આવી રહી છે. તેમજ જો એકપણ અરજીમાં પોલીસે અગાઉ જાહેર કરેલ નિયમો પાળેલ નહિ હોય તેમને મંજૂરી નહીં આપવામાં આવે તેવું સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે. તેમજ જે દાંડિયા કલબને મંજૂરી નહિ મળી હોય તેમના ગરબા શરૂ નહીં કરવાં દેવામાં તેવું પણ જણાવ્યું છે.

હાલ, એક પણ આયોજકોને મંજૂરી નહીં મળતાં અયોજકોમાં દોડધામ મચી ગઇ છે અને ઘટતાં ડોક્યુમેન્ટ પુરા કરવાં છેલ્લે સુધીના પ્રયાસો કરી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે, શહેરમાં જન્માષ્ટમીના મેળામાં પણ છેલ્લા સુધી અયોજકો અને તંત્ર વચ્ચે હરીફાઈ રહી હતી અને છેલ્લે મેળો રદ કરવો પડ્યો હોય તેવો રાજકોટના ઇતિહાસમાં પ્રથમ કિસ્સો બન્યો હતો.આમ પણ રાજકોટમાં ગેમઝોન ઘટના બની બાદથી એકપણ આઈએએસ કે આઈપીએસ અધિકારી જવાબદારીમાં ફિક્સ થવાં તૈયાર નથી. એક બીજા પર જવાબદારી ઠોપી જન્માષ્ટમીમાં શહેરીજનોને નિરાશ કર્યા બાદ નવરાત્રીમાં પણ છેલ્લે સુધી તંત્ર એકબીજા પર કામગીરી ઢોળી રહી છે.

## તમામ નિયમો પાળનાર આયોજકોને સાંજ સુધીમાં મંજુરી મળી જશેઃ ડીસીપી ડો.પાર્થરાજસિંહ ગોહીલ



રાજકોટ તા.૩

નવરાત્રીના પાવન પ્રથમ દિવસે આયોજકો અને ખેલૈયાઓને ચિંતામાં મુકનાર માઠા સમાચાર સામે આવ્યા છે. જેમાં અર્વાચીન ૩૧ ડાંડીયા કલબની આવેલ અરજીઓમાંથી એક અરજી હજુ સુધી મંજુર થઈ નથી. ત્યારે ડીસીપી (ક્રાઈમ) ડો. પાર્થરાજસિંહ ગોહિલે ‘સાંજ સમાચાર’ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, અગાઉ પોલીસે જાહેર કરેલ તમામ નિયમો આયોજકે પાળવાના રહેશે જે નિયમો પુરા કરી અરજી કરેલ આયોજકોને આજે સાંજ સુધીમાં મંજુરી મળી જશે તેવી વાત કરી હતી. જયારે નિયમો નહિ પાળનાર આયોજકો માટે મુશ્કેલી ઉભી થાય અને અરજી નામંજુર પણ થઈ શકે તેવું સ્પષ્ટ જણાવ્યું હતું.

## મંજુરીના ઉહાપોહ વચ્ચે ત્રણ આયોજનોને મંજુરી મળી ગયાના સમાચારો વ્હેતા થયા

રાજકોટ તા.૩

શહેરમાં યોજાનાર ૩૧ અર્વાચીન દાંડીયાને હજુ સુધી મંજુરી નહી મલતા આયોજકોમાં ઉહાપોડ મચી ગયો હતો. ત્યારે ત્રણ આયોજનોને મંજુરી મળી ગયાના સમાચારો વ્હેતા થયા હતા. જો કે, જે મામલે લાયસન્સ બ્રાંચનો સંપર્ક સાધતા જણાવ્યું હતું કે હાલ સુધી અમારા તરફથી એક પણ આયોજનને મંજુરી આપવામાં નથી આવી કહી મંજુરીની વાતનો છેદ ઉડાડયો હતો.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૫૦-૨૬૦૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૫૦૦-૨૫૫૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૬૦-૨૨૧૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૧૦-૨૧૬૦ |
| પામોલીયન તેલ | ૨૦૩૦-૨૦૩૫ |
| મસ્ટર્ડ તેલ | ૨૦૯૦-૨૧૧૦ |
| સનફલાવર તેલ | ૧૮૮૦-૧૯૧૦ |
| મકાઇ તેલ | ૧૯૩૦-૧૯૫૦ |
| વનસ્પતિ ઘી | ૨૧૬૦-૨૨૦૦ |
| કોપરેલ | ૩૦૦૦-૩૦૫૦ |
| દિવેલ | ૨૧૮૦-૨૨૧૦ |



**સોનુ-ચાંદી**

| | |
|---|---|
| સોનુ (૧૦ ગ્રામ) | ૭૭૯૫૦(-૨૫૦) |
| ચાંદી | ૯૩૫૦૦(-) |

# પ્રથમ નોરતે કાગવડ ગામથી ખોડલધામ મંદિર સુધીની પદયાત્રામાં માઇ ભકતો ઉમટયાઃ શ્રધ્ધાના દર્શન

## પ્રથમ નોરતે મહાઆરતી, ધ્વજારોહણ, યજ્ઞ સાથે નવરાત્રીનો કરાયો પ્રારંભઃ ખોડલધામના ચેરમેન નરેશભાઇ પટેલની આગેવાનીમાં યોજાઇ પદયાત્રા






રાજકોટ, તા. ૩

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડની દર વર્ષની પરંપરા મુજબ આસો નવરાત્રિના પ્રથમ દિવસે પદયાત્રા યોજાઈ હતી. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલના આગેવાનીમાં આજે ૩ ઓક્ટોબરને ગુરૂવારના રોજ કાગવડ ગામથી શ્રી ખોડલધામ મંદિર સુધી યોજાયેલી આ પદયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા અને પ્રથમ નોરતે મહાઆરતી, ધ્વજારોહણ અને યજ્ઞ થકી મા ખોડલના પોંખણાં કરી નવરાત્રિનો શુભારંભ કર્યો હતો.

પ્રથમ નોરતે યોજાયેલી પદયાત્રા પ્રસંગે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલે સૌ કોઈને નવરાત્રિના શુભ દિવસોની શુભકામના પાઠવી હતી. વધુમાં નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ વર્ષે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા ગુજરાતભરમાં ૩૭ જગ્યાએ ગરબીઓ થવા જઈ રહી છે. દર વર્ષે ખોડલધામ મંદિર તરફ લોકોની આસ્થા અને શ્રદ્ધા પણ વધતી જાય છે. આજના આ દિવસે મા ખોડલને પ્રાર્થના કરીએ કે આપણી સંગઠનની જ્યોત જે પ્રજ્વલિત કરી છે તેને આંચ ન આવે. આપણે સૌ સમાજના કામ કરતાં કરતાં રાષ્ટ્રની સેવામાં આગળ વધીએ. ખોડલધામ કેન્સર હોસ્પિટલનું ખૂબ મોટું કામ કરવા જઈ રહ્યું છે. આગામી એકાદ મહિનામાં હોસ્પિટલનું કામ પણ શરૂ થઈ જશે. સર્વ સમાજ માટે થવા જઈ રહેલો આ સેવાયજ્ઞ આપણે સૌ સાથે મળીને પૂર્ણ કરીએ તેવી મા ખોડલને પ્રાર્થના કરું છું.

પ્રથમ નોરતે યોજાયેલી પદયાત્રામાં જોડાવા વહેલી સવારથી જ કાગવડ ગામે શ્રદ્ધાળુઓ પહોંચી ગયા હતા. ૩ ઓક્ટોબરને ગુરૂવારના રોજ સવારે ૭-૩૦ કલાકે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલનું કાગવડ ગામવાસીઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નરેશભાઈ પટેલે કાગવડ ગામ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ કાગવડ ગામે પ્રાથમિક શાળામાં નરેશભાઈ પટેલ અને અન્ય ટ્રસ્ટીઓએ દિપ પ્રાગટ્ય કર્યું હતું. સંબોધન બાદ નરેશભાઈ પટેલ દ્વારા રથમાં બિરાજમાન મા ખોડલની આરતી કરવામાં આવી હતી. આરતી પૂર્ણ થતાં જ નરેશભાઈ પટેલે પદયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. પદયાત્રામાં મા ખોડલના રથની આગેવાનીમાં ડી.જે.ના તાલે ગરબા રમતાં રમતાં મા ખોડલના જય જયકાર સાથે ભક્તો કાગવડ ગામથી ખોડલધામ મંદિર સુધી પહોંચ્યા હતા.

પદયાત્રા મંદિરના પટાંગણમાં પહોંચ્યા બાદ મા ખોડલના ચરણોમાં શીશ ઝુકાવીને ભાવિકોએ આશીર્વાદ લીધા હતા.મંદિરે મા ખોડલની મહાઆરતી કરવામાં આવી હતી. ત્યારબાદ ખોડલધામ મંદિરના શિખર પર ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. દર વર્ષની માફક આ વર્ષે પણ યજ્ઞશાળામાં યજ્ઞ કરવામાં આવ્યો હતો. પદયાત્રામાં જોડાયેલા ભક્તો માટે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા ફરાળ અને નાસ્તાની વ્યવસ્થા કરાઈ હતી. પદયાત્રાના માર્ગ પર ભક્તોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે સ્વયંસેવકોની ટીમ પણ ખડેપગે રહી હતી અને પાણી સહિતની વ્યવસ્થા સારી રીતે સંભાળી હતી.

આ પદયાત્રામાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટીશ્રીઓ, શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટના ટ્રસ્ટીશ્રીઓ, શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન વેરાવળ-સોમનાથના ટ્રસ્ટીઓ, શ્રી ખોડલધામના જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કન્વીનરો, શ્રી ખોડલધામ મહિલા સમિતિ, શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ, શ્રી ખોડલધામ યુવા સમિતિ, શ્રી ખોડલધામ મીડિયા સમિતિ, શ્રી ખોડલધામ લિગલ સમિતિ, શ્રી ખોડલધામ શિક્ષણ પાંખ, અન્ય વિવિધ સમિતિઓ, રાજકોટના તમામ સરદાર પટેલ સોશિયલ ગ્રુપના સભ્યો, અટકથી ચાલતા લેઉવા પટેલ સમાજના પરિવારના સભ્યો, સમાજની સંસ્થાઓના સભ્યો અને સમાજના ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

નવરાત્રિ દરમિયાન દરરોજ ખોડલધામ મંદિરે યજ્ઞશાળામાં હવન કરવામાં આવશે અને મા ખોડલને રોજ અવનવા શણગાર અને ધ્વજારોહણ કરી ભક્તો મા ખોડલની આરાધના કરશે. નવરાત્રિ હોવાથી મંદિર પરિસરને લાઈટિંગ કરવમાં આવેલ છે.

# કાલે ઝાયડસ હોસ્પિટલ ખાતે લોહીના રોગો, ગાયનેક કેન્સર અને લોહીની નળીને લગતા રોગોનો કેમ્પ યોજાશે.

## હિમેટોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત ડો. નિધિ જૈન,ગાયનેકોલોજી ડો. મોના શાહ ,લોહીની નળી સંબંધિત રોગોના નિષ્ણાંત ડો. દિવ્યેશ દઢાણિયા સેવા આપશે



zydus Hospitals

રાજકોટ, તા.૩

ઝાયડસ હોસ્પિટલ, અમદાવાદ દ્વારા લોહીના રોગો, ગાયનેક કેન્સર અને લોહીની નળીને (વાસ્કયુલર) લગતા રોગોનો કેમ્પ આવતીકાલે સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ સુધી ઝાયડસ સુપર સ્પેશિયાલિટી ઓપીડી ૧૦૧, ટાઈમ્સ સ્કવેર-૨, અયોધ્યા ચોક પાસે, ૧૫૦ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

જેમાં ડો. નિધિ જૈન MD (Medicine), DM હિમેટોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત, લોહીના રોગો અને લોહીના કેન્સરના નિષ્ણાંત સતત રહેતી લોહીની ઉણપ (જન્મજાત / વારસાગત) શ્વેત કણો અને રક્ત કણો પ્લેટલેટ ની વધારે વધઘટ,લોહીના રિપોર્ટ માં અસામાન્ય વધઘટ બતાવે શરીર ફીકુ પડી જવું, સુસ્તી રહેવી અને વધારે પડતો થાક લાગવો લોહીની અનિયમિતતા ના કારણે થઈ શકે છે,

દવાઓ કરાવતા છતાં લોહીની માત્રામાં ના થતો ફેરફાર લોહીના રોગના નું નિદાન કરશે. ડો. મોના શાહ MD (ગાયનેકોલોજી),ફેલોશીપ ગાયનેક ઓન્કોલોજી (CMC, Vellore) ગાયનેક કેન્સર સર્જન,લેપ્રોસ્કોપીક અને રોબોટિક સર્જનઅંડાશયના કેન્સર, પેરિટોનિયલ કેન્સર, ગર્ભાશયના કેન્સર,વલ્વર કેન્સર યોનિમાર્ગના કેન્સર, ગર્ભાવસ્થા સમયે થતી અંડાશયની ગાંઠ, અંડાશય / ગર્ભાશય / સર્વિક્સ સંબંધિત સમસ્યા, યુટેરિન ફાઈબ્રોઈડ, એન્ડોમિટ્રિઓસિસ, હિસ્ટરેકટમી - લેપ્રોસ્કોપી અને રોબોટિક હિસ્ટરેકટમી જેવી સારવાર આપશે. અને લોહીની નળી સંબંધિત રોગોના નિષ્ણાંત ડો. દિવ્યેશ દઢાણિયા MD, DM વાસ્કયુલર અને ઇન્ટરવેન્શનલ રેડિયોલોજીસ્ટ લોહીની નળી સંબંધિત રોગોની સર્જરી વગર સારવાર, વેરીકોઝ વેન પ્રોસ્ટેટ વૃદ્ધિ '' પગની નસોના રોગો (ગેંગરીન,ડાયાબિટીક ફુટ, અલ્સર), લીવરમાં ગાંઠ થાઈરોઈડનો સોજો, ગર્ભાશયમાં ગાંઠ સાંધામાં દુઃખાવો જેવા રોગોની આધુનિક પિનહોલ પ્રોસિજરથી સારવાર આપશે.

આ કેમ્પ નો લાભ લેવા રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. જેથી ૯૮૭૯૬૦૩૦૩૦ / ૭૩૫૯૬ ૩૦૦૦૩ પર રજિસ્ટ્રેશન કરાવવું.

### આવ્યા માઁના નોરતા

# કોઠારીયા કોલોની ગરબી મંડળમાં સાંજે માઁ જગદંબાનું સ્થાપન કરાશે

## જય ભવાની, જય અંબેનો દિવ્ય નાદ ગુંજશે



રાજકોટ તા.૩

કોઠારીયા કોલોની ગરબી મંડળ દ્વારા છેલ્લા ૬૭ વર્ષથી પ્રાચીન નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. માં જગદંબાની ઉપાસનાનું પર્વ નવરાત્રી છે. ગરબો તે અખીલ બ્રાહ્માંડનું પ્રતિક છે માં જગદંબાની આરાધનાનું પર્વનો ગુરૂવાર આસોસુદ એકમથી પ્રારંભ થશે. શાસ્ત્રોકતવિધિ સાથે ગરબી ચોક ખાતે માતાજીનું સ્થાપન કરાશે. નવરાત્રીમાં ગરબાને મધ્યમાં રાખી ૧૦૮ વખત રમવાતી અથવા પ્રદક્ષિણા કરવાથી પુણ્ય પ્રાપ્ત થાય છે. માતાજીના છંદ, દોહા, સ્તુતી, મહાઆરતી, અને રાસોની રમઝટ જામશે.

ગરબીમાં નાની મોટી બાળાઓ તથા બાળકોના અવનવા રાસ રજુ કરવામાં આવે છે. ગરબી મંડળના મુખ્ય રાસો દાંડીયા રાસ, ચોકડી રાસ, બાદશાહ રાસ, મોગલમાંનો રાસ, કરતાલ રાસ, કોપણી રાસ, મોર બની થનગાટ કરે રાસ, શાસ્ત્રીય નૃત્ય, ગામઠી રાસ, ડબલ ઉલારીયો, શિવ લહેરી રાસ, ખોડલ ખમકારી રાસ, મહાકાળીમાંનો રાસ, છંદ, મીકસ દાંડયા રાસ, કઠીયાવાડી રાસ સહિતના પરંપરાગત રાસની રમઝટ જામશે. કોઠારીયા કોલોની ગરબી નિહાળવા કોઠારયા કોલોની ગરબી મંડળ દ્વારા અનુરોધ કરાયો છે.

# હળવદ બ્રહ્મસમાજ રાજકોટના પ્રમુખ એડવોકેટ જયેશ જાની અને ઉપપ્રમુખ હરીશ મહેતાની પુનઃવરણી

## સમાજની વાડીમાં નવ દિવસ પ્રાચીન ગરબાનું આયોજન

રાજકોટ, તા.૩

આગામી ત્રણ વર્ષના બ્રહ્મચોયાર્સીના યજમાનોનું એડવાન્સ બુકીંગ રાજકોટ હળવદ બ્રહ્મ મિત્રમંડળ (હળવદ બ્રહ્મસમાજ) રાજકોટની સાધારણ સભા એસ્ટ્રોન ચોક પાસે આવેલ સમાજની હળવદ બોડીંગ-વાડી ખાતે તાજેતરમાં યોજાઈ હતી.

આ સભામાં નવા વર્ષની કારોબારીની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે એડવોકેટ એન્ડ નોટરી જયેશ જાની અને ઉપપ્રમુખ તરીકે ખાણ ખનીજ વિભાગના નિવૃત અધિકારી હરીશ મહેતાની પુનઃવરણી કરવામાં આવી હતી. જયારે મંત્રી તરીકે હર્ષદ વ્યાસ, સહમંત્રી યોગેશ દવે, કોષાધ્યક્ષ મહેશ શુકલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત સમાજની સલાહકાર સમિતિમાં જનાર્દન આચાર્ય, મુરલી દવે, સતીષ મહેતા, નીતીન જાની અને મુકેશ શુકલની વરણી તેમજ કારોબારી સભ્ય તરીકે બૈજુ દવે, ઉમેશ શુકલ, મનીષ આચાર્ય, વ્યાનેશ શુકલ, વિપુલ દવે, ભાવિન શુકલ, પ્રકાશ જોશી, ચિરાગ રાવલ, અલ્પા શુકલ, હેતલ આચાર્ય અને ઈલા મહેતાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. છેલ્લા ૨૭ વર્ષથી વધારે સમયથી સમાજની આ વાડીમાં સભ્યો માટે પ્રાચીન ગરબાનું નવ દિવસ આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ ભવ્ય આયોજન કરવાનું સાધારણ સભાની મિટિંગમાં નક્કી કરવામાં આવ્યું છે.

નોરતામાં એક દિવસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બાળકો સહિત નાનામોટા વિજેતાઓને લાખેણા ઈનામો આપવામાં આવશે.

# સિધ્ધનાથ મહાદેવ મંદિરમાં ખોડિયાર ગરબી મંડળ દ્વારા છેલ્લા ૨૮ વર્ષથી પ્રાચીન રાસ-ગરબાનું આયોજન



રાજકોટ, તા. ૩

પશ્ચિમ રાજકોટના પોશ વિસ્તારો શારદાનગર, પંચાયતનગર, શ્રી રામ પાર્ક બંસરી સોસાયટી અને શ્રધ્ધાદિપ સોસાયટી મધ્યે બિરાજતા દેવાધિદેવ શ્રી સિધ્ધનાથ મહાદેવના પવિત્ર આંગણે આઈ શ્રી ખોડિયાર ગરબી મંડળ દ્વારા અવિરતપણે સતત ૨૮ વર્ષથી શરૂ થયેલ હિન્દુ સંસ્કૃતિને જાળવી રાખતા પ્રાચીન રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે.

આઈશ્રી ખોડીયાર ગરબી મંડળની વિશિષ્ટતા એ છે કે આ મંડળ પૂર્ણ તથા બહેનો સંચાલિત છે. ગરબી મંડળમાં કોઈ પણ જાતના ભેદભાવ વગર કોઈપણ વિસ્તારમાં રહેતા પરિવારની પાંચથી બાર વર્ષ સુધીની બાળાઓને પ્રવેશ આપવામાં આવે છે. નવરાત્રી પહેલા એક માસની સઘન પ્રેકટીસ કરાવવામાં આવે છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે ૨૦૧૬ના વર્ષમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રાચીન ગરબી મંડળો વચ્ચે હરીફાઈ યોજવામાં આવી હતી જેમાં શહેરના ૫૫૦થી અધિક પ્રાચીન ગરબી મંડળોએ ભાગ લીધો હતો. આ હરીફાઈમાં આ શ્રી ખોડિયાર ગરબીને દ્વિતીય રેન્ક પ્રાપ્ત થયેલ હતો.

આઈશ્રી ખોડિયાર ગરબી મંડળની તદન નાના પાયે શરૂઆત થઈ હતી પરંતુ મા અંબાના આશિર્વાદ અને સિધ્ધનાથ મહાદેવની કૃપાથી ઉતરોતર પ્રગતિ કરી આજે પ્રાચીન ગરબી કરાવતા મંડળોમાં અગ્રસ્થાને છે.

આઈ શ્રી ખોડીયાર ગરબી મંડળ દ્વારા ભારતીય સંસ્કૃતિ સંલગ્ન વિવિધ નામાંકિત મંડળો અને સંસ્થાઓને પણ નિમંત્રણ આપવામાં આવે છે. સમગ્ર ભારતમાં અને વિશ્વના અનેક દેશોમાં જેમણે ભારતીય નૃત્ય શૈલીનો ડંકો વગાડયો છે એવા સુપ્રસિધ્ધ તાંડવ નર્તન નૃત્ય એકેડેમીના કલાકારો દ્વારા ખુબ જ સુંદર નૃત્યો રજુ કરવામાં આવે છે. અત્યંત સેવાભાવી સઃસ્થા કહી શકાય એવા મનોદિવ્યાંગ દિકરીઓની સંસ્થા એકરંગની દિવ્યાંગ દિકરીઓના કલ્પનાતીત રાસ ગરબા નિહાળવા એ તો જીવનનો લ્હાવો કહી શકાય રાજપૂત રાસ મંડળના યુવાનો દ્વારા શોર્ય સભર તલવાર રાસની રમઝટ પણ સમયાંતરે રાખવામાં આવે છે. મીમીક્રી આર્ટીસ્ટ ઉમેશ રાવ અને એમના અન્ય સાથી કલાકારો દ્વારા પણ વિવિધ પ્રકારની કૃતિઓ રજુ કરવામાં આવે છે.

આગામી નવરાત્રીને સફળ બનાવવા આઈ શ્રી ખોડીયાર ગરબી મંડળની શરૂઆતથી જ જોડાયેલા છે એવા મયુરીબેન ભાલાળાના માર્ગદર્શન હેઠળ અલ્પાબેન બુધ્ધદેવ, અવનીબેન દેસાઈ, ધારાબેન પુજારા, દિવ્યાબેન જોશી, નેહલબેન ચાવડા, દિવ્યાબેન મકવાણા, જયાબેન ડોડીયા સહિત આઈ શ્રી ખોડીયાર ગરબી મંડળના તમામ સેકવો છેલ્લા એક મહિનાથી તનતોડ મહેનત કરી રહ્યા છે.

# 'ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર' ૨૪ વર્ષ પૂર્ણ કરી ૨૫ માં રજત જયંતિ વર્ષમાં શાનદાર પ્રવેશ

## બે દિવસીય કાર્યક્રમ સાથેનું આયોજનઃ ૬૫ જેટલા વિદ્યાર્થીઓનો બહુમાન સમારોહ યોજાશે



રાજકોટ, તા.૩

રાજકોટના પ્રતિષ્ઠિત બાર્કિટેકટ ઈન્દુભાઈ પારેખના નોંધપાત્ર અનુદાન થકી ઈન્દ્રભાઈ પારેખ સ્કૂલ ઑફ આર્કિટેક્ચર' (ઈપ્સા) નામની આર્કિટેક્ચરનું સ્નાતક કક્ષાનું વ્યવસાયિક શિક્ષણ આપતી સંસ્થા શરૂ કરવાનો પ્રસ્તાવ મુકેલ હતો. જેનો વી.વી.પી.ટ્રસ્ટી મંડળે સહર્ષ સ્વીકાર કરેલ આથી વર્ષ ૨૦૦૦ થી ઈપ્સા કાર્યરત થયેલ હતી.

બે દાયકાથી વધુ સમયની યશસ્વી શૈક્ષણિક સફર બાદ 'ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર' ૨૪ વર્ષ પૂર્ણ થનગની રહેલ છે. રજત જયંતી વર્ષની ઉજવણીનો વિધિવત પ્રારંભ આજે તા.૩ તથા તા.૪ દરમ્યાનના બે દિવસીય કાર્યક્રમો થકી થવા જઈ રહેલ છે. પ્રથમ ઈવેન્ટમાં ૨૫માં સ્થાપના દિવસની જેટલા વિદ્યાર્થીઓના બહુમાન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે. તા.૪ના રોજ ત્રીજી ઈવેન્ટમાં તજજ્ઞ આર્કિટેકટ બિજોય રામચન્દ્રન દ્વારા પોતાના તકનીકી કૌશલ્યયુક્ત શૈક્ષણિક વિદ્યાર્થીઓના વાર્ષિક કાર્યક્રમ મેલાન્જ ૨૦૨૪, સંસ્થાના ૧૦૦૦થી વધુ ઉતિર્ણ વિદ્યાર્થીઓની મીટ અને તેમના વૈવિધ્યપૂર્ણ પ્રોફેશનલ કાર્યોના પ્રેઝન્ટેશન- પ્રદર્શન જેવા કાર્યક્રમો પ્રાયોજિત કરવામાં આવેલ છે. 'ઈપ્સા' પોતાના રજત જયંતિ વર્ષની ઉજવણી આજે તા.૩ રોજ પોતાના ૨૬માં સ્થાપના દિવસની ઉજવણી સાથે પૂર્ણ કરશે.'ફફ કાર્યક્રમોને સફળ બનાવવા સંસ્થાના ટ્રસ્ટીગણ કૌશિકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીયાર, ડો. નરેન્દ્રભાઈ દવે, ડો.

## ૧૦૦૦થી વધુ ઉતિર્ણ વિદ્યાર્થીઓની મીટ અને વૈવિધ્યપૂર્ણ પ્રોફેશનલ કાર્યોના પ્રેઝન્ટેશન- પ્રદર્શન સહિતના અનેક વિવિધ રસપ્રદ કાર્યક્રમો

કરી ૨૫ માં રજત જયંતિ વર્ષમાં શાનદાર પ્રવેશ કરી રહેલ છે. 'ઈપ્સા' તા.૦૩/૧૦/૨૦૨૪ થી તા.૦૩/૧૦/૨૦૨૫ દરમ્યાન પોતાના રજત જયંતી વર્ષને હર્ષોલ્લાસ સાથે ઉજવવા ઉજવણી અંતર્ગત સંસ્થાના ટ્રસ્ટીઓ તથા તજજ્ઞો વિદ્યાર્થીઓને આશીર્વચનયુક્ત વકતવ્યો પાઠવશે. બીજી ઈવેન્ટમાં 'ઈપ્સા' માંથી વર્ષ ૨૦૨૪માં ગ્રેજ્યુએટ થયેલ ૬૫ અને વ્યાવસાયિક કાર્યો તથા પ્રકલ્પોનું નિદર્શન કરવામાં આવશે.'ઈપ્સા' પોતાના રજત જયંતી વર્ષની ઉજવણી અંતર્ગત અનેકવિવિધ રસપ્રદ કાર્યક્રમોનું આયોજન કરવા જઈ રહેલ છે. જેમાં નવીનભાઈ શેઠના વડપણ તથા ઈપ્સાના નિયામક આર્કિ. કિશોરભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ સંસ્થાના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ જહેમત ઉઠાવી રહેલ છે.

## જૈન કો ઓપ ક્રેડિટ સો.લી. ના શેર સભાસદોને ભેટ અપાશે

જૈન કો ઓપ ક્રેડિટ સો લી ના શેર સભાસદોને સોસાયટી તરફ થી ૨૦૨૩/૨૦૨૪ વર્ષ ની સભાસદ ભેટ આગામી તારીખ ૧૪/૧૦/૨૦૨૪થી આપવાનું શરુ કરવા માં આવશે. ભેટ મેળવવા ની આખરી તારીખ ૩૧/૧૨/૨૦૨૪ રહેશે વિતરણ નો સમય ૧૨ થી ૨ વાગ્યા નો રહેશે. ભેટ મેળવવા માટે સભાસદે પોતાનું ઓરીજનલ.શેર સર્ટીફીકેટ ફરજીયાત લાવાનું રહેશે

# ગાંધી જયંતિએ ૩૭૩ બાળકો સહિત ૮૭૩ લોકોએ મ્યુઝિયમની મુલાકાત લીધી : 'ગાંધી ધૂન' યોજાઇ

## વધુ લોકોને મુલાકાત લેવા મેયરનો અનુરોધ : વિવિધ મહાનુભાવોના સન્માન



રાજકોટ, તા. ૩

ગઈકાલે ગાંધી જયંતિના દિવસે મહાત્મા ગાંધી મ્યુઝીયમમાં ૧૨ વર્ષથી ઓછી ઉંમરના ૩૭૩ બાળકો સહિત કુલ ૮૭૩ મુલાકાતીઓએ બાપુના જીવન દર્શનને જાણ્યું હતું. બાળકોને આ દિવસે વિનામૂલ્યે પ્રવેશ અપાયો હતો.

ગઈકાલે સાંજે કોર્પો. અને પ્રવાસન નિગમના ઉપક્રમે ગાંધી ધુન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેને સંબોધતા મેયર નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતું કે, મ્યુઝિયમમાં મ્યુઝિયમ ઉપરાંત વિવિધ આકર્ષણો જેવા કે, ટીકીટ વિન્ડો, કલોકરૂમ, મુલાકાત માટે ગાઈડની સુવિધા, વિશાળ પાર્કિંગ વ્યવસ્થા, ગાર્ડન, લાયબ્રેરી, વી.આઈ.પી.લોંજ, કોન્ફરન્સ રૂમ, એકઝીબીશન હોલ, રેસ્ટોરન્ટ સહિતની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. આ ઉપરાંત દરરોજ રાત્રે ૭ કલાકે ગાંધીજીના જીવનના આદર્શો દર્શાવતો લાઈટ એન્ડ સાઉન્ડ શો પ્રદર્શિત કરવામાં આવે છે. દર વર્ષે ૨૬ જાન્યુઆરી, ૩૦ જાન્યુઆરી, ૧૫ ઓગસ્ટ અને ૨જી ઓક્ટોબર નિમિતે ૧૨ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકો માટે મહાત્મા ગાંધી મ્યુઝિયમમાં નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવે છે.

વિવિધ ક્ષેત્રના આઠ મહાનુભાવો નિલેશભાઈ પંડ્યા(લોક સાહિત્ય), મહેન્દ્રભાઈ જોશી(સાહિત્ય), તક્ષ મિશ્રા(સેવા), નિર્લોક પરમાર(નાટ્ય), લીલાબેન પટેલ(સંગીત), ગીતાબેન ગીડા(નારી ઉત્થાન), મનસુખભાઈ પાણ(ઉદ્યોગ), જ્યોતીન્દ્રભાઈ મહેતા(સહકાર)નું શિલ્ડ આપી સન્માન કરાયું હતું.

ગાંધી ધૂન કાર્યક્રમમાં મેયર નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, કમિશનર ડી.પી.દેસાઈ, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, ડે.કમિશનર હર્ષદ પટેલ, આસી.કમિશનર બી.એલ. કાથરોટીયા, એન.કે.રામાનુજ, પી.એસ. ટુ મેયર અને મેનેજર વિપુલ ઘોણીયા, કર્મચારીઓ, અધિકારીઓ, મુલાકાતીઓ ઉપસ્થિત રહેલ હતા.

# લદાખ મેરેથોનમાં રાજકોટનો ડંકો વગાડતા રાજકોટ રનર્સ ગ્રૂપનો દબદબો



દુનિયામાં સૌથી ઊંચાઈ પર યોજાતી લડાખ મેરેથોનમાં રાજકોટ રનર્સ ગ્રુપના ૧૪ સદસ્યોએ સફળતા મેળવી રાજકોટનું નામ રોશન કરી જુદી જુદી મેરેથોનમાં મેડલો મેળવ્યા હતા લદાખમાં હવા ખૂબ પાતળી હોય છે અહીં ઓક્સિજન નું પ્રમાણ પણ ઘણું ઓછું હોય છે જેમાં આ સાહસીકોએ મેરેથોનમાં ભાગ લઈ સ્પર્ધા જીતી હતી

રનર્સ ગ્રુપના અપૂર્વભાઈ મહેતાએ ૧૨૨ કિલોમીટર સિલ્ક રૂટ ચેલેન્જમાં સફળતા મેળવી હતી ડૉ અજીતસિંહ વાઢેર હર્ષ પારેખ અને ઝલકબેન વઘાસીયા એ ૭૨ કિલોમીટર ચેલેન્જ સફળતા પૂર્વક પૂરી કરી હતી તુષારભાઈ અને ભાવિનભાઈએ ૪૨ કિલોમીટર ફુલ મેરેથોનમાં ભાગ લીધો હતો જ્યારે રવિ ગણાત્રા ડોક્ટર આશિષ પંડ્યા નીતાબેન મોટલા તૃપ્તિબેન વિરડા મિરલભાઈ ખાનપરા ડોક્ટર જયેશભાઈ મહેતા ડોક્ટર દિમીબેન મહેતા શૈલેષભાઈ ગોટી અને વર્ષાબેન ગોટીએ ૨૧ કિલોમીટર હાફ મેરેથોન સફળતા પૂર્વક પૂરી કરી હતી આ તમામ ૧૪ સભ્યો મેડલના હકદાર બન્યા હતા

# પ્રથમ નોરતે માઁ શૈલપુત્રીની પૂજા

રાજકોટ, તા. ૩

શૈલપુત્રીની પૂજા માઁ નવદુર્ગાનું પહેલું સ્વરૂપ શૈલપુત્રીના નામથી ઓળખાય છે.માતાજી એ પર્વતરાજ હિમાલયના ઘરે પુત્રી તરીકે જન્મ લીધો હોવાથી શૈલપુત્રી નામ પડેલ.

માતાજીના હાથમાં ત્રિશૂલ અને કમળ પુષ્પ સુશોભિત છે. માતાજીએ પોતાના પુર્વજન્મમાં દક્ષ પ્રજાપતિના ઘરે જન્મ લીધો હતો અને વિવાહ મહાદેવજી સાથે થયેલ. દક્ષ પ્રજાપતિએ હવન કરેલ પરંતુ તેમાં મહાદેવજીને આમંત્રણ નહોતું આપેલું. આમ સતી હવનમાં જાય છે અને યોગીની દ્વારા બળીને ભસ્મ થાય છે . ત્યારબાદ બીજો જન્મ પર્વતરાજ હિમાલયને ત્યાં થાય છે અને ફરીથી મહાદેવજીને પરણે છે.

માતજીનો ઉપાસનાનો મંત્રછે 'ૐ હ્રીં શિવાયૈ નમઃ'. માતા શૈલપુત્રી માતાજીની છબી ન મળે તો નવદુર્ગા માતાજી ની છબી ની સ્થાપના એક બાજોઠ ઉપર લાલ વસ્ત્ર પાથરી અને કરવી ત્યારબાદ માતા શૈલપુત્રીના મંત્રની એક માળા અને નવ દુર્ગાના નવાર્ણ મંત્રની એક... ત્રણ અથવા નવ માળા કરવી માતાજીને ત્યારબાદ ગોળ અથવા ગોળમાંથી બનેલ વાનગી ધરાવી આરતી કરવી. **- જ્યોતિષ શાસ્ત્રી રાજદીપ જોશી-રાજકોટ**

# ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવા પરમ ધર્મસંસદ તથા અખિલ વિશ્વ ગૌસંવર્ધન ટ્રસ્ટની માંગ

## તા.૧૬મીના અમદાવાદ ખાતે હિંદુ જાગૃતિ યાત્રાનુ આગમન



રાજકોટ તા.૩

ભારત સરકારે ગૌમાતાને પશુ શ્રેણીમાં ગણીને આ બાબતને બંધારણની કલમ ૪૮ હેઠળ સમાવેશ કરી રાજય સરકારનો વિષય બનાવેલ છે. વસ્તુતઃ આ ધાર્મિક આસ્થાનો મામલો હોય એને બંધારણના અનુચ્છેદ ૨૫ હેઠળ સમાવેશ કરી કેન્દ્ર સરકારના વિષયમાં સમાવેશ કરવો તેમજ સંપૂર્ણ ભારતમાં ગૌવંશ હત્યા પ્રતિબંધિત કાનૂન બનાવીને ગૌમાતાને પશુ શ્રેણીમાંથી હટાવીને ગૌમાતાને રાષ્ટ્રમાતાના પદ પર પ્રતિષ્ઠિત કરવાની માંગ સાથે પરમ ધર્મસંસદ તથા અખિલ વિશ્વ ગૌસંવર્ધન ટ્રસ્ટના હરેશભાઈ ચૌહાણ, કેતન સંઘવી, દિપક વાઘેલા, હરસુખ અજાડીયા, ભાવેશ ભરવાડ, રાજુભાઈ ઉમરાણીયા, ભરત આહીર, ગૌતમ આહીર, રાજુભાઈ જોગરાણા, બિપીન મહારાજ વગેરે 'સાંજ સમાચાર' કાર્યાલય પર આવેલા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ચારેય પીઠના શંકરાચાર્યજીના નેતૃત્વમાં હિન્દુ સમાજ ગૌમાતા રાષ્ટ્રમાતા પ્રતિષ્ઠા અભિયાન ચાલી રહ્યુ છે. જેમાં જયોતિર્મઠ (બદરી કેદાર)ના શંકરાચાર્યજી સ્વામી શ્રી અવિમુકતેશ્વરાનંદજી ૩૩ દિવસમાં ૩૩ રાજયો ગૌમાતા રાષ્ટ્રમાતા બને તે માટે હિન્દુ જાગૃતિ માટે યાત્રા કરી રહ્યા છે. આ યાત્રા આગામી તા.૧૬ના અમદાવાદ આવી રહી છે તો આ યાત્રામાં સૌ હિન્દુ ધર્મપ્રેમી જનતા તન, મન, ધનથી જોડાય તેમજ તે દિવસે બપોરના ૨ વાગ્યે યાત્રાનુ સ્વાગત કરી ગૌ ધ્વજના પ્રતિષ્ઠા કાર્યમાં સહભાગી થવા જણાવેલ છે.આ તકે દ્વારકાપીઠના શંકરાચાર્યજી સ્વામી સદાનંદ સરસ્વતીજીની ખાસ ઉપસ્થિતિ તેમજ અધ્યક્ષતા રહેશે. જેમ મહારાષ્ટ્ર સરકારે ગૌમાતાને રાજય માતા ઘોષિત કરી તેમજ ગુજરાત સરકાર પણ તા.૧૬ પહેલા ઘોષિત કરે તેવી અંતમાં અપીલ કરાઈ છે.



# મોદી સ્કૂલના સંચાલક રશ્મિકાંત મોદી દ્વારા ચેકડેમનું નિર્માણ કરાયું

## અનેક સંકુલોમાં વરસાદી પાણીના રિચાર્જ માટે બોર કરાયો

રાજકોટ, તા.૩

સમાજના બાળકોનું સિંચન કરનાર એવા મોદી સ્કૂલના સંચાલક રશ્મિકાંત મોદી તરફથી સંપૂર્ણ પ્રકૃતિની સાથે સાથે માનવ જાતની સતત ચિંતા કરતા હોય અને વિદ્યાર્થીઓમાં વરસાદી અમૃતરૂપી શુદ્ધ પાણીનું યોગ્ય જતન પોતાના ખર્ચે કાલાવડ રોડ પર આણંદપર ગામ પાસે નગર પીપળીયાના પાટીયા પાસે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વિશાળ ચેકડેમ બનાવવામાં આવ્યો છે અને તેના અનેક સંકુલોમાં વરસાદી પાણીના રિચાર્જ માટે બોર કરવામાં આવેલ છે. જેનાથી શુદ્ધ પાણીના પાણીના તળ ખૂબ ઊંચા આવશે.આ કાર્યને વેગ આપવા માટે આંણપર ગામના આગેવાનશ મનસુખભાઈ જેસડીયા, નિખીલભાઈ જેસડીયા, ગોરધનભાઈ જેસડીયા, જીણાભાઈ લક્કડ, અને મોદી સ્કૂલના સંચાલક ડો.રશ્મિકાંતભાઈ મોદી અને ગીરગંગા પરિવાર ટ્રસ્ટ ના પ્રમુખ દિલીપભાઈ સખીયા, પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ, જમનભાઈ પટેલ, પ્રતાપભાઈ પટેલ, રમેશભાઈ જેતાણી, વિરાભાઈ હુંબલ, રમેશભાઈ ઠક્કર, ગોપાલભાઈ બાલધા, સતીશભાઈ બેરા સહિતના જોડાયા છે.



# રાજકોટ સ્કુલ વાહન વર્ધી એસોસીએશનના હોદ્દેદારોની નિયુકતી

## પ્રમુખ બહાદુરસિંહ ગોહેલ, ઉપપ્રમુખ જયપાલભાઈ ભટ્ટીની વરણી

રાજકોટ, તા.૩

રાજકોટ સ્કુલ વાહન વર્ધી એસોસીએશના હોદ્દેદારોની નિયુકતી કરવામાં આવેલ છે. જેમાં પ્રમુખ બહાદુરસિંહ રૂપસિંહ ગોહેલ, ઉપપ્રમુખ જયપાલભાઈ દિલીપસિંહ ભટ્ટી, ખજાનચી વજુભાઈ ઉદેસિંગભાઈ પરમાર, મંત્રી રફીકભાઈ શાહભાઈ સુમરા, સહમંત્રી જયદેવભાઈ વાલાભાઈ વાંક, કાર્યકારી મંત્રી મનોજભાઈ વલ્લભભાઈ પરમાર, સભ્ય ગૌરવભાઈ જગદીશભાઈ પરમાર, સભ્ય સમીરભાઈ સુરીંગભાઈ ખાચર, જેશલભાઈ લક્ષ્મણભાઈજોગરાણા, નિલેશભાઈ હસમુખભાઈ ગોહેલ, ભરતસિંહ વશરામભાઈ વાળા સહિત ના હોદેદારોની વરણી કરવામાં આવી છે. રાજકોટની સ્કુલમાં ચલાતા અને બાળકોનું પરીવહન કરતા વાન ચાલકોને સરકાર ના આદેશ અને આર.ટી.ઓ. અધિકારી કેતનભાઈ એમ. ખપેડ સાહેબના માર્ગદર્શન હેઠળ નિયમો અનુસાર વાહન ચાલકોને ટેક્ષી / મેક્ષી કેમ્પ કરીને કાર્યવાહી કરેલ છે અને આજની તારીખે પણ કામગીરી ચાલુ જ છે. જેમાં આર.ટી.ઓ. અધિકારી કેતનભાઈ એમ. ખપેડ તથા તમામ સ્ટાફ તરફથી ખુબજ સરસ રીતે એસોસીએશનના પ્રતિનિધિઓને સહકાર તથા જરૂરી માહિતી અને માર્ગદર્શન કરેલ છે.

# માતાના મઢ (કચ્છ) ખાતે ઘટ સ્થાપન કરાયું






ભારતીય સંસ્કૃતિમાં શકિત ઉપાસનાનું સ્થાન અલૌકિક, અનોખું અને અજોડ છે નવલા નવરાત્રી દરમ્યાન ભકિત દ્વારા શકિત પ્રાપ્ત કરવાનું પર્વ એટલે નવરાત્રી. દેશદેવી માં આશાપુરા માતાજી માતાના મઢ ખાતે તા.૨ના બુધવાર ભાદરવા વદ અમાસના રોજ રાત્રે ૯ કલાકે ઘટસ્થાપન વિધી થશે. વિધિના ધ્યક્ષસ્થાને રાજાબાવાશ્રી યોગેન્દ્રસિંહ તેમજ ટ્રસ્ટી ખેંગારજી જાડેજા તથા પ્રવિણસિંહ વાઢેર, માઈ ભકતો રાજપરિવારના સદસ્યો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ. સમગ્ર વાતાવરણ માં આશાપુરાના નાદથી ગુંજી ઉઠયું હતું. માઁ આશાપુરા મંદિરમાં માતાજીની ગરબીનું વિધિવિધાન પૂજા, પાઠ, શ્લોક, દેવપ્રસાદ વાસુ દ્વારા થશે. નવ દિવસ ભૂવા દિલુભા ચૌહાણ, ગજુભા ચૌહાણ, અનિરૂધ્ધસિંહ ચૌહાણ, વિશાળ સંખ્યામાં માઈ ભકતો રાસની રમઝટ બોલાવશે સમગ્ર વાતાવરણ માઁ આશાપુરાના નાદથી ગુંજી ઉઠશે. માતાજીના સેવક મયુરસિંહ જાડેજા મનુભા જાડેજા સમગ્ર વ્યવસ્થા સારી રીતે બજાવે છે.

**અહેવાલઃ વિનોદ પોપટ (તસ્વીરઃ ધીરજ સ્ટોર્સ-માતાના મઢ)**



# શનિવારે ટ્રેકિંગ ગ્રુપ દ્વારા મહેશ્વરી વૃદ્ધાશ્રમની માતાઓ માટે એક દિવસીય નવરાત્રી મહોત્સવનું આયોજન

## ટ્રેકિંગ ગ્રુપને ચાર વર્ષ પૂર્ણ થતા ગ્રુપના દરેક ટ્રેકર્સને સન્માનિત કરાશે

રાજકોટ, તા.૩

આગામી તા.૫ ને શનિવારના રોજ સાંજે ૪ થી ૮ વાગ્યા સુધી રાસ ગરબા અને સંગીતની રમઝટ સાથે મહેશ્વરી વૃદ્ધાશ્રમની માતાઓ માટે એક દિવસીય નવરાત્રીનું આયોજન આર્યા એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાજકોટ ટ્રેકિંગ ગ્રુપના નેચર લવર્સ સાથે કરવામાં આવ્યું છે. રાજકોટ ટ્રેકિંગ ગ્રુપને ચાર વર્ષ પૂર્ણ થતા ગ્રુપના દરેક ટ્રેકર્સનું સન્માન પણ ત્યાં કરવામાં આવશે.

આ આયોજનમાં આર્યા એજ્યુકેશનલ અને ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ અને રાજકોટ ટ્રેકર્સ ગ્રુપના પ્રમુખ ભાવનાબેન કક્કડ અને આર.ટી.જી ના નેચર લવર્સ ટીમના સૂચક કમ્પ્યુટરના મેનેજિંગ ડિરેક્ટર ધર્મેશભાઈ સૂચક, નિધીબેન સૂચક, મહેક સૂચક અને ઇન્ડિયન ઓઈલના શબ ડિપાર્ટમેન્ટના સેકશન ઓફિસર સંજયભાઈ ટાંક સમગ્ર કાર્યક્રમને સંગીતમય બનાવવા માટે જહેમત ઉઠાવી રહ્યા છે. મહેશ્વરી વૃદ્ધાશ્રમના પ્રમુખ પ્રવિણસિંહ ઝાલાએ પણ માતાઓના આનંદ માટે ખુશી વ્યકત કરી આયોજનમાં પોતાનું યોગદાન આપ્યું છે અને આ માતાઓ સાથે ગરબી રમવા માટે રાજકોટ ટ્રેકર્સ ગ્રુપના નેચરલ લવર્સ ગરબા સાથે સંગીતની કરાઓકે પર જુના ગીતની મજા પણ કરાવશે. તે જ દિવસે સવારે નજીકના રતનપર પાસેના અનાથાલયમાં પણ અનાથ બાળાઓનું પૂજન સાથે તેને પણ લાહણી આપવામાં આવશે.

# ઈન્જેકશન સહિતનો મેડીકલ વેસ્ટ ટીપરવાનમાં ફેંકતા હોરાઈઝન ઈમેજીંગ હોસ્પિટલને દંડ કરાયો

## ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલા સેન્ટર પાસેથી રૂા. ૧૦ હજારની વસુલાત



રાજકોટ, તા. ૩

શહેરના ૧૫૦ ફુટ રિંગ રોડ પર કેનેરા બેંક નજીક, આફ્રિકા કોલોની પાસે આવેલ હોરાઈઝન ઈમેજીંગ હોસ્પિટલ દ્વારા ટીપરવાનમાં બાયો મેડિકલ વેસ્ટ નાખવા બદલ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા રૂ.૧૦,૦૦૦નો દંડ કરી વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

ગઇકાલે હોરાઈઝન ઈમેજીંગ હોસ્પિટલ દ્વારા ઈન્જેકશન, સિરીન, નીડલ જેવો બાયો મેડીકલ વેસ્ટ ટીપરવાનમાં નાખવા બદલ આ કાર્યવાહી કરવામાં આવી હતી. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના પર્યાવરણ ઈજનેર પી.સી.સોલંકીની સુચના અને ના.પર્યાવરણ ઈજનેર વી.એમ. જીંજાળા ના માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૧૦ ના સેનેટરી ઈન્સ્પેકટર સુરેશભાઈ પટેલ તથા સેનેટરી સબ ઈન્સ્પેકટર દિપેશભાઈ સોલંકી દ્વારા આ ચકાસણી કરવામાં આવી હતી.

શહેરમાં આવેલ તમામ હોસ્પિટલ, દવાખાનાઓ તથા કિલનિક ચલાવતા ડોકટરોને તેમનો બાયો મેડિકલ વેસ્ટ ટીપરવાનમાં કે કોઇપણઅન્ય જગ્યાએ ન ફેકતા બાયોમેડિકલ વેસ્ટના નિકાલ માટે અધિકૃત કરેલ એજન્સી મારફત નિકાલ કરવા અનુરોધ કરાયો છે.

# નવરાત્રીમાં નવદુર્ગાના સ્વરૂપો

**મનોજ ઈન્દ્રવદન આચાર્ય (શ્રી સિધ્ધ ગાયત્રી શકિતપીઠ)**




નવરાત્રી નવદુર્ગાને સમર્પિત છે મા દુર્ગાના નવ અવતાર, જેઓ તેમના ભક્તોને શક્તિ, શક્તિ અને સમૃદ્ધિ આપવા માટે જાણીતા છે. એવું માનવામાં આવે છે કે આ નવ શુભ દિવસોમાં જે કોઈ પણ વ્રત રાખે છે અને દેવીના નવ અવતારોની સંપૂર્ણ ભક્તિ સાથે પૂજા કરે છે તેને તેના આશીર્વાદ મળે છે. માં દુર્ગા તેમની તમામ સમસ્યાઓ દૂર કરવા અને તેમની મનોકામનાઓ પૂર્ણ કરવા માટે જાણીતી છે. નવરાત્રીના નવ દિવસો આ એક એક સ્વરૂપની ઉપાસનાનો દિવસ મનાય છે. દેવી કવચમાં આ નવે સ્વરૂપનો ઉલ્લેખ નીચે પ્રમાણે આવેલો છે.

**પ્રથમં શૈલપુત્રી ચ દ્વિતીયં બ્રહ્મચારિણી ।**
**તૃતીયં ચન્દ્રઘણ્ટેતિ કૂષ્માણ્ડેતિ ચતુર્થકમ ।।૩।।**
**પઞ્ચમં સ્કન્દમાતેતિ ષષ્ઠં કાત્યાયનીતિ ।**
**સપ્તમં કાલરાત્રીતિ મહાગૌરીતિ ચાષ્ટમમ ।।૪।।**
**નવં સિદ્ધિદાત્રી ચ નવદુર્ગાઃ પ્રકીર્તિતાઃ ।**
**ઉક્તાન્યેતાનિ નામાનિ બ્રહ્મણૈવ મહાત્મના ।।૫।।**

### દેવી શૈલપુત્રી

નવરાત્રિના પ્રથમ દિવસે (પ્રતિપદા) માં શૈલપુત્રીની પૂજા કરવામાં આવે છે. શૈલપુત્રીનો શાબ્દિક અર્થ થાય છે પર્વતોની પુત્રી. તેમની પાસે બ્રહ્મા, વિષ્ણુ અને શિવની સંયુક્ત શક્તિઓ હોવાનું કહેવાય છે. એવું કહેવાય છે કે નવરાત્રિના પ્રથમ દિવસે દેવી શૈલપુત્રીને શુદ્ધ ઘી ચઢાવવાથી ભક્તો સ્વસ્થ જીવન પ્રાપ્ત કરી શકે છે.

### દેવી બ્રહ્મચારિણી

બીજા દિવસે માં બ્રહ્મચારિણીની પૂજા કરવામાં આવે છે. તેમના એક હાથમાં રૂદ્રાક્ષ માળા અને બીજા હાથમાં કમંડલ ધરાવે છે. દેવી બ્રહ્મચારિણીને પ્રસન્ન કરવા માટે સાકર ચઢાવવામાં આવે છે. સુંદર દેવી તેમના ભક્તો અને તેમના પરિવારના સભ્યોને લાંબુ આયુષ્ય આપે છે.

### ચંદ્રઘંટા દેવી

ત્રીજો દિવસ માં ચંદ્રઘંટાને સમર્પિત છે. તેમના ૧૦ હાથ અને અર્ધચંદ્રાકાર ચંદ્ર છે. તેમનો ઉગ્ર દેખાવ છે અને વાઘ પર સવારી કરતા જોવા મળે છે. તેઓ ઘણી બધી અનિષ્ટોનો નાશ કરવા અને પીડાને દૂર કરવા માટે જાણીતા છે. ભક્તોએ માં ચંદ્રઘંટાને ખીર ચઢાવવી જોઈએ.

### કુષ્માંડા દેવી

ચોથો દિવસ માં કુષ્માંડાને સમર્પિત છે. તેમનું નામ સૂચવે છે કે તેઓ બ્રહ્માંડના સર્જક છે. તેમના ભક્તોને શાણપણથી આશીર્વાદ આપે છે. નવરાત્રિ દરમિયાન તેમની પૂજા કરવાથી વ્યક્તિની નિર્ણય લેવાની ક્ષમતામાં પણ સુધારો થાય છે. દેવીને પ્રસન્ન કરવા અને તેમના આશીર્વાદ મેળવવા માટે માલપુઆ અર્પણ કરવાનું સૂચન કરવામાં આવે છે.

### દેવી સ્કંદમાતા

પાંચમા દિવસે માં સ્કંદમાતાની પૂજા કરવામાં આવે છે. કમળના ફૂલ પર બિરાજમાન દેવીને ચાર હાથ છે. તેમના બે હાથમાં કમળ પકડેલા જોવા મળે છે. ભગવાન કાર્તિકેય તેમના ખોળામાં બેઠેલા જોવા મળે છે. ભક્તોએ દેવીને તેમના આશીર્વાદ મેળવવા માટે કેળા અર્પણ કરવા જોઈએ.

### કાત્યાયની દેવી

નવરાત્રિના છઠ્ઠા દિવસે માં કાત્યાયનીની પૂજા કરવામાં આવે છે. તેઓ ઋષિ કાત્યાયનની પુત્રી અને શક્તિનું સ્વરૂપ છે. તેમના એક હાથમાં તલવાર પકડેલી જોવા મળે છે અને તેમને યોદ્ધા દેવી તરીકે ઓળખવામાં આવે છે. માં કાત્યાયનીને પ્રસન્ન કરવા માટે મધ ચઢાવવામાં આવે છે.

### દેવી કાલરાત્રી

નવરાત્રીનો સાતમો દિવસ માં કાલરાત્રીને સમર્પિત છે. તેમના એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ત્રિશૂળ છે. ઘેરો રંગ અને ઉગ્ર દેખાવ તેમને દેવી દુર્ગાના અન્ય અવતારથી અલગ પાડે છે. ભૂલશો નહીં, તેમના કપાળ પરની ત્રીજી આંખ, જેની અંદર સમગ્ર બ્રહ્માંડ હોવાનું કહેવાય છે. તે જીવનમાં સુખ લાવવા માટે પીડા અને અવરોધોને દૂર કરવામાં મદદ કરે છે. ભક્તો દેવીને પ્રસન્ન કરવા માટે ગોળ ચડાવે છે.

### દેવી મહાગૌરી

નવરાત્રિનો આઠમો દિવસ (દુર્ગા અષ્ટમી) દેવી મહાગૌરીને સમર્પિત છે. તેમના એક હાથમાં ત્રિશુલ અને બીજા હાથમાં ડમરુ છે. મહાગૌરી તેની આકર્ષક સુંદરતા અને ઉદારતા માટે જાણીતા છે. નારિયેળ તેમના માટે આદર્શ પ્રસાદ તરીકે ઓળખાય છે.

### દેવી સિદ્ધિદાત્રી

નવરાત્રીના નવમા દિવસે માં સિદ્ધિદાત્રીની પૂજા કરવામાં આવે છે. તેઓ કમળના ફૂલ પર બેઠેલા જોવા મળે છે. દેવી સંપૂર્ણતાનું પ્રતીક છે અને તેના ભક્તોને અકુદરતી ઘટનાઓથી બચાવવા માટે કહેવામાં આવે છે. તેમને તલ અર્પણ કરવામાં આવે છે.

## સ્ટેજ મ્યુઝિકલ ગ્રુપ રાજકોટ દ્વારા

# શનિવારે સંગીત કા ઝોર યારો કા દૌર શીર્ષક હેઠળ કરાઓકે ફિલ્મી ગીતોના કાર્યક્રમનું આયોજન




રાજકોટ, તા.૩

સ્ટેજ મ્યુઝિકલ ગ્રુપ રાજકોટ દ્વારા આગામી તા.૫ ને શનિવારના રોજ ઇવનીંગ પોસ્ટ, જીલ્લા કો.ઓપરેટીવ બેંકની બાજુમાં રાજકોટ ખાતે સાંજે ૫:૩૦ કલાકે 'સંગીત કા ઝોર યારો કા દૌર' શિર્ષક હેઠળ કરાઓકે ફિલ્મી ગીતોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં વર્ષ ૧૯૫૦ થી વર્ષ ૨૦૨૪ સુધીની ફિલ્મોના ગીતોનો સમાવેશ કરી દેવામાં આવશે. આ કાર્યક્રમ લલિતભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ અનુજકુમાર મિશ્રા, ડો. પ્રદીપ દવે, એમ. ઈલ્યાસ, રવી સરેખડા, પરેશ દવેરા, કામિનીબેન શેઠ, જયોતિબેન વગેરે સંગીતનું માર્ગદર્શન આપશે.

આ કાર્યક્રમમાં લલિતભાઈ ત્રિવેદી, બોલબાલા ટ્રસ્ટના જયેશભાઈ ઉપાધ્યાય, પોલીસ Rtd. ASI સુરેશભાઈ મારૂ, મન્સુર અલી ત્રિવેદી, શોભનાબેન વિઠલાણી, હસમુખ રાય ઠક્કર, મુકેશ માહી વગેરે ઉપસ્થિત રહેશે.

## રવિવારે તિબેટીયન મેડીકલ કેમ્પનું આયોજન

લાંબા સમયથી હઠીલા અને જટિલ રોગોથી પીડાતા દર્દીઓ માટે તિબેટીયન મેડીકલ કેમ્પનું તા.૬ ઓકટોબરના રવિવારના રોજ સવારે ૯ થી ૧ અને બપોરના ૨ થી ૫ વાગ્યા સુધી નારાયણી ચિકિત્સાલય, ૧૧૩- મારૂતિ નંદન કોમ્પ્લેક્ષ, ગેલેકસી હોટલ સામે, જવાહર રોડ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

# સદ્ગુરૂ આશ્રમે નવરાત્રી પર્વમાં માતાજીની સામગ્રીઓ મળી શકશે

રાજકોટ તા.૩

સદ્ગુરૂ આશ્રમમાં શ્રી સદગુરૂ સાહિત્ય કેન્દ્રમાં નવરાત્રીમાં માતાજીની વસ્તુઓ મળી શકશે. ખાસ કરીને નવરાત્રીમાં માતાજીની નાની મોટી ચુંદડી, ધૂમ, ગુગળ, અગરબતી, ફોટાના હાર વગેરે સામગ્રી મળશે. સર્વે ધર્મપ્રેમી ભાઈ-બહેનોને સદ્ગુરૂ સાહિત્ય કેન્દ્રની મુલાકાત લેવા ટ્રસ્ટી પ્રવિણભાઈ વસાણીએ જણાવેલ છે. મો.નં.૮૪૬૦૯ ૨૮૫૦૮.



# કાલે ઝૂ માં તમામ લોકોને નિઃશુલ્ક પ્રવેશ

## વિશ્વ પ્રાણી દિવસ નિમિત્તે મનપા દ્વારા તા.૮ સુધી વિદ્યાર્થીઓને ફ્રી એન્ટ્રી અપાશે

રાજકોટ, તા. ૩

રાજકોટ ઝૂ હાલ સૌરાષ્ટ્રનાં પ્રવાસીઓ માટે ફરવા માટેનું ખુબજ ઉત્તમ સ્થળ બની ગયેલ છે. દર વર્ષે ૨ ઓક્ટો. થી ૮ ઓક્ટો. દરમિયાન ઝૂ ખાતે વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જેમાં સમગ્ર સપ્તાહ દરમિયાન તમામ શાળા-કોલેજનાં વિદ્યાર્થીઓને નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવે છે. ઉપરાંત, વન્યપ્રાણીઓ અંગે વધુ ને વધુ લોકજાગૃતિ કેળવાય તે માટે કાલે તા. ૪ના વિશ્વ પ્રાણી દિવસ નિમિત્તે તમામ મુલાકાતીઓને પ્રાણીસંગ્રહાલય ખાતે નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

હાલ રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે જુદી જુદી ૬૫ પ્રજાતિઓનાં કુલ ૫૫૩ વન્યપ્રાણી-પક્ષીઓ પ્રદર્શિત કરવામાં આવે છે. જેમાં ખાસ આકર્ષણ ધરાવતા એશિયાઇ સિંહ, સફેદ વાઘ, રોયલ બેંગાલ ટાઇગર, દિપડા, હિમાલયનાં રીંછ, સ્લોથ રીંછ, જળ બિલાડી, ચાર પ્રકારનાં શ્વાનકુળનાં પ્રાણીઓ, ચાર પ્રકારનાં વાંદરાઓ, વિવિધ પ્રજાતીઓનાં સાપ, બે પ્રકારની મગર, જુદી જુદી પ્રજાતીઓનાં હરણો તથા વિવિધ પ્રજાતિનાં પક્ષીઓ વિગેરેને આધુનીક પાંજરાઓ બનાવી મુલાકાતીઓ માટે પ્રદર્શીત કરી વન્યપ્રાણી-પક્ષીઓનું સંરક્ષણ અને સંવર્ધન કરવામાં આવે છે. આ ઉપરાંત ઝૂ ખાતે પાંચ માસ પહેલા જન્મ થયેલ ૨ સફેદ વાઘ બાળને તેની માતા સાથે મુલાકાતીઓ માટે પ્રદર્શીત કરવાનું શરૂ કરવામાં આવેલ છે.મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીનભાઇ ઠાકર, કમિશનર દેવાંગ દેસાઈ, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા અને બાગ બગીચા અને ઝૂ સમિતિના ચેરમેન સોનલબેન સેલારાએ કાલે શહેરીજનોને ઝૂની મુલાકાત લેવા અનુરોધ કરેલ છે.

## ગુર્જર સુતાર જ્ઞાતિ આયોજિત

# વિશ્વકર્મા અર્વાચીન રાસોત્સવ ૨૦૨૪માં ખેલૈયાઓ રાસની રમઝટ બોલાવશેઃ લાખેણા ઈનામોની વણઝાર




## રાસોત્સવના સ્થળે એમ્બ્યુલન્સ અને જ્ઞાતિના ડોકટર્સની ટીમ તેમજ મહિલા સુરક્ષા માટે 'શી' ટીમ અને અભયમ ટીમ પણ મોનીટરીંગ કરશે

રાજકોટ, તા.૩

ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટ દ્વારા જાજરમાન અને પારિવારિક માહોલમાં વિશ્વકર્મા અર્વાચીન રાસોત્સવ ૨૦૨૪માં ખેલૈયાઓ રાસની રમઝટ બોલાવશે. ખેલૈયાઓ મુક્ત રીતે રાસોત્સવ ખેલી શકે તે માટે શહેરના હાર્દસમા ગોંડલ રોડ પર માલવિયા કોલેજની સામેના વિશાળ મેદાનમાં ૧ લાખ ૪૦ હજાર સ્કવેર ફુટમાં ૧૫૦૦ થી વધુ ખેલૈયા રમી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

નવરાત્રીના નવ દિવસ સુધી દરરોજ ખેલૈયાઓને બેસ્ટ પ્રિન્સ અને બેસ્ટ પ્રિન્સેસ, વેલ ડ્રેસ ઉપરાંત બાળકોમાં પણ પ્રિન્સ- પ્રિન્સેસ અને વેલ ડ્રેસ પસંદ કરીને દાતાઓના સહયોગથી ભવ્ય ઈનામો આપવામાં આવશે. દશેરાના દિવસે મેગા ફાઈનલમાં નવ દિવસના તમામ વિજેતાઓને રમાડી તેમાં વિજેતા થયેલા પ્રિન્સને બાઈક તથા પ્રિન્સેસને સ્કૂટર અને અન્ય વિજેતાઓને સોનાની ગીની ઈનામમાં આપવામાં આવશે. આ રાસોત્સવમાં એક લાખ વોટની સાઉન્ડ સીસ્ટમ, સીસીટીવી કેમેરા તથા બાઉન્સર સિક્યોરીટી સાથે સુપ્રસિધ્ધ નામાંકિત ગાયક કલાકાર મૌલિક ગજ્જર, દિપ્તી ગજ્જર, મિહિર સેવક સાથે મ્યુઝીકલ ગ્રુપના સુરિલા સ્વરમાં ખેલૈયાઓને ડોલાવશે. ઓરકેસ્ટ્રામાં જીલ પરમાર, ચેતન વારા ફાઈવ સ્ટાર સાઉન્ડના સથવારે ધૂમ મચાવશે. તેમજ જ્ઞાતિજનોને આ રાસ નિહાળવા માટે ફ્રી એન્ટ્રી પાસ રાખવામાં આવેલ છે. આ રાસોત્સવમાં સાંસદ પરસોતમભાઈ રૂપાલા, રાજય સભાના સાંસદ રામભાઇ મોકરિયા, કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, ડો. ભરતભાઈ બોધરા, મુકેશભાઈ દોશી, નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, દર્શિતાબેન શાહ સહિત રાજકોટ શહેર ભાજપના હોદ્દેદારો અને અન્ય રાજકિય આગેવાનો ઉપસ્થિત રહેશે.આજની પરિસ્થિતિને ધ્યાને લઈને ખેલૈયાઓના સ્વાસ્થ્ય અંગે તાત્કાલીક સારવાર માટે રાસોત્સવના સ્થળે દસ દિવસ એમ્બ્યુલન્સ અને જ્ઞાતિના ડોકટર્સની ટીમ પણ સ્થળ પર હાજર રહેશે. તેમજ પ્રાથમિક સારવાર ખાસ કરીને હાર્ટ એટેકના કિસ્સામાં આપવી તે માટ¡ CPR ની ટ્રેનીંગ ડોકટર્સ દ્વારા મોટી સંખ્યામાં ઉપસ્થિત દરેક કાર્યકરોને ટ્રેનીંગ આપવામાં આવી હતી. ઉપરાંત મહિલા સુરક્ષા માટે સરકારની પોલીસ વિભાગની 'શી' ટીમ અને અભયમ ટીમ પણ મોનીટરીંગ કરશે.

'સાંજ સમાચાર'ની મુલાકાતે રસિકભાઈ બદ્રકિયા, જગદીશભાઈ સોંડાગર, દિનેશભાઈ ખંભાયતા, હર્ષદભાઈ બહુરાણીયા, કિશોરભાઈ અંબાસણા, કિશોરભાઈ બોરાણીયા, શાંતિલાલ સાંકડેચા અને મુકેશભાઈ વડગામા આવ્યા હતા.




# નવરાત્રી પ્રારંભે આશાપુરા મંદિરે ભકતોની ભારે ભીડ

પેલેસ રોડ પર આવેલ આશાપુરા મંદિરે આજથી નવરાત્રી પર્વ શરૂ થતા સવારથી જ ભકતો ઉમટી પડયા છે. આજથી નવ દિવસ માં આશાપુરાની વિશેષ આરાધના, શણગાર થશે. આશાપુરા માતાજીને ત્રણ વખત શણગાર કરવામાં આવે છે. આ મંદિરની સ્થાપના રાજકોટના રાજવી પરિવાર દ્વારા કરવામા આવી હતી. આ મંદિરની સ્થાપના ૧૯૩૫માં રાજકોટના તત્કાલીન રાજવી ધર્મેન્દ્રસિંહજી ઠાકોર સાહેબે કરી હતી.

ઉપરોકત તસ્વીરમાં પ્રથમ માં આશાપુરાની નયનરમ્ય અને દર્શનીય પ્રતિમાના દર્શન થાય છે. બીજી તસ્વીર રોશનીના શણગાર તથા સુશોભન સાથેનુ મંદિર જોવા મળે છે. નવરાત્રીના દિવસોમાં દિવસ-રાત ભકતોની ભારે ભીડ જોવા મળશે. મંદિર બહાર માતાજીની ચુંદડી સહિતની વિવિધ સામગ્રીઓ મળે છે.

# લેબનાન પર ઈઝરાયલનો નવો હુમલો : ૧૫ના મોત



બેરૂત.તા.૩

દક્ષિણ લેબનોનમાં ઈઝરાયેલ અને હિઝબોલ્લાહ સૈનિકોની અથડામણ થયાનાં એક દિવસ પછી, ઈઝરાયેલે આજે વહેલી સવારે મધ્ય બેરુત પર બોમ્બમારો કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા છ લોકો માર્યા ગયાં હતાં. ઇઝરાયેલ ડિફેન્સ ફોર્સિસએ જણાવ્યું હતું કે તેઓએ દક્ષિણ લેબનોનમાં મ્યુનિસિપાલિટી બિલ્ડિંગ પર હુમલો કર્યો જેમાં ૧૫ હિઝબોલ્લા સભ્યોને મારી નાખ્યાં હતાં. લેબનીઝ સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું હતું કે વહેલી સવારે ત્રણ મિસાઇલો દહિયાહના દક્ષિણી ઉપનગરમાં પડી હતી જેનો જોરદાર વિસ્ફોટ સંભળાયો હતો

**સ્થિતિ શું છે**

લેબનોનમાં બોમ્બ ધડાકા ચાલુ છે અને આરોગ્ય અધિકારીઓ કહે છે કે ઇઝરાયેલના હુમલાને પગલે ઘણાં લોકો ઘાયલ થયાં છે. ડિયરબોર્ન, મિશિગનનો એક અમેરિકન પણ ઇઝરાયેલી હવાઈ હુમલામાં લેબનોનમાં માર્યો ગયો હતો, ડેમોક્રેટિક યુએસ રિપ્રેઝન્ટેટિવ રશીદા તલિબના કાર્યાલયે જણાવ્યોં હતું કે તે કામેલ અહમદ જવાદના પરિવારનાં સંપર્કમાં છે.

**પરિસ્થિતિ પર ભારતનું શું વલણ છે ?**


વિદેશ મંત્રી એસ જયશંકરે વોશિંગ્ટન ડીસીમાં યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકન અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાનને મળ્યાં અને ભારતે 'તમામ સંબંધિતો દ્વારા સંયમ રાખવા અને નાગરિકોની સુરક્ષા' માટે કહ્યું હતું, તેને તમામ ભારતીય નાગરિકોને 'બિનજરૂરી મુસાફરી ટાળવા' સલાહ આપી. સંઘર્ષના કારણે વેપારમાં વિક્ષેપોનું જોખમ વધી ગયું છે, કારણ કે હિઝબોલ્લાહ યમનમાં હુથી બળવાખોરો સાથે ગાઢ સંબંધો ધરાવે છે, જેઓ લાલ સમુદ્રનાં માર્ગ પરથી પસાર થતાં જહાજો પર હુમલાઓ કરે છે.

# જય શ્રી રામઃ પૂ.મોરારીબાપુની રાજકોટમાં યોજનાર વૈશ્વિક રામકથાને 'માનસ સદ્ભાવના' નામ અપાયું

## રાજકોટમાં ૧૨ વર્ષ પછી પૂ.મોરારીબાપુની રામકથા યોજાશેઃ સદ્ભાવના વૃધ્ધાશ્રમના લાભાર્થે પૂ.મોરારીબાપુની ૯૪૭ની કથા

રાજકોટ તા.૩

પૂ.મોરારીબાપુ પોતાની દરેક રામકથાને એક અનોખી ઓળ આપવા માટે વિવિધ નામો આપતા હોય છે. જેમ કે, માનસ રામકથા, માનસ સ્મૃતિ, માનસ કન્દ્રા, માનસ સમુદ્રાભિષેક, માનસ વસુધૈવ કુટુમ્બકમ, માનસ સપ્ત શિખર, માનસ રામાયણ, માનસ મનોરથ, માનસ ચતુર્ભુજ, માનસ લોકભારતી, માનસ રાધાઅષ્ટક, માનસ શ્રધ્ધાંજલી, માનસ ભારત, માનસ સન્યાસ, માનસ ગૌરી સ્તુતિ, માનસ કેવટ, માનસ ગીતા, માનસ હરિદ્વાર, માનસ નિર્માણ, માનસ અહલ્યા, માનસ સમાધિ, માનસ ક્ષમા, માનસ આનંદ. ૧૨ વર્ષ પછી રાજકોટમાં પૂ.મોરારીબાપુની વૈશ્વિક રામકથાને પૂ.મોરારીબાપુએ 'માનસ સદ્ભાવના' નામ આપ્યુ છે. સદ્ભાવના વૃધ્ધાશ્રમના લાભાર્થે પૂ.મોરારીબાપુની ૯૪૭મી રામકથાનો પ્રારંભ ૨૩ નવેમ્બરથી થશે.



પૂ.મોરારીબાપુ દેશના પ્રખ્યાત રામકથાકાર છે. તેઓ માત્ર દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં રામકથાનુ આયોજન કરે છે. પૂ.મોરારીબાપુએ ૯૪૬ કથા-પારાયણ કર્યા છે. તેમણે ગુજરાતીમાં તેમજ હિન્દીમાં પણ રામકથાના સુંદર પારાયણો કરેલા છે. અમેરિકા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલીયા, બ્રાઝીલ, સાઉથ આફ્રિકા, જપાન, શ્રીલંકા, ઈન્ડોનેશિયા, ઈઝરાયલ, યુએન સહિતના ઘણા દેશોમાં રામકથા કરી છે. સંયુકત રાષ્ટ્રમથક ખાતે પૂ.મોરારીબાપુની રામકથા કરાઈ હતી તે કથામાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને તેમના પોતાના અવાજમાં અંગ્રેજી સંસ્કરણ તૈયાર કરાયુ હતુ.

પૂ.મોરારીબાપુએ ન્યુયોર્ક સ્થિત સંયુકત રાષ્ટ્ર મુખ્યાલયમાં રામકથાનુ આયોજન કર્યું હતુ. યુએનના મુખ્યાલયમાં કરાયેલ આ આયોજન કોઈપણ આધ્યાત્મિક ગુરૂ દ્વારા કરાયેલુ આ પ્રકારનુ પ્રથમ આયોજન હતુ. બાપુએ તેમના નવ દિવસીય આધ્યાત્મિક કાર્યક્રમ સંસ્થાનને સમર્પિત કર્યો હતો અને વૈશ્વિક શાંતિ માટે પ્રાર્થના કરી હતી. તેઓ યુએનની જનરલ એસેમ્બલી પણ ગયા હતા. જયાં તેમણે ગોસ્વામી તુલસીદાસનુ રામચરિત માનસ (રામાયણ) મૂકીને વૈદિક સ્તોત્રનો ઉચ્ચાર કર્યો હતો.

વૃક્ષો અને વડીલો છાયા તેમજ ફળ બંને આપે છે. વૃક્ષો અને વડીલોની સેવા કરતા સદ્ભાવના વૃધ્ધાશ્રમના લાભાર્થે તા.૨૩ નવેમ્બર ૨૦૨૪ થી તા.૧ ડીસેમ્બર ૨૦૨૪ સુધી રેસકોર્ષ ગ્રાઉન્ડ, રાજકોટ ખાતે પૂ.મોરારીબાપુની વૈશ્વિક રામકથા યોજાનાર છે. વૈશ્વિક રામકથાની વિશેષ વિગતો માટે મો.૯૬૬૪૮ ૫૧૭૩૮ પર સંપર્ક કરવા સદભાવના વૃધ્ધાશ્રમની યાદીમાં જણાવાયુ છે. વૈશ્વિક રામકથા કાર્યાલયઃ ધ ટવિન ટાવર, અમીન માર્ગ, સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ પાસે, રાજકોટ

## રાજકોટને જગાડવા આવું છું. '..પ્રિય બાપુ'

### શ્રી મોરારિબાપુએ જાહેર આમંત્રણ આપ્યું

રાજકોટ,તા.૩

''મને ખબર છે કે રાજકોટ બપોરે સૂઈ જવા ટેવાયેલું છે. મને અહીંથી પૂછાણ પણ આવેલું કે, કથા સાંજે રાખીએ તો ?? મારે તો મૌન છે એટલે મેં લખીને કહ્યું કે, ના હો, કથા તો એના સમય મુજબ થશે..મને ખબર છે કે રાજકોટને બપોરે એક વાગ્યાથી સૂઈ જવાની ટેવ છે..પણ હું તો રાજકોટને જગાડવા આવું છું..નવેમ્બરની ૨૩ થી સૌને કથા શ્રવણ માટે પધારવા તમારા મોરારીબાપુનું આમંત્રણ છે.

વૃદ્ધો ને વૃક્ષો માટે ''માનસ સદભાવના'' કથા ગાન કરીશું. વૃદ્ધો ને વૃક્ષો બન્ને છાંયો આપે છે ને બન્ને ફળ આપે છે. એટલે રાજકોટમાં વૃદ્ધો અને વૃક્ષો માટે જે અદભુત સેવા કાર્ય થઈ રહ્યું છે, તેના લાભાર્થે શ્રી રામકથાનું ગાન થશે. તમારી સાથે નવ દિવસ રહેવા રાજકોટ આવું છું, તૈયાર રહેજો.'' આ આમંત્રણ સૌએ ઝીલી લીધું અને હેમુ ગઢવી હોલ હર્ષોલ્લાસથી ગુંજી ઉઠયો હતો.

## શેરબજાર

(પહેલા પાનાનું ચાલું)

ભાવ વધારો મોંઘવારી પર દબાણ સર્વે અને વ્યાજદર ઘટાડાના આશાવાદ પર પાણી ફરી વળ્યાની પણ સ્થિતિ સર્જાઈ શકે છે.

શેરબજારમાં લાંબા વખતથી સતત વધતા હેવીવેઈટ શેરો વેચવાલીનું નિશાન બન્યા હતા.રીલાયન્સ એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, મહીન્દ્ર, લાર્સન, ભારતી એરટેલ, જેવામાં કડાકો હતો. આ સિવાય ટાઈટન, અલ્ટ્રાટ્રેક, એશીયન પેઈન્ટસ, એકસીસ બેંક, બજાજ ફાઈનાન્સ, એચસીસીએલ ટેક, ઈન્ડુસઈન્ડ બેંક, કોટક બેંક, મારૂતી, એનટીપીસી, પાવર ગ્રીડ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, ભારત પેટ્રોલીયમ, હિન્દ પેટ્રોલીયમ, ઈન્ડીયન ઓઈલ વગેરે તૂટયા હતા. મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ઈન્ટ્રા-ડે ૧૮૦૦ પોઈન્ટથી વધુ ગગડયો હતો. ૧૭૯૫ પોઈન્ટના કડાકાથી ૮૨૪૭૧ હતો તે ઉંચામાં ૮૩૭૫૨ તથા નીચામાં ૮૨૪૩૪ હતો.નેશનલ સ્ટોક એકસચેંજનો નીફટી ૫૫૪ પોઈન્ટના ઘટાડાથી ૨૪૨૪૨ હતો તે ઉંચામાં ૨૫૬૨૯ તથા નીચામાં ૨૫૦૩૧ હતો.મીડકેપ નિફટીમાં ૧૪૦૦ પોઈન્ટ તથા બેંક નીફટીમાં ૧૨૦૦ પોઈન્ટનો કડાકો હતો તેના પરથી સાર્વત્રિક મંદીનો અંદાજ આવી જતો હતો.

શેરબજારમાં પ્રચંડ કડાકાને પગલે ઈન્વેસ્ટરોની સંપત્તિમાં ૧૦ લાખ કરોડથી વધુનો ઘટાડો હતો. બીએસઈનું માર્કેટ કેપ ૪૬૪ લાખ કરોડના સ્તરે આવી ગયું હતું. ૪૦૧૯માંથી ૯૪૩ શેરો વધ્યા હતા. ૨૯૮૧માં ઘટાડો હતો. ૨૨૬ શેરો વર્ષની ટોચે તથા ૬૫ તળીયે પહોંચ્યા હતા.

કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયો પણ દબાણ હેઠળ આવીને ૧૪ પૈસાના ઘટાડાથી ૮૩.૯૬ હતો.

## ઈઝરાયેલ

(પહેલા પાનાનું ચાલું)

જ ઇઝરાયેલે દગો કરીને હસન નસરલ્લાહને ખત્મ કરવા કલસ્ટર બોમ્બ ઝીંકી દીધો હતો ગત સપ્તાહએ ઇઝરાયેલએ લેબનાનમાં હિઝબુલ્લાહના વડા મથકને ધ્વંશ કરી દીધું હતું અને આ માટે બંકરમાં પણ વિનાશ વેરી શકાય તેવો બોમ્બ ઝીંક્યો હતો જેમાં હસન નસરલ્લાહનું મોત થયું હતું. હાલ લેબનાન પહોંચેલા ફ્રાન્સના વિદેશ મંત્રી સમક્ષ હિઝબુલ્લાહના મંત્રી અબ્દુલ્લાહ હબીબે ઘટસ્ફોટ કર્યો હતો કે નેતાનયાહૂની દરખાસ્ત હસન નસરલ્લાહ સ્વીકારવા તૈયાર હતા અને ઔપચારિક ડ્રાફટીંગ તૈયાર થઇ રહ્યું હતું તે સમયે જ ઇઝરાયેલનો હુમલો આવ્યો હતો. બંને વચ્ચે ૨૧ દિવસના યુધ્ધ વિરામની ચર્ચા હતી પરંતુ તેમાં ઇઝરાયેલએ વાતચીતમાં હિઝબુલ્લાહ વડાને વ્યસ્ત રાખીને પછી બોમ્બમારો કર્યો હતો.


# સાંજ સમાચાર ટચુકડી જાહેર-ખબર

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

**સાંજ સમાચાર**

ટૂંકી જાહેરાત સાંજ સમાચારમાં ગુરૂવાર-શનિવારના અંકમાં પ્રસિધ્ધ

★ઓછામાં ઓછી ૪ લાઈન

★ફકત રોકડા રૂપિયાથી સ્વીકારાશે

★સવારના ૧૦ થી સાંજના ૮ સુધી

★અમારે દરેક ગામ/શહેર એજન્ટ અને ખબરપત્રી દ્વારા પણ આપી શકાશે.

- વ્યવસ્થાપક

**Raymond શુટ રૂ. ૩૦૦૦** | **ભાડે મળશે શુટ-સેરવાની** | **રાજપૂતાના પોષાક** | **ચામુંડા શુટ ઝોન**

કાપડ + સિલાઈ સાથે સફારી શુટ રૂ. ૧૫૫૦

રેમન્ડ જોડી સિલાઈ સાથે રૂ. ૧૨૦૦

વિમલ, મયુર, સિયારામ કાપડ + સિલાઇ સાથે ફકત રૂ. ૩૦૦૦ શુટ કોટ પેન્ટ

વિમલ, મયુર, સિયારામ કાપડ સિલાઇ સાથે બ્રાન્ડેડ જોડી રૂ. ૧૧૦૦

ચણીયા ચોળી ઇન્ડો-વેસ્ટર્ન જોધપુરી-બ્લેઝર સાફા-મોજડી

રજવાડી બીજીસ હન્ટર શર્ટ, અચકણ બેલ્ટ, બ્લોચ કલગીસાફો-પાઘડી, મોજડી, હન્ટર જોધપુરી તેમજ બાળકોના હન્ટર શર્ટ - બીજીસ મળશે

ન્યુ બન્ના કલેકશન

શુટ ફેન્સી →૩૫૦૦થી
ઇન્ડોવેસ્ટર્ન →૩૫૦૦થી
ફેન્સી બ્લેઝર →૨૫૦૦થી
સેમી ઇન્ડોવેસ્ટર્ન →૨૨૦૦થી
કોટન કુર્તા સેટ → ૫૫૦થી
ફેન્સી કોટ →૧૦૦૦થી
સિલ્ક કુરતા જેકેટવાળા →૧૮૫૦થી
કાઉલ કુરતા શેટ →૨૫૦૦થી
કોટી → ૫૫૦થી

ચામુંડા ટેઇલર્સ એન્ડ સિલેકશન
વિશ્વેશ્વર મંદિર સામે, મવડી મેઇન રોડ રાજકોટ. મો. ૯૮૨૫૫ ૪૮૬૫૫

## વેચવાનું છે

**ફલેટ વેચવાનો છે**
૩ બીએચકે, સૌરાષ્ટ્ર કલા કેન્દ્રમાં નવો ફર્નિચર સાથે, જૈન દેરાસર પાસે, મો. ૮૭૫૮૪ ૧૯૫૦૧ (૭૨૧૫/૧)

ડુપ્લેક્ષ મકાન (અઘાટ) ૧૪૪.૫ વાર (૨૦×૬૫) વેચવાનું છે. આગળ-પાછળ ફળીયુ, 'અરિહંત' ૧ ન્યુ કોલેજવાડી, પંજાબ હોન્ડા પાછળની શેરી, કે.કે.વી. ચોકથી ૫૦૦ મીટર દુર, કાલાવડ રોડ, રાજકોટ. મો. ૯૮૨૫૨ ૧૫૮૯૯ (૭૧૩૫)

**પ્લોટ વેચવાના છે**
મોરબી રોડ, ૭૩ વારના ૪ પ્લોટ, ૨ લાખનો એક પ્લોટ, ૯૮૨૪૨૯૬૪૧૪(૭૨૮૧/૧)

**પ્લોટ વેચવાનો છે**
૯૯ વાર, ૧૯×૪૮ માધાપર સર્કલ, ભાવ ૫૨૦૦૦ ૫૨ વારે, ૯૮૨૪૨ ૯૬૪૧૪ (૭૨૮૧/૨)

**પ્લોટ વેચવાનો છે**
ગોકુલ મથુરા પાછળ, યાગરાજ નગરમાં ૧૬૦ વાર, મો. ૯૪૦૯૪ ૪૩૨૨૦ (૭૨૭૭/૧)

**કબાટ વેચવાનો છે**
જાડા પતરાનો કબાટ વેચવાનો છે. કો. ૯૪૦૯૪ ૪૩૨૨૦ (૭૨૭૭/૨)

## યાત્રા પ્રવાસ

**ખોડીયાર ટ્રાવેલ્સ સ્લીપ**
સ્પે. રૂમ ચોકકસ ઉપડશે, દિવાળી નુતન વર્ષ રાત્રે અયોધ્યા, કાશી, હરીદ્વાર, છપૈયા સાથે સ્થળ-૧૮, દિ. ૧૩, રહેવા જમવા તથા દિ.૧૩ તા. ૧૩/૧૦ રાત્રે ઉતર ભારત ચારધામ ૯૮૨૫૩ ૫૯૦૯૦ કચ્છ રાઉન્ડ દિ. ૨ તા. ૨૭ રાત્રે સ્લીપર ટી. ૧૭૫૦ (૭૨૧૦)

## ગુજરાત ફેવરીટ વન-વે ટેક્સી રાજકોટથી

| DESTINATION | SEDAN | SUV |
| --- | --- | --- |
| RAJKOT TO HIRSAR AIRPORT | 1000 | 1500 |
| HIRSAR AIRPORT TO RAJKOT | 1000 | 1500 |
| RAJKOT TO AHMEDABAD | 2500 | 3500 |
| AHMEDABAD TO RAJKOT | 2500 | 3500 |
| RAJKOT TO VADODARA | 4000 | 5000 |
| RAJKOT TO SURAT | 6500 | 7500 |
| RAJKOT TO MUMBAI | 12000 | 15000 |
| RAJKOT TO MORBI | 1800 | 2500 |
| RAJKOT TO JUNAGADH | 2500 | 3500 |
| RAJKOT TO JAMNAGAR | 2000 | 2700 |

TEZZ
TEZZ CABS
TEZZ SHAKTI TRAVELS
TAXI ONE WAY CAB
રાજકોટથી કોઈપણ શહેર માટે વન-વે પીક અપ-ડ્રોપ માટે ટેક્સી સૌથી નીચા ભાવે
Mo. 9696 153 153

## કામદાર પબ્લીસીટી

કોઈપણ દૈનિક ન્યુઝ પેપરની નાની-મોટી કે ટચુકડી જાહેરાત આપવા સંપર્ક કરો

ચંદ્રકાન્તભાઈ કામદાર-૯૮૭૯૨ ૬૬૫૧૫
નિતેશ કામદાર-૯૮૯૮૯ ૭૨૮૩૮
પ્રમુખસ્વામી આર્કેડ, ૩જા માળે, માલવીયા ચોક, રાજકોટ

## ધંધાદારી

**હોલસેલ ભાવે મળશે**
ડ્રેસમટીરીયલ્સ, કૃતિ, કોટનપ્રિન્ટેડ ડ્રેસ, કૃતિ પેર વર્કમાં મળશે. દેવેન્દ્ર ડ્રેસીસ, વોરાવાડ, મો.૯૮૨૪૪ ૮૦૬૬૪ (૭૧૬૮)

**એસી, ફ્રીઝ, વોશિંગ મશીન**
વોટર કુલર રીપેર, સર્વિસ, મહેન્દ્રભાઈ - ૯૮૨૪૬ ૯૪૫૬૭ (૭૧૨૮)

**શ્રી યમુના પેકેજીંગ - રાજકોટ**
પ્લાસ્ટીક બોકસ-પ્લાસ્ટીક બોકસ ઝટકા મશીન બનાવવા- ઓટો પાર્ટસ ઓટો મોબાઈલ્સ- નટ બોલ્ટ- મશીન પાર્ટસ- ટ્રેકટર પાર્ટસ-જેસીબી પાર્ટસ- ટુલ્સ- હાર્ડવેર-બ્રાસ પાર્ટસ- મોબાઈલ એસેસરી- વી.એમ.સી. - સી.એન.સી. - પાર્ટસ ઈલેકટ્રોનિક પાર્ટસ- ચશ્માની ફ્રેમ તથા ગ્લાસ રાખવા, મેડીકલ (દવાઓ રાખવા) સર્જીકલમાં- પ્લેટ- સ્ક્રુ તથા નેઈલ રાખવા, સોની કામના ઓજાર- ચાંદી કામ વેક્ષ માટે-કટલેરી હોઝીયરી તથા આપની નાની મોટી ફેકટરીમાં દરેક જાતના ટુલીંગ- પાર્ટસ રાખવા માટે પ્લાસ્ટીકના હેવી બોકસ હાજર સ્ટોકમાં મેળવવા માટે- શ્રી યમુના પેકેજીંગ, રાજકોટ. મો. ૯૮૭૯૪ ૭૯૬૯૫, ૯૭૨૭૮ ૭૪૨૬૬ (૭૧૭૧)

સાંઈરામ, આઈ.ટી. રીટર્ન ભરવા અને નવો GST નંબર લેવા માટે ફોન કરો : ૯૩૭૬૬ ૪૨૩૬૦ (એસ/એસ)

**ઘરઘંટી, વોશીંગ મશીન, ફ્રીઝ**
કુલર ગીઝર, આરો, ઓવન, ગેસ ચુલો રીપેરીંગ, મો. ૯૭૨૩૧ ૨૫૯૬૪ (૭૧૦૫)

**પડદા... પડદા... પડદા..**
બારી દરવાજાના પડદા વોશીંગ રીપેરીંગ, ફીટીંગ, મચ્છર જાળી, નવા જુના રીપેરીંગ, ફોન : ૯૦૩૩૯ ૦૭૮૫૭ (૭૨૪૪)

**ગાર્ડન માટે લોનમુવર**
ઈલેકટ્રીક તથા મેન્યુઅલ લોનમુવર, ઓગર, બ્રશકટર, ભારમલ બ્રધર્સ, મ્યુનિસિપલ કોર્પોરેશનની સામે, ઢેબર રોડ, રાજકોટ. ૯૮૨૫૩ ૨૦૮૨૯ (મહાદેવ)

**પ્લમ્બીંગ કામ**
પાઈપ ફીટીંગ, નળ પોખરા, ગેન્ડી વગેરે નવું તથા જુનુ ફીટીંગ રીપેરીંગ માટે, ૯૭૨૬૯ ૩૧૮૩૭ (૭૨૫૨)

**ધી બોમ્બે ટેઈલર્સ**
ફેન્સી લેડીઝ ડ્રેસ, પ્લાઝા, શીંગોર પેન્ટ, હેરમ, વનપીસ, નાયરા કુર્તી, ચોલી બ્લાઉઝ, પ્રિન્સેસ પેડવાળા સ્પેશ્યાલીસ્ટ દરેક પેટર્નમાં બનાવી આપશુ. જુના અને જાણીતા રૈયા રોડ, સીટી સેન્ટર પાછળ, સુભાષનગર મેઈન રોડ, સાંઈબાબા ધામ પાસે, ૯૯૨૫૬ ૧૨૬૨૭ (૭૨૮૫)

**ધંધાદારી**
વોટર પ્રુફીગ કરાવવા માટે તથા રીનોવેશન, છત, અગાસી લીકેજ, મો. ૯૭૨૬૧ ૨૦૩૮૬ (૭૧૬૦)

## જોઈએ છે

**જોઈએ છે**
સુતરકોન-દડાના કારીગર તથા પેકીંગ માટે લેડીઝ/ જેન્ટસ, પાર્ટ / ફુલટાઈમ, મોરબી રોડવાળાને પ્રથમ પસંદગી, મો. ૯૪૨૬૮ ૧૬૧૫૪ (૭૨૫૦)

**લોનેબલ તથા ટાઈટલ કલીયર મિલ્કતો લેવા તથા વેચવા માટે મળો**
**ખુશ્બુ એસ્ટેટ**
બો. બીપીન પરમાર
કરણસિંહજી મેઈન રોડ, SBI બેંકની સામે
મો. નં. 98242 11729

**મોકાની મિલ્કતો વેચવાની છે**
(૧) S.T. બસ સ્ટેન્ડ પાસે ૪૦'નો રોડ, ૬૦૦ વાર, જગ્યા કોમર્શિયલ તથા હોટલ માટે ખુબ જ મોકાની મિલ્કત દેવાની છે
(૨) પેલેસ રોડ લાગુ ૨૨૫ વારનું ૪ માળનું કોમર્શિયલ ઉપયોગ થાય તેવું મોકાનું આખુ બિલ્ડીંગ દેવાનું છે, સોનીનાં વર્કશોપ માટે ખુબ જ ઉપયોગી મોકાની મિલ્કત છે. ટાઈટલ કલીયર વેચવાની છે
(૩) S.T. બસ સ્ટેન્ડ પાસે ૧૦૦/૧૫૦/૨૦૦/વાર જગ્યા જમીનના ભાવમાં કોમર્શિયલ થાય તેવી મિલ્કત વેચવાની છે
(૪) જુના તથા નવા જાગનાથમાં ૧૫૦/૧૭૫ વાર જગ્યા જમીનના ભાવમાં વેચવાની છે.
(૫) જયરાજ પ્લોટમાં ૧૦૦ વારનું ૧૫૦/વારનું મકાન જમીનના ભાવમાં વેચવાનું છે. (એન/જે)

## ભાડે આપવાનું છે

**દુકાન ભાડે / વેચાણ**
ઉપર નીચે પરાબજાર ચોક પાસે, ૪૦૦ સ્કે. ફુટ, શોરૂમ લાયક, મો. ૮૭૫૮૪ ૧૯૫૦૧ (૭૨૧૫/૨)

**દુકાન ભાડે આપવાની છે**
કોઠારીયા મેઈન રોડ, સુતા હનુમાન સામે, સોરઠીયાવાડી ચોક નજીક ૧૦×૩૦, ભાડુ ૨૫૦૦૦, મો. ૬૩૫૨૭ ૦૫૬૪૫ (૭૨૮૦)

**ઓફીસ ભાડે આપવાની છે**
એસી, ફર્નિચર, પીઓપી સાથેની પ્રમુખસ્વામી આર્કેડ, માલવિયા ચોક, રાજકોટ. મો. ૯૯૨૫૮ ૭૫૯૧૯ (૭૨૮૪)

**ગર્લ્સને PG રૂમ ભાડે મળશે**
નોકરીયાત / અભ્યાસુ બહેનો માટે જ મો. ૯૪૨૬૬ ૩૦૪૩૪, ૯૯૭૪૪ ૦૨૪૧૪ (૭૨૭૬)

**ધ્રુવ એડસ**
હિરા કોમ્પ્લેક્ષ, બીજા માળે, ફુલછાબ ચોક પાસે, પટ્ટણી સોની બોર્ડીંગ સામે, રાજકોટ-૧.
M. 96247 10323
**વેંચવાનું છે**
ફ્લેટ વેંચવાનો છે
રેસકોર્ષ પ્રાઈમ લોકેશનમાં ૨ બીએચકે, ફર્નિચર સાથે, કિં. ૪૦,મો.૯૪૨૬૭૧૨૧૩૬

**સીવીલ હોસ્પિટલથી તદ્દન નજીક કસ્તુરબા રોડ ઉપર**
**હોસ્પિટલ બ્લોક પ્રોફીટ શેરીંગ/લીઝથી આપવાનો છે.**
૨૮૦૦-૦૦ સ્કેવરફુટ કારપેટ એરીયા, ૧- કન્સલ્ટીંગ ચેમ્બર્સ, ઓપરેશન થીયેટર, સ્ટ્રેચર લીફટ, ૧૦-બેડ, સ્પેશીયલ રૂમ ફુલ્લી ફર્નીસ્ડ.
સંપર્કઃ- ૯૪૯૯૬ ૩૨૫૬૮
દલાલ આવકાર્ય

**સ્ટાફ જોઈએ છે**
CA ફર્મ માટે જોઈએ છે
(આર્ટીકલ્સ, ઈન્ટર સીએ-એમકોમ, બીકોમ)
ઓડીટીંગ - GST-IT-TDS ના
સંપર્કઃ Kothari N.K. & Associates
98242 32572

**શશી પબ્લીસીટી**
૧/૨ લક્ષ્મીવાડી કોર્નર, રાજકોટ.
દરેક પેપરની ટચૂકડી જા.ખ. માટે મળો: પ્રકાશ ગાંગડીયા
મો: ૯૮૨૫૫ ૫૫૮૪૫, ૮૮૪૯૩ ૮૦૭૪૮

## યાત્રા પ્રવાસ

**રામા ટ્રાવેલ્સ-જેતપુર આયોજીત**
**પ્રવાસ-૧** : ચાલો ભાઈબીજ, ચાલો ભાઈબીજ, અંબાજી, રામદેવડા, જયપુર, મથુરા, આગ્રા, હરીદ્વાર, દિલ્હી, નાથદ્વારા, શામળાજી, ડાકરો, દિ.૧૩.
**પ્રવાસ-૨** : અંબાજી, રામદેવડા, જયપુર, આગ્રા, મથુરા, અયોધ્યા, છપૈયા, ચિત્રકુટ, અલ્હાબાદ, કાશી, બનારસ, હરીદ્વાર, દિલ્હી, નાથદ્વારા, શામળાજી, ડાકોર દિ.૧૬ થી ૧૭ રહેવા-જમવા સાથે, મો. ૯૯૭૮૮ ૧૨૫૩૮ /૮૨૦૦૯ ૦૭૩૨૧-જેતપુર

**બાલાજી ટુર્સ**
ભાઈબીજ મથુરા, સ્નાન દિવસ-૧૬, ઉ.તા. ૨૩/૧૦ રહેવા જમભવા સાથે ગેરેંટીથી યાત્રા, ચંદુભાઈ મૈયડ, ૯૮૭૯૯ ૫૬૯૯૦, રાજકોટ.

શ્રી જન્માક્ષર દ્વારા ચાલો ભાઈબીજ શાસ્ત્રોકત વિધિ દ્વારા યમુના સ્નાન ગોકુળ, મથુરા, હરિદ્વાર, શ્રીનાથજી સ્લીપર બસ દ્વારા રહેવા જમવા સાથે ૮૧૪૧૫ ૯૩૬૭૧

## જોઈએ છે

**કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે**
રાજકોટ નવાગામ પીવીસી પાઈપના ગોડાઉન માટે ઓપરેટર જોઈએ છે. ૨ વર્ષનો અનુભવ જરૂરી મો. ૯૪૨૯૩ ૧૬૯૩૮/૭૦૧૬૧૪૧૦૨૭

## લગ્ન વિષયક

નોકરી ઈચ્છતા યુવક પુરી વિગત તેમજ બાયોડેટા મોકલો, યુવતીઓ યુવકના વડિલો લગ્ન માટે રીઝયુમ મોકલો, કોન્ટેક : બિરજુભાઈ ઉનડકટ : મો. ૯૨૬૫૦ ૬૩૪૩૪ / ૯૯૦૪૪ ૮૬૧૪૨

**આપના ધંધાકીય વિકાસ માટે ટચુકડી જાહેરાત આપી આપના ધંધાનો વિકાસ**

**શિવ સાગર એસ્ટેટ**
ચંદ્રકાંત શેઠ : ૯૯૭૯૧ ૯૫૮૯૬

**(સુંદર / લકઝરી / હોટલ)**
૬૨૫ વાર, ૩૨ રૂમ, એટેચ બાથ કિંમતી ફર્નિચર, કેનાલ રોડ, એસ.ટી. બસ સ્ટેશન, ચાલુ ધંધો, સારી આવક, દુબઈ જવાનું હોય તાત્કાલીક વેચવાની.

**(સુંદર / લકઝરી / ફલેટ)**
૪/બેડ રૂમ ૨૪૦૦ ફુટ, કિંમતી ફર્નિચર એસી. દરેક રૂમમાં કિંમત (૧/કરોડ/૧૫ લાખ) યાજ્ઞિક રોડ, રામકૃષ્ણ આશ્રમ સામે શેરી, જુનુ જાગનાથ તાત્કાલીક વેચવાનો

**(અતિ સુંદર બંગલો)**
ભકિતનગર સોસાયટી, ૪૫૦ વાર કિંમત, ફર્નિચર સાથે ૨ / રસ્તા, સુંદર લોકેશન, અરજન્ટ વેચવાનો

**(બંગલો / કોર્નર)**
સાધના સોસાયટી, વાણીયાવાડી સાઈડ, ૪/બેડ રૂમ, ફર્નિચર સાથે, તાત્કાલીક વેચવાનો, કિંમત / ૧ / કરોડ છેલ્લા ભાવ

**(માસ્તર સોસાયટી)**
૧૬૫ વાર, ઉપર નીચે બાંધકામ ભાવ વારનાં (૫૦,૦૦૦) અરજન્ટ વેચવાનું

**(મકાન લક્ષ્મીવાડી)**
૩૨૫ વાર કોર્નર, ભાવ વારનાં (૫૦૦૦૦) તાત્કાલીક વેચવાનું ૭૦/નો ફ્રન્ટ

**(જુનુ / મકાન)**
માસ્તર સોસાયટી કોર્નર, ૨૨૫ વાર, ભાવ વારનાં (૪૫૦૦૦) તાત્કાલીક વેચવાનું કોર્નર

**(મકાન / ગુંદાવાડી)**
૮૫ વાર ઉપર નીચે જમીનના ભાવે ઉઘડા / (૪૫ લાખ) તાત્કાલીક વેચવાનું

**(મકાન / કસમાં)**
ગુંદાવાડી ૧૦૦/વાર ૨૦નું મોઢુ (૪/બેડ રૂમ) ઉપર નીચે મજબુત મકાન ચોવીસ કલાક પાણી તાત્કાલીક વેચવાનું (૮૫ / લાખ) અરજન્ટ

**(જુનુ / મકાન)**
૨૩૦ / વાર, કોઠારીયા રોડ, મેઘાણીનગર, ભાવ વારનાં (૩૦,૦૦૦) અરજન્ટ વેચવાનું નંદા હોલ પછી

**(રેસીડેન્ટ / પ્લોટ)**
કોઠારીયા રોડ, ગામતળ ૫૩૫ વાર, ભાવ વારનાં (૨૦૦૦૦) ૭૦/૬૫ કોર્નર ૫૦/નો રોડ વંડો વાળેલો અરજન્ટ વેચવાનો

**(ખેતર / વાડી / ફાર્મ)**
૧૫૦/વીઘા લીંબુનો બગીચો, સરગવો બગીચો, ફુલ પાણી, બંગલો ડામરપટી ટચ, અમદાવાદ રોડ, ચોટીલા આગળ તાત્કાલીક વેચવાનો ભાવ વારનાં (૬/લાખ) વીઘાનાં

**(ઈન્ડસ્ટ્રીઝ / શેડ)**
ભાવનગર રોડ, આજી વસાહત ફિલ્ડ માર્શલ પાછળ, ૭૫૦ વાર, બાંધકામ સાથે ભાવ વારનાં (૪૦,૦૦૦) તાત્કાલીક વેચવાનું

**(ઈન્ડસ્ટ્રીઝ / શેડ)**
શાપર/વેરાવળ ૨૮૦૦/વાર, ૨૫૦૦૦ ફુટ બાંધકામ, શાપર રાણી મીલ નજીક, ભાવ વારનાં (૨૦,૦૦૦) છેલ્લો ભાવ તાત્કાલીક વેચવાનો

### ભારત ઈઝરાયેલનુ બીજુ સૌથી મોટુ વ્યાપારિક ભાગીદાર

# જો ઈરાન-ઈઝરાયેલનું યુધ્ધ લંબાય તો ભારતને મોટું નુકશાન

## બંને દેશો વચ્ચે ભારતના વ્યાપારિક સંબંધોઃ ક્રુડ ઓઈલ, ઈલેકટ્રોનિકસ અને કૃષિ ક્ષેત્રોને નુકશાન થઈ શકે છેઃ ક્રુડ ઓઈલના ભાવમાં ૨૮ ડોલર જેટલો ઉછાળો સંભવ



નવીદિલ્હી તા.૩

હાલ ઈઝરાયલ અને ઈરાન યુધ્ધે ચડયા છે. બંને વચ્ચે જો આ યુધ્ધ ચાલુ રહે તો ભારત પર તેની અસર થયા વગર રહે નહીં કારણ કે ભારત બીજુ સૌથી મોટુ વ્યાપારિક ભાગીદાર છે.

ભારત એશિયામાં ઈઝરાયલનુ બીજુ મોટુ વ્યાપારિક ભાગીદાર છે. ભારત દ્વારા પશ્ચિમ એશિયાઈ દેશોને નિકાસ કરવામાં આવતી મુખ્ય વસ્તુઓમાં બાસમતી, કપડા, રત્ન-આભૂષણ, સૂતરના દોરા અને કપડા સામેલ છે. જો કે દ્વિપક્ષીય વ્યાપારમાં મુખ્યત્વે હીરા, પેટ્રોલીયમ ઉત્પાદનો અને રસાયણોનું વર્ચસ્વ છે.

**ઈઝરાયલ સાથે વ્યાપાર:** ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલ-જુલાઈ દરમ્યાન ઈઝરાયલને ભારતના નિકાસ ૬૩૯ મિલિયન અમેરિકી ડોલર રહી હતી. ૨૦૨૩-૨૪માં તે ૪.૫૨ અબજ અમેરિકી ડોલર હતી. આ નાણાકીય વર્ષના પહેલા ચાર મહિના દરમ્યાન ઈઝરાયલથી આયાત ૪૬૯.૪૪ મિલિયન અમેરિકી ડોલર હતી. ૨૦૨૩-૨૪માં તે બે અબજ અમેરિકી ડોલર હતી.

**ઈરાન સાથે વ્યાપાર:** ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલ-જુલાઈ દરમ્યાન ઈરાનને ભારતની નિકાસ ૫૩૮.૫૭ મિલિયન અમેરિકી ડોલર રહી. ૨૦૨૩-૨૪માં આ ૧.૨૨ અબજ અમેરિકી ડોલર હતી. આ નાણાકીય વર્ષના પહેલા ચાર મહિના દરમ્યાન ઈરાનથી આયાત ૧૪૦.૬૯ મિલિયન અમેરિકી ડોલર હતી. ૨૦૨૩-૨૪માં તે ૬૨૫.૧૪ મિલિયન ડોલર હતી.

**ક્રુડ ઓઈલના ભાવમાં ચાર ટકાનો ઉછાળો:** ઈરાનના ઈઝરાયલ પર હુમલા બાદ ક્રુડ ઓઈલની કિંમતોમાં ચાર ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. બ્રેન્ટ ક્રુડ ૭૪.૫૦ ડોલર પ્રતિ બેરલનો કારોબાર રહ્યો છે જયારે બીજી બાજુ અમેરિકી ક્રુડ ઓઈલની કિંમતોમાં પણ ચાર ટકાથી વધુનો વધારો જોવા મળી રહ્યો છે.

રીપોર્ટ મુજબ ઓપેક પ્લસની મીટીંગમાં ક્રુડ ઓઈલના ઉત્પાદનને સીમીત રાખવ પર ફેંસલો થાય છે તે ક્રુડ ઓઈલની કિંમતોમાં વધુ વધારો જોવા મળી શકેછે.

**ક્રુડ ઓઈલના ભાવમાં ૭ ડોલર સુધીનો ઉછાળો સંભવ:** એક અનુમાન મુજબ ઈરાન પર આર્થિક પ્રતિબંધો લાગવા પર ક્રુડ ઓઈલ ૭ ડોલર પ્રતિ બેરલ સુધી મોંઘુ થઈ શકે છે. જ્યારે ઈરાનના ઉર્જા પ્રતિષ્ઠાનો પર ઈઝરાયલ હુમલો કરે છે તો ક્રુડ ઓઈલ ૧૩ ડોલર પ્રતિ બેરલ સુધી મોંઘુ થઈ શકેછે. સ્ટેટ બેન્ક ઓફ તેર્મુઝથી પુરવઠો બાધિત થવા પર ક્રુડ ઓઈલ ૧૩ થી ૨૮ ડોલર પ્રતિ બેરલ મોંઘુ થઈ શકેછે.

### એકતરફી યુધ્ધ નહીં હોય, એકબીજાને ભારે પડી શકે છે બન્ને દેશોની સેનાઓ

નવીદિલ્હીઃ ઈઝરાયલ, ગાઝા, લેબેનોન અને ઈરાન એકસાથે જંગમાં છે. ઈરાન અને લેબેનોન વચ્ચે હવાઈ અંતર ૧૭૦૦ કિલોમીટર છે. લંડન ઈન્સ્ટિટયુટ ફોર ઈન્ટરનેશનલ સ્ટ્રેટેનિક સ્ટડીઝના રક્ષા વિશેષજ્ઞ ફાબિયાન હિંજના અનુસાર ઈઝરાયલ-ઈરાન યુધ્ધ એકતરફી નહી હોય, ઈરાને આધુનિક મિસાઈલોથી જેવી રીતે હુમલા કર્યા છે તો તે તેની તાકાતનો સંકેત છે. સંભવ છે કે યુધ્ધની હાલતમાં ઈરાન ઈઝરાયલને મોટી ટકકર આપે.




### આખરે ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે કેમ બગડયા સંબંધો?

હાલમાં ઈરાન અને ઈઝરાયલ એકબીજાના જાની દુશ્મન બન્યા છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે સંબંધોની શરૂઆત વર્ષ ૧૯૪૮માં થઈ હતી. ૧૯૪૮માં દુનિયાના નકશામાં ઈઝરાયલ નામના દેશનો જન્મ થયો હતો. તેને માન્યતા આપનારા બહુમતી મુસ્લીમ દેશ તુર્કી પછી ઈરાન હતો. તે વખતે ઈરાનમાં પહલવી રાજવંશનુ શાસન હતુ. આ પહેલવી રાજવંશ અમેરિકાનુ સમર્થક હતુ. જયારે અમેરિકા ઈઝરાયલનુ સમર્થક હતુ. બંને દેશોના સંબંધોમાં ખટાશ ત્યારે પેદા થઈ જયારે ૧૯૭૯માં ઈરાનમાં ઈસ્લામીક ક્રાંતિ થઈ હતી. નવી ઈરાની સતા અમેરિકાને મહાન શેતાન અને ઈઝરાયલને નાના શેતાનની ઉપમા આપી હતી. ઈસ્લામીક ક્રાંતિ બાદ ઈરાને ઈઝરાયલ સાથે બધા સંબંધ તોડી નાખેલ. નાગરિકો યાત્રા નહોતા કરી શકતા.

## ઈઝરાયેલની સેનાના નિશાના પર ઈરાની તેલ ભંડાર

### જી ૭ દેશોએ કહ્યું રાજદ્વારી ઉકેલ હજુ પણ શક્યઃ સંઘર્ષ કોઈનાં હિતમાં નથી : ઘણાં દેશોએ તેમની ફલાઈટના રૂટ બદલ્યાં



તેહરાન.તા.૩

મિસાઈલ હુમલાના જવાબમાં ઈઝરાયેલ ટૂંક સમયમાં ઈરાન સામે મોટી કાર્યવાહી કરી શકે છે. તે તેનાં તેલનાં ભંડારને નિશાન બનાવશે. એક મીડિયા રિપોર્ટમાં આ જાણકારી આપવામાં આવી છે. રિપોર્ટમાં ઈઝરાયેલના અધિકારીઓને ટાંકીને કહેવામાં આવ્યું છે કે ઈરાનના અન્ય સ્થળો પણ ઈઝરાયેલના નિશાન પર હશે. એવાં દાવા કરવામાં આવ્યાં હતાં કે ટાર્ગેટેડ કિલિંગ અને ઈરાનની એર ડિફેન્સ સિસ્ટમને પણ નિશાન બનાવી શકાય છે. મધ્ય પૂર્વના નિષ્ણાત બરાક રવિદે કહ્યું કે, ઈરાન ક્યારેય મધ્ય પૂર્વમાં યુદ્ધની આટલી નજીક આવ્યું નથી.

**મોસાદના મુખ્યમથક અને હવાઈ મથકને નિશાન બનાવવામાં આવ્યાં :**

ઈરાની મીડિયા અહેવાલોએ દાવો કર્યો હતો કે ઈરાની મિસાઈલ હુમલામાં ઈઝરાયેલી ગુપ્તચર એજન્સી મોસાદ અને એક એરબેઝ જ્યાં ૩૫ ફાઈટર પ્લેન હતાં તેને નિશાન બનાવવામાં આવ્યાં હતાં. સૈન્ય અધિકારી મોહમ્મદ બધેરીએ જણાવ્યું હતું કે હુમલામાં હાઇપરસોનિક ફતહ મિસાઈલોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### ઈઝરાયેલ, ઈરાન યુદ્ધ લાંબુ ચાલશે

ઈરાનના ઈઝરાયેલ પરનાં મિસાઈલ હુમલા બાદ પશ્ચિમ એશિયામાં છેલ્લાં એક વર્ષથી ચાલી રહેલા સંઘર્ષ આગળ વધી શકે છે. નિષ્ણાતોના મતે, વિશ્વ આ સંઘર્ષને મોટાં યુદ્ધમાં ફેરવાય નહીં તે માટે પ્રયાસ કરી રહ્યું છે. પરંતુ, સંજોગો જોતાં, તે સ્પષ્ટ છે કે મોટાં યુદ્ધને ટાળી શકાય છે, પરંતુ સંઘર્ષ લાંબા સમય સુધી ચાલુ રહેશે.

નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ રાજેન્દ્ર સિંહ અનુસાર, ઇઝરાયેલ પર આંતરિક અને બાહ્ય દબાણ છે. ઈઝરાયેલના દુશ્મનો હમાસ અને હિઝબુલ્લાહને સંપૂર્ણપણે ખતમ કરવા માટે આંતરિક દબાણ છે. બીજી બાજુ, વિશ્વ તેની ક્રિયા કરવાની પદ્ધતિઓ સાથે સહમત નથી. જે રીતે ગાઝા અને લેબનોનમાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં નિર્દોષ લોકોનાં મોત થયાં છે તે જ રીતે વિશ્વનાં દેશો તેમનાં પર યુદ્ધ રોકવા માટે દબાણ કરી રહ્યાં છે.

ઇઝરાયેલ વિશ્વનું ઓછું સાંભળી રહ્યું છે અને પોતાનું વધુ કરી રહ્યું છે. સિંહનાં મતે ઈરાન એક મોટો દેશ છે. તેની સેના વિશાળ છે. ઈરાન પાસે ડ્રોન અને મિસાઈલ સહિત ઘણી નવી ટેકનોલોજી છે. ઇઝરાયેલ પાસે વધુ હવાઈ શક્તિ છે. જો યુદ્ધ થશે તો તે હવાઈમાં થશે કારણ કે બંને દેશો વચ્ચેનું અંતર ઘણું વધારે છે. આવી સ્થિતિમાં તે લાંબા સમય સુધી ચાલી શકે છે.

## ધોલેરામાં રેરા રજીસ્ટ્રેશન વિના જ પ્લોટીંગ સ્કીમનુ વેચાણઃ ડેવલપર સામે કાર્યવાહીનો આદેશ

### પ્લોટના રજીસ્ટ્રેશનમાં વિધ્ન સર્જાતા ભાંડો ફૂટયોઃ સુઓમોટો દાખલ કરીને બિલ્ડર સામે કાયદેસરની કાર્યવાહી કરવાનો હુકમ

અમદાવાદ, તા.૩

રાજ્યમાં બહુચર્ચિત બનેલા ધોલેરા પ્રોજેક્ટમાં રેરાની મંજૂરી વગર પ્રોજેક્ટ લોન્ચ કરીને વેચાણ કરનાર એક ડેવલપર પેઢી સામે સુઓમોટો કાયદેસર કાર્યવાહી કરવા માટે રેરાના સભ્ય એમ. એ. ગાંધી દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. આ બિલ્ડર દ્વારા પ્રોજેક્ટ લોન્ચ કરીને બુકીંગ લીધા બાદ કાયદાકીય પ્રશ્નો ઉભા થતા ખરીદનારને તેમના નામે દસ્તાવેજ નહી કરવામાં આવતા ખરીદનાર દ્વારા રેરામાં પિટિશન કરવામાં આવતા આ આદેશ કરવામાં આવ્યો છે. બીજી બાજુ પ્લોટ ધારક ખરીદનારને પણ રેરાની મંજૂરી નહી હોવાથી દસ્તાવેજ કરી આપવાની માગણી રેરા દ્વારા ફગાવી દેવામાં આવી હતી.

ફરિયાદી સૌરભ પારસ જૈન દ્વારા સામાવાળા પિરામીટ ઈન્ફ્રા (મેસર્સ ધોલેરા ફોરચ્યુન ઈન્ફ્રા એલએલપી) સામે રેરા સમક્ષ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ તેઓએ સામાવાળાને ધોલેરા પ્રાઈડ નામના પ્રોજેક્ટમાં પ્લોટ નં.-૩ બુક કરાવેલ અને તેની કિંમત રૂ.૪૪,૬૫,૮૭૨/- પૈકી રૂ.૪૨,૬૫,૮૭૨/- તેઓએ સામાવાળાને ચુકવેલ છે અને બાકીના રૂ.૨,૦૦,૦૦૦/- રેરાનું સર્ટીફિકેટ મળ્યેથી ચુકવવા તેવો કરાર તા.૦૬-૦૧-૨૦૨૦ અને તા.૦૧-૦૮-૨૦૨૨ ના રોજ સામાવાળા અને તેઓની વચ્ચે કરવામાં આવેલ છે અને આમ, તેઓને પ્લોટ નં.-૩ સામાવાળાએ એલોટ કરેલ છે. ફરિયાદીના જણાવ્યા મુજબ ત્યારબાદ તેઓ દ્વારા સામાવાળાને સદર રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપવા જણાવેલ અને તે અંગેની નોટીસ વકીલ મારફતે આપવા છતાં તેઓને તે પ્લોટનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવતો નથી. તેમ જણાવી તેઓ અને સામાવાળા વચ્ચે થયેલ કરાર મુજબ પ્લોટનો વેચાણ દસ્તાવેજ કરી આપવાની દાદ મંજૂર કરવાની તેઓની રજૂઆત છે.

સામાવાળાની રજૂઆત મુજબ તેઓનો સર્વે નં.-૯૩૫ (નવા ફા.પ્લોટ નં.-૯૩૫) નો પ્લોટ નં.-૩ ફરિયાદીને વેચાણ આપવાનું નક્કી કરવામાં આવેલ. પરંતુ, સદર પ્લોટ મધ્યસ્થ સરકાર દ્વારા ધોલેરા પાસેથી પસાર થતો નેશનલ હાઈવેના પ્રોજેક્ટ માટે એકવાયર કરી નવો પ્લોટ નં.-૨૧૯ આપવામાં આવેલ છે અને ત્યારબાદ Dholera Special Investment Regional Development Authority દ્વારા એવો ઠરાવ કરવામાં આવેલ છેકે, સ્કીમની આજુ-બાજુનાં ખેડૂતોની સંમતિ અંગેની એફીડેવીટ રજુ કરવામાં આવ્યેથી પ્લાન મંજૂર કરવામાં આવશે. તે સંજોગોમાં સામાવાળા તેઓનો પ્લાન સક્ષમ ઓથોરીટી સમક્ષ મંજૂર કરાવી શકે તેમ નથી અને તેથી RERA ઓથોરીટી સમક્ષ તેનું રજીસ્ટ્રેશન પણ કરાવી શકે તેમ નથી. તે સંજોગોમાં તેઓ ફરિયાદીને ચુકવેલ અવેજની રકમ વ્યાજ સહીત પરત આપવા તૈયાર છે.

ઉપરોક્ત હકીકતોને ધ્યાનમાં લેતા રેરા દ્વારા ચુકાદો આપતા ઠરાવવામાં આવ્યું હતું કે, સક્ષમ સત્તાવાળાઓ દ્વારા નિયમોમાં ફેરફાર કરવામાં આવે નહી ત્યાં સુધી પ્લાન મંજૂર થઇ શકે નહી અને સત્તાવાળાઓની મંજૂરી વગર પ્રોજેક્ટ રેરામાં રજીસ્ટર થઇ શકે નહી. તેથી તેઓ કરારમાં જણાવ્યા વગર રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી શકે તેમ નથી. રેરામાં રજીસ્ટર કરાવવું તેમના કાબુમાં નથી. આથી ફરિયાદની ફરિયાદમા દાદ મળે તેમ નથી. વધુમા રેરા એક્ટની કલમ ૩ મુજબ પ્લાનિંગ વિસ્તારમાં પ્રોજેક્ટ રેરા ઓથોરિટી સમક્ષ રજીસ્ટર્ડ કરાવવાનો હોય છે અને રજીસ્ટર્ડ થયેલો નો હોય તો પ્રોજેક્ટની જાહેરાત, બુકીંગ, વેચાણ કે વેચાણ અંગેનું આમંત્રણ આપી શકાય નહી. ધોલેરા પ્રાઇડ પ્રોજેક્ટ રજીસ્ટર્ડ થયેલો નથી અને રજીસ્ટર્ડ કરાવ્યા વગર પ્લોટ વેચાણ થયેલો છે. આમ સામવાળાએ રેરાની કલમ-૩નો ભંગ કરેલો છે. આથી સામાવાળા સામે સુઓમોટો કાર્યવાહી કરવાનો કેસ બને છે. આથી આદેશની નકલ રેરાના સેક્રેટરીને મોકલી આપવી.

## કંગનાએ ફરી વિવાદી પોસ્ટ કરી! ગાંધીજીના 'કદ' પર પ્રશ્ન ઉઠાવાયો

### દેશના પિતા હોતા નથી 'લાલ' હોય છેઃ શાસ્ત્રીજીને શ્રધ્ધાંજલી આપવામાં મુસીબત વહોરી લીધી

નવી દિલ્હી તા.૩

બોલવુડની અભિનેત્રીમાંથી ભાજપના સાંસદ બનેલા કંગના રનૌત ફરી એક વખત વિવાદમાં ફસાઈ છે અને તેણે ભાજપને પણ ફસાવ્યો છે. ગઈકાલે મહાત્મા ગાંધીજી અને લાલબહાદુર શાસ્ત્રીની જન્મ જયંતીએ તેણે લાલબહાદુર શાસ્ત્રીને શ્રધ્ધાંજલીની એક પોસ્ટમાં રાષ્ટ્રપિતા તરીકે મહાત્મા ગાંધીના સ્થાન અંગે પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો તેણે લખ્યુ કે દેશના પિતા હોતા નથી લાલ હોય છે. (પુત્ર હોય છે) તે દેશના પુત્ર છે અને ધન્ય છે. આ ભારત પુત્રને....બાદમાં સ્વચ્છતા અંગે




ગાંધીજીના વારસાને આગળ ધપાવવાનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યો હતો.

જોકે કોંગ્રેસ અને ભાજપનાં અનેક નેતાઓએ કંગનાની આ પોસ્ટ પર પ્રશ્ન ઉઠાવી એવુ જણાવ્યું હતું કે તે ગાંધીજીનાં કદને ઓછુ આંકી રહી છે.

કોંગ્રેસ નેતા રાજકુમાર વર્માએ તીખી પ્રતિક્રિયા આપતા કહ્યું કે કંગના વારંવાર દેશ વિરોધી વિધાનો કરી રહી છે તેની સામે દેશદ્રોહીનો કેસ થવો જોઈએ.

હાલમાં જ તેરે રદ કરાયેલા ત્રણ કૃષિ કાનુનો પાછા અમલમાં લાવવાની માંગ કરીને હરીયાણા ચૂંટણી સમયે જ ભાજપને મુશ્કેલીમાં મુકી દીધી હતી.

## કમલા હેરિસના પતિ ડગ એમહોફ પર એક્સ ગર્લફ્રેન્ડને થપ્પડ મારવાનો આરોપ

વોશિંગ્ટન.તા.૩

યુએસ વાઇસ પ્રેસિડેન્ટ કમલા હેરિસના પતિ ડગ એમહોફ પર ૨૦૧૨ માં, વેલેટ વર્કર સાથે ફ્લર્ટ કરવા બદલ તેની ભૂતપૂર્વ પ્રેમિકા પર હુમલો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો, એમ્હોફે કથિત રૂપે તેની એક્સ ગર્લફ્રેન્ડને એટલી જોરથી થપ્પડ મારી હતી કે તેને ચક્કર આવવા લાગ્યાં હતાં તેની સાથે તેનાં ત્રણ મિત્રો પર પણ એમહોફે હુમલો કર્યો હતો. એક મિત્રએ દાવો કર્યો હતો કે મહિલાએ ઘટના પછી તરત જ તેમને ફોન કર્યો અને એમહોફ દ્વારા કથિત હુમલા વિશે જાણ કરી હતી. મિત્રએ કહ્યું. તેણીએ મને કહ્યું કે તે એક વ્યક્તિ સાથે હતી અને એમહોફે તેને માર માર્યો હતો . તે મને શું કહી રહી હતી તે ખૂબ જ સ્પષ્ટ હતું. તેને કહ્યું કે તે એક વ્યક્તિ સાથે હતી , તેની ડેટ હતી , તે કાન્સ ફિલ્મ ફેસ્ટીવલમાં હતી, અને એમહોફે તેને થપ્પડ મારી તે સમયે તે વ્યક્તિ સાથે કારમાં હતી.

એમહોફે કેન્સની ઘટના બાદ બંનેએ ફરી ક્યારેય એકબીજાને જોયા નથી. એમ્હોફ સમગ્ર ઘટના વિશે નાખુશ હતાં. હેરિસે ૨૦૧૩ માં એમ્હોફને ડેટ કરવાનું શરૂ કર્યું હતું અને ઓગસ્ટ ૨૦૧૪ માં તેની સાથે લગ્ન કર્યા હતાં જયારે તે કેલિફોર્નિયાની એટર્ની જનરલ હતી.

એમહોફે ઓગસ્ટમાં તેનાં લગ્નેતર સંબંધ હોવાનું કબૂલ્યુ હતું. એમ્હોફે જણાવ્યું હતું કે ખાનગી શાળામાં ભણાવતાં નાજેન નાઈલોર સાથે તેના સંબંધો હતાં.

## જેલોમાં જાતિના આધારે કામકાજ સોંપી શકાય નહીંઃ સુપ્રિમ

### પાકા કામના કેદીઓ તેમની જાતિ આધારિત કામકાજ સોંપવા સામાન્ય રીટ અરજી સ્વીકારીઃ સવર્ણોને રસોઇ વગેરે બનાવી અને નીચી જાતિઓના કેદીઓને સફાઇ વગેરે સોંપવા ફટકાર

નવી દિલ્હી, તા.૩

દેશની વિવિધ જેલોમાં બંધ પાકા કામના કેદીઓને તેમની જાતિઓના આધારે કામકાજ સુપ્રત કરવા સામે સર્વોચ્ચ અદાલતે આકરી ભાષામાં ટીકા કરતાં જણાવ્યું હતું કે બંધારણની કલમ-૧૫ મુજબ જેલમાં જાતિ આધારિત ભેદભાવ રાખી શકાય નહીં. ઉત્તર પ્રદેશ, મ.પ્રદેશ, રાજસ્થાન, બિહાર, પશ્ચિમ બંગાળ અને તમિલનાડુ સહિત ૧૭ રાજ્યોની જેલોમાં આવતા પાકા કામના કેદીઓ તેઓ જે જાતિના



હોય તે મુજબ જેલમાં કામકાજ સોંપાય છે. જેમાં નીચલી જાતિના કેદીઓને સફાઇ, ઝાડુ સહિતના કામકાજ સુપ્રત થતાં હતા જ્યારે ઉચ્ચ વર્ણના લોકોને ભોજન તૈયાર કરવા સહિતના કામકાજ અપાતા હતા. જે સંદર્ભમાં થયેલી એક રીટ અરજીમાં સુપ્રિમ કોર્ટે આ પ્રકારની પ્રથા બંધ કરવા અને જેલોમાં જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર તમામને કામકાજ સોંપવા આદેશ આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે આ પ્રકારે ભેદભાવ એ બંધારણીય કલમનો ઉલ્લંઘન છે. સર્વોચ્ચ અદાલતના આ નિર્ણયને ઐતિહાસિક



ગણવામાં આવે છે.

સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય. ચંદ્રચૂડની ખંડપીઠે આ ચૂકાદો આપ્યો છે.

## નીરજ ચોપરાની માતાએ મોદીને 'ચુરમુ' મોકલ્યું

### 'પ્રસાદ' ગણાવીને મોદી ભાવુક બની ગયા

નવી દિલ્હી.તા.૩

પીએમ મોદીએ નીરજ ચોપરાની માતાનો ચૂરમા માટે આભાર માન્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભાલા ફેંક સ્ટાર નીરજ ચોપરાની માતા સરોજ દેવીને એક ભાવનાત્મક પત્ર લખ્યો છે. જેમાં તેમણે નીરજ ચોપરાની માતાનો તેને હાથથી બનાવેલો ચુરમા મોકલવા બદલ આભાર માન્યો છે. નરેન્દ્ર



મોદીને આ ખાસ ભેટ ત્યારે મળી જ્યારે તેઓ જમૈકાના વડાપ્રધાન સાથે ડિનર કરી રહ્યાં હતાં. આ દરમિયાન પીએમ મોદીએ નીરજ ચોપરા સાથે પણ મુલાકાત કરી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમનાં પત્રમાં લખ્યું છે કે, ‘‘આદરણીય સરોજ દેવીજી, હું આશા રાખું છું કે તમે સ્વસ્થ હશો. ગઈકાલે, મને જમૈકાના વડા પ્રધાનની ભારત મુલાકાતના પ્રસંગે ભોજન સમારંભમાં નીરજભાઈને મળવાનો મોકો મળ્યો હતો. તેની સાથે ચર્ચા કરતી વખતે મને આનંદ થયો, જ્યારે તેણે મને તમારા દ્વારા બનાવેલો આ ચુરમા આપ્યો, ત્યારે હું તમને પત્ર લખવાથી રોકી શક્યો નહીં અને મને મારી માતાની યાદ અપાવી હતી. પીએમ મોદીએ આગળ લખ્યું, ‘‘માતા શક્તિ, સ્નેહ અને સમર્પણનું મૂર્ત સ્વરૂપ છે. આ એક સંયોગ છે કે મને માતા તરફથી આ ભેટ નવરાત્રિનાં એક દિવસ પહેલાં મળી છે. હું નવરાત્રિનાં ૯ દિવસ ઉપવાસ કરું છું. જેમ તમારા દ્વારા તૈયાર કરવામાં આવેલ ભોજન ભાઈ નીરજને દેશ માટે મેડલ જીતવાની ઉર્જા આપે છે, તેવી જ રીતે આ 'ચુરમા' મને આગામી નવ દિવસ સુધી દેશની સેવા કરવાની શક્તિ આપશે,'' એક રીતે, આ ચુરમા જ મારું નવરાત્રિ પહેલાંનું મુખ્ય ભોજન બની ગયું છે.

## ૧૨૫૭ રેડિયોનો સંગ્રહ :યુપીના વૃધ્ધને ગિનિસ બુકમાં સ્થાન

મેરઠ.તા.૩

અમરોહાના ગજરૌલાના રહેવાસી, ૬૮ વર્ષીય રામ સિંહ બૌદ્ધે રેડિયોનો સૌથી મોટો સંગ્રહ ધરાવવા માટે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ પ્રાપ્ત કર્યો છે. પત્રવ્યવહારનાં એક વર્ષ પછી, ગિનિસ રેકોર્ડ કીપર્સે પુષ્ટિ કરી કે 'તેની પાસે ૧૨૫૭ રેડિયોનો સૌથી મોટો સંગ્રહ છે.' તેમની વેબસાઇટ પર તેમનું નામ સૂચિબદ્ધ કર્યું હતું. બૌદ્ધ ૧૪૦૦ રેડિયો ધરાવે છે, પણ ગિનીસ માર્ગદર્શિકાએ કહ્યું હતું કે દરેક રેડિયો અનન્ય હોવો જોઈએ, પરિણામે 'ડુપ્લિકેટ્સ'ને બાકાત રાખવામાં આવે છે. અગાઉનો રેકોર્ડ એમ પ્રકાશના નામે હતો, જેમની પાસે જુલાઈ ૨૦૦૫માં ૬૨૫ વિવિધ પ્રકારના રેડિયો હતો.




વર્ષોથી, તેમણે રેડિયો એકત્ર કરવાના શોખને આગળ વધારવા માટે દિલ્હી, મેરઠ અને અન્ય નગરોના વિવિધ જંક માર્કેટમાં લાખોનું રોકાણ કર્યું છે. તેમનાં સંગ્રહમાંનો સૌથી જૂનો રેડિયો ૧૯૨૦ નો છે.

બૌદ્ધનો રેડિયો પ્રત્યેનો જુસ્સો અને તેમનાં સંગ્રહને ન્યુઝ પેપરમાં પ્રકાશિત કરવામાં આવ્યો, જેનાં કારણે પીએમ મોદીના રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'માં તેનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો હતો. બૌદ્ધના પ્રયાસો વિશે વાત કરતાં મોદીએ કહ્યું હતું કે, 'મન કી બાતની એક સિદ્ધિ એ છે કે તેને રેડિયોને વધુ લોકપ્રિય બનાવ્યો છે. મને અમરોહાથી રામ સિંહ બૌદ્ધજીનો એક પત્ર મળ્યો હતો. તેઓ ઘણાં દાયકાઓથી રેડિયો એકઠાં કરી રહ્યાં છે.

વેરહાઉસ કોર્પોરેશન ઓફ ઈન્ડિયામાં સુપરવાઈઝર તરીકે નિવૃત્ત થયેલાં બૌદ્ધ, ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સ તરફથી ભૌતિક સ્મૃતિચિહ્નની રાહ જોઈ રહ્યાં છે. બૌદ્ધ ભવિષ્યમાં રેડિયો

## ભારત સહિત પાંચ દેશોના રાજદૂતોને પરત બોલાવતું બાંગ્લાદેશ



ઢાંકા, તા.૩

બાંગ્લાદેશમાં સત્તા પલ્ટા પછી દેશની સરકારે ભારત સહિત પાંચ દેશોમાં રહેલા તેના રાજદુતને પરત બોલાવી લીધા છે અને હવે તેમના સ્થાને નવી નિયુક્તિ થશે. બાંગ્લાદેશમાં શેખ હસીના સરકારના પતન બાદ મોહમ્મદ યુનુસએ વડાપ્રધાન તરીકે સત્તા સંભાળી છે અને નવી ચૂંટણી સુધી તેઓ વચગાળાના વડાપ્રધાન તરીકે કાર્ય કરશે. તેના એક મહત્વના વિદેશ સંબંધી નિર્ણયમાં ભારત ખાતેના તેના રાજદુતને તાત્કાલીક પરત આવી જવા જણાવ્યું છે. આ ઉપરાંત બ્રસેલ્સ, કેનબરા (ઓસ્ટ્રેલિયા), લીસ્બન (પોર્ટુગલ) તેમજ ન્યોયર્ક ખાતે સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં બાંગ્લાદેશના કાયમી પ્રતિનિધિને પણ પરત આવી જવા જણાવ્યું છે.

## મણીપુરમાં ફરી હિંસા ભડકી : સૈન્ય જવાન સહિત ચારના મોત

### ચાઈનીઝ ગ્રેનેડ સહિત મોટી માત્રામાં હથિયાર-બોમ્બ પકડાયા

મણિપુરમાં હિંસા વચ્ચે ટેંગનોપલ જિલ્લામાં સ્વચ્છતા અભિયાનના ભાગરુપે એક પ્લોટ સાફ કરાવવા મુદ્દે બે જુથ વચ્ચે સામસામે ગોળીબાર થયો હતો જેમાં ત્રણ લોકો માર્યા ગયા હતા. મૃતકોમાં સુરક્ષા માટે તૈનાત મણિપુર રાઇફલ્સના એક જવાનનો પણ સમાવેશ થાય છે. જ્યારે ચુરાચંદપુરમાં એક ઉગ્રવાદી ઠાર મરાયો હતો.

મણિપુરના ઉખરુલ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાનના ભાગરુપે એક પ્લોટની સાફસફાઇ દરમિયાન વિવાદ થયો હતો જેને કારણે બે જુથ વચ્ચે સામસામે ગોળીબાર થયો હતો. આ ગોળીબારમાં એક જવાન સહીત ત્રણ લોકો માર્યા ગયા હતા.



આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં મોટી સંખ્યામાં સુરક્ષાદળોને ખડકી દેવામાં આવ્યા છે. જ્યારે મણિપુરના જ હિંસાગ્રસ્ત ચુરાચંદપુરમાં એક ઉગ્રવાદી કમાન્ડરને એક અજાણ્યા શખ્સે ગોળી મારતા તેનું મોત નિપજયું હતું. આમ બે જિલ્લામાં ગોળીબારની ઘટનાઓમાં કુલ ચાર લોકો માર્યા ગયા હતા. માર્યો ગયેલો ઉગ્રવાદી યુનાઇટેડ કુકી નેશનલ આર્મી (ઉકના)નો સભ્ય છે. દરમિયાન ટેંગનોપલ જિલ્લામાં મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું જે દરમિયાન સુરક્ષાદળોએ મોટા પ્રમાણમાં હથિયારો જપ્ત કર્યા હતા. જપ્ત હથિયારોમાં ૧૦ મોટા વિસ્ફોટક ડિવાઇસ, ૧૧ નાના કદના આઇઇડી, ૪૨ દેશી ગ્રેનેડ્સ, સાત ૩૬ ગ્રેનેડ્સ, બે ચાઇનિઝ ગ્રેનેડ્સ, ૩૪ પેટ્રોલ બોમ્બનો સમાવેશ થાય છે.

### જીએસટીમાં ચારને બદલે ત્રણ સ્લેબ કરવાના નિર્ણયને બ્રેક?

# વિમા પોલીસી, દવાઓ સસ્તી થશે; લકઝરી ઈ-વ્હિકલ મોંઘા થશે

## તા.૧૯ ના ગૃપ ઓફ મીનીસ્ટરની બેઠકમાં જીએસટી દરમાં ફેરફાર પર નિર્ણયઃ આમ વપરાશની ચીજો સસ્તી કરવા તૈયારીઃ ટ્રેકટર પર જીએસટી દર ઘટશેઃ 'સેસ' ના બદલે જીએસટી દર વધારાશે.

નવી દિલ્હી તા.૩

આ માસમાં મળનારી જીએસટી સબંધી ગ્રુપ ઓફ મીનીસ્ટરની બેઠકમાં ચોકકસ દવાઓ તથા જીવન વીમા પોલીસી સહીત સંખ્યાબંધ ઉત્પાદનો અને સેવાઓ પરનો જીએસટી દર ઘટી શકે છે.અથવા નીલ થઈ શકે છે. પરંતુ સીમેન્ટ સહીતનાં ઉત્પાદનો માટે હાલ કોઈ રાહતની શકયતા નહીંવત છે. સરકાર જીએસટીનાં જે ચાર સ્લેબ છે તેમાં પણ એક સ્લેબ ઘટાડીને આગળ વધવા માંગે છે અને તેમાં ૧૨ ટકા અને ૧૮ ટકાના દરનું વિલીનીકરણ શકય છે.

જેમાં આ બન્ને સ્લેબમાં રહેલા ઉત્પાદન અને સેવાઓનું નવેસરથી વર્ગીકરણ કરીને તેમાં આવશ્યક કે મીડલ વર્ગ સુધીના ઉપયોગના અને સેવાઓના જીએસટી દર ૫ ટકા સુધી નીચા કે નીલ કરાય તેવી ધારણા છે. આ ઉપરાંત સરકાર જે ઉત્પાદન કે સેવામાં જીએસટી આવક નીચી રહે છે તેના દર ઘટાડશે.ખાસ કરીને ટ્રેકટર પરનો જીએસટી તેના વર્ગીકરણ મુજબ ૧૨ થી ૨૮ ટકા લાગે છે. જેમાં હવે સમાનતા લવાશે. ગ્રામીણ ક્ષેત્રોમાં ટ્રેકટરનો કૃષિ ઉપયોગ વધે તે માટે આ સમીક્ષા થઈ શકે છે. તો તેની સામે દેશમાં જે ઈલેકટ્રીક વાહનોનો વપરાશ થયો છે તેવા રૂા.૪૦ લાખ કે તેત્તી ઉપરના ઈ-વાહનો અને આયાતી ઈ-વાહનો પરનો જીએસટી દર હાલ ફકત ૫ ટકા છે. તે વધારીને ૧૮ ટકા સુધી લઈ જવાશે.




સૌથી મહત્વનું વિમા પોલીસી પર જીએસટી દર અંગે છેક સંસદમાં પણ આ દર ઘટાડવા માંગ થઈ હતી અને નાણામંત્રી નિર્મલા સીતારામને એ સમયે એવો જવાબ આપ્યો હતો કે રાજયો તે માટે સંમત નથી પણ હવે ગ્રુપ ઓફ મીનીસ્ટર પર દબાણ છે. તેથી જીવન વીમા પરનો જીએસટી દર ઘટાડીને હાલ જે ૧૮ ટકા છે તે ૫ ટકા અથવા નીલ કરાશે.તો આરોગ્ય વિમા મેડીકલેમ સહીતની જે પોલીસી છે તેમાં ૧૮ ટકાનો દર ૧૨ ટકા કરાશે.

### કેન્દ્રને સેસ આવક રૂા.૧.૫૦ લાખ કરોડઃહવે જીએસટી દરમાં ભેળવી દેવાશે

#### સીન ટેકસ ધરાવતા સિગારેટ-સહિતના ઉત્પાદનો સસ્તા નહી થાય

કેન્દ્ર સરકારે જીએસટી અમલમાં આવ્યા બાદ અનેક ઉત્પાદનો પર સેસ લાદીને ખુદના માટે વધારાની આવક ઉભી કરી છે. સેસની થતી આવકમાં રાજયોને હિસ્સો મળતો નથી પણ હવે સરકાર સીગારેટ, ટોબેકો ઉત્પાદનો સોફટ ડ્રીકસ અને મોંઘ વાહનો પર જે ૨૮ ટકા જીએસટી તથા તેના પર સેસ વસુલે તેના બદલે આ હવે જે સ્લેબ ઘટાડાની જીએસટી આવકમાં ઘટાડો તે ભરપાઈ કરવા પણ સેસનો ઉપયોગજ તથા સરકારને સેસની આવક ધરખમ થઈ રહી છે. અને ૧૧ થી ૨૯૦ ટકા જેટલી સેસ વસુલાશે જેના કારણે આ નાણાંકીય વર્ષમાં રૂા.૧.૫૦ લાખ કરોડ વધશે જે ગત વર્ષ રૂા.૧.૪૫ લાખ કરોડની હશે સરકાર આ તમામ ઉત્પાદનો જેના પર સીન ટેકસ છે તે જાળવી રાખશે અને સેસ નાબુદ કરાય તો તેના બદલે જીએસટી ૧૨ ટકા વધારાશે સીગરેટ, તંબાકુ ઉત્પાદન, સોફટ ડ્રીન્કસ, સસ્તા થશે નહીં.

બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીનાં અધ્યક્ષપદ હેઠળ મળનારી આ બેઠકમાં ૧૨ ટકાનો સ્લેબમાં જે ઉત્પાદનો અથવા સેવાઓ આવે છે તેમાં મોટાભાગની સેવા-ઉત્પાદનો ૫ ટકાના સ્લેબમાં લઈ જવાના પક્ષમાં છે.

તો બાકીના ઉત્પાદનો સેવાને ૧૮ ટકાના સ્લેબમાં લઈ જઈ ૧૨ ટકાની લોબી જ નાબુદ કરાય તેવી શકયતા પર પણ જે અધિકારી સ્તરની ભલામણો આવી છે તેના પર વિચારણા કરશે અને તેમ કરવાથી જીએસટીની એકંદર આવક પર કોઈ મોટી અસર પડે નહિં તે જોશે તેમાં એક વિચારણા દવાઓ સસ્તી બનાવવાની પણ છે.

જે દવાઓ ૧૨ ટકાનાં સ્લેબમાં છે તેને ૫ ટકામાં લઈ જવાય તો કેન્દ્ર અને રાજયની ટેકસ આવકમાં રૂા.૧૧૦૦૦ કરોડનો ઘટાડો થઈ શકે છે.તેજ રીતે આરોગ્ય વિમા પોલીસી પર જે ૧૮ ટકા જીએસટી ચે તેમાં સરકારને રૂા.૮૦૦૦ કરોડની આવક થાય છે.



૧૮.૮ અને ૨૮ ટકાના જીએસટી સ્લેબ કેન્દ્ર અને રાજય સરકારો માટે સૌથી વધુ ૭૨ થી ૭૩ ટકા આવક લાવે છે તેથી સરકાર હવે સમગ્ર માળખુ જે ઉત્પાદનો પર સેસ છે તેમાં જીએસટી વધારીને રાજયોને ખોટ પડે તે સરભર કરવાનો સરકારનો ઈરાદો છે આ માટે સેસ છે. જેથી આવક ફકત કેન્દ્રને જ મળે છે તે હવે રાજયોને પણ મળે તે જોવા માગે છે.

સરકાર લકઝરી આઈટેમ પર જીએસટી વધારશે જોકે મંત્રી જુથની બેઠક ફકત ભલામણ કરશે તે જીએસટી કાઉન્સીલ નિર્ણય લેશે.

તા.૧૯ ની બેઠકમાં ખાસ કરીને ઈનપુટ ટેકસ ક્રેડીટનો જે મોટો ફલો વહે છે તેને મર્યાદિત કરવા પણ વિચારશે અને પ્રિમીયમ પ્રોડકટમાં ઈનપુટ ટેકસ ક્રેડીટ મર્યાદિત કરી શકે છે.

# સપ્ટેમ્બરમાં નબળી સિઝન પછી, વેપાર-ઉદ્યોગકારોની નજર તહેવારો પર

## અર્થશાસ્ત્રીઓના મતે તહેવારોની સિઝનમાં તમામ ક્ષેત્રમાં વૃદ્ધિ થઈ શકે

નવી દિલ્હી.તા.૩

મંગળવારે જાહેર કરાયેલાં ડેટાના આધારે મજબૂત ઉનાળા પછી ભારતીય અર્થવ્યવસ્થા નજીવી રીતે ધીમી પડી શકે છે, પરંતુ નિષ્ણાતોએ જણાવ્યું હતું કે આ એક બ્લીપ હોઈ શકે છે અને તહેવારોની સીઝન વૃદ્ધિને વેગ આપે તેવી શક્યતા છે.ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ કલેક્શન સપ્ટેમ્બરમાં ૬.૫ ટકા થી વધીને ૧.૭૨ લાખ કરોડ થયું હતું, જે એપ્રિલ-ઓગસ્ટના સમયગાળામાં નોંધાયેલાં આંકડાથી ઓછા છે. પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ દ્વારા માપવામાં આવેલી ઉત્પાદન પ્રવૃત્તિ સપ્ટેમ્બરમાં ૫૬.૫ ના આઠ મહિનાની સૌથી નીચી સપાટીએ છે.ઓટોમેકર્સે માંગ વધારવા માટે ભારે ડિસ્કાઉન્ટ ઓફર કર્યા હોવા છતાં સપ્ટેમ્બરમાં સ્થાનિક કારનાં વેચાણમાં



સતત ત્રીજા મહિને ઘટાડો થયો હતો. ઉદ્યોગનાં અંદાજ મુજબ, સપ્ટેમ્બરમાં ૩૫૫૦૦૦-૩૬૦૦૦૦ કાર, સેડાન અને યુટિલિટી વાહનોનું વેચાણ થયું હતું, જે એક વર્ષ અગાઉનાં મહિનામાં ૩૬૪૦૦૦થી ૧-૨.૫ ટકા ઓછું હતું. સપ્ટેમ્બરમાં ભારતનો વીજ વપરાશ વાર્ષિક ધોરણે ૦.૬ ટકાથી વધીને ૧૪૧.૪ અબજ યુનિટ થયો છે.

એચએસબીસીના ચીફ ઈન્ડિયા ઈકોનોમિસ્ટ પ્રાંજુલ ભંડારીએ જણાવ્યું હતું કે, સપ્ટેમ્બરમાં ભારતનાં ઉત્પાદન ક્ષેત્રો નરમ પડ્યાં છે.'' આઠ મેઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ડસ્ટ્રીઝના ઉત્પાદનમાં ઓગસ્ટમાં ૧.૮ ટકાનો ઘટાડો થયો હતો, જે ચાર વર્ષમાં પ્રથમ ઘટાડો હતો.

બેંક ઓફ બરોડાના મુખ્ય અર્થશાસ્ત્રી મદન સબનવીસે જણાવ્યું હતું કે, ''ચાલુ નાણાકીય વર્ષના બીજા ભાગમાં વપરાશમાં વધારો થવાની શકયતા છે. મદન સબનવીસે ઉમેર્યું હતું કે ગ્રામીણ વિસ્તારોમાં ખર્ચ શક્તિ વધી શકે છે.

સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી ડેટાના આધારે ભારતની સામાન્ય ચૂંટણીઓ યોજાઈ રહી હતી તે દરમિયાન નવાં રોકાણ થઈ શકે છે, સપ્ટેમ્બરમાં રોજગાર નિર્માણમાં ઘટાડો થયો હતો, 'કેટલીક કંપનીઓમાં પાર્ટ-ટાઇમ અને કામચલાઉ કામદારોની સંખ્યામાં ઘટાડો દર્શાવે છે''.

કુલ કેન્દ્રીય જીએસટી ૨૮,૭૭૫ કરોડ, રાજ્યની જીએસટી ૩૬૦૩૭ કરોડ, સંકલિત જીએસટી ૭૬૪૬૧ કરોડ અને સેસ ૧૧૫૦૯ કરોડ હતો. જીએસટી રિફંડનું કલેક્શન નેટ ૧.૫૨ લાખ કરોડ હતું, જે ૩.૯ ટકા વધારે હતું. આ વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગ્રોસ જીએસટી કલેક્શન ૧૦.૮૭ લાખ કરોડ હતું, જે ગયાં વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં ૯.૫ ટકા વધારે છે.

# 'મગરમચ્છ' રાસ રમવા આવી જાય તો? વડોદરામાં ગરબા સ્થળોએ ખાસ ટીમો તૈનાત

### સાપનુ જોખમ દર્શાવતા સાઈનબોર્ડ પણ મુકાયા

વડોદરા તા.૩

નવરાત્રીનાં ગરબા આયોજનો માટે દેશ વિદેશમાં જાણીતા વડોદરામાં આયોજકો માટે આ વર્ષે નવી આફત છે.તાજેતરના પુર વખતે શહેરમાં ઘુસી ગયેલા મગર ગરબા સ્થળે આવી જવાની ચિંતા છે અને તે સંજેગોમાં બચાવ ટીમોને તૈનાત રાખવાનો નિર્ણય લેવાયો છે.

વડોદરામાં ઓગસ્ટ સપ્ટેમ્બરમાં અતિભારે વરસાદને કારણે પૂર સ્થિતિ સર્જાઈ હતી. વિશ્વામિત્રીના મગર શહેરમાં ઘુસી આવ્યા હતા. છેલ્લા ૪૦ દિવસમાં ૫૦ થી વધુ મગરને પકડવામાં આવ્યા હતા. હજુ શહેરની અંદર તે



હોવાનું જોખમ છે. જયારે ઈતિહાસમાં પ્રથમ વખત શહેરના સૌથી મોટા ગરબા આયોજકોએ ગરબા સ્થળે ખાસ બચાવ ટીમને તૈનાત કરી છે. ગરબા આયોજનમાં મગર ઘુસી જાય તો નાસભાગની સ્થિતિ સર્જાઈ શકે તે હકીકતને ધ્યાને રાખીને આ નિર્ણય લેવાયો છે.


વડોદરાનાં પોલો કલબ ખાતે ચાર દિવસ પૂર્વે યોજાયેલ ગરબામાં મગર ઘુસી આવ્યો હતો.સ્ટેજની નીચે જ પહોંચી ગયો હતો પોલો કલબ ગરબા આયોજક કલ્યાણ હરીભકિતએ કહ્યું કે સમગ્ર નવરાત્રી દરમ્યાન વન્યપ્રાણી બચાવ ટીમને આયાજન સ્થળે તૈનાત રાખવાનું નકકી કર્યુ છે. મગર માલુમ પડે તો પકડવા બચાવનુ કામ કરશે.

લક્ષ્મી વિલાસ પેલેસ ખાતેનાં ગરબા સ્થળોએથી પણ સોમવારે રાત્રે સાત ફૂટનો મગર જોવા મળ્યો હતો તેને પગલે આ સ્થળે પણ આયોજકોએ ટીમ તૈનાત કરી ચે ગત વર્ષે આયોજકો દ્વારા સાપનું જોખમ હોવાના બોર્ડ રાખીને ખેલૈયાઓને સાવધ કરતાં બોર્ડ રાખ્યા હતા. આ વખતે સર્પદંશના બનાવ બને તો તુર્ત સારવાર માટે સર્પ નિષ્ણાંતોની ટીમ પણ રાખી છે.

# ભારતીય ફિલ્મોમાં વીએફએકસનો ઉપયોગ વધ્યો પણ બજેટ મોટો પડકાર બન્યો



### લોકો બોલિવુડની ફિલ્મોમાં હોલિવુડના સ્તરની વીએફએકસની કવોલિટીની આશા રાખે છે, પણ તેમનું બજેટ મર્યાદિત હોય છેઃ નિષ્ણાતો



મુંબઈઃ એક જમાનો હતો જયારે ફિલ્મોમાં પરદા પર ચમત્કાર કે અસાધારણ સીન દેખાડવા માટે ટ્રીક ફોટોગ્રાફીનો સહારો લેવાતો હતો. બાબુભાઈ મીસ્ત્રીએ જમાનામાં આ કલાના માહિર હતા. આજે પરદા પર વીએફએકસની મદદથી ચમત્કારો સર્જાય છે. પરદા પર વીએફએકસનો ઉપયોગ હોલિવુડથી શરૂ થયો છે. આજે સાઉથ અને બોલિવુડની ફિલ્મોમાં ઈફેકટ લાવવા માટે વીએફએકસ અનિવાર્ય બન્યું છે. જોકે વીએફએકસ મોંઘુ હોવાથી એક પડકાર બન્યું છે. આ ક્ષેત્રના નિષ્ણાંતો કહે છે-ઓડિયન્સ હોલિવુડ લેવલની વીએફએકસ કવોલિટીની અપેક્ષા રાખે છે અને તે પણ લિમીટેડ બજેટમાં.

બોલીવુડની તાજેતરની ફિલ્મોમાં એકશન સિકવીન્સીઝ, વોર સીનમાં વીએફએકસનો ભારે ઉપયોગ થયો છે. 'ફાઈટર', 'બડે મિયા છોટે મિયા', 'ચંદુ ચેમ્પિયન' અને 'એનિમલ'માં વીએફએકસના દ્રશ્યોએ દર્શકોને આકર્ષ્યા હતા. વીએફએકસ કંપનીમાં કોમ્પ્યુટર ગ્રાફિકસના વડા નીલેશ ગાંર કે જેમાં 'આરઆરઆર'માં કામ કર્યુ છે. તેઓ કહે છે-રથના દ્રશ્યો માટે અમે બે જીવંત ઘોડા સાથે શુટીંગ કર્યુ હતું અને બીજા બે કોમ્પ્યુટર ગ્રાફિક ઘોડા પાછળથી ઉમેરવામાં આવ્યા હતા. જયારે તે સંપૂર્ણ રીતે કોમ્પ્યુટર ગ્રાફિક હોય ત્યારે તે તુલનાત્મક રીતે સરળ છે. વીએફએકસ કંપનીના પ્રોડકશન હેડ એન.વિનોદ ગણેશ કહે છે કે તેમણે 'ભોલા' અને 'એનિમલ' જેવી ફિલ્મોમાં કામ કર્યુ છે. તેઓ કહે છે- અમે ઝડપી બાઈક અને ટ્રકનો પીછો અને વિસ્ફોટક લડાઈના દ્રશ્યો બનાવ્યા છે.

#### લિમિટેડ બજેટ, ટાઈટ ડેડલાઈન અને યુનિક એકશન સિકવન્સીઝ

એનિમલના મશીન ગનના દ્રશ્યે લોકોનું ઘણું ધ્યાન ખેંચ્યું હતું. પરંતુ પડદા પાછળ વીએફએકસ ટીમે કામને વાસ્તવિક લાગે તે માટે સતત કામ કર્યુ હતું. આ પહેલીવાર હતું તો આટલા મોટા હથિયારની ડિઝાઈન કરી રહ્યા હતા. તેમ ગણેશે જણાવ્યું હતું.

નીલેષ જણાવે છે કે હોલિવુડના સ્તરની સિકવન્સને રજૂ કરવામાં ભારતીય વીએફએકસ ટીમોને સૌથી વધારે પડકાર બજેટની મર્યાદાઓનો છે. ગ્રાહકો હોલિવુડની સ્તરની ગુણવત્તાનો આગ્રહ રાખે છે પણ તેમનું બજેટ મર્યાદિત હોય છે. વળી પાછું ચુસ્ત સમયમર્યાદામાં કામ પુરૂ કરવાનું હોય છે.



# વિકી કૌશલ અને રશ્મિકા મંદન્નાએ ૭૦૦ ડાન્સર્સ સાથે ગીતનું શુટિંગ કર્યુ

મુંબઈ.તા.૩

વિકી કૌશલ ફિલ્મોમાં તેનાં બહુમુખી અભિનય માટે જાણીતાં છે. આજકાલ તે પોતાની ફિલ્મ છાવાનું શૂટિંગ કરી રહ્યાં છે. આ ફિલ્મ માટે હાલમાં જ એક ગીત શૂટ કરવામાં આવ્યું હોવાનાં અહેવાલ છે. રસપ્રદ વાત એ છે કે આ ગીતમાં ૭૦૦ બેકગ્રાઉન્ડ ડાન્સર્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ ગીતનું શૂટિંગ મુંબઈનાં રાયગઢ કિલ્લામાં કરવામાં આવ્યું છે. તેનું શૂટિંગ ચાર દિવસ સુધી ચાલ્યું હતું. આ ગીતમાં, છત્રપતિ સંભાજી મહારાજનો રાજ્યાભિષેક કરવામાં આવી રહ્યો છે, જે વાર્તાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. ૧૬ જાન્યુઆરી ૧૬૮૧ ના રોજ રાયગઢ કિલ્લામાં છત્રપતિ સંભાજી મહારાજનો રાજ્યાભિષેક થયો હતો. સંશોધન દરમિયાન જાણવા મળ્યું કે લંડનનાં એક અખબારે આ રાજ્યાભિષેકના સમાચારને ખૂબ જ શાનદાર રીતે કવર કર્યા હતાં.

આ ગીતમાં વિકી કૌશલ યજ્ઞ કરી રહ્યો છે, જયારે સંભાજીની પત્ની યેસુબાઈની ભૂમિકા ભજવી રહેલી રશ્મિકા મંદન્ના તેમનો રાજ્યાભિષેક કરતી જોવા મળશે. આ સીનને વધુ ભવ્ય બનાવવા માટે આ પ્રકારનું સેટઅપ તૈયાર કરવામાં આવ્યું છે. આ ગીત એઆર રહેમાને કમ્પોઝ કર્યું છે.

આ ગીત પરંપરાગત મરાઠી સંગીતથી પ્રેરિત છે જે તે સમયની વાર્તાને વધુ સારી રીતે જણાવશે. વિકી અને રશ્મિકા ઉપરાંત અભિનેતા અક્ષય ખન્ના આ ફિલ્મમાં મુગલ બાદશાહ ઔરંગઝેબના રોલમાં જોવા મળશે. છાવા એક ઐતિહાસિક નાટક છે જે લેખક શિવાજી સાવંતની નવલકથા છાવા પર આધારિત છે.



### વધુને વધુ દર્શકો સુધી પહોંચવા માટે દક્ષિણની ફિલ્મોમાં બોલિવુડના કલાકારો હોય છે

# દક્ષિણની ફિલ્મોમાં હવે બોલિવુડની થતી એન્ટ્રી !

### પુષ્પા, આરઆરઆર અને કેજીએફ ૨ જેવી ફિલ્મોનાં હિન્દી ડબ વર્ઝનની બમ્પર સફળતા પછી, દક્ષિણનાં સિનેમેટોગ્રાફર્સમાં પૈન ઈન્ડિયા ફિલ્મો બનાવવાની રેસમાં લાગી ગયાં છે. વધુને વધુ હિન્દી પ્રેક્ષકોને આકર્ષવા માટે, દક્ષિણનાં નિર્માતાઓ બોલિવૂડ કલાકારોને દક્ષિણ સિનેમાનાં મુખ્ય હીરોના સહ-અભિનેતા અથવા વિલન તરીકે સાઈન કરી રહ્યાં છે.

ફિલ્મ બાહુબલી ૨ના હિન્દી વર્ઝને રૂ. ૫૦૦ કરોડની કલબમાં પ્રવેશ કરીને માત્ર બોલિવૂડ જ નહીં પરંતુ સાઉથ સિનેમાનાં લોકોને પણ ચોંકાવી દીધાં હતાં. આ પહેલાં આમિર ખાનની ફિલ્મ દંગલ ૩૮૭ કરોડની કમાણી સાથે


કલ્કી


દેવરા

બોલિવૂડની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ હતી. પછી વર્ષ ૨૦૨૨ માં, જ્યારે કોવિડ પછી થિયેટર ખુલ્યાં, તો અલ્લુ અર્જુનની ફિલ્મ પુષ્પાએ હિન્દીમાં ધૂમ મચાવી દીધી હતી. આ પછી, કન્નડ સ્ટાર યશની કેજીએફ અને તેલુગુ સુપર સ્ટાર્સ રામચરણ અને જુનિયર એનટીઆરની ફિલ્મ આરઆરઆર એ હિન્દીના દર્શકોને પાગલ બનાવી દીધાં હતાં. જ્યારે વર્ષનાં અંતે કન્નડ સિનેમાની બીજી ફિલ્મ કંતારાને પણ હિન્દી દર્શકોનો ઘણો પ્રેમ મળ્યો હતો. પરિણામે, દક્ષિણ સિનેમાનાં સ્ટાર્સ અને ફિલ્મ નિર્માતાઓ વચ્ચે પૈન ઈન્ડિયા ફિલ્મો એટલે કે એવી ફિલ્મ કે જે તમિલ, તેલુગુ, કન્નડ અથવા મલયાલમ સાથે હિન્દીમાં ડબ અને રિલીઝ થઈ હોય તેવી ફિલ્મો બનાવવાની સ્પર્ધા થઈ રહી છે. વધુને વધુ હિન્દી પ્રેક્ષકોને આકર્ષવા માટે, દક્ષિણ સિનેમાનાં નિર્માતાઓએ તેમની ફિલ્મોમાં બોલિવૂડ કલાકારોને સહ-અભિનેતા તરીકે સાઇન કરવાનું શરૂ કર્યું છે.

#### બોલિવૂડ સુપરસ્ટાર્સ સાઉથમાં કેમિયોથી લઈને પાવરફુલ રોલ કરતાં થયાં

બોલિવૂડ સુપરસ્ટાર્સ અજય દેવગણે વર્ષ ૨૦૨૨ માં રિલીઝ થયેલી ફિલ્મ આરઆરઆરમાં રામચરણના પિતાની ભૂમિકા ભજવી હતી. બાહુબલી ફેમ ડાયરેક્ટર એસએસ રાજામૌલીએ પોતાની ફિલ્મને હિન્દી દર્શકો સુધી લઈ જવા માટે માત્ર અજયને જ સાઈન કરવામાં આવ્યો ન હતો પરંતુ ફિલ્મનાં પ્રમોશનમાં આમિર ખાનની મદદ પણ લેવામાં આવી હતી. આ વર્ષે રિલીઝ થયેલી ફિલ્મ કલ્કીમાં પ્રભાષની સાથે અમિતાભ બચ્ચન પણ લીડ રોલમાં જોવા મળ્યાં હતાં. અશ્વત્થામામાં બિગ બી ને પણ તેની ભૂમિકા માટે ઘણી પ્રશંસા મળી હતી. આ અઠવાડિયે રિલીઝ થયેલી જુનિયર એનટીઆરની ફિલ્મ દેવરામાં પણ સૈફ અલી ખાન મુખ્ય વિલનની ભૂમિકામાં જોવા મળે છે. જાણકારોના મતે ફિલ્મમાં સૈફની એક્ટિંગને ખૂબ પસંદ કરવામાં આવી રહી છે. આગામી મહિને રિલીઝ થનારી રજનીકાંતની ફિલ્મ વેટ્ટિયનમાં પણ અમિતાભ બચ્ચન મહત્વની ભૂમિકામાં જોવા મળશે. જ્યારે બોબી દેઓલ નવેમ્બરમાં રિલીઝ થનારી તેની ફિલ્મ કંગુવામાં તમિલ સુપરસ્ટાર સૂર્યા સાથે વિલન તરીકે જોવા મળશે.


આરઆરઆર

### સાઉથના સિનેમેટોગ્રાફરોને ફાયદો થયો

ફિલ્મ જગતનાં નિષ્ણાતોનું માનીએ તો, સાઉથ સિનેમેટોગ્રાફર્સે વધુને વધુ બોલિવૂડ દર્શકોને તેમની ફિલ્મો સાથે જોડવા માટે હિન્દી સિનેમાનાં સ્ટાર્સને તેમની ફિલ્મોમાં લેવાનું શરૂ કર્યુ છે. આરઆરઆર અને કલ્કી જેવી ફિલ્મોની બમ્પર સફળતાને જોતાં એવું કહી શકાય કે દક્ષિણનાં નિર્માતાઓ હિન્દી દર્શકો મેળવવામાં સફળ રહ્યાં છે. આરઆરઆરના હિન્દી ડબ વર્ઝને ૨૦૦ કરોડથી વધુની કમાણી કરી હતી. કલ્કીના હિન્દી ડબ વર્ઝને પણ લગભગ ૩૦૦ કરોડની કમાણી કરી હતી. આ વિશે વાત કરતાં નિર્માતા અને ફિલ્મ બિઝનેસ એનાલિસ્ટ ગિરીશ જોહર કહે છે કે સાઉથ સિનેમાનાં નિર્માતાઓ પૈન ઈન્ડિયા ફિલ્મો બનાવી રહ્યાં છે અને સાઉથ સિનેમાનાં મુખ્ય કલાકારોને સાઈન કરી રહ્યાં છે, પરંતુ તે સિવાય તેઓ કો-એક્ટર, વિલન અને હિરોઈન માટે બોલીવુડની મદદ લઈ રહ્યાં છે. આ રીતે, તે હિન્દી દર્શકોને પણ મેળવવા માંગે છે. અલબત્ત તેમને આનો ફાયદો પણ થયો છે. તાજેતરમાં, બોલિવૂડ કલાકારો અભિનીત દક્ષિણ સિનેમાની ઘણી ફિલ્મોનાં હિન્દી ડબ વર્ઝને સારું પ્રદર્શન કર્યું હતું. આવનારા દિવસોમાં આવી બીજી ઘણી ફિલ્મો રિલીઝ થવાની છે.


વેટ્ટિયન

#### દક્ષિણ ફિલ્મમાં હિન્દી સ્ટાર્સ

| | |
|---|---|
| આરઆરઆર : | અજય દેવગન |
| કલ્કી : | અમિતાભ બચ્ચન |
| દેવરા : | સૈફ અલી ખાન |
| વેટ્ટિયન : | અમિતાભ બચ્ચન |
| કંગુવા : | બોબી દેઓલ |


કંગુવા



### ઈઝરાયલ હવે યુધ્ધમાંથી પાછુ આવી શકે તેમ નથી અને આગળ વધવાનું જોખમ પણ મોટુ છે

# શું ઈઝરાયલના હાથ બાંધી શકાશે ?

**હમાસ સામેનો જંગ હવે ઈઝરાયલની સરહદમાંથી બહાર નીકળીને છેક ઈરાનની સરહદ સુધી પહોંચી ગયો છે, ગાઝામાં હમાસને લગભગ ખત્મ કર્યા પછી લેબનાનમાં હિઝબુલ્લા સામેનો જંગમાં ઈઝરાયલની સેના એ ભૂમિ મોરચો ખોલીને મોટુ જોખમ લીધું છે અને પ્રથમ ૨૪ કલાકમાં જ આઠ સૈનિકોની ખુવારી સહન કરવી પડી તે સૌથી મોટો આંચકો છે પરંતુ હવે ઈઝરાયલે આ યુધ્ધ એ તબકકાથી લઈ જવું પડે કે ઈરાન ટાર્ગેટ થાય પણ શું તે મધ્ય પૂર્વ જ નહીં પૂરી દુનિયા માટે ત્રીજા વિશ્વ યુધ્ધની આહટ બની શકે, હિઝબુલ્લા કેટલું નબળુ પડયું છે તે પણ અનિશ્ચિતતા છે**



**ઈરાન યુધ્ધ ઈચ્છતુ નથી તે સ્પષ્ટ જાહેર કરી દીધુ છે અને કહ્યું છે કે અમારા પર હુમલો થશે તો જવાબ આપશુ, ઈઝરાયલના વડાપ્રધાને અગાઉ જ ધમકી આપી હતી કે ઈરાને અમારા પર હુમલો કરીને મોટી ભુલ કરી છે અને તેની કિંમત ચૂકવવી પડશે, આ કિંમત શું ? શું ઈરાનના અણુમથકોને નિશાન બનાવાશે ? અમેરિકાએ તુર્ત જ બ્રેક મારી દીધી છે, નવેમ્બરમાં જ પ્રમુખ પદની ચૂંટણી યોજાઈ રહી છે તે સમયે અમેરિકા યુધ્ધ વિસ્તરે તે ઈચ્છતું નથી, ઈઝરાયલ પાસે બીજો વિકલ્પ ઈરાનના તેલ મથકો પર હુમલો કરી તેને આર્થિક રીતે ભાંગી પડે તે વ્યુહ હોઈ શકે પણ ઈરાનનો વળતો જવાબ કેવો હશે ?**

**સૌથી મોટો પ્રશ્ન એ છે કે ઈરાન કેટલું શકિતશાળી છે, એપ્રિલ માસમાં પણ ઈઝરાયલ પર તેનો મિસાઈલ દાગ્યા હતા અને બે દિવસ પહેલા પણ ૨૦૦ મિસાઈલ દાગ્યા પણ ઈઝરાયલની આર્યન ડોમ વ્યવસ્થા અને અમેરિકાનો સાથ એ ઈઝરાયલને સુરક્ષીત રાખે છે, ઉપરાંત બાઈડને જ જાહેર કર્યુ કે ઈરાનના મિસાઈલ આઉટ ઓફ ડેટ અને હવાઈ ફટાકડા જેવા છે, ઈરાન બંધ મુઠ્ઠી રાખીને બચાવ કઈ રીતે કરશે તે પ્રશ્ન છે, તેને દાગેલા મિસાઈલના ખોખા ઈઝરાયલની ધરતી પર છોકરા માટે બંકર જેવા રમકડા બની ગયા છે**

'ઈરાને સૌથી મોટી ભુલ કરી છે અને તેની કિંમત ચૂકવવી પડશે'... ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામીન નેતાનયાહુના વિધાનો સાથે દુનિયાભરની દિલની ધડકન વધી ગઈ છે તેલઅવીવ અને તહેરાન વચ્ચેનો તનાવ પૂરા મધ્ય પૂર્વને અને તથા ચિંતા ત્યાંથી સુધી થઈ છે કે શું ત્રીજા વિશ્વ યુધ્ધની આ આહટ છે સૌથી મહત્વનું છે કે ઈઝરાયલ હવે બદલો લેવા માટે શું કરશે ? ઈરાનના વડાપ્રધાન મસુદ પેઝેશ્કિયાન એ તો જાહેર કરી દીધુ છે કે હમાસના વડા હસન નસરલ્લાહ અને અન્ય લડાકુઓના મોતનો બદલો અમે લઈ લીધો છે અમે ઈઝરાયલ સાથે યુધ્ધ ઈચ્છતા નથી પરંતુ જો અમારા પર હુમલો થશે તો અમે જવાબ આપશું. તો પ્રશ્ન એ છે કે શું ઈઝરાયલ આ અથડામણને લંબાવશે. જો ભુતકાળમાં જઈએ તો ઈઝરાયલ માટે આ એક તક છે કે જયારે તે લાંબા સમયથી ચાલી આવતા આ સંઘર્ષમાં હવે નિર્ણાયક ભૂમિકા અપનાવે અગાઉ લખાઈ ગયું હતું તેમ ઈઝરાયલના અસ્તિત્વને જ ઈરાન સ્વીકારવા તૈયાર નથી અને ઈઝરાયલ પેલેસ્ટાલીનના અસ્તિત્વને સ્વીકારવા માંગતું નથી અને તેના કારણે હવે મધ્ય પૂર્વ એક યુધ્ધની નજીક પહોંચી ગયું છે જોકે ઈરાને જે ૨૦૦ મિસાઈલો દાગ્યા તેના કારણે ઈઝરાયલને કેટલું નુકસાન થયું તે પણ હજુ પ્રશ્ન છે. અમેરિકાના પ્રમુખ જો બાઈડને તો સ્પષ્ટપણે જાહેર કર્યુ કે ઈરાનના મોટા ભાગના મિસાઈલો આઉટ ઓફ ડેટ અને હવાઈ ગયેલા ફટાડકા જેવા હતા ભાગ્યે જ તેને નુકસાન પહોંચાડી શકયા છે. ઈઝરાયલએ આક્રમક ભૂમિકામાં આવી ગયું છે. આ દેશમાં યુધ્ધનો વિરોધ થતો હતો તે હવે ઈઝરાયલનું જનમાનસ પુરી રીતે યુધ્ધને નિર્ણાયક બનાવવા માટે નેતાનયાહુને સમર્થન આપી રહ્યા છે. આ તકે ઈઝરાયલ હવે એક એવા ત્રિભેટે ઉભુ છે કે જયાં શું તેણે ઈરાન સામે સીધુ જંગમાં ઉતરવું કે પછી યુધ્ધને મર્યાદિત જ રાખવું.

એ વાસ્તવિકતા છે કે ઈઝરાયલ સામે ઈરાને જે પ્રોકસી વોર લાંબા સમયથી ચાલુ કરી છે તેમાં હમાસને તો પેલેસ્ટાઈનમાં લગભગ ખત્મ કરી દીધુ છે અને હિઝબુલ્લા સામે લેબનાનમાં ઈઝરાયલ સેનાની એન્ટ્રી અને તે પૂર્વે ભારે બોમ્બમારાથી આ લડાકુ સંગઠનને પણ નુકસાન થયું છે. હમાસ અને હિઝબુલ્લા ઉપરાંત ઈરાન યમન સ્થિત હોથી સંગઠન મારફત પણ ઈઝરાયલ સામે લડી રહ્યું છે. ચોકકસપણે હિઝબુલ્લા પરના હુમલાથી આ સંગઠન નબળુ પડયું છે. પરંતુ કેટલુ નબળુ પડયું છે તે પ્રશ્ન છે. ખાસ કરીને ઈરાન તેને નબળુ પડવા દેશે નહીં અને ઈઝરાયલ જો હાલના તકે તેની કાર્યવાહીમાં કોઈ ઢીલાશ લાવે તો ભવિષ્યમાં એ જ સ્થિતિ આવીને ઉભી રહે ગત વર્ષે ઓકટોબરમાં સર્જાઈ હતી. પરંતુ ઈઝરાયલને લેબનાનમાં ઘુસતા જ મોટી ખુવારી સહન કરવી પડી છે. છેલ્લા ઓકટોબર બાદ પ્રથમ વખત ઈઝરાયલની સેનાના આઠ જવાનો હિઝબુલ્લાના હુમલામાં માર્યા ગયા અને તેથી જ ઈઝરાયલ પર દબાણ છે. અત્યાર સુધી યુધ્ધના ઉન્માદમાં રહેલી ઈઝરાયલની જનતા એક વખત તેના મૃત સૈનિકોના કફન દેશમાં આવવા લાગશે એટલે ફરી એક વખત યુધ્ધ વિરોધી માહોલ સર્જાય તેવી શકયતા છે. અમેરિકાને વિયેટનામ કે હાલમાં જ અફઘાનિસ્તાન છોડવું પડયું તેના કારણ ઘરઆંગણે સર્જાયેલા યુધ્ધ વિરોધી માનસ અને સૈનિકોના મોટા પાયે મોતથી જે આક્રોશ સર્જાયો હતો તેથી જ વિયેટનામનું મિશન પુરૂ કર્યા વગર અમેરિકા સેના પરાજીત બનીને પરત ફરી હતી. ઈઝરાયલ તેની ઈમેજ આ બનાવવા માંગતું નથી. કમ સે કમ જયારે ચારે તરફ દુશ્મનોથી ઘેરાયેલુ હોય તો ચોકકસપણે તેના માટે નિર્ણાયક સ્થિતિ બનવી જોઈએ.

**સ્પોટ-લાઈટ**
કે.આર.
krisht555@gmail.com

પરંતુ આ નિર્ણાયક સ્થિતિ શું તે પ્રશ્ન પણ ઈઝરાયલ શોધી રહ્યું છે. ઈરાનના અણુમથકો કે ઓઈલ ફેસેલીટીને નુકસાન પહોંચાડીને આ દેશને આર્થિક ફટકો મારી શકે છે અને ઈઝરાયલ પાસે તે ક્ષમતા પણ છે. પરંતુ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને સ્પષ્ટપણે જાહેર કર્યુ કે ઈરાનના અણુમથકો પર હુમલો કરવા માટે તે ઈઝરાયલને સાથ આપતું નથી. બાઈડનની મુશ્કેલી ઘરઆંગણાની છે અમેરિકામાં પ્રમુખ પદની ચૂંટણી યોજાઈ રહી છે અને નવેમ્બર માસમાં જ મતદાન છે. તે સમયે જ જો મધ્ય પૂર્વમાં ઈઝરાયલના ઈરાન પર સીધા હુમલા અને તેના અણુ તેમજ ઓઈલ મથકોનો ધ્વંશ કરવો તે રશિયા અને ચીન પણ સ્વીકાર્ય બનશે નહીં અને અમેરિકાને પણ હાલ એ સ્વીકાર્ય નથી કે ચૂંટણી સમયે તેના દેશને કોઈ યુધ્ધમાં ઘસડાવું પડે હાલ તે ફકત ઈઝરાયલની રક્ષા માટે પ્રોકસી વોર લડી રહ્યું છે અને આથી ઈઝરાયલ માટે હવે એક મુશ્કેલ સ્થિતિ આવી છે કે યુધ્ધમાંથી પાછુ આવી શકે તેમ નથી અને આગળ વધવાનું જોખમ પણ મોટુ છે.

શકયતા એ પણ છે કે અણુ મથકોને અલગ કરીને ઈઝરાયલ ઈરાનના ઓઈલ મથકોને નિશાન બનાવે અને આ રીતે તેની આર્થિક તાકાતને તોડી પાડે અમેરિકા જાણે છે કે ઈરાન ધારે તો એક જ સપ્તાહમાં અણુ બોમ્બ બનાવી શકે છે તેથી લાંબા સમયથી તે ઈરાન પર આર્થિક સહિતના પ્રતિબંધો લાદી રહ્યું છે પરંતુ તે ઈરાનના અણુ કાર્યક્રમને રોકી શકયા નહીં તો ઈઝરાયલના હુમલા પછી પણ ઈરાન જવાબ આપવા માટે કેટલું સક્ષમ છે તે પણ પ્રશ્ન છે. ગત એપ્રિલ માસમાં પણ પોતાના કમાન્ડરના દમાસ્ક ઈઝરાયલી હુમલામાં મોત બાદ ઈરાને ઈઝરાયલ પર મિસાઈલ દાગ્યા હતા તે ફટાકડા જેવા સાબિત થયા હતા અને હાલમાં ઈરાનના મિસાઈલના ખોખાની આસપાસ છોકરાઓ રમતા હોય તેવી તસ્વીર પણ વાયરલ થઈ છે. આ સ્થિતિમાં એક તરફ અમેરિકા સહિતની જેને મહાસતાઓ ગણવામાં આવે છે તે તમામ યુધ્ધ આગળ ન વધે તે માટે સક્રિય છે પરંતુ ઈઝરાયલ માટે હવે ફકત હિઝબુલ્લાને નિશાન બનાવાથી તેને પણ ભૂમિ યુધ્ધમાં ખુવારી સહન કરવી પડે તો નેતાનયાહુ માટે તે રાજકીય દ્રષ્ટિએ સ્વીકાર્ય નહીં હોય ૨૦૧૮માં ઈરાને જે ઓકટોપસ ડોકટ્રીન તૈયાર કરી હતી તેમાં પણ ઈરાન વતી પ્રોકસી વોર હમાસ હિઝબુલ્લા અને હુથીને ખત્મ કરીને સરહદો પર તનાવ ઘટાડવાની યોજના હતી. જે અમલમાં મુકવા માટે અત્યારે સમય છે પરંતુ ઈઝરાયલ સક્ષમ હોવા છતાં પણ અમેરિકા તેમ થવા દેશે નહીં કે ઈઝરાયલ ઈરાનને ટાર્ગેટ બનાવે.

# ડ્રગ્સ સિન્ડીકેટની કમાલઃ ૫ હજાર કરોડનું ડ્રગ્સ દુબઈથી દિલ્હી પહોંચી ગયું

## મહિપાલપુરમાં ડ્રગ્સ તસ્કરોએ ગોદામ બનાવી રાખેલું, અહીંથી દેશના અન્ય રાજયોમાં ડ્રગ્સની થતી હતી સપ્લાયઃ દેશના ૧૫ રાજયોમાં થઈને ડ્રગ્સનો જથ્થો દિલ્હી પહોંચતો હતોઃ ક્રિપ્ટો કરન્સીમાં થતી હતી લેવડ-દેવડ



નવીદિલ્હી તા.૩

સ્પેશિયલ સેલે દિલ્હીમાં સૌથી મોટા આંતરરાષ્ટ્રીય કોકીન તસ્કરી રેકેટનો પર્દાફાશ કર્યો છે. ટોળકીનુ સંચાલન મિડલ ઈસ્ટના દુબઈથી થઈ રહ્યુ હતુ અને ભારતમાં દિલ્હી તેનુ કેન્દ્ર હતુ. મહિપાલપુર એકસ્ટેન્શનથી ટોળકીના ચાર તસ્કરોની ધરપકડ કરી તેમના કબ્જામાંથી ૫૩૨ કિલો કોકીન અને ૪૦ કિલો થાઈલેન્ડનુ મારીજુઆના જપ્ત કરાયુ છે. ડ્રગ્સની કિંમત પાંચ હજાર કરોડથી વધુ બતાવવામાં આવી રહી છે.

તસ્કરોની પૂછપરછમાં અનેક ચોંકાવનારી વિગતો બહાર આવી છે. દેશના લગભગ ૧૫ રાજયોમાંથી થઈને કોકીનની ખેપ દિલ્હી પહોંચી હતી. આ દરમ્યાન વિવિધ રાજયોમાં કોકીન સપ્લાય કરવામા આવતી હતી. કેન્દ્રીય ગુપ્તચર એકમોથી મળેલ ઈનપુટના આધારે દિલ્હી પોલીસની એન્ટીટેરર યુનિટ સ્પેશિયલ સેલે ગત ત્રણ મહિના સુધી ચાલેલા ઓપરેશન બાદ આ નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો.

**૧૫ રાજયોની પોલીસને આપતા હતા ચકમોઃ** તસ્કરો વિભિન્ન રૂટોમાં ભારતના અલગ અલગ ૧૫ રાજયો સુધી કોકીન પહોંચાડતા હતા ત્યાંની સુરક્ષા એજન્સીઓથી બચીને દિલ્હી સુધી તસ્કર ટોળકી આવતી હતી અને અહીં મહિપાલપુર એકસટેન્શનમાં બનાવવામા આવેલ ગોદામમાં કોકીનની ખેપ રાખવામા આવતી હતી. અહીંથી દેશના બીજા ભાગોમાં સપ્લાય કરાતી હતી.



### ડ્રગ્સ કાંડના આરોપીઓ શિક્ષિતઃ ગેંગલીડર તુષાર આઈપી વિશ્વ વિદ્યાલયનો ગ્રેજયુએટ

નવીદિલ્હીઃ ડ્રગ્સકાંડમાં સંડોવાયેલા કેટલાક આરોપીઓ શિક્ષિત હોવાનુ બહાર આવ્યુ છે. આરોપી તુષાર ગોયલ દેશનો ડ્રગ્સનો સૌથી મોટો રિસીવર અને ડીસ્ટ્રીબ્યુટર છે. સ્પેશિયલ સેલનુ માનીએ તો તે છેલ્લા ચાર-પાંચ વર્ષથી ડ્રગ્સની તસ્કરીનો ધંધો કરે છે. તેણે વર્ષ ૨૦૦૩માં આઈપી વિશ્વવિદ્યાલય દિલ્હીમાં ગ્રેજયુએશન કર્યું હતુ. તેના પિતા પહાડગંજમાં તુષાર પ્રકાશન અને ટયુલિપ પ્રકાશન નામના બે પ્રકાશન ચલાવતા હતા. દરમ્યાન તે દુબઈમાં ડ્રગ્સ તસ્કરીના મુખિયાના સંપર્કમાં આવ્યો હતો અને આ ધંધામાં લાગી ગયો હતો.

અન્ય આરોપી હિમાંશુને તુષારનો મુખ્ય સહયોગી માનવામા આવે છે. તેણે ૧૨મા ધોરણ સુધી અભ્યાસ કર્યો છે. બાદમાં તે તુષારના સંપર્કમાં આવ્યો હતો. ભરત જૈન નામના આરોપીએ મુંબઈમાં શિક્ષણ લીધુ છે. ઔરંગઝેબ તુષારનો ડ્રાઈવર હતો, તેણે ૧૧ ધોરણ સુધી અભ્યાસ કર્યો છે.

**સીમાપારથી સંચાલનઃ** સ્પેશિયલ સેલની ઝપટે ચડેલ ડ્રગ્સ તસ્કરોની પૂછપરછમાં ખુલાસો થયો છે કે મિડલ ઈસ્ટથી લઈને ભારત સુધી આ નેટવર્કમાં લગભગ ૧૫ લોકો જોડાયેલા છે. તેમાંથી મોટાભાગના સીમા પારથી જ ગેંગનુ સંચાલન કરી રહ્યા છે. જયારે દેશના સૌથી મોટા ખરીદાર (રિસીવર) અને તેનો સપ્લાયર (ડીસ્ટ્રીબ્યુટર) વસંતવિહાર નિવાસી તુષાર ગોયલ છે. તપાસ એજન્સીઓને ચકમો આપવા માટે લેવડ-દેવડ ક્રિપ્ટો કરન્સીમાં કરવામા આવતુ હતુ.

**ક્રિપ્ટો કરન્સીમાં લેવડ-દેવડઃ** અધિકારીના જણાવ્યા મુજબ ટેથર એક ક્રિપ્ટો કરન્સી છે તેને સામાન્ય બોલાચાલીમાં યુએસડીટીના નામથી ઓળખવામા આવે છે. ટેથર (યુએસડીટી) લિમિટેડ નામની એક વિદેશી કંપની દ્વારા તેને જાહેર કરાઈ છે. મામલામાં ટેથર ક્રિપ્ટો કરન્સીમાં જ લેવડ-દેવડ થતી હતી. પોલીસ હવે ક્રિપ્ટો કરન્સીથી થયેલી લેવડ-દેવડના મની ટ્રેલ (આદાન-પ્રદાન)નો રૂટીન તપાસ માટે એક ટેકનીકલ ટીમની મદદ લઈ રહી છે.

**કાર્ટુન અને પોલા શર્ટના કવરમાં હતુ ડ્રગ્સઃ** અધિકારીએ જણાવ્યુ હતુ કે જપ્ત થયેલુ ડ્રગ્સ ૨૩ કાર્ટુન અને આઠ યુએસ પોલો શર્ટમાં છુપાવીને રખાયુ હતુ. દિલ્હીથી આ ડ્રગ્સ અલગ અલગ રાજયોમાં પહોંચતુ હતુ.


**ડ્રગ્સની સપ્લાય કયાંથી થતી હતી? થઈ રહી છે તપાસઃ** દિલ્હીમાં જપ્ત થયેલી આ અત્યાર સુધીની સૌથી મોટી ડ્રગ્સની ખેપ છે. આટલી મોટી માત્રામાં ડ્રગ્સ આખરે કયાં કારણે મગાવાઈ હતી. શું કોઈ મોટી પાર્ટી કે કોન્સર્ટમાં તેનો ઉપયોગ થવાનો હતો? તેની તપાસ હાલ ચાલુ છે.

## કાર માર્કેટની 'સ્પીડ'ને બ્રેકઃ સપ્ટેમ્બરના વેચાણમાં ઘટાડો

### મારૂતી, હુન્ડાઈ, ટાટા મોટર્સના કારના વેચાણમાં ઘટાડો; હવે તહેવારોની ડિમાંડ પર મીટ

નવી દિલ્હી :

મારૂતિ સુઝુકી, હ્યુન્ડઈ અને ટાટા મોટર્સનું હોલસેલ વેચાણ સપ્ટેમ્બર મહિનામાં ઘટ્યું હતું. માંગમાં ઘટાડાને પગલે ડીલર્સની ઈન્વેન્ટરી વધતા કંપનીઓએ ડિસ્પેચ ઘટાડયું હતું.



મારૂતિ સુઝુકી ઈન્ડિયાનું સ્થાનિક પેસેન્જર વ્હીકલનું હોલસેલ વેચાણ ૪% ઘટીને ૧,૪૪,૯૬૨ યુનિટ થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં ૧,૫૦,૮૧૨ યુનિટ હતું. મિનિ કાર સેગમેન્ટ (અલ્ટો, એસ-પ્રેસો)માં વેચાણ સાધારણ વધીને ૧૦,૩૬૩ યુનિટ થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં ૧૦,૩૫૧ યુનિટ હતું. કોમ્પેકટ કાર સેગમેન્ટ (બલેનો, સિલેરિયો, ડિઝાયર, ઈગ્નિસ, સ્વિફ્ટ, વેગનઆર) માં વેચાણ ઘટીને ૬૦,૪૮૦ યુનિટ થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં ૬૮,૫૫૧ યુનિટ હતું.

યુટિલિટીઝ સેગમેન્ટ (બ્રેઝા, અર્ટિગા, એસ-ક્રોસ, એકસએલ૬)માં વેચાણ ૪% વધીને ૬૧,૫૪૯ યુનિટ થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં ૫૯,૨૭૨ યુનિટ હતું.

હ્યુન્ડઈ મોટર ઈન્ડિયાનું ડીલર્સને ડિસ્પેચ સપ્ટેમ્બરમાં ૬% ઘટીને ૫૧,૧૦૧ યુનિટ થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં ૫૪,૨૪૧ યુનિટ હતું.

ટાટા મોટર્સનું ઈલેક્ટ્રિક વ્હીકલ સહિત કુલ પેસેન્જર વ્હીકલનું વેચાણ ૮% ઘટીને ૪૧,૦૬૩ યુનિટ થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં ૪૪,૮૦૯ યુનિટ હતું.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનું એસયુવીનું વેચાણ ૨૪ ટકા વધીને ૫૧,૦૬૨ યુનિટ થયું હતું. ટોયોટા કિર્લોસ્કર મોટરનું વેચાણ ૧૪ ટકા વધીને ૨૬,૮૪૭ યુનિટ થયું હતું. ગત વર્ષે આ ગાળામાં તેનું વેચાણ ૨૩,૫૯૦ યુનિટ હતું. જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયાનું વેચાણ ૮ ટકા ઘટીને ૪૫૮૮ યુનિટ હતું. કિયા ઈન્ડિયાનું વેચાણ ૧૭ ટકા વધીને ૨૩,૫૨૩ યુનિટ થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં ૨૦,૦૨૨ યુનિટ હતું.

મારૂતિ સુઝુકી ઈન્ડિયાના સીનિયર એક્ઝિકયુટિવ ઓફિસર પાર્થો બેનરજીએ કહ્યું હતું કે ડીલર્સની ઈન્વેન્ટરીને ધ્યાનમાં લઈને ડિસ્પેચ કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે સિંગલ ડિજિટ ગ્રોથનો અંદાજ છે કારણ કે ગત વર્ષે માંગ ખાસ્સી વધી હતી જેને કારણે ઊંચો બેઝ હતો. આગામી દિવસોમાં તહેવારોની સિઝનમાં માંગ વધવાની અને બુકિંગ વધવાની સંભાવના છે.

**ટુ વ્હીલરનું વેચાણ વધ્યું**

ટુ વ્હીલર સેગમેન્ટમાં બજાજ ઓટોનું સ્થાનિક વેચાણ ૨૩ ટકા વધીને ૩,૧૧,૮૮૭ યુનિટ થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં ૨,૫૩,૧૯૩ યુનિટ હતું. હોન્ડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયાનું હોલસેલ વેચાણ વધીને ૫,૩૬,૩૯૧ યુનિટ થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં ૪,૯૧,૮૦૨ યુનિટ હતું.

### અયોધ્યામાં વધુ એક શરમજનક ઘટના

## વૃદ્ધા પર સામુહિક દુષ્કર્મ : ૩ શખ્સોની ધરપકડ : એક ફરાર

અયોધ્યા, તા. ૩

અયોધ્યાના કુમારગંજ વિસ્તારમાં એક ગામના વૃદ્ધ મહિલાએ ચાર લોકો પર દુષ્કર્મનો આરોપ લગાવ્યો છે. પોલીસે ચારેય વિરુદ્ધ દુષ્કર્મની કલમો હેઠળ કેસ નોંધીને મહિલાને મેડીકલ તપાસ માટે મોકલ્યા છે. દુષ્કર્મના મામલે બે કિશોર અને એક આધેડની ધરપકડ કરી લેવાઈ છે. પોલીસનું કહેવું છે કે ચોથા આરોપીની શોધખોળ ચાલુ છે. ટૂંક સમયમાં ધરપકડ કરી લેવામાં આવશે.



મળતી માહિતી અનુસાર કુમારગંજ વિસ્તારના એક ગામના ૬૯ વર્ષીય વૃદ્ધ મહિલાએ આરોપ લગાવ્યો છે કે ૨૩ સપ્ટેમ્બરની રાતે ગામના ચાર લોકોએ તેમની સાથે દુષ્કર્મ આચર્યું હતું. સાથે જ ઘટનાનો વીડિયો પણ બનાવી દેવાયો હતો. વીડિયો વાયરલ થયા બાદ જ્યારે તેની જાણકારી રેપ પીડિતા વૃદ્ધ મહિલાના પુત્રને થઈ હતી. પુત્ર દૂર શહેરમાં રહે છે.


ઘટનાની જાણકારી પીડિતાના પુત્રને થઈ તો તે પ્રદેશથી ગામ પહોંચ્યો, પોતાની માતાને લઈને પોલીસ સ્ટેશન પહોંચીને દુષ્કર્મ આરોપીઓ વિરુદ્ધ માહિતી આપી. માહિતીના આધારે પોલીસે સંબંધિત કલમો હેઠળ કેસ નોંધીને ત્રણ આરોપીઓની ધરપકડ કરીને કાયદેસર કાર્યવાહી શરૂ કરી દીધી છે. મળતી માહિતી અનુસાર ગામનો એક આધેડ વ્યકિત ગામના એક વૃદ્ધ મહિલાની સાથે ટયૂબવેલની અંદર બેસીને દારૂ પી રહ્યો હતો. ત્યારે ગામનો બીજો આધેડ પણ ત્યાં પહોંચી ગયો. પહેલેથી જે આધેડ દારૂ પી રહ્યો હતો. તે ટયૂબવેલથી નીકળીને નજીકના કાલી મંદિર તરફ જતો રહ્યો. ત્યારે આધેડે મહિલા સાથે દુષ્કર્મ આચર્યું. આ દરમિયાન ગામના બે કિશોરોએ ઘટના સ્થળે પહોંચીને દુષ્કર્મનો વીડિયો બનાવીને વાયરલ કરી દીધો. વાયરલ વીડિયોની જાણકારી જ્યારે દુષ્કર્મ પીડિતા મહિલાના પુત્રને થઈ તો તેણે ગામમાં પહોંચીને પોતાની માતાને હકીકત જણાવી.

## રાતોરાત પૈસાદાર થવા ૫૦ લાખનો વીમો પકાવવા પિતા-પુત્રે પુત્રવધૂની કાર નીચે કચડીને હત્યા કરી

### પિતા-પુત્રે પુત્રવધૂની હત્યા કર્યા બાદ બનાવને અકસ્માતમાં ખપાવવાનો પ્રયાસ કર્યોઃ અંતે પોલીસે આરોપીઓની ધરપકડ કરીઃ વીમા કંપનીના અધિકારીને શંકા થતાં મામલો બહાર આવ્યો

લખનૌ, તા.૩

કોઈ ક્રાઈમ થ્રીલરને પણ પાછળ રાખી દે તેવી એક રિયલ ઘટના બહાર આવી છે. ૫૦ લાખ રૂપિયાનો વીમો પકાવવા પતિ અને સસરાએ પુત્રવધૂને કારની નીચે કચડી નાખી હતી. પૂછપરછમાં વિરોધાભાસી નિવેદનનના કારણે આ ભાંડો ફૂટયો હતો. રાતોરાત અમીર બનવાના ચક્કરમાં પિતા-પુત્રે રચ્યો હતો ખોફનાક પ્લાન.



આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ લખનૌની ચિનહટ પોલીસે એક એવી મર્ડર મિસ્ટરીનો ખુલાસો કર્યો છે, જે કોઈ ફિલ્મી સ્ક્રીપ્ટથી કમ નથી. પતિ અને સસરાએ સાથીઓની મદદથી મટિયારી વિસ્તારમાં પુત્રવધૂને કારથી કચડીને મારી નાખી હતી. બાદમાં હત્યાને અકસ્માતમાં ખપાવીને પોલીસ સ્ટેશનમાં રિપોર્ટ લખાવ્યો હતો. સાથે સાથે વીમા કંપનીમાં મહિલાના ઈન્સ્યોરન્સનો ૫૦ લાખ રૂપિયાનો દાવો કરી દીધો હતો. વીમા કંપનીને આ ઘટનાક્રમ પર શંકા પેદા થઈ તે તેણે પોલીસમાં ફરિયાદ કરી. ચિનહટ પોલીસની તપાસમાં બધો ખેલ ખુલ્લો પડી ગયો હતો. પોલીસે મંગળવારે મામલાનો મુખ્ય કાવતરાખોર, બોગસ આવક અને વકીલને ચિનહટ વિસ્તારમાંથી ધરપકડ કરાઈ છે.

જ્યારે પતિ, સસરા અને ફોર વ્હીલ વાહનથી કચડીને મહિલાની હત્યા કરનારને પોલીસ શોધી રહી છે.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ અયોધ્યાવાસી 'રામ મિલન રાજ મિસ્ત્રી છે' તે લખનૌ મકાન બનાવવા માટે આવ્યો હતો. અહીં તેની મુલાકાત રિયલ એસ્ટેટમાં કામ કરનાર કુલદીપ સાથે થઈ હતી. તે સમજી ગયો કે રામ મિલન જલ્દી અમીર બનવા માગે છે. તેણે રામ મિલનને પૂરી યોજના બનાવી અને દીકરા અભિષેકના પૂજા નામની છોકરી સાથે કુલદીપે અભિષેક સાથે લગ્ન કરાવી દીધા. પૂર્વ યોજના મુજબ પૂજાનો વિમો પણ ઉતરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ અભિષેકે આરોપીની કારથી પત્નીની કચડીને હત્યા કરી નાખી. ઉલ્લેખનીય છે કે પોલીસે આ કેસમાં માર્ગ અકસ્માતની ચાર્જશીટ લગાવી હતી. બાદમાં સીડીઆર અને આરોપીના નિવેદનમાં વિરોધાભાસી જણાતા આખો મામલો બહાર આવ્યો હતો.




ઉચ્ચ પગાર સાથે મશીન બનાવતી ફેક્ટરી માટે માણસો જોઈએ છે
ફિટર
વેલ્ડર તથા ગેસ કટીંગના જાણકાર
VMC ઓપરેટર
M. 63599 10495

DIVINE MACHINES PVT. LTD.
Required
Design Engineer
Diploma/Degree/Draftsman/BE in Mechanical ( Min - 2 Years Exp ) Having know. of Auto-cad, CREO
PLC Programmer
Having Know. of PLC, AC Drives, Machine Panel Related Work
M - 63599 10495
Email - contact@divinegroup.com

Leading Construction company
REQUIRED
Rajkot based leading construction company requires Talented, Hardworking & Ambitious
B.E. CIVIL ENGINEER
Candidate must be knowledgeable and have 3 to 5 years experience of construction site at Rajkot
Interested candidates forward their detailed resume within 5 days on the E-mail & WhatsApp
E-mail : gondaliyakush@gmail.com | Mobile : 81288 66223

યુ-ફોમ ગાદલા
સોફા મટીરીયલ્સ
વ્યાજબી ભાવે છુટક તથા જથ્થાબંધ મળશે
આપની ડીઝાઈન મુજબ સોફાસેટ બનાવી આપીશું
લાલા ફોમ એજન્સી
વ્રજ આર્કેડ, ૨-ભક્તિનગર સ્ટેશન રોડ, બેંક ઓફ બરોડાની બાજુમાં, રાજકોટ.
સંપર્ક : 98253 60033, 98242 18687

દરેક કારની ચીપ (સેન્સર)વાળી ચાવી
રાજુ ડીઝીટલ ભુતખાના ચોક, રાજકોટ
મો.: ૯૮૨૫૨ ૭૭૧૬૯

online
મોબાઈલ દ્વારા ઓર્ડર લઈ શકે તેવા માણસ જોઈએ છે
લોકલ તથા બહારગામ ફરી શકે તેવા ડ્રાઈવર
બાયોડેટા સાથે રૂબરૂ મળો :- સવારે ૧૦ થી ૧ સાંજે ૪ થી ૭
કૌશીક કોટન કોર્પોરેશન
રૂવાળા બિલ્ડીંગ, ગોકુલ હોસ્પિટલની બાજુમાં, કુવાડવા રોડ, રાજકોટ. M. 98250 79378

ફરો અને જીતો સ્વીફ્ટ કાર
પ્રથમ ૧૦૦ કસ્ટમરને આકર્ષક ગીફ્ટ
ગોવા, કાશ્મીર, મનાલી, રોયલ રાજસ્થાન, પંચમઢી, કેરાલા, બેંગ્લોર, હરિદ્વાર, અયોધ્યા, દાર્જીલીંગ, ૭ જ્યોતિર્લીંગ, ગંગાસાગર
હોટેલ, સાઈટસીન, ગુજરાતી સ્ટોક્સ સાથે
KESAVI
83479 94999
83479 96999
81548 94999
મોરબી:95745 94999 / અમરેલી:95746 94999

સોફા-પડદા-ગાદલા-લેમીનેટ-પ્લાયવુડનો અદ્યતન શો-રૂમ
હવે આપણા અંબિકા ટાઉનશીપમાં
URBAN INTERIOR
(નવરાત્રી માટે સ્પેશ્યલ
નાચિકેતા સ્કુલ સામે, શ્રીરામ સુપર માર્કેટ પાસે, જીવરાજ પાર્ક મેઈન રોડ, અંબિકા ટાઉનશીપ, મવડી, રાજકોટ
કસ્ટમર કેર 90330 05599

દિવાળી પ્રીમીયમ પેકેજો
ફરો અને જીતો સ્વીફ્ટ કાર
DEC. to MAR. Sp. 15% Discount
સિંગાપોર, વિયેટનામ, દુબઈ
9 Days 1,20,000/-
7 Days 85,000/-
6 Days 70,000/-
7 Days 90,000/-
Offer Rate Valid 3 Oct.
KESAVI Since 2003
M: 81417 94999 / 95747 33030
મોરબી: 95745 94999 / અમરેલી: 95746 94999

દુબઈ 80,000 બાલી 98,000
ઉજવો દિવાળી જેબો ટુર્સ સાથે
સીંગાપુર અને બાલી 1,35,000
સીંગાપુર અને મલેશીયા 90,000
વીયેતનામ 95,000 થાઈલેન્ડ 88,000
JEBO TOURS & TRAVELS
ફ્લાઈટ • વીઝા • હોટલ • સાઈટ સીઈંગ • બ્રેકફાસ્ટ અને ડીનર
Mo. 9081007878 / 9081007979

સ્કોર્પીયન ટેટ્ટું રાજકોટ
સ્પેશીયલ નવરાત્રી ઓફર 30% OFF
SCORPION TATTOO
7505 999 990
એડ્રેસ:
ઈ-૨૪૧ વેસ્ટ ગેટ, મોદી સ્કુલ પાસે, ૧૫૦ ફીટ રીંગ રોડ, રાજકોટ.
મો.7505 999990

80000 13212
97234 90000
94269 05696
Available in zomato SWIGGY
UK UMA KHODAL
ડાઈનીંગ હોલ & કેટરર્સ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
કેશ્વી ટ્રાવેલ્સની બાજુમાં BRTS બસ સ્ટોપની સામે, મવડી ચોકડી, રાજકોટ.


# જાહેર નોટીસ

શ્રી માળીયા (મી.)ના મહે. પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં

દિ.પ.અ.નં. ૦૮/૨૪

ભટ્ટી કરીમાબેન હારૂનભાઇ

રે. સુરેન્દ્રનગર ...અરજદાર

આ કામના અરજદારે તેમના વકીલ શ્રી આર.સી.માલાવટ દ્વારા ગુજ. હૈદરભાઇ ઇશાભાઇ ભટ્ટીની માળીયા (મી.) ગામે આવેલ સ.નં.૫૫૧/પૈકી ૨/પૈકી ૧, સ.નં. ૧૦૪૩/૨ સ.નં. ૧૩૮૩/૨ અને સ.નં. ૧૧૬૩/૨વાળી જમીનોનું વારસા સર્ટી. અત્રેની કોર્ટમાંથી દિ.પ.અ.નં. ૧/૨૦૨૧ હેઠળ મેળવેલ છે. આ વારસા સર્ટી.ને આધારે અરજદારે સદરહુ જમીનોનું વેચાણ કરવા જરૂરી કામ કરવા સબબની આ અરજી કરી છે. તો જે કોઇ પણને વાંધા-તકરાર હોય તેઓએ અત્રેની કોર્ટમાં તા. ૪/૧૧/૨૪ના રોજ ૧૧.૦૦ વાગ્યે જરૂરી આધાર પુરાવાઓ સાથે હાજર રહેવું. અન્યથા અરજદાર જોગ જરૂરી હુકમ કરવામાં આવશે જેની સર્વેએ નોંધ લેવી.

સ્થળ : માળીયા (મી.)

તા. ૦૧/૧૦/૨૦૨૪

કોર્ટનો સીક્કો

| તૈયાર કરનાર | મુકાબીલ કરનાર કોર્ટ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી |
|---|---|
| (એસ.સી.વસોયાટાંક) આસીસ્ટન્ટ પ્રિન્સી. સીવીલ કોર્ટ માળીયા(મી.) | (આર.આઇ.માલવત) રજીસ્ટ્રાર માળીયા(મી.) કોર્ટ |


રિધ્ધિ સિધ્ધિ કૃષિ ગૃહ ઉદ્યોગ
સ્વીટકોર્ન, નેચરલ સુપ, નેચરલ જ્યુસ, ગ્રીન કઠોળ, સીઝનલ ફુટસ, આમળા, કાચરી, અથાણા
રાજકોટમાં સૌપ્રથમવાર બરફ, ચાસણી, કલર, માવા-મલાઇ વગરના ફુટ જ્યુસ ગોલા
આમળા મશીન
આમળા લઈ આવો નજર સમક્ષ ફ્રેશ રસ કઢાવી જાઓ ફુડ ગ્રેડ ૩૦૪ સ્ટેઇનલેસ સ્ટીલ મશીન
એડ્રેસ : શાંતિ નિકેતન સોસાયટી, વોકહાર્ટ હોસ્પિટલ બાજુની શેરી, સિધ્ધિ વિનાયક ગણપતિ મંદિરની બાજુમાં, યુનિવર્સિટી રોડ અને કાલાવડ રોડની વચ્ચે. રાજકોટ.
ફોન : (0281) 2990098. 99044 04975




SAMSUNG
Vijay electronics
સૌથી સસ્તું એટલે વિજય
ચાઈનીઝ કંપનીની લેશો કે કોરીયન
કોરીયન જ હોય ને, એ પણ વિજયમાંથી આ ભાવમાં મળતું હોય તો
70 4K SMART TV
ઓફર કિંમત ₹79990
કેશબેક સાથે
વિજય ઈલેક્ટ્રોનિક્સ મેગા સ્ટોર
૧ઈમ્પિરીયલ હાઈટ્સ M: 90999 70086 | ૧ સર્વેશ્વર ચોક M: 90999 70315 | ૧ કોઠારીયા મેઈન રોડ M: 99980 85777
૧ અંબિકા ટાઉનશીપ M: 90999 70771 | ૧ નારાયણનગર મેઈન રોડ M: 99980 57762 | ૧ ન્યુ આશ્રમ રોડ "ખોડલ દીપ" M: 92768 31861
ગોંડલ | ધોરાજી | ઉપલેટા | સુરેન્દ્રનગર | ઉના




72198 21111 | BAJAJ SECURE | pine labs PAY LATER | HDFC BANK

Authorised Dealers for BAJAJ Auto Ltd.: Rajkot: Gondal Road RAJARSHI BAJAJ 9427209538, 9974107576, Raiya Road 9426251381 • Morbi SHIVAM BAJAJ 9879796523, Halvad 9586299862 • Porbandar YUG BAJAJ 8128985405, 9601433331 • Jamnagar MADHUSUDAN BAJAJ 7777996267, 9725251540 • Jamkhambhaliya BANSIDHAR BAJAJ 9909942111 • Veraval WESTERN BAJAJ 8401404238 • Bhavnagar PIONEER BAJAJ 9726377222 • Bhuj GK BAJAJ 9825612077 • Gandhidham GK BAJAJ 9825225720 • Surendranagar YUG BAJAJ 7069220225. Authorised Service Centre: Jetpur 9601733331, Keshod 9824510181, 9998969273, Subhashnagar 9898435703, Botad 9825603056, Palitana 9898843477, Mundra 9825274929, Dhrangadhra 9998765307, Rajula 9725752658, Dhokadva 7878788129, Kodinar 9898994052.





### ઈઝરાયલ હવે યુદ્ધમાંથી પાછુ આવી શકે તેમ નથી અને આગળ વધવાનું જોખમ પણ મોટુ છે

# શું ઈઝરાયલના હાથ બાંધી શકાશે ?

**હમાસ સામેનો જંગ હવે ઈઝરાયલની સરહદમાંથી બહાર નીકળીને છેક ઈરાનની સરહદ સુધી પહોંચી ગયો છે, ગાઝામાં હમાસને લગભગ ખત્મ કર્યા પછી લેબનાનમાં હિઝબુલ્લા સામેનો જંગમાં ઈઝરાયલની સેના એ ભૂમિ મોરચો ખોલીને મોટુ જોખમ લીધું છે અને પ્રથમ ૨૪ કલાકમાં જ આઠ સૈનિકોની ખુવારી સહન કરવી પડી તે સૌથી મોટો આંચકો છે પરંતુ હવે ઈઝરાયલે આ યુદ્ધ એ તબકકાથી લઈ જવું પડે કે ઈરાન ટાર્ગેટ થાય પણ શું તે મધ્ય પૂર્વ જ નહીં પૂરી દુનિયા માટે ત્રીજા વિશ્વ યુદ્ધની આહટ બની શકે, હિઝબુલ્લા કેટલું નબળુ પડયું છે તે પણ અનિશ્ચિતતા છે**

**ઈરાન યુધ્ધ ઈચ્છતુ નથી તે સ્પષ્ટ જાહેર કરી દીધુ છે અને કહ્યું છે કે અમારા પર હુમલો થશે તો જવાબ આપશુ, ઈઝરાયલના વડાપ્રધાને અગાઉ જ ધમકી આપી હતી કે ઈરાને અમારા પર હુમલો કરીને મોટી ભુલ કરી છે અને તેની કિંમત ચૂકવવી પડશે, આ કિંમત શું ? શું ઈરાનના અણુમથકોને નિશાન બનાવાશે ? અમેરિકાએ તુર્ત જ બ્રેક મારી દીધી છે, નવેમ્બરમાં જ પ્રમુખ પદની ચૂંટણી યોજાઈ રહી છે તે સમયે અમેરિકા યુદ્ધ વિસ્તરે તે ઈચ્છતું નથી, ઈઝરાયલ પાસે બીજો વિકલ્પ ઈરાનના તેલ મથકો પર હુમલો કરી તેને આર્થિક રીતે ભાંગી પડે તે વ્યુહ હોઈ શકે પણ ઈરાનનો વળતો જવાબ કેવો હશે ?**

**સૌથી મોટો પ્રશ્ન એ છે કે ઈરાન કેટલું શકિતશાળી છે, એપ્રિલ માસમાં પણ ઈઝરાયલ પર તેનો મિસાઈલ દાગ્યા હતા અને બે દિવસ પહેલા પણ ૨૦૦ મિસાઈલ દાગ્યા પણ ઈઝરાયલની આર્યન ડોમ વ્યવસ્થા અને અમેરિકાનો સાથ એ ઈઝરાયલને સુરક્ષીત રાખે છે, ઉપરાંત બાઈડને જ જાહેર કર્યુ કે ઈરાનના મિસાઈલ આઉટ ઓફ ડેટ અને હવાઈ ફટાકડા જેવા છે, ઈરાન બંધ મુઠ્ઠી રાખીને બચાવ કઈ રીતે કરશે તે પ્રશ્ન છે, તેને દાગેલા મિસાઈલના ખોખા ઈઝરાયલની ધરતી પર છોકરા માટે બંકર જેવા રમકડા બની ગયા છે**

'ઈરાને સૌથી મોટી ભુલ કરી છે અને તેની કિંમત ચૂકવવી પડશે'... ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામીન નેતાનયાહુના વિધાનો સાથે દુનિયાભરની દિલની ધડકન વધી ગઇ છે તેલઅવીવ અને તહેરાન વચ્ચેનો તનાવ પૂરા મધ્ય પૂર્વને અને તથા ચિંતા ત્યાંથી સુધી થઇ છે કે શું ત્રીજા વિશ્વ યુધ્ધની આ આહટ છે સૌથી મહત્વનું છે કે ઇઝરાયલ હવે બદલો લેવા માટે શું કરશે ? ઇરાનના વડાપ્રધાન મસુદ પેઝેશ્કિયાન એ તો જાહેર કરી દીધુ છે કે હમાસના વડા હસન નસરલ્લાહ અને અન્ય લડાકુઓના મોતનો બદલો અમે લઇ લીધો છે અમે ઇઝરાયલ સાથે યુધ્ધ ઇચ્છતા નથી પરંતુ જો અમારા પર હુમલો થશે તો અમે જવાબ આપશું. તો પ્રશ્ન એ છે કે શું ઇઝરાયલ આ અથડામણને લંબાવશે. જો ભુતકાળમાં જઇએ તો ઇઝરાયલ માટે આ એક તક છે કે જયારે તે લાંબા સમયથી ચાલી આવતા આ સંઘર્ષમાં હવે નિર્ણાયક ભૂમિકા અપનાવે અગાઉ લખાઇ ગયું હતું તેમ ઇઝરાયલના અસ્તિત્વને જ ઇરાન સ્વીકારવા તૈયાર નથી અને ઇઝરાયલ પેલેસ્ટાલીનના અસ્તિત્વને સ્વીકારવા માંગતું નથી અને તેના કારણે હવે મધ્ય પૂર્વ એક યુધ્ધની નજીક પહોંચી ગયું છે જોકે ઇરાને જે ૨૦૦ મિસાઇલો દાગ્યા તેના કારણે ઇઝરાયલને કેટલું નુકસાન થયું તે પણ હજુ પ્રશ્ન છે. અમેરિકાના પ્રમુખ જો બાઇડને તો સ્પષ્ટપણે જાહેર કર્યુ કે ઇરાનના મોટા ભાગના મિસાઇલો આઉટ ઓફ ડેટ અને હવાઇ ગયેલા ફટાડકા જેવા હતા ભાગ્યે જ તેને નુકસાન પહોંચાડી શકયા છે. ઇઝરાયલએ આક્રમક ભૂમિકામાં આવી ગયું છે. આ દેશમાં યુધ્ધનો વિરોધ થતો હતો તે હવે ઇઝરાયલનું જનમાનસ પુરી રીતે યુધ્ધને નિર્ણાયક બનાવવા માટે નેતાનયાહુને સમર્થન આપી રહ્યા છે. આ તકે ઇઝરાયલ હવે એક એવા ત્રિભેટે ઉભુ છે કે જયાં શું તેણે ઇરાન સામે સીધુ જંગમાં ઉતરવું કે પછી યુધ્ધને મર્યાદિત જ રાખવું.

એ વાસ્તવિકતા છે કે ઇઝરાયલ સામે ઇરાને જે પ્રોકસી વોર લાંબા સમયથી ચાલુ કરી છે તેમાં હમાસને તો પેલેસ્ટાઇનમાં લગભગ ખત્મ કરી દીધુ છે અને હિઝબુલ્લા સામે લેબનાનમાં ઇઝરાયલ સેનાની એન્ટ્રી અને તે પૂર્વે ભારે બોમ્બમારાથી આ લડાકુ સંગઠનને પણ નુકસાન થયું છે. હમાસ અને હિઝબુલ્લા ઉપરાંત ઇરાન યમન સ્થિત હોથી સંગઠન મારફત પણ ઇઝરાયલ સામે લડી રહ્યું છે. ચોકકસપણે હિઝબુલ્લા પરના હુમલાથી આ સંગઠન નબળુ પડયું છે. પરંતુ કેટલુ નબળુ પડયું છે તે પ્રશ્ન છે. ખાસ કરીને ઇરાન તેને નબળુ પડવા દેશે નહીં અને ઇઝરાયલ જો હાલના તકે તેની કાર્યવાહીમાં કોઇ ઢીલાશ લાવે તો ભવિષ્યમાં એ જ સ્થિતિ આવીને ઉભી રહે ગત વર્ષે ઓકટોબરમાં સર્જાઇ હતી.

પરંતુ ઇઝરાયલને લેબનાનમાં ઘુસતા જ મોટી ખુવારી સહન કરવી પડી છે. છેલ્લા ઓકટોબર બાદ પ્રથમ વખત ઇઝરાયલની સેનાના આઠ જવાનો હિઝબુલ્લાના હુમલામાં માર્યા ગયા અને તેથી જ ઇઝરાયલ પર દબાણ છે. અત્યાર સુધી યુધ્ધના ઉન્માદમાં રહેલી ઇઝરાયલની જનતા એક વખત તેના મૃત સૈનિકોના કફન દેશમાં આવવા લાગશે એટલે ફરી એક વખત યુધ્ધ વિરોધી માહોલ સર્જાય તેવી શકયતા છે. અમેરિકાને વિયેટનામ કે હાલમાં જ અફઘાનિસ્તાન છોડવું પડયું તેના કારણ ઘરઆંગણે સર્જાયેલા યુધ્ધ વિરોધી માનસ અને સૈનિકોના મોટા પાયે મોતથી જે આક્રોશ સર્જાયો હતો તેથી જ વિયેટનામનું મિશન પુરૂ કર્યા વગર અમેરિકા સેના પરાજીત બનીને પરત ફરી હતી. ઇઝરાયલ તેની ઇમેજ આ બનાવવા માંગતું નથી. કમ સે કમ જયારે ચારે તરફ દુશ્મનોથી ઘેરાયેલુ હોય તો ચોકકસપણે તેના માટે નિર્ણાયક સ્થિતિ બનવી જોઇએ.




પરંતુ આ નિર્ણાયક સ્થિતિ શું તે પ્રશ્ન પણ ઇઝરાયલ શોધી રહ્યું છે. ઇરાનના અણુમથકો કે ઓઇલ ફેસેલીટીને નુકસાન પહોંચાડીને આ દેશને આર્થિક ફટકો મારી શકે છે અને ઇઝરાયલ પાસે તે ક્ષમતા પણ છે. પરંતુ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડને સ્પષ્ટપણે જાહેર કર્યુ કે ઇરાનના અણુમથકો પર હુમલો કરવા માટે તે ઇઝરાયલને સાથ આપતું નથી. બાઇડનની મુશ્કેલી ઘરઆંગણાની છે અમેરિકામાં પ્રમુખ પદની ચૂંટણી યોજાઇ રહી છે અને નવેમ્બર માસમાં જ મતદાન છે. તે સમયે જ જો મધ્ય પૂર્વમાં ઇઝરાયલના ઇરાન પર સીધા હુમલા અને તેના અણુ તેમજ ઓઇલ મથકોનો ધ્વંશ કરવો તે રશિયા અને ચીન પણ સ્વીકાર્ય બનશે નહીં અને અમેરિકાને પણ હાલ એ સ્વીકાર્ય નથી કે ચૂંટણી સમયે તેના દેશને કોઇ યુધ્ધમાં ઘસડાવું પડે હાલ તે ફકત ઇઝરાયલની રક્ષા માટે પ્રોકસી વોર લડી રહ્યું છે અને આથી ઇઝરાયલ માટે હવે એક મુશ્કેલ સ્થિતિ આવી છે કે યુધ્ધમાંથી પાછુ આવી શકે તેમ નથી અને આગળ વધવાનું જોખમ પણ મોટુ છે.

શકયતા એ પણ છે કે અણુ મથકોને અલગ કરીને ઇઝરાયલ ઇરાનના ઓઇલ મથકોને નિશાન બનાવે અને આ રીતે તેની આર્થિક તાકાતને તોડી પાડે અમેરિકા જાણે છે કે ઇરાન ધારે તો એક જ સપ્તાહમાં અણુ બોમ્બ બનાવી શકે છે તેથી લાંબા સમયથી તે ઇરાન પર આર્થિક સહિતના પ્રતિબંધો લાદી રહ્યું છે પરંતુ તે ઇરાનના અણુ કાર્યક્રમને રોકી શકયા નહીં તો ઇઝરાયલના હુમલા પછી પણ ઇરાન જવાબ આપવા માટે કેટલું સક્ષમ છે તે પણ પ્રશ્ન છે. ગત એપ્રિલ માસમાં પણ પોતાના કમાન્ડરના દમાસ્ક ઇઝરાયલી હુમલામાં મોત બાદ ઇરાને ઇઝરાયલ પર મિસાઇલ દાગ્યા હતા તે ફટાકડા જેવા સાબિત થયા હતા અને હાલમાં ઇરાનના મિસાઇલના ખોખાની આસપાસ છોકરાઓ રમતા હોય તેવી તસ્વીર પણ વાયરલ થઇ છે. આ સ્થિતિમાં એક તરફ અમેરિકા સહિતની જેને મહાસતાઓ ગણવામાં આવે છે તે તમામ યુધ્ધ આગળ ન વધે તે માટે સક્રિય છે પરંતુ ઇઝરાયલ માટે હવે ફકત હિઝબુલ્લાને નિશાન બનાવાથી તેને પણ ભૂમિ યુધ્ધમાં ખુવારી સહન કરવી પડે તો નેતાનયાહુ માટે તે રાજકીય દ્રષ્ટિએ સ્વીકાર્ય નહીં હોય ૨૦૧૮માં ઇરાને જે ઓકટોપસ ડોકટ્રીન તૈયાર કરી હતી તેમાં પણ ઇરાન વતી પ્રોકસી વોર હમાસ હિઝબુલ્લા અને હુથીને ખત્મ કરીને સરહદો પર તનાવ ઘટાડવાની યોજના હતી. જે અમલમાં મુકવા માટે અત્યારે સમય છે પરંતુ ઇઝરાયલ સક્ષમ હોવા છતાં પણ અમેરિકા તેમ થવા દેશે નહીં કે ઇઝરાયલ ઇરાનને ટાર્ગેટ બનાવે.

# ડ્રગ્સ સિન્ડીકેટની કમાલઃ ૫ હજાર કરોડનું ડ્રગ્સ દુબઈથી દિલ્હી પહોંચી ગયું

### મહિપાલપુરમાં ડ્રગ્સ તસ્કરોએ ગોદામ બનાવી રાખેલું, અહીંથી દેશના અન્ય રાજયોમાં ડ્રગ્સની થતી હતી સપ્લાયઃ દેશના ૧૫ રાજયોમાં થઈને ડ્રગ્સનો જથ્થો દિલ્હી પહોંચતો હતોઃ ક્રિપ્ટો કરન્સીમાં થતી હતી લેવડ-દેવડ





નવીદિલ્હી તા.૩

સ્પેશિયલ સેલે દિલ્હીમાં સૌથી મોટા આંતરરાષ્ટ્રીય કોકીન તસ્કરી રેકેટનો પર્દાફાશ કર્યો છે. ટોળકીનુ સંચાલન મિડલ ઈસ્ટના દુબઈથી થઈ રહ્યુ હતુ અને ભારતમાં દિલ્હી તેનુ કેન્દ્ર હતુ. મહિપાલપુર એકસ્ટેન્શનથી ટોળકીના ચાર તસ્કરોની ધરપકડ કરી તેમના કબ્જામાંથી ૫૩૨ કિલો કોકીન અને ૪૦ કિલો થાઈલેન્ડનુ મારીજુઆના જપ્ત કરાયુ છે. ડ્રગ્સની કિંમત પાંચ હજાર કરોડથી વધુ બતાવવામાં આવી રહી છે.

તસ્કરોની પૂછપરછમાં અનેક ચોંકાવનારી વિગતો બહાર આવી છે. દેશના લગભગ ૧૫ રાજયોમાંથી થઈને કોકીનની ખેપ દિલ્હી પહોંચી હતી. આ દરમ્યાન વિવિધ રાજયોમાં કોકીન સપ્લાય કરવામા આવતી હતી. કેન્દ્રીય ગુપ્તચર એકમોથી મળેલ ઈનપુટના આધારે દિલ્હી પોલીસની એન્ટીટેરર યુનિટ સ્પેશિયલ સેલે ગત ત્રણ મહિના સુધી ચાલેલા ઓપરેશન બાદ આ નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો.

**૧૫ રાજયોની પોલીસને આપતા હતા ચકમોઃ** તસ્કરો વિભિન્ન રૂટોમાં ભારતના અલગ અલગ ૧૫ રાજયો સુધી કોકીન પહોંચાડતા હતા ત્યાંની સુરક્ષા એજન્સીઓથી બચીને દિલ્હી સુધી તસ્કર ટોળકી આવતી હતી અને અહીં મહિપાલપુર એકસટેન્શનમાં બનાવવામા આવેલ ગોદામમાં કોકીનની ખેપ રાખવામા આવતી હતી. અહીંથી દેશના બીજા ભાગોમાં સપ્લાય કરાતી હતી.

**સીમાપારથી સંચાલનઃ** સ્પેશિયલ સેલની ઝપટે ચડેલ ડ્રગ્સ તસ્કરોની પૂછપરછમાં ખુલાસો થયો છે કે મિડલ ઈસ્ટથી લઈને ભારત સુધી આ નેટવર્કમાં લગભગ ૧૫ લોકો જોડાયેલા છે. તેમાંથી મોટાભાગના સીમા પારથી જ ગેંગનુ સંચાલન કરી રહ્યા છે. જયારે દેશના સૌથી મોટા ખરીદાર (રિસીવર) અને તેનો સપ્લાયર (ડીસ્ટ્રીબ્યુટર) વસંતવિહાર નિવાસી તુષાર ગોયલ છે. તપાસ એજન્સીઓને ચકમો આપવા માટે લેવડ-દેવડ ક્રિપ્ટો કરન્સીમાં કરવામા આવતુ હતુ.

**ક્રિપ્ટો કરન્સીમાં લેવડ-દેવડઃ** અધિકારીના જણાવ્યા મુજબ ટેથર એક ક્રિપ્ટો કરન્સી છે તેને સામાન્ય બોલાચાલીમાં યુએસડીટીના નામથી ઓળખવામા આવે છે. ટેથર (યુએસડીટી) લિમિટેડ નામની એક વિદેશી કંપની દ્વારા તેને જાહેર કરાઈ છે. મામલામાં ટેથર ક્રિપ્ટો કરન્સીમાં જ લેવડ-દેવડ થતી હતી. પોલીસ હવે ક્રિપ્ટો કરન્સીથી થયેલી લેવડ-દેવડના મની ટ્રેલ (આદાન-પ્રદાન)નો રૂટીન તપાસ માટે એક ટેકનીકલ ટીમની મદદ લઈ રહી છે.

**કાર્ટુન અને પોલા શર્ટના કવરમાં હતુ ડ્રગ્સઃ** અધિકારીએ જણાવ્યુ હતુ કે જપ્ત થયેલુ ડ્રગ્સ ૨૩ કાર્ટુન અને આઠ યુએસ પોલો શર્ટમાં છુપાવીને રખાયુ હતુ. દિલ્હીથી આ ડ્રગ્સ અલગ અલગ રાજયોમાં પહોંચતુ હતુ.

**ડ્રગ્સની સપ્લાય કયાંથી થતી હતી? થઈ રહી છે તપાસઃ** દિલ્હીમાં જપ્ત થયેલી આ અત્યાર સુધીની સૌથી મોટી ડ્રગ્સની ખેપ છે. આટલી મોટી માત્રામાં ડ્રગ્સ આખરે કયાં કારણે મગાવાઈ હતી. શું કોઈ મોટી પાર્ટી કે કોન્સર્ટમાં તેનો ઉપયોગ થવાનો હતો? તેની તપાસ હાલ ચાલુ છે.

# સ્વચ્છતામાં અમદાવાદને નંબર વન બનાવવુ છેઃ અમિત શાહ

### અમદાવાદમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે વેજીટેબલ માર્કેટનું અને રૂા.૪૪૭ કરોડના વિકાસ કાર્યોનુ લોકાર્પણઃ ગુજરાતીએ જ દેશભરમાં સ્વચ્છતાના સંસ્કાર આપ્યા છેઃ શાહ

અમદાવાદ તા.૩

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ અમદાવાદની મુલાકાતે છે. દરમ્યાન તેમણે એસજી હાઈવે ખાતે મેગા મેડીકલ કેમ્પમાં હાજરી આપી હતી અને ગોતામાં વેજીટેબલ માર્કેટનુ લોકાર્પણ કર્યું હતુ. ત્યારબાદ ભાડઝ ખાતે ૪૪૭ કરોડ રૂપિયાના વિકાસ કામોનુ લોકાર્પણ કર્યું છે.

આ તકે અમિત શાહે જણાવ્યુ હતુ કે ગુજરાતીએ જ દેશભરમાં સ્વચ્છતાના સંસ્કાર આપ્યા છે, તેમણે કહ્યુ હતુ કે સ્વચ્છતામાં અમદાવાદને નંબર વન બનાવવુ છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે અમદાવાદના સૌ નાગરિકોને વિનંતી કરૂ છું કે સ્વચ્છતા સર્વેક્ષણમાં અમદાવાદને ટોપ પર લાવવા માટે મ્યુનિ. કમિશ્નરે પ્રયાસ પણ હાથ ધર્યા છે. આપણે સાથે મળીને પ્રયાસ કરીએ કે દેશમાં સ્વચ્છતા સર્વેક્ષણમાં અમદાવાદ પહેલા નંબરે આવે. અમિત શાહે વધુમાં જણાવ્યુ હતુ કે દેશના દરેક ઘરમાં ટોયલેટ બને તે આઝાદીના ૭૦ વર્ષ પછી થયુ છે. દેશમાં સ્વચ્છતા પહોંચાડવાનુ કામ વડાપ્રધાન મોદીએ કર્યું છે. ગુજરાતીઓએ જ દેશભરમાં સ્વચ્છતાના સંસ્કાર આપ્યા છે અને આવતા વર્ષે સ્વચ્છતા સર્વેક્ષણમાં ગુજરાત પહેલા નંબરે આવે તેવો સંકલ્પ કરીએ.



# આજીવન કેદના ૪ કેદીને જેલમુકિત

### ધીરૂભાઈ ધાખડા, સઈદભાઈ વરામ, જયેન્દ્રસિંહ ઝાલા, હિતેષભાઈ જાદવ રાજકોટ મધ્યસ્થ જેલમાં સજા કાપી રહ્યા હતાઃ વહેલી જેલમુકિત મળતા મીઠા મોં કરી ઉજવણી કરી

રાજકોટ તા.૩

રાજકોટ જેલમાં આજીવન કેદની સજા ભોગવતા ચાર કેદીઓને વહેલી જેલમુકિત મળી હતી. કેદીઓના પરિજનોએ મીઠા મોઢા કરી ખુશી વ્યકત કરી હતી. જેલ અધિક્ષકે ભગવત ગીતા આપી સારા નાગરિક બની સમાજમાં પુનઃસ્થાપિત થવા સલાહ આપી હતી.

રાજકોટ મધ્યસ્થ જેલની યાદીમાં જણાવાયુ છે કે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૪૭૫ની જોગવાઈઓને આધિન નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૪૭૩ હેઠળ રાજય સરકારને મળેલ સતાની રૂએ રાજકોટ મધ્યસ્થ જેલના આજીવન કેદના પાકા કામના કેદી (૧) ધીરૂભાઈ નનકાભાઈ ધાખડા (૨) સઈદ આદમભાઈ વરામ (૩) જયેન્દ્રસિંહ નારૂભા ઝાલા (૪) હિતેષ

### જેલ અધિક્ષક રાઘવ જૈને કેદીઓને ભગવત ગીતા આપી વિદાયમાન આપ્યુંઃ સારા નાગરિક બની સમાજમાં પુનઃસ્થાપિત થવા સલાહ આપી

મનુભાઈ જાદવને થયેલ સજાનો બાકીનો ભાગ શરતોને આધિન માફ કરીને તાત્કાલીક અસરથી જેલમુકત કરવા રાજય સરકાર દ્વારા હુકમ કરવામા આવેલ છે. જે અન્વયે કેદીઓને આજરોજ સરકારના હુકમ મુજબ નકકી કરવામા આવેલ શરતોને આધિન જેલમુકત કરવામાં આવેલ છે.

રાજય સરકાર દ્વારા ઉપરોકત કેદીઓની સજાનો બાકીનો ભાગ માફ કરી સમાજમાં પુનઃસ્થાપિત થાય તેવા શુભ આશયથી જેલમુકત કરવા હુકમ કરાતા જેલ અધિક્ષક રાઘવ જૈન દ્વારા આ તમામ બંદીવાનોને શ્રીમદ ભાગવત ગીતા ભેટમાં આપી હતી તેમજ આ બંદીવાનોને શુભેચ્છાઓ પાઠવવામા આવી હતી. આ તબકકે ઈ.ચા.નાયબ અધિક્ષક બી.બી.પરમાર તેમજ સીનીયર જેલર એમ.આર.ઝાલા દ્વારા પણ બંદીવાનોને જેલમુકત થવા બદલ શુભેચ્છાઓ પાઠવવામા આવી હતી.

### અમિત શાહના કાર્યક્રમમાં ગરમીના કારણે બે શિક્ષિકા બેભાન થયા



અમદાવાદઃ અમિત શાહના અમદાવાદ ખાતે કાર્યક્રમ દરમ્યાન બે શિક્ષિકા બેભાન થયા હતા. અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના બે શિક્ષિકાઓ ભાડજ ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના કાર્યક્રમમાં હાજરી આપવા આવ્યા હતા ત્યારે ગરમીના કારણે બેભાન થઈ ગયા હતા. કાર્યક્રમ સ્થળે મેડીકલ ટીમ કે એમ્બ્યુલન્સ હતી નહીં. સ્થાનિક સોલા પોલીસ સ્ટેશન અને શિક્ષકોના સ્ટાફ દ્વારા શિક્ષિકાને સાચવવામાં આવ્યા હતા.

### ભારતમાં સ્વચ્છ ઉર્જા માટે અદાણી અને ગુગલે હાથ મિલાવ્યા

**ગુગલ ભારતમાં ટકાઉ વિકાસમાં યોગદાન આપશે.**

અમદાવાદ, ૩ : અદાણી ગ્રૂપ અને ગૂગલે ભારતમાં આવેલી ગ્રીડમાં વધુ સ્વચ્છ ઉર્જા ઉમેરવા અને કંપનીઓની સામૂહિક સ્થિરતાના લક્ષ્યોને આગળ વધારવાના હેતુથી બન્નેએ સહયોગ સાધ્યો હોવાની આજે જાહેરાત કરી છે આ ભાગીદારી મારફત અદાણી ગુજરાતના ખાવડા ખાતે વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પ્લાન્ટમાં સ્થિત નવા સોલાર-વિન્ડ હાઈબ્રિડ પ્રોજેક્ટમાંથી સ્વચ્છ ઉર્જા સપ્લાય કરશે. આ નવો પ્રોજેક્ટ ૨૦૨૫ના ત્રીજા ક્વાર્ટરમાં વ્યાપારી ધોરણે કામગીરી શરૂ કરે તેવી સંભાવના છે.

મોટા પાયે પવન, સૌર, હાઈબ્રિડ અને ઉર્જા સંગ્રહ પ્રકલ્પોના કામકાજ માટે કંપનીની પુરવાર થયેલી ક્ષમતાઓ સાથે વાણિજ્યિક અને ઔદ્યોગિક ગ્રાહકોને તેઓની ઉર્જાની જરુરિયાતોને પહોંચી વળવા સાથે આ ગ્રાહકોની કાર્બનની ફુટપ્રિન્ટને ઘટાડવા માટે જરુરી સેવાઓ પૂરી પાડવા અદાણી સારી રીતે સજ્જ છે.

આગળ જતાં ઉદ્યોગોને ડીકાર્બનાઈઝ કરવામાં સહાયરુપ થવા અદાણી મર્ચન્ટ અને ઈઈ ક્ષેત્રો ઉપર વધુ લક્ષ્ય આપવા યોજના ધરાવે છે.

આ નૂતન સહયોગ ભારતમાં ક્લાઉડ સેવાઓ અને કામગીરીને સ્વચ્છ ઉર્જા દ્વારા સમર્થિત છે તેની ખાતરી કરવા સાથે ગુગલના અવિરત કાર્બન-મુકત ઉર્જાના ધ્યેયને આગળ વધારવામાં મદદ કરશે અને આમ ગુગલના ભારતમાં ટકાઉ વિકાસમાં યોગદાન આપશે.